# સમાધિ મરણ

લેખક-સંપાદક
ભોગીલાલ ગિ. શેઠ

# સમાધિ મરણ

લેખક–સંપાદક

**ભોગીલાલ ગિ. શેઠ**

પ્રકાશક : શ્રેયસ પ્રચારક સભા :

શ્રેયસ પ્રચારક સભા
મોરવી હાઉસ, ત્રીજે માળે
ફ્લેટ નાં. ૩૫,
ગોવા સ્ટ્રીટ, ફોર્ટ, મુબઈ- ૪૦૦ ૦૦૧
ફોન. : ૨૨૬૧ ૨૪૫૪.

પ્રાપ્તિ સ્થાન:

(૧) શ્રેયસ પ્રચારક સભા
મોરવી હાઉસ, ત્રીજે માળે
ફ્લેટ નાં. ૩૫,
ગોવા સ્ટ્રીટ, ફોર્ટ, મુબઈ- ૪૦૦ ૦૦૧
ફોન. : ૨૨૬૧ ૨૪૫૪.

(૨) જયંતિલાલ ત્રિકમલાલ સંઘવી
૫૦-બી સ્થા. જૈન સોસાયટી,
નારણપુરા રેલ્વે ક્રોસીંગ પાસે - વાડજ
અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન. નં. ૪૦૦ ૦૩૦, ૪૬૫ ૯૫૭

(૩) ગીરીશ છોટાલાલ ભીખાણી
બી-૨, સિધ્ધાંત બ્લોક રોડ,
શારદાબાગ સામે
રાજકોટ - ૩૬૦ ૦૦૧
ફોન નં. ઘર:- ૪૬૮ ૨૧
· દુકાન:- ૨૭૩ ૫૦

Printer :
Lotus Prints
13, Anand Ashram,
R.G. Thadani Marg,
Worli,
Mumbai-400 018.
Ph : 4941863/4981296

मृत्योर्बिभेषी किं मूढ, भीतं मुञ्चति नो यमः ।
अजातं नैव गृह्णाति, कुरु यत्नमजन्मनि ॥

અરે મૂઢ, મૃત્યુથી કાં ડરે છે? શું ડરનારને મૃત્યુ છોડી દે છે? ભલા માણસ, જે જન્મતો નથી એને મૃત્યુ ગ્રહણ કરી શકતું નથી, તો અજાતજન્મ થાને?

× × ×

મૃત્યુ તણી પાછળ અહો, જ્યોતિ અનંતી ઝળહળે,
મૃત્યુ તણા પટ પાછળે, શાંતિ અનંતી ઉછળે;
સુખ શાંતિસાગરના તરંગો, આનંદ લહેરે ઉલ્લસે,
ખૂબી અનંતા જીવનની, જ્ઞાની અનુભવીને દીસે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી

जन्म मृत्युर्न ते चित्तं बन्धमोक्षौ शुभाशुभौ ।
कथं रोदिषि रे वत्स नामरूपं न ते न मे ।।

અરે, વત્સ ! તારો જન્મ નથી, તારૂં મરણ નથી; તારે ચિત્ત નથી, બંધન નથી, મોક્ષ નથી, શુભ નથી કે અશુભ નથી: છતાં તું કેમ રડે છે? તારૂં કે મારૂં નામ કે રૂપ છે જ નહીં.

× × ×

एकमेव समं तत्वं वदन्ति हि विपश्चितः ।
रागत्यागात्पुनश्चित्तमेकानेकं न विद्यते ।।

વિદ્વાન એક જ સમાન તત્ત્વ કહે છે કે રાગનો ત્યાગ કર્યા પછી ફરી ચિત્ત એક અથવા અનેક સ્વરૂપ થતું જ નથી.

## MAHATMA GANDHIJI'S
### Thoughts on Death

How can I, who know the body to be perishable and the soul to be imperishable, mourn over the separation of body from soul ? But there is a condition attached to a real belief in this beautiful and consoling doctrine. He who believes in ir, must not pamper the body but must be its ruler He must regulate his wants so as to make it serve the Dweller within.

× × ×

Death is at any time blessed, but it is twice blessed for a warrior who dies for his cause, that is Truth. Death is no rend, he is the truest of friends. He delivers us from agony. He helps us against ourselves. He ever gives us new chances, new hopes. He is like sleep, a sweet restorer.

× × ×

Man knows very well that when death is near, there is no solace but God, yet he hesitates to take His name !...Why ?

× × ×

The body should not be dearer than the soul. He who knows the soul, and also knows that it is different from the body, will not try to protect his body by committing violence. All this is very difficult indeed; but he who has imbibed very noble ideas easily understands it and acts accordingly. There is no such law that the soul can be known only at an advance age. Many old men pass away without knowing the soul, while persons like the late Raichandbhai ( Shrimad Rajchandra ) have been able to realize the self even at the age of 8.

× × ×

Life becomes livable only to the extent that death is treated as a friend, never as an enemy. To conquer life's temptations, summon death to your aid.

× × ×

The brave meet death with a smile on their lips.

# ※ બીજી આવૃત્તિની પ્રસ્તાવના ※

સને ૧૯૭૭ની શરૂમાં પ્રગટ થયેલ આ "સમાધિમરણ" પુસ્તક તેની ઉપયોગિતાને લીધે લોકપ્રિય બન્યું અને તેની નકલો ખલાસ થઈ. જનસમૂહ તરફથી તેની માગ ચાલુ રહી તેથી તે સંતોષવાની પ્રેરણા થતાં સુધારા વધારા સાથેની આ બીજી આવૃત્તિ ધર્મપ્રેમી જીજ્ઞાસુ વાંચકવૃંદના કરકમળમાં મૂકતાં અમને અતિ હર્ષ થાય છે. આ આવૃત્તિમાં જે અગત્યનો અને ઉપયોગી વધારો કરવામાં આવેલ છે તે આ પ્રમાણે છે :–

(૧) મૃત્યુ સંબંધી પ્રકીર્ણ વિચારો.

(૨) "મૃત્યુ પ્રસંગો"માં નવા પ્રસંગોનો ઉમેરો.

(૩) વૈરાગ્ય પ્રેરક બોધ વચનો.

(૪) અંતિમ પ્રાર્થનામાં એક વિનંતિનો વધારો. અને

(૫) છેલ્લી ઘડીના અવસરે.

પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં જણાવ્યું હતું તેમ ફરી કહીએ છીએ, સૌ કોઇ સારી રીતે જાણે છે કે વહેલે કે મોડે મૃત્યનું આવવું અવશ્ય છે. "સમાધિમરણ" માટેની પૂર્વ તૈયારી પ્રથમથી કરી રાખી હોય તો જીવ્યું સફળ થાય છે અને અનાદિના અસમાધિમરણ ટળે છે. દુર્લભ એવો મનુષ્યદેહ

પ્રાપ્ત થયો છે તો તે અમૂલ્ય રત્નચિંતામણિ જેવા દેહનું સાર્થકપણું સાધ્ય કરી લેવું એવો સર્વ જ્ઞાની પુરૂષોનો ઉપદેશ દરેકે આત્મજાગૃતિપૂર્વક ધ્યાનમાં રાખી આચારમાં ઉતારવા યોગ્ય છે.

આ પુસ્તકની અંદર 'મૃત્યુ' સંબંધની કેટલીક અગત્યની વિગતો સંગ્રહિત કરી આપવાનો પ્રયાસ કર્યો છે, તેમ અવબોધ અર્થે બનેલી સત્ય ઘટનાઓ, બનેલા પ્રસંગો તથા દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે. આશા છે કે તે કારણે આ પુસ્તક સર્વ વાંચકોને ઉપયોગી થશે.

૩૪-મોરબી હાઉસ,
ગોવા સ્ટ્રીટ,
મુંબઇ ૪૦૦૦૦૧

ભોગીલાલ ગિ. શેઠ

# .... વિષય સૂચિ ....


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| મૃત્યુનું આવવું અવશ્ય છે ... ... | ૧ |
| મૃત્યુકાળ અનિયત છે ... ... | ૪ |
| મૃત્યુનો વિચાર જીવને ભડકાવે છે ... ... | ૭ |
| મૃત્યુ એ જબરી કસોટી છે ... ... | ૧૦ |
| મરણના પ્રકારો ... ... ... | ૧૩ |
| સમાધિ–અસમાધિ મરણના નિયમો ... | ૧૮ |
| મૃત્યુ થવાનાં નિમિત્તો ... ... | ૨૫ |
| મરણ વખતે દુઃખ કેટલું ? ... ... | ૩૨ |
| મૃત્યુ વખતે હાજરી ... ... | ૩૭ |
| મૃત્યુ સંબંધી પ્રકીર્ણ વિચારો ... ... | ૪૨ |
| અન્ય ચિંતકો અને મહાપુરૂષોનાં વચનો ... | ૪૬ |
| મૃત્યુ પ્રસંગો ... ... ... | ૫૩ |
| મરણ પ્રસંગો પરથી મળતો બોધ... ... | ૧૫૩ |
| મરણાંતિક સમુદ્‌ઘાત ... ... | ૧૫૬ |
| મૃતદેહ સંબંધની ચમત્કૃતિઓ ... ... | ૧૭૩ |
| મૃત્યુ વખતે થતી પ્રક્રિયા ... ... | ૧૯૦ |
| મૃત્યુ પ્રસંગે બોધપત્રો (મૃત્યુ પહેલાં) ... | ૧૯૬ |
| ,, ,, ,, (મૃત્યુ પછી) ... | ૨૦૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સમાધિમરણ માટેની પૂર્વ તૈયારી ... | ૨૦૯ થી ૨૩૧ |
| વૈરાગ્યપ્રેરક બોધવચનો ... | ૨૧૦ |
| સદ્દુપદેશ વચનો ... | ૨૧૭ |
| દેહવ્યાધિ વેળાએ ... | ૨૨૩ |
| સમાધિ ઉપદેશ ... | ૨૨૬ |
| મૃત્યુમહોત્સવ ... ... | ૨૩૨ થી ૨૪૫ |
| મૃત્યુમહોત્સવની કુમકુમ પત્રિકા | ૨૩૮ |
| અંતિમ આલોચના ... | ૨૪૬ થી ૨૫૯ |
| ક્ષમાપના ... ... | ૨૪૭ |
| અંતિમ સાધના ને પ્રાર્થના... | ૨૪૮ |
| છેલ્લી ઘડીના અવસરે ... ... | ૨૬૦ |
| પરિશિષ્ટ : | |
| કાવ્યો : શ્રીમદ્ રાજચંદ્રજી રચિત ... | ૨૯૦ |



# સમાધિ મરણ

## મૃત્યુનું આવવું અવશ્ય છે :

"જેને મૃત્યુની સાથે મિત્રતા હોય અથવા જે મૃત્યુથી ભાગી છૂટી શકે એમ હોય અથવા હું નહીં જ મરૂં એમ જેને નિશ્ચય હોય, તે ભલે સુખે સૂવે."

—શ્રી તીર્થંકર છ જીવનિકાય અધ્યયન.

જે જન્મે છે તે મરે છે. જે ઊગે છે તે આથમે છે. જે વિકસે છે તે વિલીન થાય છે. જે ખીલે છે તે કરમાય છે. જે જગતની હવાનો શ્વાસ લે છે તે ઉચ્છ્વાસથી છોડે છે. મૃત્યુનું આવવું અવશ્ય છે, તે એક એવો નિશ્ચય પ્રસંગ છે કે તેમાંથી છટકવું કે ભાગી છૂટવું અસંભવિત છે; હું નહી મરૂં એવી કલ્પના આકાશ કુસુમવત્ છે. રાજા હો કે રંક હો, શ્રીમંત હો કે ગરીબ હો, સત્તાધારી હો કે સત્તાવિહીન હો, શેઠ હો કે નોકર હો, પુણ્યશાળી હો કે પાપી હો, અભિમાની હો કે વિનમ્ર હો, કાળ કોઇને મૂકતો નથી, કાળ કોઇને આધીન થતો નથી.

ત્રણે કાળમાં એમ બનવું અશક્ય છે. મૃત્યુ એ અનિવાર્ય પ્રસંગ છે.

આજે વિજ્ઞાનયુગ છે. વિજ્ઞાનસૂર્ય ઝળહળતો તપી રહ્યો છે. કુદરતના સહજ નિયમોની વિશેષ વિશેષ ઊંડી શોધ કરી તે ખૂબ આશ્ચર્યકારક રીતે આગળ ધપી રહ્યો છે. જીવનના દરેકે દરેક ક્ષેત્રે વિજ્ઞાનનો વિકાસ પ્રગતિ સાધતો સાધતો મોટી ફાળ ભરી રહ્યો છે. પુદ્ગળ ક્ષેત્રે પણ તેની શોધખોળો ન માની શકાય, ન કલ્પી શકાય તેટલી હદે થયા કરે છે અને થશે.

શોધોની પાછળ એક નિષ્ઠાથી એકતાર થઈ સિદ્ધિઓને વરતા જતા વિજ્ઞાનીઓની આવી ચમત્કૃતિઓ અને સંસારસુખની અપેક્ષાએ ઉપકારી શોધો માટે અમને ઘણું માન છે; કેમકે સિદ્ધિનાં મૂળમાં જીવનું જ્ઞાન છે, એટલે મહિમા જ્ઞાનનો ઠર્યો; અને જ્ઞાન તે તો આત્માનો સ્વાભાવિક, સહજ, અખંડ અને અભિન્ન ગુણ છે, તેથી તે પ્રત્યે માન થાય એ વિસ્મયજનક નથી; એ માન તે આત્મા પ્રતિનો આદર જ છે.

આજે કેટલાક વિજ્ઞાનીઓ ઉચ્ચ ઉમેદ રાખી મૃત્યુને ટાળવાની અથવા તેને અમુક કાળ પર્યંત રોકવાની અથવા આયુષ્ય લંબાવવાની અમોઘ ઔષધિની શોધ પાછળ પ્રયાસ કરે છે, કેટલાક જડમાં ચેતન પ્રગટાવવાના પ્રયોગો કરવામાં તન્મયતાથી લાગી ગયા છે. પોતાને પોતાના ઉદ્યમમાં સફળતા મળશે એવી અમર આશા સેવે છે અને પરિણામે જગતને દુઃખથી રહિત કરી શકશે, એવી ઉચ્ચ ભાવના ભાવે છે; ભાવના તો અવશ્ય

ઉત્તમ છે પણ તેમ બનવું કેવળ દુર્લભ છે. અનંતકાળ વીત્યો તે દરમ્યાન કેટલાય ઉત્તમ કોટિના વિજ્ઞાનયુગો આવી ગયા પણ ક્યારે પણ મૃત્યુ નિવારવાનું ઔષધ મળ્યું નથી. જો કોઇપણ પ્રયોગે મંત્રથી, તંત્રથી, તપથી કે ઔષધથી દેહને અમર કરી શકાયો હોત તો તે વાત, અનંત કેવળજ્ઞાની સર્વ સમર્થ ભગવંતો થઈ ગયા, તેમણે અનુભવધર્મે સિદ્ધ કરી કહી બતાવી હોત, પરંતુ તેમ બન્યું નથી.

દેહ એ પુદ્ગળનું પૂતળું છે. પુદ્ગળનો સ્વભાવ નામ-ગુણ પ્રમાણે મળવા-ગળવાનો છે; તેથી ગમે ત્યારે અને ગમે તેટલા કાળ પછી તેનાં પરમાણુઓ યોગ્ય નિમિત્ત પામી ઉલટી રીતે પરિણમી વિખરાવાનાં છે. આ સહજ અને અફર નિયમનું ઉલ્લંઘન થઈ શકે તેમ નથી. સંયોગ છે ત્યાં વિયોગ નિયમથી છે; આથી મૃત્યુનું આવવું નિશ્ચયરૂપ છે એમ દૃઢ માનવું એ ઉચિત છે, અને વિવેકથી વિચારી, વિજ્ઞાની પુરૂષોની ઉમેદભરી પરંતુ ઠગારી આશાથી બચવું. અત્ર તે મહા વિજ્ઞાનીઓ સંબંધે કોઈ દ્વેષબુદ્ધિ નથી, તેમ તેમના પુરૂષાર્થને ઉતારી પાડવાની હલકી વૃત્તિ નથી; માત્ર તેમની સફળતાની માન્યતા સિદ્ધાંતથી પ્રતિકૂળ છે એમ બતાવવાનો હેતુ છે. છતાં જીવનનાં દુઃખો નાશ કરવાનો તેમનો આશય શુભ હેતુરૂપ છે એ સત્ય છે.

જીવનના સુખદુઃખના બીજા પ્રસંગોની જેમ મૃત્યુ પણ એક અતિ મહત્વનો, ખૂબ વિચારણીય અને ગંભીર પ્રસંગ છે. જેમ જીવનમાં આવતા, અથવા આવેલા પ્રસંગો વેળાએ, ભવિષ્યકાળ

સુખરૂપ જાય એ હેતુએ દીર્ઘદૃષ્ટિથી વિવેકનો સુ-ઉપયોગ કરી વિચાર કરવામાં આવે છે તેમ આ પણ દેહજીવનના અંત સમયની વાસ્તવિક ઘટના હોઇ વિચાર માગે છે. વાસ્તવમાં તો બીજા પ્રસંગોની અપેક્ષાએ આ સંબંધમાં વિશેષ ગંભીર વિચાર કર્ત્તવ્યરૂપ બની જાય છે. મૃત્યુ એટલે શું ? કોનું મૃત્યુ ? મૃત્યુ શા માટે ? મૃત્યુનો ભય શાથી ? મૃત્યુ પછી શું ? મૃત્યુ પછી જીવન છે ? મૃત્યુ જીતી શકાય કે કેમ ? તે માટે કોઇ ઉપાય છે ? એ આદિ પ્રશ્નો વિચાર કરવાથી ઊગશે અને સમાધાન માગશે.

આવા મહત્વના પ્રસંગની ઉપેક્ષા કરવી અથવા મોહાંધકારથી અંધ બની પોતાના જીવનના અંતિમ અને અનિવાર્ય પ્રસંગ સંબંધે મૌન સેવવું અને વિચાર સરખો ન કરવો કે વિચાર કરવાની વૃત્તિ ન લાવવી, તે વિચાર કરતાં આધ્યાત્મિક દૃષ્ટિએ ગુનો છે, એમ ભાસ્યમાન થશે. પોતા પ્રત્યેની પોતાની માયાવી જાળ છે એમ લાગશે. સ્વયં પરત્વે પોતાની અકલ્યાણરૂપ મનોવૃત્તિ છે એમ સમજાશે અને મૃત્યુના ભયથી ભાગી છૂટવાની ભાગેડુ વૃત્તિ છે તેની જાણ થશે.

## મૃત્યુકાળ અનિયત છે :

" દેહ છૂટવાનો કાળ અનિયત હોવાથી વિચારવાન પુરુષો અપ્રમાદપણે પ્રથમથી જ તેનું મમત્વ નિવૃત્ત કરવાનો અવિરુદ્ધ ઉપાય સાધે છે: અને એ જ તમારે, અમારે સૌએ લક્ષ રાખવા યોગ્ય છે. "

—શ્રીમદ્ રાજચંદ્રજી

" મૃત્યુ ભય હોત તો પણ, તે મૃત્યુ વૃદ્ધાવસ્થાએ નિયમિત પ્રાપ્ત થતું હોત તો પણ જેટલા પૂર્વે વિચારવાનો થયા છે, તેટલા ન થાત; અર્થાત્ વૃદ્ધાવસ્થા સુધી તો મૃત્યુનો ભય નથી એમ દેખીને પ્રમાદસહિત વર્તન; મૃત્યુનું અવશ્ય આવવું દેખીને, તથા તેનું અનિયમિતપણે આવવું દેખીને, તે પ્રસંગ પ્રાપ્ત થયે સ્વજનાદિ સૌથી અરક્ષણપણું દેખીને, પરમાર્થ વિચારવામાં અપ્રમત્તપણું જ હિતકારી લાગ્યું અને સર્વ સંગનું અહિતકારીપણું લાગ્યું. વિચારવાન પુરૂષોનો તે નિશ્ચય નિઃસંદેહ સત્ય છે, ત્રણે કાળ સત્ય છે. " —શ્રીમદ્ રાજચંદ્રજી (વ. ૬૮૯)

કાળનો ઝપાટો ક્યારે આવશે અને હતું નહોતું થઇ જશે તે નિશ્ચિત નથી. કોઈ ફૂલ ઊગતાં જ ખરે છે, કોઈ થોડું ખીલ્યા પછી કરમાય છે, કોઈ ખૂબ વિકસી મનોહરતાને પામી ચૂંટાય છે, તો કોઈ ખરી પડતાં પગ નીચે ચગદાય છે. તેમ કોઈ જીવ ગર્ભાવાસમાં મરણ પામે છે, કોઈ બાળવયમાં પુષ્પની જેમ કરમાય છે; કોઈ કિશોરવયમાં ઊગવા મથતી આશાઓને નિરાશામાં પલટાવનાર મૃત્યુને વશ થાય છે, કોઈ ભરયુવાનીમાં મહત્વાકાંક્ષા સેવનાર અને ભાવિ સુખની કલ્પનામાં રાચનાર યુવાન કે યુવતીને કાળ ચેતવ્યા વિના ભરખી લે છે; તો કોઈ વૃદ્ધાવસ્થામાં મરણને શરણ થાય છે મરણ સમય અનિશ્ચિત છે, કાળના ક્રૂર પંજામાં સપડાતાં, વાઘના મુખમાં હરણનાં બચ્ચાંની જેમ, તેને કોઈ બચાવી શકતું નથી; આદર્યાં અધૂરાં મૂકી, મનની વાત મનમાં સમાવી તત્કાળ દેહત્યાગ કરવો પડે છે. તેમાં એક સમયનો પણ ગોટાળો થતો નથી.

કોઈ પણ સંસારી જીવ નિશ્ચયથી કહેવાને અસમર્થ છે કે હું આટલું તો જીવીશ જ અથવા અમુક વયમર્યાદા સુધી મારો દેહ ઠંડો થવાનો નથી, કેમકે તેવું જ્ઞાન તેની પાસે નથી. કેટલું જીવવું એ તો આયુષ્યકર્મને આધીન છે, અને આયુષ્યકર્મની સ્થિતિનું જ્ઞાન થવું તે તેની શક્તિ બહારની વાત છે. મુક્તિગામી જ્ઞાની ભગવંતો જ તે જાણી શકવા સમર્થ છે.

જીવને ગમે ત્યાંથી, ગમે તે રીતે નિર્ભય થવા માટે સાચું કે ખોટું આલંબન લેવાની સહજ આદત હોય છે; અને તે મેળવી લઈ તેમાંથી આશ્વાસન ખેંચીને અંદરના ભયને મોળો પાડે છે કે દબાવે છે અને બહારથી નિર્ભયપણે વર્તવાની ટેવ કેળવે છે. દુઃખના કે શોકના પ્રસંગો વખતે આમ બનતું પ્રાયઃ જોવામાં આવે છે અને તેથી લોકમાં કહેવાય છે કે આશાથી જ જીવાય છે, આશા અમર છે; આશા મનુષ્યનો પ્રાણ છે, આશા જ્યોતિ છે; આશા દીવો છે. મરણ સંબંધમાં પણ જીવ સરેરાશ મરણ પ્રમાણના આંકડા જોઈ તેમાંથી આશ્વાસન લે છે કે કાળનો ભીડો તો મુખ્યપણે ૫૦ થી ૭૫ વર્ષના ગાળામાં હોય છે અને તેમાં પણ બહુલતાએ ૬૨ થી ૭૫ વર્ષ વધારે મોટા ભયની સપાટીવાળા ગણ્યાં છે. તેથી કલ્પેલી ભયસપાટીની નજીક આવતા સુધી જીવ માથે મૃત્યુનો ભય રહ્યો છે તેનું વિસ્મરણ કરી ઇચ્છિતપણે વર્તે છે.

વળી કેટલાક એવું આશ્વાસન મેળવી નિર્ભય થવા પ્રયત્નવાન થાય છે. તેઓ માને છે કે અમારા કુટુંબમાં નાની વયમાં

કોઇ મર્યું નથી; કોઇ કહે છે મારા દાદા ૮૫ વર્ષે, મારા પિતા ૮૦ વર્ષે, મારા કાકા ૭૮ વર્ષે, મારા બંધુઓ ૭૧ અને ૭૩ વર્ષે મૃત્યુ પામ્યા છે; અને હું ૭૧ વર્ષે (નોટ આઉટ) આજના જુવાનને શરમાવે એવી દૈહિક શક્તિથી દોડું છું. આમ કોઇ રીતે જીવ આલંબન લઇ આશ્વાસન મેળવે છે કે મારે મરવાને હજુ ઘણી વાર છે અને તે માન્યતાથી મૃત્યુના ગંભીર પ્રસંગના વિચારથી દૂર રહે છે. આ આલંબન કે આશ્વાસનની ભીતરમાં એક જ હેતુ સ્પષ્ટપણે રહ્યો છે, જીવવાની અમર આશા અને મરવાનો ગુપ્ત ભય. પરંતુ એ ઠગારી આશા નિરાશામાં ક્યારે પલટાશે તે કળવું મુશ્કેલ છે. ક્ષણે ક્ષણે માથા પર મોત ભમી રહ્યું છે અને કાળ આવી ક્યારે કોળિયો કરી જશે એ અનિયત છે. વિચારવાનને જ આ વાત ગળે ઊતરે તેવી છે.

## મૃત્યુનો વિચાર જીવને ભડકાવે છે:

મૃત્યુનું આવવું અવશ્ય છે અને અનિયત છે એમ સામાન્યપણે જાણવા છતાં તે સંબંધી સદ્‌વિચારની શ્રેણિમાં આવવા જીવ તૈયાર થતો નથી; કેમકે તેના અંતરમાં ભવોભવથી મૃત્યુનો ભય ઘર કરીને બેઠો છે અને જાણતાં અજાણતાં પણ તે ભય પોતાનું કાર્ય કર્યા કરે છે. આથી મરણનો વિચાર ઉદ્‌ભવ પામતાં તે અકળાય છે, ભડકે છે, ધ્રૂજી ઊઠે છે અને વિચારની દિશા બદલાવી, ચિત્તને પોતાને મનગમતી વાત પ્રત્યે વાળે છે. જન્મ અને મરણ વચ્ચેના જીવનકાળમાં તે સંખ્યાબંધ પ્રસંગોએ

મૃત્યુનો ભય અનુભવ્યા કરે છે. તે જ ભવોભવના દૃઢ કરેલા સંસ્કાર છે. મૃત્યુનો ભય અને તેની બહુલતા અંતરમાં વ્યાપ્ત હોય ત્યાં સુધી મૃત્યુનો વિચાર તેને ભડકાવે છે.

સંસારસુખના મોહી અને રાગી જીવોને કલ્યાણરૂપ સદ્‌વિચાર ઊગવો દુર્લભ થાય છે અને મુખ્યપણે તો જ્ઞાની ભગવંતોએ વમેલી પુદ્‌ગળ એંઠને અતિ હર્ષથી ગ્રહણ કરવામાં જ કૃતકૃત્યતા માને છે અને તેના વિચારમાં તન્મય રહે છે. તેમાંના કોઈ એમ કહે છે કે મૃત્યુ સંબંધી ફિલસુફીની બેકાર વાત મારે સાંભળવી નથી; કોઈ કહે છે કે મને તો જીવનમાં રસ છે, મૃત્યુમાં નહીં; કેમકે જીવન એ પ્રકાશ છે, મૃત્યુ અંધકાર છે, અંધકારના અંધારામાં જઈ શા માટે ભયભીત થવું? વળી બીજા કોઈ એમ વિચારે છે કે મૃત્યુ તો જ્યારે આવવાનું હશે ત્યારે આવશે અને જે પ્રકારે થવાનું હશે તે પ્રકારે થશે, તો તેની ચિંતા કે તેના વિચાર વર્તમાનમાં કરવાથી શો લાભ? અત્યારે તો જીવન સુખમય અને શાતામય વ્યતીત થાય તેનો વિચાર અને તેવો ઉદ્યમ કરવો એ જ ઉચિત છે. આમ અનેક પ્રકારે પુદ્‌ગલાભિનંદી જીવોની કલ્પના હોય છે અને તેઓ દૈહિક સુખની પ્રાપ્તિના પ્રયત્નમાં રાચે છે.

અરે! વૃદ્ધાવસ્થાને છેડે અને મૃત્યુના કાંઠે પહોંચેલા કેટલાક વૃદ્ધોને પોતાનો અંતકાળ સમીપ છે એવો વિચાર ઊગતાં, તેઓ પણ તે મૃત્યુ સંબંધી પ્રશ્નના સમાધાન માટે ઊંડા ઊતરવા જેટલી હિંમત કરી શકતા નથી. તેઓ મરણના ભયથી

ફરી વિચારને પોતાનાં પૂર્વનાં સંસ્મરણો પ્રત્યે વાળી દે છે અને આનંદિત થાય છે; તેઓ પોતાની બાળપણ અને યુવાવયની ચર્યા, શૂરવીરતા, કાર્યદક્ષતા, વ્યવહાર કુશળતા, સંસાર ડહાપણ, સત્ કૃતિઓ આદિનાં મીઠાં સ્મરણમાં ખોવાઈ જાય છે, અથવા કોઈ શ્રોતા મળી જાય તો તેની પાસે વિસ્તારથી વાતને ફરી ફરીને રસપૂર્વક કહેવામાં થાકતા નથી. તાત્પર્ય એ છે કે વૃદ્ધો પણ ઝડપભેર આવી રહેલ મહા અગત્યના પ્રસંગ પર વિચાર કરતાં ભડકે છે. આમ બનવાનું મુખ્ય કારણ ગુપ્તપણે અંતરમાં રહેલો મૃત્યુનો ભય છે.

આ જ જીવો જ્યારે માઠા પ્રસંગો બને છે ત્યારે ઘણા સમયના અભ્યાસથી ગોખી રાખેલાં આશ્વાસનરૂપ બોધવચનોની ધીમી વર્ષા ગંભીરતાથી વરસાવે છે. તેઓ કહે છે: 'આયુષ્યકાળ પૂરો થાય ત્યારે લાખો ગમે ઉપાય કરવા છતાં તે કાર્યકારી થતા નથી.' 'લેણુ દેણુના સંબંધ પૂરા થાય પછી તો સર્વને છોડીને ચાલી જવું પડે છે.' 'વહેલા અથવા મોડા દરેકને એ માર્ગે જ જવાનું છે. એ કાળે કોઈ બચાવવા સમર્થ નથી. માત્ર શાંતિથી મરણ થાય એ જ ઇષ્ટ છે, બાકી તો પંચમકાળ કે કળિયુગ કઠણ છે! ધર્મ કરશે તે સુખી થશે.' પછી શાંત્વન આપવાના હેતુએ ભવિષ્યના સુખનું કલ્પના ચિત્ર દોરી આશા આપે છે. પરંતુ જે બોધવચનો કહેવામાં આવે છે તે બોધ જો પોતામાં પરિણમ્યો હોય તો જ તેની વાસ્તવિક અસર ખેદખિન્ન જીવો પર થાય છે અને ઉપકાર કરે છે, નહીં તો બોધેલું નિષ્ફળ જાય છે; છતાં આ રૂઢીગત વ્યવહાર છે.

વળી બીજા કેટલાક વૃદ્ધો માનસિકપણે મરણની તૈયારી કરતા હોય છે. તેમને મૃત્યુના ભણકારા મૃત્યુ પહેલાં આછી રીતે વાગતા હોય છે. તેઓને અવારનવાર નિમિત્તાધીન વિચાર આવે છે કે હવે મરણસમય દૂર નથી, મૃત્યુના કિનારે પહોંચી ગયા છીએ અને અંતકાળ માટે તૈયાર થવાનું છે. આ વિચારોના ઘૂંટણથી અજાણપણે તેઓ માનસિક રીતે મૃત્યુના ભય સામે ન્યૂનાધીક અંશે તૈયાર તો થાય છે, તો પણ વિવેકપૂર્વકની જે તૈયારી હોવી જોઇએ તેનાથી તો તેઓ વંચિત રહે છે અને તે કારણે અગ્નિ પરીક્ષા સમાન મૃત્યુવેળાએ હારી જાય છે.

## મૃત્યુ એ જબરી કસોટી છે :

એક ભવના જીવન દરમ્યાન અનેક પ્રકારની આપત્તિ-વિપત્તિ, આધિ-વ્યાધિ-ઉપાધિરૂપ કસોટી આવે છે ને જાય છે. તેમાંની કેટલીક અતિ મોટી, મોટી કે વળી કેટલીક પ્રમાણમાં નાની કે હળવી હોય છે. બાલ્યકાળમાં બાળરોગો કે બાળવ્યાધિઓ, કિશોરવયે અભ્યાસમાં અર્ધ વાર્ષિક કે વાર્ષિક પરીક્ષાઓ, યુવાનવયે પણ તેવી પરીક્ષા ઉપરાંત નોકરી કે ધંધામાં આવતી ચિંતાયુક્ત સ્થિતિઓ, આર્થિક મુંઝવણ કે વિયોગની કસોટી, પ્રૌઢાવસ્થામાં ગંભીર માંદગી, ઉપાધિકારક અકસ્માત, સ્વજનો સંબંધી અકળાવનાર દુઃખદાયક પ્રસંગો, અને વૃદ્ધાવસ્થામાં દેહની શિથિલતા, જરાનાં દુઃખો તે ઉપરાંત અનેક પ્રકારની વિટંબનાઓ ઇત્યાદિ કસોટીઓમાંથી પસાર થવું પડે છે.

દુઃખો, વેદના, કસોટીઓનો જેટલો વિસ્તાર કરવામાં આવે તે ઓછો જ છે. પણ તે સર્વથી શિરોમણિ એવી કસોટી તો એક જ છે અને તે મૃત્યુ છે. આકરામાં આકરી, ભાવિ દુઃખને નોતરનાર અને સંસારસાગરમાં ડૂબાડનાર કસોટી તો મૃત્યુ વેળાની જ કહી શકાય.

જીવનકાળની અન્ય કસોટીઓ મરણ કસોટી જેવી બળવતી નથી. તે આવે ને જાય; તેની અસર કોઈવાર દીર્ઘકાળ તો કોઈવાર અલ્પકાળ પર્યંત જીવનમાં રહે છે. જો કે જીવનમાં આવતી આપત્તિ અને વિપત્તિનો પરમાર્થ ગ્રહવામાં આવે તો અવશ્ય ધર્મસંપત્તિની પ્રાપ્તિનો લાભ મેળવી શકાય અને મૃત્યુ પહેલાં જ ધર્મશિક્ષા પામી પૂર્વ તૈયારીરૂપ ઉપકારી સ્થિતિ લાવી શકાય; એ અપેક્ષાએ જોતાં સંસારની વિટંબનાઓ મુસીબતો અને કસોટીઓ વિચારવાનને માટે સંસારસાગર તરવા નૌકા સમાન છે. પરંતુ તેમ તો ભાગ્યશાળી વિરલ જીવો કરી શકે છે; બાકીના સમસ્ત જીવો તો દેહમાં મમત્વબુદ્ધિ રાખી તે દેહનો ત્યાગ કર્યા કરે છે. મૃત્યુ એ જબરદસ્ત કસોટી છે, તેનો અર્થ એ નથી કે મરણ સમયે ભયંકર દુઃખ, વેદના કે પીડા અસાતા વેદનીય કર્મના ઉદયવશ ભોગવવાં પડે છે તે છે; તેવાં દુઃખ તો તેવા ઉદયે આવી શકે છે, પણ તે વેળાએ આત્મા કેવી સમતા અને શાંતિ જાળવી રાખે છે, ધર્મભાવનો કેવો આશ્રય કરે છે અને જીવને વીતરાગ ભગવંત કે આત્મપ્રભુનું કેટલું સ્મરણ રહે છે તથા દેહત્યાગની કસોટી વેળાએ દેહાત્મ-બુદ્ધિનો અભાવ કેટલો છે, તે પર કસોટીની સફળતા કે નિષ્ફળતાનો

આધાર છે. અંત સમયના કાળે અંદરમાં ઉપયોગ દેહમાંથી છૂટી જાય અને સમતા તથા શાંતિમાં રહે તે આકરી પરીક્ષાની સફળતા છે; આત્માનો ઉપયોગ દેહમાં ચીટકી રહીને દેહ છૂટે તો પરીક્ષામાં નાપાસ થવાય છે. અનેકાનેક મરણ થયાં છે ત્યારે ઉપયોગ પરમાં જ લીન રહ્યો છે અને તેથી જન્મ-મરણના ફેરા કરવા પડ્યા છે. આથી નિઃશંક સિદ્ધ થાય છે કે મૃત્યુ એ જબરદસ્ત મોટી કસોટી છે.

નિશાળમાં કોઈ એક વર્ગમાં ભણતો વિદ્યાર્થી શિક્ષક શીખવે તે તરફ ધ્યાન ન આપે, ભણે નહીં, ઘરે અભ્યાસ પણ કરે નહીં અને આખો દિવસ રમત-ગમતમાં ચિત્તને રોકી રાખે, બીજાની ઠેકડી કરે, ઉપહાસ કરે તથા પોતાના જેવા રખડુ છોકરાઓની સોબતમાં રહી રંગરાગમાં રાચે તો તેને માટે વિજયની નોબત ક્યારેય પણ વાગે ખરી? તેનું સ્થાન તો ડાબી બાજુની પાટલી પર છેડે જ હોય ને? વાર્ષિક પરીક્ષા આવે, તેમાં બેસે અને નાપાસ થાય. ઉપરના ધોરણમાં ચઢાય નહીં. ફરીથી તે જ વર્ગ, તે જ પૂર્વનો અભ્યાસ, તે જ સંગ, તે જ રંગ અને વર્ષના અંતે તે જ પ્રમાણે પરીક્ષા અને નિષ્ફળતા. વ્યવહારમાં આવાને આપણે ઠોઠ નિશાળિયા કહીએ છીએ; તેનો અધિકાર છેલ્લી પાટલી પર બેસવાનો, અટકચાળાં કરવાનો, ઠઠ્ઠા મશ્કરી ઉડાવવાનો અને બને તેટલી પોતાની જમાતના સભ્યોની વૃદ્ધિ કરવાનો હોય છે. મનના નિર્બળ એવા બીજા વિદ્યાર્થીઓ પર તેની અસર થતાં વાર લાગતી નથી. વારંવારની પરીક્ષામાં

નિષ્ફળતા મળતાં નિશાળમાંથી ઉઠાંતરી કરવાનો સમય આવે છે અને દુઃખી થાય છે.

તે જ પ્રમાણે આ ચતુર્ગતિરૂપ સંસાર એ મહાવિદ્યાલય છે. "સા વિદ્યા યા વિમુક્તયે" અર્થાત્ મુક્તિ અપાવે તે સાચી વિદ્યા; એવી વિદ્યા એ મહાવિદ્યાલયમાં અભ્યાસ કરી મેળવવાની છે. સત્શાસ્ત્રોરૂપ ગ્રંથોને સદ્ગુરૂદ્વારા સમજીને તેનો લાભ લેવાનો છે. કુસંસ્કારોને છોડી દઈ સુસસ્કારો ગ્રહણ કરવાના છે. ઠોઠ નિશાળિયા મટી હોંશિયાર વિદ્યાર્થી બનવાનું છે. પરંતુ ખેદની વાત છે કે જેમ નિશાળના વર્ગમાં પ્રથમના પાંચ વિદ્યાર્થી જ વિદ્યાના ખપી છે અને બાકીના ઓછા વધતા અંશે બેદરકાર છે, નિષ્ફિકર છે, અને પ્રમાદી છે, તેમ આ મહાવિદ્યાલયમાં કોઈ ( અતિ અતિ અલ્પ સંખ્યામાં ) સાચી કલ્યાણકારી વિદ્યાના અર્થી છે અને અતિ બહુલતાએ તો વિષયોરૂપ સર્પોનાં કાતીલ ઝેરથી બેભાન બની અથવા કલ્પિત સુખોની મીઠી લાગતી જાળમાં ફસાઈ, તેઓ પોતાને કૃતકૃત્ય માની, રત્નચિંતામણિ જેવા મનુષ્યદેહને નિરર્થક બનાવે છે. વિદ્યાને બદલે કુવિદ્યાનો આશ્રય કરે છે; તે કારણે મૃત્યુરૂપી પરીક્ષા આવતાં અવિદ્યાને લીધે વારંવાર નાપાસ થયા કરે છે. તેવા બધા જ ઠોઠ નિશાળિયા છે.

## મરણના પ્રકારો :

શાસ્ત્રમાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ 'અવિચિય', 'તદ્ભવ', ઈત્યાદિ સત્તર પ્રકારનાં મરણનું કથન કર્યું છે; તે સર્વને પાંચ મુખ્ય પ્રકારમાં સમાવી શકાય, તેનાં નામ ( ૧ ) પંડિત પંડિત

મરણ ( ૨ ) પંડિત મરણ ( ૩ ) બાલપંડિત મરણ ( ૪ ) બાલમરણ અને ( ૫ ) બાલબાલ મરણ. આ પાંચ પ્રકારને પણ બે વિભાગમાં વહેંચી શકાય, ( ૧ ) સમાધિમરણ ( ૨ ) અસમાધિમરણ.

મૃત્યુના ૧૭ પ્રકાર :-

શ્રીમદ્ કુંદકુંદાચાર્ય રચિત " અષ્ટપ્રાભૃત " ગ્રંથમાં પાંચમા 'ભાવ પ્રાભૃત ' પરની ટીકામાં કહ્યું છે, તેની વિગત " શ્રી જૈનતત્ત્વ પ્રકાશ " નામના ગ્રંથમાંથી ઉદ્ધૃત કરી અહીં આપીએ છીએ.

( ૧ ) ઉત્પન્ન થયા પછી પ્રતિસમય આયુષ્ય કમતી થતું જાય તે " અવિચિય મૃત્યુ ", ( ૨ ) વર્તમાન કાળમાં જે શરીરરૂપ પર્યાય પ્રાપ્ત થઇ છે તેનો અભાવ થાય તે " તદ્ભવ મૃત્યુ ", ( ૩ ) ગત ભવમાં આયુષ્યબંધ કરી અહીં ઉત્પન્ન થયા તે આયુ અહીં પૂર્ણ થાય તે " અવધિ મૃત્યુ ", ( ૪ ) સર્વથી અને દેશથી આયુ ક્ષીણ થાય તથા બંને ભવમાં એક જ પ્રકારનું મૃત્યુ થાય તે " આદ્યંત મૃત્યુ ", ( ૫ ) ઝેરથી, શસ્ત્રથી, અગ્નિથી, પાણીથી, પહાડથી પડીને ઇત્યાદિ પ્રકારથી આત્મઘાત કરી મરે તથા જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના રહિત અજ્ઞાનતાથી મૃત્યુ પામે તે " બાલ મૃત્યુ ", ( ૬ ) સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર સહિત સમાધિભાવથી મૃત્યુ પામે તે " પંડિત મૃત્યુ ", ( ૭ ) સમ્યક્ત્વ સહિત શ્રાવકનાં વ્રતોનું આચરણ કર્યા બાદ સમાધિભાવથી આયુષ્ય પૂર્ણ થાય તે " બાલપંડિત મૃત્યુ ", ( ૮ ) સંયમ વ્રતથી ભ્રષ્ટ થઇને મૃત્યુ પામે તે " આસન મૃત્યુ ", ( ૯ ) માયા, નિયાણું અને મિથ્યાત્વદર્શન શલ્ય એ ત્રણમાંથી કોઈ પણ એક

શલ્ય સહિત મૃત્યુ પામે તે "સશલ્ય મૃત્યુ", (૧૦) પ્રમાદને વશ થઈ તથા અત્યંત સંકલ્પ વિકલ્પ પરિણામોથી પ્રાણમુક્ત થઈ જાય તે "પલાય મૃત્યુ", (૧૧) ઇન્દ્રિયોને વશ થઇ, કષાય, વેદના કે હાંસીને વશ થઇને મૃત્યુ પામે તે "વશાત્ મૃત્યુ", (૧૨) સંયમ શીલવ્રતાદિનો નિર્વાહ ન થવાથી આપઘાત કરે તે "વિપ્રણ મૃત્યુ", (૧૩) સંગ્રામમાં શૌર્ય ધારણ કરી મરણ પામે તે "ગૃદ્ધપૃષ્ટ મૃત્યુ", (૧૪) યથાવિધિ ત્રણ આહારમાં યાવજ્જીવ પચ્ચક્ખાણ કરી મૃત્યુ પામે તે "ભક્ત પ્રત્યાખ્યાન મૃત્યુ", (૧૫) સંથારો કર્યા બાદ અન્યની પાસે સેવા ચાકરી નહીં કરાવતા થકા મૃત્યુ પામે તે "ઇંગિત મૃત્યુ", (૧૬) આહાર અને શરીર બંનેનો યાવજ્જીવ ત્યાગ કરી સ્વવશ હલનચલન કર્યા વગર મૃત્યુ પામે તે "પાદોપગમન મૃત્યુ" અને (૧૭) કેવળજ્ઞાન પ્રાપ્ત થયા બાદ દેહોત્સર્ગ થાય તે "કેવળી મૃત્યુ".

હવે પાંચ પ્રકારનાં મરણની સમજણ લઇએ અને તેની જાણ વિશેષ સ્પષ્ટતા કરાવે છે. (૧) જ્યાં સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્રની એટલે રત્નત્રયની એકતારૂપ અતિશયતા અને પૂર્ણતા હોય અને દેહોત્સર્ગ થાય તે પંડિત પંડિત મરણ. (૨) જ્યાં રત્નત્રયની ઉત્તમતા ન હોય તેવા સમ્યક્દૃષ્ટિ સંયમીનું મરણ તે પંડિત મરણ, (૩) સમકિતી શ્રાવકનું મરણ તે બાલપંડિત મરણ, (૪) સ્વપરના વિવેકવાળી સાચી શ્રદ્ધા ન હોય, જડચેતનના ભેદનુ જ્ઞાન ન હોય અને તેથી ઉપકારી બાહ્ય ચારિત્ર પણ ન હોય એટલે ધર્મની ઓઘથી શ્રદ્ધા હોય પણ તે શ્રદ્ધા દૃઢ ન હોય, તેનું મરણ તે બાલમરણ, અને (૫) તેથી

પણ ઉતરતા અને ન્યૂન ભાવોવાળા, ધર્મને નહીં સ્વીકારનારા મૃત્યુ પામે તેનાં મરણ બાલબાલ મરણ.

આ પ્રમાણે ભાવોની અપેક્ષાએ જોતાં અનેકાનેક પ્રકારનાં મરણ કહી શકાય, ગણાવી શકાય. સરળતાએ સમજવા માટે બે પ્રકાર કહ્યા છે: (૧) સમાધિ મરણ અને (૨) અસમાધિ મરણ. જ્યાં આત્મા, આત્મધર્મ, ધર્મ પામવાના ઉત્તમ સાધન અથવા નિમિત્તરૂપ શ્રી સદ્દેવ, સદ્ગુરુ, સદ્ધર્મના ભાવમાં રહી છેલ્લે અવસરે દેહત્યાગ કરે તે સમાધિ મરણ છે. અહીં તેના ઘણા ભેદો પાડી શકાય પણ તે સંબંધે આગળ ઉપર થોડું કહીશું. જ્યાં વિષયભોગ, સ્વજન, કુટુંબ, ધનાદિ સંપત્તિ, અથવા ટૂંકમાં કહીએ તો આત્મભાવથી ભિન્ન એવા કોઇ પણ પ્રકારના મોહ તથા માયાયુક્ત સંસારભાવમાં રહીને દેહ છૂટે તો તે અસમાધિ મરણ છે.

આ સંબંધમાં પરમ આત્મજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનો જોઇએ. તેઓ પત્રાંક ૭૮૦માં પ્રકાશે છે કે:—

"પરમ યોગી એવા શ્રી ઋષભદેવાદિ પુરૂષો પણ જે દેહને રાખી શક્યા નથી, તે દેહમાં એક વિશેષપણું રહ્યું છે, તે એ કે તેનો સંબંધ વર્તે ત્યાં સુધીમાં જીવે અસંગપણું, નિર્મોહપણું કરી લઈ અબાધ્ય અનુભવ સ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી, બીજા સર્વ ભાવ પ્રત્યેથી વ્યાવૃત્ત (છૂટા) થવું, કે જેથી ફરી જન્મ-મરણનો ફેરો ન રહે. તે દેહ છોડતી વખતે જેટલા અંશે અસંગપણું, નિર્મોહપણું, યથાર્થ સમરસપણું રહે છે તેટલું મોક્ષપદ નજીક છે, એમ પરમજ્ઞાની પુરૂષનો નિશ્ચય છે."

આ અદ્દભુત ટંકોત્કીર્ણ વચનોથી નિજાત્મ સ્વભાવની પ્રતીતિ, લક્ષ અને અનુભવની અપેક્ષાએ સમાધિમરણના ભેદ બતાવ્યા છે. એટલું જ નહીં પરંતુ દેહત્યાગના અવસરે તે તે ભાવના પરિણામે મોક્ષપદ કેટલું નજીક છે તે જાણવાનું સાધન પ્રગટ કર્યું અર્થાત્ શેષ સંસાર પરિભ્રમણ કાળ કેટલો છે તેના જ્ઞાન માટેનું માપદર્શક યંત્ર દર્શાવ્યું. આયુષ્ય પૂર્ણ થતાં છેલ્લો શ્વાસ સંચરે તે વેળાનો આત્માનો ભાવ ખૂબ ખૂબ મહત્ત્વનો છે; એટલા માટે જ મતિ એવી ગતિ કહી છે; તેથી ઊલટું છેલ્લા સમયે ગતિ એવી મતિ હોય એ પણ સત્ય છે. છેલ્લે જીવનો ભાવ કેવો હતો તે સામાન્ય મનુષ્યથી જાણી શકાતું નથી; બાહ્ય ચિહ્નોથી અંતરંગ ભાવનું માપ કાઢી શકાય નહીં; તેનું જ્ઞાન તો દશાવાન જ્ઞાનીભગવંતને થાય છે.

હવે મોક્ષપદની નિકટતા દર્શાવતા ભાવોને સંક્ષેપે જોઇએ. દેહ છોડતી વખતે જેટલા અંશે વધારે અસંગપણું એટલે આત્મ-સ્વભાવના અનુભવની નિર્મળતા અને નિમગ્નતા, તેટલું વધારે નજીક મોક્ષપદ છે એમ જાણવું; ઓછા અંશે હોય તો થોડું દૂર છે એમ સમજવું; જેટલા અંશે પર-સંબંધનું નિર્મોહપણું એટલે પરભાવ પ્રત્યે પરમ ઉદાસીનતા અને નિજ સ્વભાવ પ્રત્યેનો એકલક્ષ હોય, વૃત્તિ હોય, ભાવ હોય, તેના પ્રમાણમાં મોક્ષપદની નિકટતા સમજવી; અસંગતાની અપેક્ષાએ નિર્મોહ-દશા ઊતરતી છે; પહેલામાં આત્મસ્વરૂપમાં રમણતા છે, બીજામાં આત્મસ્વભાવનો પ્રતીતિ સહિત લક્ષ છે, તેથી અત્રે ભ્રમણકાળ

પ્રથમની સરખામણીમાં વધારે છે, ત્રીજા વચનમાં એમ કહ્યું કે અંતિમ સમયે જેટલા અંશે યથાર્થ સમરસપણું વર્તે, એટલે ઉદયગત સર્વ અવસ્થાને વિષે સ્વસ્વરૂપને સન્મુખ રાખી સમતાભાવમાં રહેવું, પરમાં ઉદાસીનપણું રાખવું અર્થાત્ સમપણે પરિણમવું. એમ થાય તો તેટલા પ્રમાણમાં મોક્ષ નજીક છે એમ જાણવુ. નિર્મોહની અપેક્ષાએ આ યથાર્થ સમત્વભાવવાળી દશા ઊતરતી કક્ષાની છે; નિર્મોહદશામાં પરભાવો સંબંધી પરમ ઉદાસીનતા હોવા ઉપરાંત સ્વભાવનો લક્ષ કરી તેનું જ ઊંડું ચિંતન છે, બીજામાં આત્માની પ્રતીતિ સહિતનું સમતાભાવનું વેદન છે તે ઉપરાંત અજરામર નિત્ય સ્વરૂપી આત્માનું સ્મરણ છે. આ પ્રકારો સમાધિમરણના છે.

મોક્ષપદની નિકટતા માટેના નિયમો જેમ ઉપર બતાવ્યા તેમ મોક્ષપદ કેટલું દૂર છે એના નિયમો આ પ્રકારે કહી શકાય કે દેહ છોડતી વખતે જેટલા અંશે સંગપણું, મોહપણું, વિષમરસપણું રહે, તેટલા અંશે મોક્ષપદની પ્રાપ્તિ દૂર છે.

## સમાધિ-અસમાધિમરણના નિયમો

એક વાર પણ સમાધિમરણ થાય તો અનંતકાળના અસમાધિમરણ ટળે છે અને જીવ સંસારનાં આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ સમસ્ત દુઃખોથી વિમુક્ત થઇ, સ્વસ્વરૂપની શુદ્ધતાને પામીને શિવ થાય છે; નિજાનંદ અને સ્વરૂપશાંતિમાં સર્વકાળને માટે ઝુલે છે, નિમગ્ન રહે છે. આવો છે સમાધિમરણનો અપૂર્વ પ્રભાવ,

આવી છે સમાધિમરણની અદ્‌ભુત અને બેહદ, વિરાટ અને તેજસ્વી શક્તિ !

અનાદિકાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે; સંસાર-સુખની વહાલપે તેને ઘેરી લઇ મજબુત ભીડાથી બાંધી લીધો છે અને તેની બળવાન પકડમાંથી છૂટવું તેને માટે અસુલભ બન્યું છે. તેણે જ્યાં જ્યાં જે જે પ્રકારે દેહધારણ કરી જન્મ લીધો છે, ત્યાં ત્યાં તે દેહાત્મ બુદ્ધિ રાખી વર્ત્યો છે; અંતકાળે પણ દેહ, સ્ત્રી, પુત્રાદિ તથા સર્વ અચેતન પદાર્થોમાં મમત્વપણું રાખીને દેહત્યાગ કરી અસમાધિમરણને પ્રાપ્ત થયો છે. પ્રત્યેક મરણ પ્રસંગે તે આમ કરતો આવ્યો છે. માનવદેહની ઉત્તમતા તેને સમજાણી નથી, તેથી તો જ્ઞાનીપુરુષો ઉપદેશવચનો પ્રકાશે છે કે :—

"ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમય માત્ર પણ વિશેષ મૂલ્યવાન છે એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવો યોગ સંપ્રાપ્ત છતાં જો જન્મમરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં તો આ મનુષ્યત્વને અધિષ્ઠિત એવા આત્માને અનંતવાર ધિક્કાર હો !"

—શ્રીમદ્ રાજચંદ્રજી

"દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંતવાર પ્રાપ્ત થયા છતાં કંઇ પણ સફળપણું થયું નહીં; પણ આ મનુષ્ય દેહને કૃતાર્થતા છે, કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાનીપુરુષને ઓળખ્યા, તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો, જે પુરુષના આશ્રયે અનેક પ્રકારના મિથ્યા આગ્રહાદિની મંદતા થઈ, તે પુરુષના આશ્રયે આ દેહ

છૂટે એ જ સાર્થક છે. જન્મ, જરા, મરણાદિનો નાશ કરવાવાળું આત્મજ્ઞાન જેમને વિષે વર્તે છે, તે પુરુષનો આશ્રય જ જીવને જન્મ, જરા, મરણાદિનો નાશ કરી શકે; કેમ કે તે યથાસંભવ ઉપાય છે. સંયોગ સંબંધે આ દેહ પ્રત્યે આ જીવને જે પ્રારબ્ધ હશે, તે વ્યતીત થયે તે દેહનો પ્રસંગ નિવૃત્ત થશે. તેનો ગમે ત્યારે વિયોગ નિશ્ચયે છે, પણ આશ્રયપૂર્વક દેહ છૂટે એ જ જન્મ સાર્થક છે, કે જે આશ્રયને પામીને જીવ તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે."

—શ્રીમદ્ રાજચંદ્રજી. પત્રાંક ૬૯૨

અહીં જ્ઞાનીપુરુષની ઓળખાણ થઈ તેના આશ્રયે એટલે શરણે જઈ દેહ છૂટે તો મનુષ્યદેહની સાર્થકતા છે અર્થાત્ એ જ સમાધિમરણ છે, આ એક નિયમ બતાવ્યો. મૂળભૂત સિદ્ધાંત એ છે કે જીવનકાળ દરમ્યાન અથવા અંતકાળ સુધી જે કંઈ સાધના જીવે કરી હોય અને ભાવને ઘૂંટીને, પુરુષાર્થ કરીને જે આત્મદશા સંપ્રાપ્ત કરી હોય એટલે વિકાસ સાધ્યો હોય, બરાબર તેને અનુરૂપ ભાવ અંત સમયે સહજ જ આવીને ઊભો રહે છે. એ તો સમજાય એવી વાત છે કે સંસાર ભાવના ભોગી જીવને છેલ્લે અવસરે એકાએક ધર્મભાવ ઉદયમાં આવે એમ બનવું સંભવિત નથી. વિચારોની એવી પ્રબળ શક્તિ છે કે જે જે વિચારો મનમાં વારંવાર ઘોળાતા હોય તેની ઊંડી અને ઘેરી છાપ અંતરમાં અંકિત થાય છે, અથવા જે જે ભાવો ચિત્તમાં તીવ્ર રસે કરી સ્થિત થયા હોય તે તે વિચારો વા ભાવો અંતકાળની કસોટી વેળાએ વિના પ્રયત્ને સ્વયં હાજર થાય છે.

આથી સ્પષ્ટ થશે કે સંસારગત વહાલપ જેના અંતરમાં રમતી હોય, તેને તે પ્રકારના ભાવ છેલ્લે ઉદયમાં આવે છે અને અસમાધિમરણ થાય છે; અને જે જીવને અસંસારગત વહાલપ હૃદયમાં વર્તતી હોય, તેને પણ તેને અનુરૂપ ભાવ અંતકાળે અવશ્ય ઉદયમાં આવે છે અને સમાધિમરણ થાય છે.

આ સિદ્ધાંતનો ગંભીર અર્થ એ થયો કે સમાધિમરણ માટે પૂર્વ તૈયારી હોવી ઘટે છે. તે તૈયારી લાંબા કાળની ધીમી કે ટૂંકા કાળની તીવ્ર હોઈ શકે છે. માત્ર ન્યૂનમાં ન્યૂન એ કે ધર્મરૂચિ અને ધર્મશ્રદ્ધાના સંસ્કારો હૃદયાકાશમાં ગુપ્તપણે પણ રહ્યા હોવા જોઈએ, જેથી યોગ્ય નિમિત્ત મળતાં પ્રકાશી ઊઠે. ધારો કે કોઈ એક જીવનું આયુષ્ય ૬૦ વર્ષનું છે અને તે જીવ ૫૫ વર્ષની વય સુધી ધર્મરૂચિ અને ધર્મશ્રદ્ધા હોવા છતાં તેવી કોઈ પ્રવૃત્તિમાં રસપૂર્વકનો પુરૂષાર્થ ઉપાડતો નથી, તથા સંસારસુખના ભાવોમાં ઓતપ્રોત રહી આયુષ્ય નિર્ગમન કરે છે; પરંતુ તે વયના વહેણ પછી સંસારદુઃખનું, આપત્તિનું કે સ્વજનાદિની ધર્મપ્રવૃત્તિનું નિમિત્ત પામી વૈરાગ્યભાવમાં આવે છે અથવા પૂર્વના ઋણાનુબંધીનો સત્યોગ મળી આવે છે ત્યારે પૂર્વ સંસ્કારો જાગૃત થાય છે અને તે જીવ ધર્મમાર્ગમાં વળી, શ્રદ્ધા વધારતો વધારતો આગળ વધી ધર્મારાધન ખંત, હોંશ અને ઉત્સાહપૂર્વક જીવનના અંત સુધી કરે છે. તે છેલ્લા પાંચ વર્ષના રસપૂર્વકના આરાધનથી સમાધિમરણનો અપૂર્વ લાભ મેળવી શકે છે. અથવા કોઈ જીવ ભાવ છતાં ઉપકારી ધર્મનો આશ્રય ઉદયકર્મવશાત્ કરી શકતો નથી, તે એકાએક

દેહવ્યાધિથી ઘેરાઇ માંદગીના બિછાને પડી સપડાય છે; માંદગી ગંભીર સ્વરૂપ પકડતી જાય છે, તેનું ભાન તેને થાય છે અને હવે મૃત્યુકાળ સમીપ છે એવું સ્પષ્ટપણું તેના અંતરમાં ઊગે છે. તેનું ચિત્ત પરમાર્થ વિચારોમાં ઊંડુ ઊતરી જાય છે. તેવા શુભ સમયે કોઈ વેળા ધર્મારાધક પુરૂષનો સમાગમ યોગ, કોઈ વેળા જ્ઞાનીપુરૂષના યોગ, તો કોઇ વેળા સત્પુરૂષનાં અમૃતતુલ્ય અપૂર્વ વચનોના શ્રવણનો યોગ, તેને પૂર્વ પુણ્યના ઉદયે આવી મળે છે, અને તેની વૃત્તિ ધર્મભાવમાં અતિ તીવ્રપણે સ્થિર થાય છે. પરિણામે અંતસમયે સમાધિમરણ થાય છે.

ઉપરનાં ઉદાહરણો એ બોધ અર્થે નથી કહ્યાં કે હાલમાં પ્રમાદ વર્તે છે તે ઠીક છે પરંતુ આગળ ઉપર ધર્મારાધન કરી અંતકાળને સંભાળી લેવાશે; પ્રમાદને આશ્રય મળે, મિથ્યા આલંબનને ટેકો મળે અથવા ભ્રાંત આશ્વાસન મળે એમ જ્ઞાની પુરૂષનાં વચનનો આશય હોય નહીં. અહીં તો જીવની પ્રકૃતિની વિચિત્રતા તેમ જ વિશેષતા કોઇ પણ પ્રસંગ એકાંતે એમ જ બને એ એકાંત માન્યતાનો અભાવ, અને સર્વ સર્વ પ્રકારે બની શકે છે, એ ભાવ બતાવવાનો ઉદ્દેશ છે. ઉત્કૃષ્ટ પાપી સવળો થઈ એક જ ભવમાં ઉત્કૃષ્ટ વીર્ય પ્રગટાવી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે, દા. ત. દૃઢપ્રહારી. પરંતુ મુખ્યપણે લક્ષમાં રાખવા યોગ્ય વાત એ છે કે આવાં લગભગ અપવાદરૂપ ઉદાહરણો અતિ અલ્પ સંખ્યામાં છે, તેથી તે સિદ્ધાંત સમજવા માટે છે, પણ પ્રમાદમાં રહી ઉપયોગમાં લેવા માટે નથી.

જેમ નિશાળમાં ભણતો કોઈ વિદ્યાર્થી પ્રથમથી જ નિયમિતપણે અભ્યાસરત રહે છે અને અંતરમાં દરરોજ પરીક્ષા જ છે એમ માની તૈયારી કરે છે, તે છમાસિક કે વાર્ષિક પરીક્ષામાં સુલભતાએ ઊંચા ગુણ મેળવી ઉત્તીર્ણ થાય છે અને પ્રતિ વર્ષ તેમ વર્તી અભ્યાસના ઉત્તમ ધ્યેયને પહોંચી જાય છે, તેમ વિચારવાન વિવેકી પુરુષ કૈવલ્યદશા થતાં સુધી મરણ કસોટીને નિત્ય સમીપ સમજીને પ્રવર્તે છે. કોઈ વિદ્યાર્થી છમાસિક તથા વાર્ષિક પરીક્ષા અગાઉ થોડા વખત સુધી અભ્યાસનો શ્રમ એક પાસ થવાના હેતુએ ઉપાડી સફળ થાય છે; તો વળી કોઈ શરૂનાં નવ માસ પોતાની મનમગતી રીતે પસાર કરી, હવે પાસ થવું છે એવો દૃઢ નિશ્ચય કરી ત્રણ માસ પર્યંત એકધારી અતિશય મહેનતમાં એક ચિત્તે રોકાઈ જાય છે ને પરીક્ષામાં પાસ થાય છે. આ પ્રકારનાં દૃષ્ટાંતો સમાધિમરણના પ્રસંગમાં જોવા મળે છે, પરંતુ તેનું અતિ અલ્પત્વ છે એ ભૂલવા જેવું નથી.

આથી જ જ્ઞાનીપુરુષોનાં અત્યંત ઉપકારી ઉપદેશવચનો પ્રત્યક્ષ છે કે :—

"ઘણું કરીને ઉત્પન્ન કરેલાં એવાં કર્મની રહસ્યભૂત મતિ મૃત્યુ વખતે વર્તે છે. કવચિત્ માંડ પરિચય થયેલો એવો પરમાર્થ તે એક ભાવ : અને નિત્ય પરિચિત નિજકલ્પનાદિ ભાવે રૂઢિ ધર્મનું ગ્રહણ એવો ભાવ; એમ બે ભાવ બે પ્રકારના થઈ શકે. સદ્‌વિચારે યથાર્થ આત્મદૃષ્ટિ કે વાસ્તવ ઉદાસીનતા તો સર્વ જીવસમૂહ જોતાં કોઈક વિરલ જીવને કવચિત્ કવચિત્

હોય છે; અને બીજો ભાવ અનાદિ પરિચિત છે, તે જ પ્રાયઃ સર્વ જીવમાં જોવામાં આવે છે, અને દેહાંત પ્રસંગે પણ તેનું પ્રાબલ્ય જોવામાં આવે છે, એમ જાણી મૃત્યુ સમીપ આવ્યે તથારૂપ પરિણતિ કરવાનો વિચાર વિચારવાન પુરુષો છોડી દઈ, પ્રથમથી જ તે પ્રકારે વર્તે છે....છેલ્લે અવસરે અનશનાદિ કે સંસ્તરાદિક કે સંલેખનાદિક ક્રિયા કવચિત્ બનો કે ન બનો તો પણ જે જીવને ઉપર કહ્યો તે ભાવ લક્ષગત છે, તેનો જન્મ સફળ છે અને ક્રમે કરી તે નિઃશ્રેયને પ્રાપ્ત થાય છે."

(વ. ૭૦૨)

"સર્વ દેહધારી જીવો મરણ પાસે શરણરહિત છે, માત્ર દેહનુ યથાર્થ સ્વરૂપ પ્રથમથી જાણી તેનું મમત્વ છેદીને નિજ સ્થિરતાને અથવા જ્ઞાનીના માર્ગની યથાર્થ પ્રતીતિને પામ્યા છે, તે જ જીવ તે મરણકાળે શરણસહિત છતાં ઘણું કરીને ફરી દેહ ધારણ કરતા નથી અથવા મરણકાળે દેહના મમત્વભાવનું અલ્પત્વ હોવાથી નિર્ભયપણે વર્તે છે. દેહ છૂટવાનો કાળ અનિયત હોવાથી વિચારવાન પુરુષો અપ્રમાદપણે પ્રથમથી જ તેનું મમત્વ નિવૃત્ત કરવાનો અવિરુદ્ધ ઉપાય સાધે છે."

—શ્રીમદ્ રાજચંદ્રજી (વ. ૭૨૮)

જ્ઞાનીપુરુષની એક જ આજ્ઞા આરાધતાં ઉપસર્ગ આવે અને આજ્ઞાના ઉલ્લંઘન વિના પ્રાણત્યાગ થાય તો તે સમાધિમરણ છે અને તેનું પરિણામ અતિ કલ્યાણકારી છે, તેમ તેનું ઉત્તમ ફળ શીઘ્રતાએ સંપ્રાપ્ત થાય છે; કેમકે જ્ઞાનીપુરુષ એ પરમાત્મા જ છે. ગુરુ, આત્મા, પરમાત્મા, જ્ઞાન બધાં એકાર્થવાચક છે, ભેદ

નથી સત્શ્રુતના અવલંબને કોઈ વ્રત કે નિયમનુ આરાધન એક નિષ્ઠાએ થતું હોય અને પ્રાણહાનિનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે દેહના મમત્વનું અલ્પત્વપણું અથવા ગૌણપણું કરી, નિયમ અથવા વ્રત અથવા ટેકને દૃઢતાથી વળગી રહી મૃત્યુને ભેટે તો ત્યાં પણ સમાધિમરણનો એક પ્રકાર છે; ઉપરનાં દૃષ્ટાંતના ફળની અપેક્ષાએ અહીં મળતું ફળ ઓછું છે, છતાં મોટું છે.

## મૃત્યુ થવાનાં નિમિત્તો :

મૃત્યુ થવાનાં બાહ્ય કારણો સહુ કોઈ જાણે છે; દેહવ્યાધિથી, અકસ્માતથી, ઉપસર્ગથી અને સ્વેચ્છાથી મરણ થાય છે.

દેહના રોગ અનેકાનેક પ્રકારના છે; જેમ જેમ હીન કાળ આગળ વધી તેનો ક્રૂર પંજો પ્રસારતો જાય છે, તેમ તેમ નવા નવા રોગો દેખા દે છે અને જીવોના દેહને ભરખી લે છે; ત્યારે વૈજ્ઞાનિક શોધનો કોઈ ઉપાય કાર્યકારી થઈ શકતો નથી, અને જીવને મરણને શરણ થવું પડે છે. જીવલેણ જે દર્દો છે તે મગજ, હૃદય, છાતી, ફેફસાં, પેટ, લીવર, કીડની ઇત્યાદિનાં સંબંધે છે. આવાં જીવલેણ દર્દોમાં ફસાઇ દેહ છૂટે તે સ્વાભાવિક અથવા સહજ મરણ છે. વૃદ્ધાવસ્થામાં શરીરશક્તિ ક્ષીણ થતી જાય, ગાત્રો શિથિલ પડતાં જાય, ઇન્દ્રિયોનું બળ ખૂબ ઘટતું જાય અને પારાવાર નબળાઈ આવીને દેહત્યાગ થાય તે પણ સહજ મરણ છે; આ વેળાએ લોક કહે છે કે શાંતિપૂર્વક દેહ છૂટ્યો, બાહ્ય કોઈ ચિહ્નો જેવાં કે ઝાડો, પેશાબ, ઊલટી,

અંગોનું ખેંચાવું, આંખ ફાટી જવી, ધડકો ઊપડવો આદિ કોઇ જ નહોતાં; પરંતુ તેથી સમાધિમરણ થયું એમ નિશ્ચયથી કહી શકાય નહીં, કેમકે દેહથી જીવ જુદો થયો તે વખતે જીવના અંતર્ પરિણામ કેવાં હતાં તે કળી શકાતું નથી. જીવના અંતર્ વ્યાપાર પર સમાધિમરણ કે અસમાધિમરણ અવ. લંબિત છે તેમ બંધ અને મોક્ષ પણ તેના આધારે છે, બાહ્ય ચેષ્ટા પર નથી.

પ્રાણહાનિ કરે એવા અકસ્માતો ઘણા પ્રકારનાં છે : જળ, અગ્નિ, વીજળી, મોટર, ગાડી, ટ્રેઈન, સ્ટીમર (જહાજ), એરો-પ્લેન, હૃદય આઘાત, ધરતીકંપ એ વગેરે અકસ્માતનાં નિમિત્તો છે. આ પ્રકારનાં મરણ અસ્વાભાવિક અને પોતાને તથા સ્નેહી સ્વજનો આદિને આઘાતરૂપ છે; તે કરુણ મૃત્યુથી ઓળખાય છે. અકસ્માત થયા પછી કોઈ વાર તત્કાળ તો કોઈ વાર થોડા દિવસે મરણ થાય છે. ઘણું કરીને આવા પ્રાણઘાતક અકસ્માત વખતે જીવનાં પરિણામ સ્થિર અથવા સમ રહેવા અત્યંત કઠણ છે; ત્યારે જીવનો ઉપયોગ દેહભાવમાં ચીટકી રહેવાની સંભ-વિતતા ઘણી વધારે છે, અને તેમ હોઈ અસમાધિથી દેહત્યાગ થતો હોય છે. કવચિત્ જ કોઈ ભાગ્યવંત જીવ અકસ્માતના આઘાતથી છૂટી ધર્મભાવમાં આવી મૃત્યુને ભેટે છે; પૂર્વના કોઈ અશુભ ઉદયે આવા પ્રાણ છોડાવનાર અકસ્માતમાં આવનાર કોઇક ધર્મપ્રેમી જીવ એ વેળાએ સમકિત પ્રાપ્ત કરે છે અથવા બીજા ભવે સ્વરૂપ પ્રતીતિ કરવાનો લાભ મેળવે છે. આવા સુભાગ્ય જીવ અતિ અલ્પ સમજવા. લપસીને પડવાથી અથવા

ઠેસ વાગવાથી ફેંકાઇ મસ્તક કોઈ નક્કર પદાર્થની સાથે અથડાય અને દેહ છૂટી જાય તે પણ આકસ્મિક મૃત્યુમાં ગણી શકાય; તેવી જ રીતે હૃદયના એકાએક હુમલાને કારણે મરણ થાય તેની ખતવણી દેહરોગનાં મરણમાં કરવા કરતાં આ વિભાગમાં વધુ ઉચિત લાગે છે; હૃદય–હુમલારૂપ મરણનું નિમિત્ત જ્ઞાની અજ્ઞાની બધાને હોઈ શકે છે, તેમાં જ્ઞાનીને તો સમાધિમરણ જ હોય છે.

ઉપસર્ગથી મૃત્યુ થવાના નિમિત્ત દેવ, મનુષ્ય અને સંજ્ઞી તિર્યંચ જીવો છે. પૂર્વના વૈરના ઉદયે પ્રાણ હરી લે એવા હેતુપૂર્વક કષ્ટો આપવા કે વિપત્તિઓની વૃષ્ટિ વરસાવવી તે ઉપસર્ગ છે. આ ઉપસર્ગો જ્ઞાની અને અજ્ઞાની સંબંધે આવી શકે છે. ભાવિ તીર્થંકર ભગવંતને પ્રાપ્ત થતા આવા ઉપસર્ગ પ્રસંગો નિયમથી નિષ્ફળ જાય છે. ભાવિ કેવળીના સંબંધમાં ઉપસર્ગ પ્રાણઘાતક હોય, વા ન હોય, હોય તો તે અંતઃકૃત કેવળી કહેવાય છે, દા. ત. ગજસુકુમાર.

હલકી કોટિના દેવો મનુષ્યલોકની નીચે નિવાસ કરે છે. તેઓ પૂર્વનું વેર ઉદયમાં આવતાં મનુષ્ય અથવા તિર્યંચ પશુઓને ભય પમાડે છે, ત્રાસ આપે છે અને મૃતઃપ્રાય અવસ્થામાં મૂકી દે છે. ઘણું કરીને તેવા ત્રાસથી મરણ નીપજતું નથી, પરંતુ ભય આદિ મરણ લાવવામાં નિમિત્ત બને છે; તેથી ત્યાં અસમાધિમરણ જ હોય તે સમજાય તેવું છે. મનુષ્ય થકી મનુષ્યને તથા તિર્યંચ પશુઓને થતાં હેતુપૂર્વકના પ્રાણહાનિ પર્યંતના ઉપસર્ગ

પ્રસંગો ઇતિહાસમાં તથા આજે સુપ્રસિદ્ધ છે. યુદ્ધ સમયે, સ્વતંત્રતાની લડત વખતે, મોટા રાજદ્વારી ગુન્હાઓની શોધ વેળાએ, આંતરિક ચળવળના પ્રસંગે, બહારવટું ખેલાતું હોય તે સમયે રાજા કે અધિકારી અને પ્રજાજન વચ્ચેના વેરના ઉદયે થતાં ખૂનને વખતે, ધર્માંધતા અને અસહિષ્ણુતાને લીધે ઉદ્ભવતી ઘટનાઓની વેળાએ, જર, જમીન અને જોરૂની પ્રાપ્તિ વખતે અને આવા આવા બીજા વખતે જે ઘાત થાય છે, તે બધાં મરણ ઉપસર્ગના શીર્ષક હેઠળ આવે છે, અને ઘણું કરીને તે સર્વ અસમાધિમરણ હોય છે. અપવાદમાં કયારેક જ સમાધિમરણ હોય છે. દૃષ્ટાંત તરીકે પરમ પૂજ્ય મહાત્મા ગાંધીજી, જેમની હત્યા પ્રાર્થનાના સમયે થઈ હતી અને તે અંતિમ અવસરે તેમનાં પવિત્ર મુખમાંથી જીવનની સાધનાના બળે રૂડા "હે રામ" શબ્દો સહજ સરી પડ્યા હતા. ધર્મિષ્ઠને ધર્માંધ તરફથી પ્રાણઘાતક ઉપસર્ગ થતાં સમાધિમરણ થાય છે.

સંજ્ઞી તિર્યંચ ગતિના જીવો, વાઘ, સિંહ, વરૂ, શિયાળ, સર્પ આદિ પ્રાણીઓનાં નિમિત્તથી મરણ થાય છે તે તિર્યંચકૃત ઉપસર્ગો છે. તેમાં સર્પદંશથી થતાં મરણો વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. આવા ઉપસર્ગો જ્ઞાની તેમ જ અજ્ઞાની બંનેના સંબંધમાં બને છે; જ્ઞાની તો નિર્ભય છે અને તેમને સર્વથા સમાધિમરણ જ હોય છે; જ્ઞાનીના આશ્રયવાન ભક્તને પણ બહુ લતાએ તેવું જ શાંત મૃત્યુ હોય છે; બાકીના અજ્ઞાની સંસારરાગી જીવો પરભાવમાં અનુરક્ત રહી દેહત્યાગ કરતા હોવાથી તેમને અસમાધિમરણ હોય છે; આ અતિશય ભય અને કંપ ઉપજાવનારા

ઉપસર્ગ પ્રસંગોમાં વખતે ચિત્તસ્થિરતા રહેવી કે અંતસમયે ધર્મ-ભાવ ઉદયમાં આવવો અતિ અતિ દુષ્કર છે અને તેથી જ અજ્ઞાની જીવોનો ઉપયોગ દેહની મમતામાં સ્થિર હોવાથી સમતામાં સ્થિતિ થઇ શકતી નથી.

સ્વેચ્છાથી થતાં મરણને બે વિભાગમાં વહેંચી શકાય : (૧) આપઘાતથી મરણ (૨) સ્વેચ્છાથી દેહવિલીન થવું.

સંસારનાં દુઃખોના અતિ ત્રાસથી, દેહવ્યાધિની પીડાવેદનાથી, કોઈ સ્વજનાદિનાં મૃત્યુ કે ધનસંપત્તિના નાશના સમાચારથી, રાજભય કે અપકીર્તિભયના વેગીલા ભાવથી, માનસિક નબળાઈ અને અસહિષ્ણુતાને કારણે કૌટુંબિક જીવનમાં અસહ્ય પ્રહારો કે મનગમતી ઇચ્છા પાર ન પડવાને લીધે ઉત્પન્ન થતા આઘાતથી અને એવા એવા પ્રકારનાં અન્ય નિમિત્તોથી જીવ આપઘાત કરવા તૈયાર થઇ જાય છે. તેમાં મૃત્યુ, ધનહાનિ કે ભયના સમાચારથી આપઘાત કરવાના પ્રસંગો ઘણું કરીને તત્કાળ બનતા હોય છે, જ્યારે પીડા આદિના નિમિત્તથી જીવ આપઘાત કરવાની તૈયારી પ્રથમથી કરતો હોય છે અને ભાવને વારવાર ઘૂંટીને આત્મવીર્ય પ્રગટાવતો રહે છે, આત્મઘાતના નિર્ણય પર આવે છે, એક, બે, ત્રણ વાર નિષ્ફળ પ્રયત્નો કરે છે અને છેવટે કષાય-ભાવના અતિરેકથી ચિત્તની ઉન્મત્તદશામાં ગળે ફાંસો લટકાવીને, ઝેર પીને, દાઝી બળીને, જળમાં પડીને, ટ્રેઇન નીચે ચગદાઈને, માળ પરથી ભૂસકો મારીને કે તેવા અન્ય પ્રકારે જીવનનો અંત લાવે છે. આ બંને પ્રકારના આપઘાતના પ્રસંગે જીવનો ક્રોધ–

માનાદિ કષાયભાવ અતિ તીવ્રપણે વર્તતો હોય છે એ સમજવું કઠણ નથી, અને જ્યાં આવા કષાયભાવ હોય ત્યાં સમાધિમરણ ન હોય એ ધ્યાનમાં ન આવે એટલી મુશ્કેલ વાત નથી. આ કષાયભાવની ઊંડી છાપ અંતરમાં કોતરાઇને રહે છે અને તેના ઉદયે જીવ ફરીથી તકલીફમાં મૂકાય છે, એટલા માટે તીર્થંકરાદિ જ્ઞાની પુરૂષોએ પૂર્વે નિબંધન કરેલા કર્મોનાં ફળ સમપણે રહીને વેદી લેવાની તથા ખમીખૂંદવાની ઉત્તમ શિક્ષા આપી છે; જે ઉદયમાં આવે તે શાંતિ રાખી સહી લેવાનો બોધ કર્યો છે; કેમકે આપઘાત કરી જીવનનો અંત આણવાથી કર્મોથી મુક્ત થવાતું નથી, દુઃખથી રહિત એવી સ્થિતિ પ્રાપ્ત થતી નથી; ઊલટું કષાયભાવની તીવ્રતાથી નવાં ચીકણાં કર્મો બંધાય છે અને તેનાં ફળ અવશ્ય ભોગવવાં પડે છે. કયારેક જ કોઈ જીવની અપેક્ષાએ છેલ્લા કાળે સાચું સૂઝવું બની આવે છે; તેવા જીવને ખોટું કર્યું અથવા થઈ ગયું તેનો પશ્ચાત્તાપ થાય છે, પ્રભુ પાસે ક્ષમાયાચના કરે છે, સર્વને ખમાવે છે અને નિમિત્ત પામીને પૂર્વનાં કોઈ આરાધનના પરિણામે સાચી શ્રદ્ધામાં આવે છે. આમ થવાથી નવો પડેલો બંધ બહુ શિથિલ થઈ જાય છે અને મૃત્યુ બાદ તેની દેવગતિ થવી સંભવે છે.

સ્વેચ્છાથી મરણના બીજા પ્રકારમાં સંથારો આવે છે. તેને સંલેખના પણ કહે છે. જૈનદર્શનમાં તેનું માહાત્મ્ય ગાયું છે. આ પ્રકારનું મરણ ભાવાપેક્ષાએ આપઘાતથી અત્યંત ભિન્ન છે અને પરમ ઉપકારી છે. પ્રાણઘાતક ઉપસર્ગ આવે, દુર્ભિક્ષ કે

દુષ્કાળના કારણે ક્ષુધાતૃષારૂપ દેહરોગ મટાડવા અન્નપાણી ન મળે, અસાધ્ય રોગથી સપડાવાનું બને, વૃદ્ધાવસ્થામાં શરીર અતિ જીર્ણ થઇ જાય, આહાર લેતાંય દુઃખ અને છોડતાંય દુઃખ થતું હોય, બચવાનો કોઇ ઉપાય ન હોય ઇત્યાદિ પરિસ્થિતિ હોય, તે વખતે ધર્મભાવને સન્મુખ કરી, દેહના મમત્વનો ત્યાગ કરી, આહાર પાણી આયુષ્ય પર્યંત લેવાના છોડી દઇ આત્માને દેહના સંબંધથી છૂટો કરવો તે સંલેખના છે; તે માટે શાસ્ત્રમાં વિધિ વિસ્તાર કર્યો છે અને તે ભાવો અત્યંત પ્રશસ્ત છે એમ અભ્યાસીને લાગ્યા વિના રહેતું નથી. આ પ્રકારે શરીર ત્યાગ કરવામાં કેટલું મનોબળ જોઇએ, કેવો સંયમ જોઇએ અને કેટલું આત્મવીર્ય જોઇએ તે સમજાય તેવું છે; સંલેખનાનું કાર્ય જરા પણ સહેલું નથી, બલ્કે અતિ અતિ કઠણ છે, કેમકે પરિણામ ફરતાં વાર લાગતી નથી. આથી કોઇ ભાગ્યવંત જીવથી તે બની શકે છે. મરણ થવાનો કાળ અલ્પ હોય ત્યાં તો હજુ તે કાર્ય સફળતાએ થવું સંભવિત છે; પરંતુ જ્યાં તે કાળ દીર્ઘ હોય ત્યાં સાવધાની, સમતા કે શાંતિ રહેવી દુષ્કર છે; અને તેથી જ તે સંથારો સર્વને માટે નથી, અતિ શ્રદ્ધાવાન ને મનોવિજયી જીવ માટે તે શક્ય બને છે. સાચી, પરમ ઉપકારી સંલેખના તો અભ્યંતર ક્રોધાદિ કષાયોને શાંત પાડવામાં છે, અને દેહત્યાગ વેળાએ જો તેમ ન બન્યું હોય અને કષાયભાવનો ઉદય હોય તો તે મરણ સમાધિમરણના ભાંગામાં આવી શકે ખરૂં ?

સંલેખના તો જીવે માત્ર આત્મકલ્યાણ અને મોક્ષના ઉત્કૃષ્ટ

હેતુએ કરવાની છે, શલ્ય રહિત થઈને કરવાની છે અને અન્ય કોઈ સંસારી લાભ, ઋદ્ધિ, પૂજાદિ કામનાએ કરવાની નથી એમ શાસ્ત્રબોધ છે. કોઈ પણ પ્રકારનાં નિયાણા સહિત એટલે ભાવિમાં ઇચ્છાની પૂર્તિ થાય એ બંધકારક ઉદ્દેશથી અન્ન-પાણીનો ત્યાગ કરી દેહ છોડે તો તેમાં લેશ માત્ર સ્વાત્મકલ્યાણ નથી. તેવી લોભ સહિતની ક્રિયા માત્ર ભવભ્રમણ વધારનારી છે અને ભાવિ ભવોમાં દુઃખ ઉત્પન્ન કરવાની સમર્થતાવાળી છે એ વાત અવશ્ય ધ્યાનમાં રાખવા યોગ્ય છે. એક બાજુ સાચી સંલેખનાનાં ઉત્તમ ફળરૂપ ભૂષણો છે, બીજી બાજુ અસદ્ ભાવયુક્ત સંલેખનાનાં ઝેરરૂપ દૂષણો છે.

## મરણ વખતે દુઃખ કેટલું ?

દેહ એ વેદનાની મૂર્તિ છે; રોગનું ઘર છે; શાસ્ત્રકારોએ કહ્યું છે કે "એક આંખમાં છન્નુ ( ૯૬ ) રોગ હોય છે, તો આખા દેહમાં કેટલાક રોગ હશે ? પાંચ કરોડ અડસઠ લાખ નવ્વાણું હજાર પાંચસો ચોરાસી ( ૫૬૮૯૯૫૮૪ ) રોગ દેહમાં ઉપજવા યોગ્ય છે." તે દેહના રોગ બહાર નથી આવ્યા ત્યાંસુધી તંદુરસ્તી છે અને બહાર આવી વ્યાધિ કે મહાવ્યાધિ રૂપે પ્રત્યક્ષ થાય ત્યારે તે રોગના પ્રમાણમાં પીડા કે વેદના વેદવી પડે છે; દર્દનું પ્રાબલ્ય ઓછું તો વેદના પણ ઓછી અને તેની પ્રબળતા જ્યાં અધિક ત્યાં પીડા પણ અધિક. એટલે મળેલો દેહ રોગની સત્તાથી ઘેરાયેલો રહ્યો છે.

આ પહેલા કહેવાઈ ગયું છે કે મૃત્યુ પ્રથમ, કોઈને કોઈ પ્રકારે શરીરદ્વારા દુઃખનો ભોગવટો હોય જ છે. મૃત્યુ સત્વર આવે કે લાંબી વ્યાધિ પછી આવે, પરંતુ દેહના અંતકાળના સમય પહેલાં દુઃખનું વેદન હોય છે. એકાએક મરણ થાય ત્યારે શ્વાસોશ્વાસની ગુંગળામણથી ઉત્પન્ન થતી મુંઝવણ અતિશય ભારે હોય છે, જે કયારેક પ્રત્યક્ષપણે દેખાય છે તો કયારેક અપ્રત્યક્ષ રહે છે; અપ્રત્યક્ષ લાગે ત્યારે શાંતિથી દેહ છૂટ્યો એવો સામાન્યલોકનો અભિપ્રાય થાય છે. રોગથી ગ્રસ્ત દેહની વેદના, દુઃખ વા પીડા અપરોક્ષ છે. મરણનાં જે દુઃખો કહ્યાં છે તે આ પ્રકારે કહ્યાં છે, અને તે સત્ય છે.

દેહ છૂટવાના અવસરે, છેલ્લામાં છેલ્લે, આત્મા ( જીવ ) દેહથી ભિન્ન થાય ત્યારે કેટલું દુઃખ થતું હશે તે જાણવાના પ્રયાસ વૈજ્ઞાનિકો અને મોટા નિષ્ણાત ડૉકટરો આજે કેટલાંક વર્ષોથી કરી રહ્યા છે અને કરે છે. તેઓએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે તે વેળાએ દુઃખ કે વેદના હોતાં નથી; અંદરમાં પારાવાર અશક્તિનું સામ્રાજ્ય હોય છે, સર્વ ઇન્દ્રિયોની અતિ અતિ શિથિલતા હોય છે; ઊંડા ઊંડા જવાતું હોય તેમ લાગે પણ દુઃખ કે પીડા કે વેદનાનો અનુભવ નથી, વ્યાધિગ્રસ્ત કોઈ જીવ મરણની અણીની કટોકટીભરી સ્થિતિમાં આવી પહોંચ્યો હોય, દાક્તરોએ જીવવાની આશાનાં હાથ ધોઈ નાંખ્યા હોય અને તે જીવ હવે ઘડી બે ઘડીનો મહેમાન છે એવો સ્પષ્ટ નિર્ણયાત્મક અભિપ્રાય આપ્યો હોય, તે છતાં કોઈવાર વિધિની વિચિત્રતાથી, આયુષ્યબળની સ્થિતિ શેષ રહેતી હોવાથી અને સ્વજનો આદિ

સાથેના લેણુદેણુના સંબંધો પૂર્ણ થતા ન હોવાથી તે જીવલેણ સ્થિતિમાંથી ઊગરી જાય છે. પાછળથી તેને અનુમાનેલ મરણ સમીપ કાળે કેટલું દુઃખ થતું હતું તે સંબંધે પૂછવામાં આવતાં, તે દઢતાથી અને નિશ્ચયપૂર્વક કહે છે કે ત્યારે કોઇ પીડા કે દુઃખ અનુભવમાં નહોતાં, માત્ર વિશેષપણે વર્ણવી ન શકાય તેવી નબળાઇ હતી.

આ લખતી વેળાએ આ લખનારનો એક અનુભવ તાદૃશ્ય થાય છે; તેની સ્મૃતિ જેવી ને તેવી જ છે; લેશ માત્ર ક્ષતિ તેમાં પ્રવેશી શકી નથી. તે વખતે તેની ઉમર અગિયર વરસની હતી. દેહ ડબલ ન્યુમોનિયાની વ્યાધિમાં સપડાયો હતો; દાક્તરી ઉપાય ચાલુ હતા : વ્યાધિ તેના ઉગ્ર સ્વરૂપમાં આગળ વધતી હતી. છેવટે એક દિવસે સંધ્યાકાળ બાદ દેહાવસ્થા ગંભીર થઇ તુરત દાક્તર તપાસ માટે આવ્યા અને હૃદય, ફેફસાં, નાડી વગેરેની ઝીણુવટભરી તપાસ બાદ, તે જ ઓરડામાં પણ પથારાથી થોડે દૂર દાક્તરે ધીમા સ્વરે પિતાજીને કહ્યું, " કેસ અતિ ગંભીર છે, થોડી વારમાં, અડધા કલાકમાં દેહ છૂટી જશે, અફસોસ છે કે કોઇ આશા નથી. " એમ કહી દાક્તરે રજા લીધી જોગાનુજોગ દર્દીના કાન સરવા હતા; આંખ મીંચેલી અને શુદ્ધિવિહોણો દેખાતો તે જાગૃત હતો. દાક્તરના શબ્દો ધીમેસાદે કહ્યા હોવા છતાં તેણે બરાબર અને સ્પષ્ટપણે સાંભળ્યા હતા આશ્ચર્ય પણ થયું હતું. મૃત્યુનો કોઈ ભય નહોતો. અંદરમાં સ્વસ્થતા અને શાંતિ હતી. થોડીવાર પછી નબળાઇ ખૂબ વધી ગઇ; હાથ કે પગનું હલનચલન કરવાની શક્તિ નહોતી; આંખ ઉઘાડવા જેટલી

તાકાત નહોતી; અને પછી તો સ્મૃતિમાં રહે એવો અનુભવ થયો; જાણે કેમ ઊંડા ઊંડા કૂવામાં ઊતરતા હોઇએ અથવા મન, જગત આખાનું વિસ્મરણ કરી ઊંડું જઈ ચૈતન્યપ્રભુ આત્માના સુખદ મિલન માટે પ્રયાણ કરતું હોય તેમ લાગતું હતું. દુ:ખ લેશ પણ નહોતું, વેદના કે મુંઝવણ નહોતાં, ભાગ્ય-યોગે તે દર્દીનો મરણના પાશમાંથી છૂટકારો થયો. પાછળથી પિતાજી પાસેથી સાંભળ્યું કે "તું નવા અવતારે આવ્યો છે, લોચે લેવાની તૈયારી હતી કેમકે નાડી કે હૃદયના ધબકારા બંધ થયા હતા, પ્રભુજીની અસીમ કૃપા કે તું બચી ગયો." તે સાંભળીને તેને પરમ આશ્ચર્ય થયું; તે અંદરમાં તો જાગ્રત અને શાંત હતો, તે વેળાએ તેણે મનોમન વિચાર્યું કે મરણ આમ જ થતું હશે શું!

આવી મૃતપ્રાય સ્થિતિમાંથી બચી ગયેલા અથવા ઝોળું આવી ગયા પછી વ્યાધિમુક્ત થયેલા જીવોને પાછળથી અનુભવ સંબંધે પ્રશ્ન કરતાં તેમના ઉત્તરો પણ એક જ આવે છે કે તે કટોકટીના સમયે કોઈ પીડા, વેદના કે દુ:ખ નહોતાં.

કોઈ જીવો મગજની નસ તૂટી જવાથી એકાએક બેભાન બની જાય છે અને તેવી અવસ્થામાં કલાકો અથવા દિવસો સુધી રહીને પછી દેહ છોડે છે; એ દશામાં અંતકાળનાં દુ:ખ હોય તો પણ તેમને વેદન થતું નથી, જેમ ઓપરેશન (શસ્ત્રક્રિયા) પહેલાં બેશુદ્ધ કરવામાં દુ:ખ કે પીડાનું વેદન નથી તેમ, વળી કોઇક જીવો માંદગીના લગભગ છેડે બેશુદ્ધ થઈ જાય છે, જે બેશુદ્ધિ

થોડા કલાકો અથવા થોડા જ દિવસો પર્યંત રહે છે, ત્યારબાદ મૃત્યુ થાય છે, ત્યારે પણ દુઃખનો અનુભવ નથી. આ વાત મૃત્યુ વેળાના સંબંધની છે તે સ્મૃતિમાં રાખવા યોગ્ય છે. બેશુદ્ધ અવસ્થામાં રહી મરણ થાય તો ત્યાં સમાધિમરણ હોઈ શકે ? એ પ્રશ્નના ઉત્તરમાં આટલા મુદ્દાઓ લક્ષગત કરવા યોગ્ય છે. જ્ઞાનીપુરૂષ અંતકાળે બેશુદ્ધ દેખાતા હોય તો પણ જાગૃત જ હોય છે; અંતરમાં સ્વભાવપ્રતીતિ, લક્ષ કે અનુભવ હોય છે. અજ્ઞાની જો થોડાક કલાકો માટે બેભાન થયા હોય તો બેશુદ્ધ થયાં પહેલાં જે ભાવ, પ્રશસ્ત શુભ, શુભ કે અશુભ, હોય તેની પરંપરા ઘણું કરીને રહે છે, અને તેના અસ્તિત્વનો આધાર પણ ભાવની તીવ્રતા પર અવલંબિત છે. પ્રશસ્ત શુભભાવ, ધર્મભાવ, સ્વરૂપભાવ તીવ્રપણે હોય તો તેની ધારા વહે. સામાન્યપણે આમ કહી શકાય કે બેભાન સ્થિતિ એક, બે કે વધારે દિવસ સુધી ચાલે તો સમાધિમરણની શકયતા નથી. તેવા જીવોના ભાવ મુખ્યપણે સંસારિક ઇચ્છા કે ધ્યેયની પ્રબળતાવાળા હોય છે; અધૂરાં રહેલાં કાર્યની પૂર્તિ કરવાના અને પાર ઊતારવાના હેતુરૂપ હોય છે.

મરણ વખતે દુઃખ કેટલું એ વિષયની વાત ચાલે છે. અંત-સમયે દુઃખ નથી એમ ઉપર જણાવ્યું, તે સંબંધે બીજી વાત કહીએ છીએ. તે વાત માનવી કે ન માનવી તે સહુ સહુની બુદ્ધિમત્તા તથા અનુભૂતિ પર અવલંબિત છે. મૃત્યુ પામીને ભૂવનપતિ વગેરે દેવલોકમાં ગયેલા જીવોએ થોડા કાળ પછી

પોતાના પૂર્વના ઋણાનુબંધથી બંધાયેલા કોઈ સ્નેહી માધ્યમ ( medium ) મારફત પોતાની ઓળખાણ આપીને ખાત્રી કરાવી ને પછી દેવગતિના જીવનની અનેક પ્રકારની માહિતી આપી છે; તેવા અનેક ગ્રંથો અત્યાર પર્યંત પ્રકાશિત થઇ ચૂકયા છે અને હજુ થાય છે; તેમાં મોટા ભાગના જીવો અંગ્રેજ તથા અમેરીકનો છે. તેઓને મૃત્યુ વેળાનાં દુ:ખ સંબંધે પૂછતાં એક જ ઉત્તર તેમણે આપ્યો છે કે દુ:ખનું તો નામ નહોતું; માંદગી સમયનું પીડાનું જે દુ:ખ હતું તેનાથી મુક્ત થતાં સુખ હતું. અસહ્ય વેદનાથી વિમુક્તિ મેળવવા આપઘાત કરનાર એક ( અંગ્રેજ ) દેવે તો પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો અને ખૂબ સુખી હોવાનું જણાવ્યું હતું. આ વાર્તા વિષયના સુવિચાર અર્થે જણાવી છે.

## મૃત્યુ વખતે હાજરી :

ઘણું કરી અંતકાળ વખતે સ્વજનો, કુટુંબીજનો કે સ્નેહીજનોની હાજરી હોય છે; તેમ છતાં એમ પણ કયારેક બને છે કે કોઇની પણ હાજરી ન હોય; અકસ્માત્ત કે હૃદય હુમલાથી એકાએક મરણ થાય અને કોઇ હાજર ન હોય એ બનવું બહુ સંભવિત છે, પરંતુ તેવા પ્રસંગની વાત અત્ર નથી. અહીં તો માંદગી ચાલતી હોય, તે ગંભીર સ્થિતિ પકડતી હોય અને ભયસપાટી આવી પહોંચી હોય, ત્યારે કોઇ હાજર ન હોય ને દર્દી મૃત્યુને ભેટે તેની વાત છે. આવા દાખલાઓ ઘણાંએ, લગભગ બધાંએ જોયાં હશે કે સાંભળ્યા હશે. અચાનક આમ બની જાય છે ત્યારે સ્વજનાદિને ભારે દુ:ખ થાય છે કે સેવા ચાકરી ઠેઠ

સુધી કાળજીથી કરવાં છતાં છેલ્લે અવસરે હાજર ન રહી શકાયું. અને જરાવાર માટે જ વિખૂટા પડાયું.

અંત સમય વખતે કોની હાજરી ઉપકારી થાય છે તે વિષયની વિચારણા અહીં કરવાની છે. એક લોકપ્રથા છે કે જ્યારે કોઈનું મરણ નિશ્ચિત અને સમીપ દેખાય, ત્યારે કુળધર્મના ગુરુ, સાધુ કે સાધ્વી જે હાજર હોય તેમને બોલાવી દર્દીને માંગળિક સંભળાવે છે, જેથી તે જીવની સદ્‌ગતિ થાય, સફળ પરિણામ આવવું તે તો જીવના પોતાના ભાવ પર છે, પરંતુ પ્રથા અને ક્રિયા સારી છે. દર્દી બેશુદ્ધ અવસ્થામાં હોય અને માંગળિક સંભળાવવામાં આવે તો લાભપ્રાપ્તિ થતી નથી. તેનો છેલ્લો શ્વાસ સંચરે ત્યારે સાધુ કે સાધ્વીની હાજરી કવચિત્ સંભવિત થાય છે અને જો હોય તો કોઈ અંશે લાભ થવાની શક્યતા છે.

મૃત્યુ વખતે કોઈ જ્ઞાનીપુરુષની હાજરી હોવી અતિ અતિ દુર્લભ છે; મોટા પુણ્યનો ઉદય હોય તો જ તે મહાત્મા પુરુષ આકરી કસોટીનો અવસર સંભાળવા હાજર હોય છે. તેમને તેડું કરવાની જરૂર રહેતી નથી, તેઓ પોતે પ્રભુઆજ્ઞાએ હાજર થાય છે. જ્ઞાનીપુરુષના આત્માનાં તેજનો પ્રભાવ જ એવો અદ્‌ભુત છે કે તેમની હાજરીથી છૂટતાં તેજનાં કિરણો દર્દીના અંતર સુધી પહોંચી તેના ભાવને અજવાળે છે અને પરિણામે તે જીવ સમાધિમરણના લાભને પામે છે. ઉદયાનુસાર કોઈવાર તે સંતમહાત્મા દૃષ્ટિથી કે સ્પર્શથી કે પ્રયોગથી જીવની લેશ્યા બદલાવી,

ભાવોને શાંત કરી, ધર્મભાવમાં આણી તેનું સમાધિમરણ કરાવવામાં નિમિત્ત થાય છે. આ એક કોઈ અજબ આત્માની શક્તિ છે. તે જીવના દેહ છૂટવાનો સમય તે જ્ઞાનીપુરૂષના નિર્મળ જ્ઞાનમાં હોય છે; દેહ છૂટવા માટેનું કોઇ દૈહિકચિહ્ન પ્રગટવાનું હોય તેનું જ્ઞાન પણ તેમને હોય છે; અને વાસ્તવમાં તેવી પ્રતીતિ પણ મળે છે. વધારે આશ્ચર્યકારક તો એ છે જ્ઞાનીપુરૂષની પ્રત્યક્ષ વિદ્યમાનતાએ દેહત્યાગીના સ્વજનાદિને પણ તેમના ભાવાનુસાર પરમાર્થલાભ થાય છે; તેમને જ્ઞાનીપુરૂષની ઓળખાણ થઈ હોય અને આ પરીક્ષાના પ્રસંગે આત્મિક શક્તિના નજર સામે નિહાળેલા પરચા(પ્રભાવ)થી અહોભાવ અંતરમાં ઊગી આવ્યો હોય તો ઘણાં કર્મો ખરી પડે છે, અને તેમનાં દર્શનમોહની એટલે અજ્ઞાનની સ્થિતિ ઘણી ઘટી જાય છે.

ઉપરમાં અજ્ઞાનીના દેહાંત સમયે જ્ઞાનીપુરૂષની હાજરી સંબંધે વિવેચન કર્યું, હવે જ્ઞાનીપુરૂષના દેહવિલયનો અવસર આવે છે તે વિષે જોઇએ. અગાઉ કહેવાઈ ગયું છે કે જીવની આત્મજ્ઞાનની દશા જે જે સ્થાનકે હોય, તેને અનુરૂપ ધર્મભાવ અથવા આત્મભાવ સહજ અને વિના પ્રયત્ને અંતકાળે આવીને ઊભો રહે છે, તેમાં ફેરફાર થતો નથી એટલે દશાનો લાભ તેમને અવશ્ય સંપ્રાપ્ત થાય છે. આ અબાધિત નિયમ છે; ભેદ એટલો જ કે જ્ઞાનપ્રાપ્તિ પહેલાં અશુભ ગતિનો બંધ પડયો ન હોવો જોઇએ. પડયો હોય તો તેને અનુરૂપ ભાવ ઉત્પન્ન થઈ વિલીન થાય છે ને તત્કાળ સ્વભાવદશામાં આવી દેહ છૂટે છે.

જ્ઞાનીપુરૂષના દેહ વિલયના અંત સમયે જે જે સ્વજન, સંબંધીઓ આદિ હાજર હોય તે તે પુણ્યશાળી ગણાય, કેમકે એક પવિત્રાત્માનાં પવિત્ર દર્શનનો પરમ ઉપકારી લાભ તેમને ભાગ્યયોગે મળે છે; આ લાભની સંપ્રાપ્તિ દુર્લભ છે. ભાગ્યની હીનતા હોય તો બરાબર દેહ અને આત્માના છૂટા પડવાના સમયે જ તેને કોઈ કારણવશાત્ બહાર જવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે અને તે અંતિમ હિતકારી લાભથી વંચિત રહે છે. આ લાભ પરમાર્થ અપેક્ષાએ સમજવાનો છે; લાભની તરતમતા પોતાના ભાવાનુસાર હોય છે. હાજર રહેલા સર્વ જીવો ભવ્ય તો ખરા જ, અભવ્યની હાજરી હોઈ શકતી નથી. જ્ઞાનીપુરૂષની આત્મદશા જેટલી ઊંચી, વિશુદ્ધતા અને નિર્મળતા જેટલી વધારે તેમ લાભની અસર પણ ઊંચી અને વધારે. જ્ઞાનીપુરૂષના આયુષ્યની છેલ્લી ઘડી સમીપ થતાં તેમની મુખમુદ્રા પર આત્માનું તેજ પથરાય છે અને તેમના દર્શનીય ચહેરા પર કાંતિ અને શાંતિ દષ્ટિગોચર થાય છે, જાણે કેમ તે પાસે ઊભેલાઓની ભ્રાંતિના ભંગ માટે કે આત્માની સુપ્રતીતિનો રંગ ચઢાવવા અર્થે એટલે કે કલ્યાણના હેતુએ હાજર થયાં ન હોય!

કોઈવેળા એવો અપૂર્વ અને વિરલ પ્રસંગ આવે છે જ્યારે જ્ઞાનીપુરૂષના દેહોત્સર્ગ સમયે અન્ય જ્ઞાનીપુરૂષ કે પુરૂષો હાજર હોય છે, તેમ બીજા સ્વજનાદિ પણ હોય છે. તે વખતે દેહ-ત્યાગ કરનાર જ્ઞાની કરતાં હાજર રહેલા કોઈ જ્ઞાનીપુરૂષની આત્મદશા વધુ ઊંચી હોય તો તેમના પ્રત્યક્ષપણાથી, તેમની પ્રેમ અને કરુણાસભર દિવ્યદષ્ટિથી, તેમના પવિત્ર ભાવોના

આંદોલનોથી, ઇત્યાદિ કારણથી દેહત્યાગ કરનાર જ્ઞાનીની દશા સત્વર શિખરંગામી થાય છે અને મરણ વેળાની સ્વભાવ નિમગ્નતા વધી જાય છે. પાસે રહેલા બીજા જ્ઞાની કે અજ્ઞાની મનુષ્યોને પણ સાથે સાથે પોત પોતાના પ્રમાણમાં લાભ મળે છે. આ પરથી એ સિદ્ધ થશે કે જ્ઞાનીપુરુષનો દેહ પૂર્વકર્મોની નિવૃત્તિ માટે અને લોકના કલ્યાણ માટે જ હોય છે. તેઓ અંતકાળે પણ લાભ આપીને દેહત્યાગ કરતા હોય છે. તેમની નિષ્કારણ અપાર કરુણાને ત્રિકાળ વંદન હો, વંદન હો.

જુઓ, જ્ઞાન થયા પછી જ્ઞાનીપુરુષ કોઇને કોઈ પ્રકારે જીવો પર ઉપકાર કર્યા જ કરે છે, સંબંધિત સંસારરસના ભોગીને પરમાર્થભાવમાં લાવવા, માર્ગ ભૂલેલાને માર્ગ પર ચઢાવવા, માર્ગ પર ચાલતા જીવોને પ્રેરણાબળનું દાન કરી આગળ વધારવા તેઓ હંમેશ રાજી હોય છે. ઉપદેશ વચનો પણ તેવાં જ પ્રકાશે છે; આ છે તેમનો પ્રેમ અને કરુણા રસનો અમૃતસ્વરૂપ ઝરો. કેવળી ભગવંત પણ દ્રવ્ય સંસારને સર્વથા છોડી સિદ્ધ થાય છે ત્યારે જતાં જતાં ઉપકાર, મહાન ઉપકાર કરે છે અને તે એ કે અનંતકાળથી નિત્ય નિગોદમાં રહેલા એક જીવને તેમાંથી બહાર લાવે છે, એટલે તે ભગવંતના ઉત્તમોત્તમ મંગળકારી નિમિત્તથી તે જીવ ઇતર નિગોદમાં આવે છે. પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય, તેઉકાય અને વનસ્પતિકાયના જીવો તે ઇતર નિગોદના જીવો છે, ઇતર નિગોદમાં આવ્યા પછી જીવનો વિકાસ શરૂ થાય છે. ભગવંતનો આ અનંત ઉપકાર કેમ ભૂલાય!

# મૃત્યુ સંબંધી પ્રકીર્ણ વિચારો

મૃત્યુ થતાં વર્તમાન દેહજીવનનો અંત આવે છે અને ત્યાર પછી નવો દેહ ધારણ થતાં તે દેહનું જીવન શરૂ થાય છે. પૂર્વ જીવનનું અધૂરું રહેલું કાર્ય ઉત્તર જીવનમાં અનુસંધાન પામી આગળ ધપે છે. એ દૃષ્ટિએ જોતાં મૃત્યુ એ બે જીવન વચ્ચેનું વિરામસ્થાન છે, જીવનના થાકનો વિસામો છે.

× × ×

જીવને મૃત્યુની ભ્રાંતિ છે, ભ્રાંતિ છે ત્યાં ભય છે અને ભય છે ત્યાં ગભરાટ છે, ફફડાટ છે.

× × ×

જ્યાં દેહાત્મભાવવાળું જીવન છે ત્યાં નિરંતર મરણના ભયનું દુ:ખરૂપ વેદન છે. જ્યાં મોહના પાશમાં ફસાઈ માયાના પ્રવર્તન-વાળી જિંદગી છે ત્યાં માયિક અને માયાવી સુખ છીનવી લેનાર મોતના કલ્પિત પડછાયા મનુષ્યોને ડરાવે છે.

× × ×

જ્યાં પોતાથી ભિન્ન એવાં દેહ, સ્ત્રી, પુત્રાદિમાં જીવને વહાલપ છે; પ્રીતિ છે, આસક્તિ છે, ત્યાં તેને મૃત્યુની ભીતિ છે. તેનો વિયોગ થશે એવા ખેદકારક વિચારથી તેને મરણનો ભય સતાવે છે.

× × ×

જેને સાચું જીવતાં આવડે છે, તેને સાચી રીતે મરતાં પણ આવડે છે, એટલે તેનું મરણ ઉત્સવરૂપ હોય છે.

× × ×

જીવનમાં જ્યાં સત્ય, દયા ને શાંતિનો ધણકાર છે, જ્યાં સરળતા, સમતા, ક્ષમા, આદિનો મધુર સ્વરવાળો રણકાર છે અને જ્યાં ચૈતન્યસ્વરૂપ આત્માની વિશુદ્ધિ અર્થે થતાં ઉત્સાહપૂર્ણ પરિણામોનો આવિષ્કાર છે, ત્યાં સાચું જીવન છે. જ્યાં સાચું જીવન છે ત્યાં મૃત્યુનો ભય નથી, તેના ઓળા નથી, તેની ઝાંખી સુદ્ધાં નથી.

× × ×

દેહમાં વ્યાધિની પીડા દુઃખદાયક છે, પરંતુ મૃત્યુ દુઃખદાયક નથી. તે તો દુઃખથી મુક્તિ અપાવનાર હોઈ સુખદાયક છે; વળી તે દૃષ્ટિથી જોતાં ઉપકારી પણ છે.

× × ×

મૃત્યુને બે પ્રકારે ધ્યાનમાં લઈ શકાય છે: એક શત્રુરૂપે અને બીજા મિત્રરૂપે. જીવની અજ્ઞાનદશા છે ત્યાં સુધી મૃત્યુને શત્રુરૂપે લેખવામાં આવે છે. તેનો વિચાર તેને મુંઝવે છે, તેની છાયા પણ તેને અકળાવી શકે છે.

× × ×

મૃત્યુને શત્રુરૂપે ગણવામાં પોતાના જીવનની ગૂંચો, તકલીફો તથા પોતાના અશુભ વિચાર અને કલેશમય આચાર કારણભૂત થાય છે. આત્માનો સ્વીકાર ન કરનાર તેમ તેની શ્રદ્ધા ન રાખનારને મૃત્યુનો ભય સામે ડોળાં કાઢી ઊભો રહે છે.

× × ×

જેને દેહદેવળમાં રહેલો આત્મા અજર, અમર અને અવિનાશી છે એવું શ્રદ્ધાન છે, જેના હૃદયમાં એ પવિત્ર આત્મા ત્રણે કાળ

માત્ર પોતાના સ્વભાવથી જીવનાર અને સ્વરૂપથી ટકનાર છે, એ ભાવ પ્રકાશિત રહ્યો છે તથા તેને જે પરમ શુદ્ધ અખંડ ચૈતન્યનો ઝરો છે એમ દૃઢપણે માને છે, તે ભાગ્યવંતને દેહના નાશનો ભય કયાંથી હોય ? મૃત્યુરૂપી સર્પ તેના અજર અમર સ્વરૂપભાવને ડસવા કેમ સમર્થ થાય ?

× × ×

જ્ઞાનીપુરુષો મૃત્યુભયને ઓળંગી ગયા હોય છે, કેમકે તેમનું લક્ષ અને તેમની નિર્મળ દૃષ્ટિ પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપ અવિનાશી આત્મા પ્રત્યે હોય છે. એ જ્ઞાનીભગવંતો મૃત્યુને મિત્ર સમાન ગણે છે, તેને હોંશથી અને ઉલ્લાસથી આવકારે છે અને તેને ભેટવા માટે નિર્ભય હોય છે.

× × ×

મૃત્યુથી નિર્ભયપણું પ્રાપ્ત થવું તે લેશ પણ સહેલી વાત નથી. આત્માની તેવી અભયદશા રહેવી અતિ દુષ્કર છે. સત્પુરુષના સમાગમ વિના તથા દીર્ઘકાળના અભ્યાસ વિના એવી સ્થિરતા આવવી વિકટ છે. સત્‌પુરુષનું અપૂર્વ માહાત્મ્ય એ છે કે તેઓ પોતાના શરણે આવેલા આશ્રયી જીવોને મરણના ભયથી મુક્ત કરાવે છે.

× × ×

આ નશ્વર દેહનો આયુષ્યકાળ પૂરો થતો જણાય અર્થાત્ મૃત્યુની નોબત વાગતી સંભળાય, ત્યારે સાવધાન થઇ, ચેતી જઈ, પૂર્વની આરાધનાના બળ થકી મૃત્યુ મહોત્સવની આનંદથી તૈયારી કરવી ઘટે છે.

× × ×

એ ઉપકારી તૈયારીમાં, માત્ર આત્માને જ યાદ કરવો, આત્માની જ વાત કરવી, આત્માને જ સાંભળવો, આત્માના જ ગુણગ્રામ કરવા, આત્મામાં જ પ્રેમ કરવો, આત્મામાં જ ઉપયોગને જોડવો, આત્માના જ ઐશ્વર્ય અને વૈભવમાં ચિત્તને એકાગ્ર કરવુ અને ખોવાઈ જવું, આત્મામાં જ રમણતા કરવી, નિજ-સ્વરૂપમાં જ લીનતા કરવી, અપાર આત્માનંદમાં ઝૂલવું, આત્માની પ્રેમપૂર્ણ મસ્તીમાં મસ્ત રહેવું, સ્વસ્વરૂપની અનુપમ અને નીરવ શાંતિમાં સ્થિર થવું....

આમ કરવાથી મૃત્યુ પોતાની પાસે આવતાં ડરશે. આવા પુરુષાર્થી પ્રતાપીપુરૂષ સન્મુખ મૃત્યુ પોતાનું મુખ બતાવી શકતું નથી. તેમની સામે જોવા જેટલી હિંમત તેનામાં રહી શકતી નથી. તેથી જ્યારે આ પ્રતાપીપુરૂષ પોતાની સમાધિમાં સ્થિર હોય, પોતાના નિર્મોહીભાવમાં સ્થિત હોય અથવા પોતાની સ્વાભાવિક પવિત્ર આત્મદશામાં નિમગ્ન હોય ત્યારે જ મત્યુ ડરતાં ડરતાં ગુપ્તતાએ આવીને પોતાનું કાર્ય કરી શકે છે. આવા પુરૂષનો ભય મૃત્યુને હોય છે. આ અવસ્થાને આપણે મૃત્યુ-મહોત્સવના નામથી ઓળખીએ છીએ. તે વખતે કહી શકાય કે,

"મૃત્યુ મરી ગયું રે લોલ!"

× × ×

મૃત્યુ એ જીવનનો અંત નથી, પરંતુ અનંતજીવન પ્રતિ લઈ જનાર ઉપકારી સાધન છે.

× × ×

આત્માનુભવી મનુષ્ય આનંદથી કહે છે કે, અમરત્વના રિપુ સમાન હે મૃત્યુ, મને ડરાવવાનો તારો પ્રયત્ન કેવળ નિષ્ફળ છે; કેમકે દેહરૂપ પિંજરથી હું ખૂબ કંટાળ્યો છું અને તેથી મારે જ તેનાથી મુક્તિ જોઈએ છે. આ દેહમાં રહેલ દિવ્ય ચેતનાથી ભરપૂર એવો જ્ઞાનમય ચૈતન્યસ્વરૂપ આત્મા પુદ્ગળની જાળમાંથી છૂટે અને નિજ શુદ્ધ તથા નિર્મળ સ્વભાવને પામે એ પરમ મંગલ અને ધન્ય દિવસની હું જ પરમ શાંતભાવથી રાહ જોઉં છું, ત્યાં તારો ડર ક્યાંથી હોય? તે તું જ વિચાર.

●

## અન્ય ચિંતકો ને મહાપુરૂષોનાં વચનો :

મૃત્યોર્બિભેષી કિં મૂઢ, ભીતં મુંચતિ નો યમઃ ।
અજાતં નૈવ ગૃહ્ણાતિ, કુરૂ યત્નમજન્મનિ ॥

અરે મૂઢ, મૃત્યુથી કાં ડરે છે? શું મરનારને મૃત્યુ છોડી દે છે? ભલા માણસ, જે જન્મતો નથી એને મૃત્યુ ગ્રહણ કરી શકતું નથી, તો હવે અજાતજન્મ થા ને?

× × ×

જીર્ણ થઈ ગયેલાં કપડાં કાઢી નાખી નવાં પહેરવાનો ખેલ તેં મૃત્યુ, બહુ જ સરળ અને સ્વાભાવિક. —ગીતાજી

× × ×

મૃત્યુ સમયે ડરવું નહિ. વૈરાગ્યની છરી ચલાવી દેહની મમતા કાપી નાખવી. એકાંત સ્થળમાં પવિત્ર વાતાવરણમાં રહી ૐકાર મંત્રના જપ કરી આત્મસ્થ બનવું. મન જો ટેવને લીધે

ચંચળ બને તો જ્ઞાનબુદ્ધિની મદદથી આત્મસ્વરૂપમાં, પ્રભુના-સ્વરૂપમાં મનને સ્થિર કરવું. —શ્રીમદ્ ભાગવત

× × ×

રોજ રોજ અસંખ્ય મનુષ્યો અને પ્રાણીઓ મરે છે. આપણે તેને મરતાં જોઈએ છીએ. મરણક્રિયામાં આપણે ભાગ પણ લઈએ છીએ અને છતાં આપણે મરણનો વિચાર કરતા નથી, જાણે કદી મરવાના નથી તેમ વર્તીએ છીએ. આના કરતાં મોટી નવાઈની વાત આ દુનિયામાં બીજી કઈ છે? —યુધિષ્ઠિર

× × ×

નાના મોટા બધાયને મરવું તો છે જ. પરંતુ મૃત્યુથી ડરવાનું કામ તો કાયરનું છે. —સંત તુકારામ

× × ×

મૃત્યુ શું છે? માત્ર શરીરનું પડી જવું. એક પાત્રમાંથી બીજા પાત્રમાં પાણી રેડવું તેનું જ નામ મૃત્યુ. —સ્વામી રામતીર્થ

× × ×

જીવન અને મૃત્યુના પ્રવાહને રૂંધો નહિ. હૃદયનાં બન્ને દ્વાર એક સરખાં ખુલ્લાં રાખો. પ્રવેશના દ્વારમાંથી બધાં પ્રવેશ કરે (જન્મ પામે), પ્રસ્થાનના દ્વારમાંથી બધાં પ્રસ્થાન કરે (મૃત્યુ પામે).

આપણા આત્માએ જે શક્તિઓ અને સિદ્ધિઓ મેળવી છે, તેને મૃત્યુ કદી છીનવી લઈ શકશે નહીં, એ વાત આપણે કોઈ દિવસે જાણીશું. આત્માની સિદ્ધિઓ હંમેશા પોતાની સાથે રહે છે.

મનુષ્યના ઉત્તમ જીવનની પ્રાપ્તિ અર્થે જો મૃત્યુ આવશ્યક છે, તો મરવામાં હાનિ ક્યાં છે? —રવીન્દ્રનાથ ટાગોર

× × ×

આત્માના ધર્મનું અજ્ઞાન અને મરવાની અનિચ્છા આ બેને લીધે માણસ મૃત્યુથી બીએ છે. પરંતુ જ્યાં બધાએ જ વહેલા કે મોડા જવાનું છે, તે ક્રિયાને મૃત્યુને બદલે કોઇ બીજું નામ આપવાનું મને મન થાય છે. —ગાંધીજી

દેહ પડ્યા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. —ગાંધીજી

જેટલા પ્રમાણમાં મૃત્યુને મિત્ર તરીકે–દુશ્મન તરીકે નહિ–ગણવામાં આવે છે, તેટલા પ્રમાણમાં જિંદગી જીવવા યોગ્ય બને છે. જિંદગીની લાલચો જીતવા માટે મૃત્યુને તમારી મદદ માટે બોલાવો. —ગાંધીજી

વીર પુરૂષો પોતાના હોઠ પરના સ્મિતથી મૃત્યુને ભેટે છે. —ગાંધીજી

× × ×

મૃત્યુ કોઇ ભયાવહ અંત નથી પણ દેહપલટાની ક્રિયા માત્ર છે. તેથી મૃત્યુ ધિક્કારવા યોગ્ય વસ્તુ નથી પણ આનંદથી ભેટવા યોગ્ય ચીજ છે. —મુનિશ્રી બુદ્ધિસાગરજી

મૃત્યુ તણી પાછળ અહો, જ્યોતિ અનંતી ઝળહળે,
મૃત્યુ તણા પટ પાછળે, શાંતિ અનંતી ઉછળે;
સુખ શાંતિ સાગરના તરંગો, આનંદ લહેરે ઉલ્લાસે,
ખૂબી અનંતા જીવનની, જ્ઞાની અનુભવીને દીસે.

—મુનિશ્રી બુદ્ધિસાગરજી

× × ×

જીવનનો દાખલો એવી રીતે ગણો કે મરણનો જવાબ સાચો આવે. —વિનોબા ભાવે

× × ×

મૃત્યુ એ જીવનનો એક ભાગ છે. મૃત્યુ સર્વહર હોવા છતાં આ સૃષ્ટિનો અંત આવતો નથી, તે શું બતાવે છે! મૃત્યુ દ્વારા શરીર નષ્ટ થાય છે, પરંતુ આત્માનો ઉત્તરોત્તર ઉત્કર્ષ એ મૃત્યુ દ્વારા જ થાય છે.

જીવન દરમિયાન મરણની સાચી તૈયારી ન રાખનારનું જીવન બગડે છે, ને જેનું જીવન બગડયું તેનું મરણ પણ બગડયું. એક માનવી બીજા માનવીનો ડર રાખે છે, પરંતુ દોષથી અટકવા ઈશ્વરનો ડર રાખતો નથી. ઈશ્વરના વિસ્મરણથી મૃત્યુનો ડર રહે છે અને સત્કર્મ દ્વારા મૃત્યુના ભયને જીતનાર માનવી સદેહે મોક્ષ પામે છે.

આપણું જીવન એ મૃત્યુની સમીપ વહી જતો એક એવો સમય પ્રવાહ છે, જેને તમે કદી રોકી શકતા નથી. મૃત્યુ અનિવાર્ય છે એટલે જીવન દરમિયાન સુકૃત્ય અને માનવતાભર્યા કાર્યમાં પળેપળ વિતાવીને જીવનાર માનવીનું મૃત્યુ પણ મરી જાય છે.

—અનુભવાનંદ

જીવનમાંથી નિરાશા, વિષાદ અને મોહનાં ઘર્ષણોને દૂર કરનાર જ મૃત્યુને હસતે મોઢે આવકારે છે. આવા માનવીનું

જીવન અનંત યાત્રા સમાન હોય છે, અને તેમના માટે મૃત્યુ એ વિશ્રામસ્થાન જેવું અથવા ગાડી બદલવાના ( મંઝીલે પહોંચવા માટે ) જંકશન જેવું બની રહે છે. નવી મંઝીલ માટે જીવનની સફર નવી ગાડીમાં એટલે નવા શરીર દ્વારા તે આરંભે છે.

—અનુભવાનંદ

× × ×

સ્થિતપ્રજ્ઞ બનીને મૃત્યુને આવકારવા માટે સદા તૈયાર રહો, જેથી જીવન અને મૃત્યુ બન્નેય મધુર બની રહેશે.

—શેક્સપિયર

× × ×

આકાશમાં પ્રકાશ પાથર્યા પછી વીજળીની થતી ગર્જનાની માફક મૃત્યુ પ્રકાશમય પણ છે અને ભયજનક પણ લાગે છે. જેમનો જ્ઞાનદીપ પ્રકટેલો છે, તે વીજળીની ગર્જના પછી વરસતી, જીવનદાતા જેવી વર્ષાના મંગલમય સ્વરૂપથી પરિચિત છે, પરંતુ જેઓ માત્ર વીજળીની ગર્જનાથી ભયભીત બન્યા છે, તેઓ મૃત્યુની મંગળતા સમજી શકતા નથી. —કોલ્ટન

× × ×

શું મૃત્યુ એ અંતિમ નિદ્રા છે? નહિ તે છેલ્લી અને કાયમી જાગૃતિ છે. —વોલ્ટર સ્કોટ

× × ×

દેહ ઉપર કુદરતનું ઋણુ હોય છે તેથી મરવું જ પડશે, પણ મૃત્યુથી જીવન ખાલીખમ થઈ જશે તેમ ન માનશો. દેહને મૃત્યુદ્વારા મુક્તિ, આત્માના અમરપણાનું જ્ઞાન, દેહના નાશવંતપણાનું ભાન અને મુક્તિનો અત્યાનંદ પ્રાપ્ત થાય છે. આ બધાનો આધાર જીવન દરમિયાન તમે કઈ રીતે જીવ્યા છો તેના ઉપર છે.

—જહોન ફોસ્ટર

× × ×

અચાનક અજાણ્યા અતિથિની માફક મૃત્યુ તમારે આંગણે આવીને ઉભું રહે તે પહેલાં જ તેનો પરિચય કેળવી લેવાનો પ્રયાસ કરો. જો તમે મૃત્યુને મિત્ર તરીકે ગણી લીધું હોય તો મૃત્યુને આનંદથી આવકાર આપો જો મૃત્યુને દુશ્મન માની લીધેલ હોય તો આ દુશ્મન ઉપર વિજય મેળવવા માટે અમર જીવન જીવવાની કોઈ સંજીવની સ્વરૂપ જડીબુટ્ટી શોધી કાઢો. —કલોરલ્સ

× × ×

મૃત્યુ પુનઃસ્થાપના માટે છે એમ સમજનાર જ્ઞાનીપુરૂષને દેહત્યાગ એ આનંદનો વિષય બની જાય છે. મૃત્યુદ્વારા મુક્ત બનીને પ્રભુના ભવ્ય અને વિશાળ ઘરમાં પહોંચીને ચૈતન્યમય દિવ્ય જીવન જીવવા માટેનું પ્રમાણ તે મૃત્યુ. આમ સાચું જીવન જીવવાની જેમને તમન્ના છે, તેમને શાંતિથી કેમ મરવું તેની તૈયારી જ્ઞાનપૂર્વક કરી રાખવાની હોય છે. —એન. મેકલોઇડ

× × ×

મૃત્યુને આવકારવા મનુષ્યનો જીવ તલપાપડ થવો જોઈએ; કારણ કે અજ્ઞાનરૂપી કાળરાત્રિનાં અંધારામાંથી જ્ઞાનરૂપી નવા જીવનના પ્રકાશમાં તેને મૃત્યુ જ પહોંચાડશે. —ફુલર

× × ×

એવી રીતે જીવો કે મૃત્યુ દ્વારા તમારા માટે દિવ્ય જીવનનાં દ્વાર ખુલ્લાં થઈ જાય. —મિલ્ટન

× × ×

મૃત્યુને મહાન શત્રુ જાણીને માનવી સદાય તેનાથી ડરતો જ રહ્યો છે. પરંતુ જેને શત્રુ ગણવામાં આવેલ છે તે મૃત્યુ આ દેહનો મોક્ષદાતા એવો અંતિમ મિત્ર છે તે કોઈ જાણતું જ નથી?

—ડબલ્યુ મિટફોર્ડ

× × ×

પ્રેમ અને મૃત્યુ વિષેની સાચી સમજ: આ બે એવી પાંખો છે કે જે ભલા માણસને સ્વર્ગનાં દ્વાર સુધી પહોંચાડી દે છે.

—માઇકેલ એન્જેલો

●

## મૃત્યુ પ્રસંગો :

લગભગ દરેકે પોતાના જીવનમાં એક અથવા વધારે સ્વજનો, સ્નેહીઓ, સંબંધીઓ તથા અન્ય જનોના અંતકાળ પોતાની નજર સમક્ષ નિહાળ્યા હશે. અને તે પરથી છેવટની સ્થિતિ અનુભવગત થઈ હશે. તે દૃશ્યોની છાપ જાણતાં અજાણતાં પણ એવી ઊંડી પડી હોય છે કે તે ભૂંસાતી નથી અને તે ચિત્ર સ્મૃતિમાં લેતાં જ તત્કાળ ઉપસી આવી તાદૃશ્ય થાય છે જોયેલા ઉપરાંત જાણેલા કે વાંચેલા મૃત્યુ પ્રસંગો હોય છે, પરંતુ તેની અસર ઘેરી હોતી નથી અને તે કારણે તે વિસ્મૃત થાય છે. અહીં પણ જોયેલા અને જાણેલા આયુષ્યપૂર્ણતાના કેટલાક પ્રસંગોનું સંક્ષિપ્ત વર્ણન અમે આપીએ છીએ, જેના પરથી ઉપર જણાવેલી કેટલીક સિદ્ધાંત વાત પ્રતીતરૂપ થઈ શકે અને તેથી અવબોધ લેવાનું સુગમ બને. અનેકને મરણને શરણ થતાં જોઈએ છીએ ત્યારે થોડા કાળને માટે વૈરાગ્ય આવે છે પણ તે ટકી શકતો નથી, તેથી સ્મશાન વૈરાગ્ય તરીકે તેને ઓળખવામાં આવે છે. તે પ્રસંગની પાછળ જે ગંભીર અને ઊંડુ ચિંતન જોઈએ, જેનો અભાવ હોવાથી વૈરાગ્યભાવ નિર્બળ રહે છે, ભૂંસાઈ જાય છે અને જગતમાં આમ જ બને છે તેમ બનતું રહે છે એમ માનીને તેમનું મન રીઢુ થઈ જાય છે. સંગીઓ અને પ્રસંગીઓ પણ તે જ ભાવને દૃઢ કરાવે છે. જો ખરેખર આ પ્રસંગો પર ધ્યાનપૂર્વક વિચાર કરવામાં આવે અને તેમાં ઊંડા ઉતરવાનું થાય તો જીવ સાચા વૈરાગ્યમાં આવી કલ્યાણના માર્ગને પામે.

: ૧ :

પ્રથમ જ પરમ આત્મજ્ઞાની જ્ઞાનાવતાર પુરૂષ શ્રીમદ્ રાજચંદ્રજીના દેહવિલયનો અદ્ભુત અને ઉપકારી પ્રસંગ લઈએ. તેમનો જન્મ વિ. સં. ૧૯૨૪ના કાર્તિક પૂર્ણિમાએ થયો હતો; જન્મથી જ તેમની શક્તિઓ ચમત્કારિક હતી, તીવ્ર સ્મરણ-શક્તિ હતી, જ્ઞાનનો અદ્વિતીય ઉઘાડ હતો; સાત વર્ષે જાતિ-સ્મૃતિજ્ઞાન પ્રગટયું હતું, બાદ તે જ્ઞાનની વૃદ્ધિ થતાં થતાં આગળ ઉપર તેમને ૯૦૦ ભવનું જ્ઞાન થયું હતું; કિશોરવયે શતાવધાની થયા હતા; આત્મજ્ઞાનની સાધના કરતાં કરતાં, વાયુવેગે દોડતાં દોડતાં છેવટે કૈવલ્ય લગભગ ભૂમિકા સુધી તેઓ પહોંચ્યા હતા અને સં. ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમના દિને નશ્વર દેહનો ત્યાગ કરી ગયા હતા. તેમની છેવટની દશાનું વર્ણન તેમના જ લઘુબંધુ શ્રી મનસુખભાઈએ કર્યું હતું, તે "શ્રીમદ્ રાજચંદ્ર જીવન કળા"માંથી સાભાર ઉદ્ધૃત કરીએ છીએ.

"મનદુ:ખ-હું છેવટની પળ પર્યંત અસાવધ રહ્યો. તે પવિત્ર આત્માએ આડકતરી રીતે ચેતવ્યું. તથાપિ રાગને લઈને સમજી શક્યો નહીં. હવે સ્મરણ થાય છે કે તેઓએ મને એક-વાર ચેતવણી આપી હતી. હું અજ્ઞાન, અંધ અને મૂર્ખ તેઓ-શ્રીની વાણી સમજી શકવાને અસમર્થ હતો."

"દેહત્યાગના આગલા દિવસે સાયંકાળે રેવાશંકરભાઈ, નરભેરામ, હું વગેરે ભાઈઓને કહ્યું, 'તમે નિશ્ચિત રહેજો, આ આત્મા શાશ્વત છે, અવશ્ય ઉત્તમ ગતિને પ્રાપ્ત થવાનો છે, તમે

શાંતિ અને સમાધિપણે પ્રવર્તશો. જે રત્નમય જ્ઞાનવાણી આ દેહદ્વારાએ કહી શકાવાની હતી તે કહેવાનો સમય નથી. તમે પુરૂષાર્થ કરશો.' આવી સ્પષ્ટ ચેતવણી છતાં અમે રાગના કારણથી ચેતી શકયા નહીં. અમે તો એમ ભ્રમમાં રહ્યાં કે અશક્તિ જણાય છે. રાત્રિના અઢી વાગ્યે અત્યંત શરદી થઈ તે સમયે તેઓશ્રીએ જણાવ્યું કે નિશ્ચિત રહેજો; ભાઈનું સમાધિ-મૃત્યુ છે, ઉપાયો કરતાં શરદી ઓછી થઈ ગઈ.

પોણા આઠ વાગ્યે સવારે દૂધ આપ્યું, તે તેઓએ લીધું, તદ્દન સંપૂર્ણ શુદ્ધિમાં મન, વચન અને કાયા રહ્યા હતાં. પોણા નવે કહ્યું: "મનસુખ દુઃખ ન પામતો; માને ઠીક રાખજે, હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું."

"સાડા સાત વાગ્યે જે બિછાનામાં પોઢ્યા હતા, તેમાંથી એક કોચ ઉપર ફેરવવા મને આજ્ઞા કરી. મને લાગ્યું કે અશક્તિ ઘણી જણાય છે, માટે ફેરફાર ન કરવો, ત્યારે તેઓશ્રીએ આજ્ઞા કરી કે ત્વરાથી ફેરફાર કર. એટલે મેં સમાધિસ્થભાવે સૂઈ શકાય એવી કોચ ઉપર વ્યવસ્થા કરી, જે ઉપર તે પવિત્ર દેહ અને આત્મા સમાધિસ્થભાવે છૂટા પડ્યા. લેશ માત્ર આત્મા છૂટો થવાનાં ચિહ્ન ન જણાયાં. જેમ જેમ પ્રાણ ઓછા થવા લાગ્યા તેમ તેમ મુખમુદ્રાની કાંતિ વિશેષપણે પ્રકાશ પામવા લાગી. વઢવાણ કેમ્પમાં જે સ્થિતિમાં ઊભા ઊભા ચિત્રપટ પડાવેલ તે સ્થિતિમાં કોચ ઉપર સમાધિ પાંચ કલાક રહી. લઘુશંકા, દીર્ઘશંકા, મોઢે પાણી કે આંખે પાણી કે પરસેવો

કંઈ પણ પોણા આઠથી બે વાગ્યા સુધી પ્રાણ છૂટા પડ્યા તો પણ કશું જણાયું નહોતું.

એક કલાકે દૂધ પીધા પછી હંમેશા દિશાએ જવું પડતું તેને બદલે આજે કાંઈ પણ નહીં. જેવી રીતે યંત્રને ચાવી દઈ આધીન કરી લેવામાં આવે તે રીતે કરેલ. આવા સમાધિસ્વભાવે તે પવિત્ર આત્મા અને દેહનો સંબંધ છૂટ્યો."

"પાંચ છ દિવસ અગાઉ તેઓશ્રીએ કેટલાંક પદ લખાવેલાં તે પૂ. ધારશીભાઈ અને નવલચંદભાઈની પાસે છે. પોતે તદ્દન વીતરાગભાવે પ્રવૃત્તિ કરેલી એટલે કોઈ પણ પ્રકારે તેઓશ્રીએ પોતાની માની પ્રવૃત્તિ કરેલી નહીં, ઉદાસીનપણું જ યોગ્ય ધાર્યું હતું. હવે આપણે કોનું અવલંબન રહ્યું? માત્ર તેઓશ્રીનાં વચનામૃતોનું અને તેમનાં સદ્‌વર્તનનું અનુકરણ કરવું એ જ મહાન અવલંબન હું માનું છું."

ઉપરનું વિસ્તૃત વર્ણન સુસ્પષ્ટ છે. તેમને હવે કેટલા ભવ બાકી હશે? એ પ્રશ્નના સમાધાન માટે તેમની જ "સ્વાત્મ-વૃત્તાંત" દર્શાવતી અમર કાવ્યની પંક્તિઓ જોઈએ.

"ધન્ય રે દિવસ આ અહો, જાગી રે શાંતિ અપૂર્વ રે;
દશ વર્ષે રે ધારા ઉલસી, મટ્યો ઉદયકર્મનો ગર્વ રે.
ઓગણીસસેં ને એકત્રીસે, આવ્યો અપૂર્વ અનુસાર રે;
ઓગણીસસેં ને બેતાલીસે, અદ્‌ભુત વૈરાગ્ય ધાર રે.
ઓગણીસસેં ને સુડતાલીસે, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;
શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે.

આવી અપૂર્વ શાંતિ અહો, થશે અપ્રમત્ત યોગ રે;
કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહવિયોગ રે.
અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે."

જુઓ અહીં "દેહ" શબ્દ કહ્યો છે. ભવ નહીં, કેમકે જૈન દર્શનની પ્રણાલીકા અનુસાર એક ભવ કહેવાથી અપેક્ષાએ બે દેહનું ધારણ હોઈ શકે છે, તે એવી રીતે કે એક દેવનો ભવ અને ત્યાર પછી બીજો મનુષ્યનો ભવ. એ પ્રકારની કોઈ ભૂલ ન થાય તે હેતુએ અત્ર સ્પષ્ટપણે "એક દેહ ધારીને" કહ્યું છે, એટલે મનુષ્યદેહ પ્રાપ્ત કરીને મોક્ષપ્રાપ્ત થવાનું જણાવ્યું છે. આટલી સ્પષ્ટતા છતાં કોઈ કોઈ શાસ્ત્રાભિનિવેશી અને શાસ્ત્રરહસ્યના અજાણ એવા જીવ પ્રથમ અપેક્ષાએ કહ્યો તે અભિપ્રાય આગ્રહથી પકડી રાખી શાસ્ત્રડહાપણ પ્રગટપણે બતાવે છે. તેમની આ ગંભીર અને દયાજનક ભૂલ ક્ષમ્ય ગણવી યોગ્ય છે. બાકી તો આવા જ્ઞાનાવતાર પુરૂષનાં વચનો તો કેવળ યથાર્થ અને ભ્રાંતિછેદક હોય છે.

: ૨ :

આ બીજા ઉદાહરણમાં કહ્યા તે જ્ઞાનીપુરૂષ શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ હૃદયસખા અને પરમાર્થસખા શ્રી સોભાગભાઈની દેહયાત્રાની અંતિમ સમયની ચર્યા જોઈએ. તેમનો દેહવિલય વૃદ્ધાવસ્થાની પાકટવયે સં. ૧૯૫૩ના જેઠ વદ ૧૦ ગુરૂવારે સવારે થયો હતો. અંતકાળે સર્વ સ્વજનો, કુટુંબીજનો અને સેવાના કાર્ય માટે જ્ઞાની મુમુક્ષુ શ્રી અંબાલાલભાઈ હાજર હતાં.

શ્રી સૌભાગ્યભાઇએ શ્રીમદ્‌જી ઉપર લખાવેલ ૧૯૫૩ના જેઠ સુદ ૧૪નો રસિક વિગતવાળા પત્રનો થોડો ભાગ જોઇએ.

"આ કાગળ છેલ્લો લખી જણાવું છું. જેઠ સુદ ૯ બુધવારે મૃત્યુ છે એવો આગળ ભાસ થયેલ તે સુદ નોમે તો બન્યું નહીં, પણ મનમાં કોઇ રીતે આભાસ ખોટો પડે એવું નહીં છતાં તે તારીખ ગઇ જેઠ વદ ૯ બુધવારે છે, ઘણું કરી તે તારીખે મૃત્યુ થશે એમ ખાતરી છે. હવે આ પામર સેવક ઉપર બધી રીતે આપ કૃપાદૃષ્ટિ રાખશો અને આ દેહ ને આત્મા જુદા છે. દેહ જડ છે, આત્મા ચેતન છે. તે ચેતનનો ભાગ પ્રત્યક્ષ જુદો સમજવામાં આવતો નહોતો, પણ દિન આઠથી આપની કૃપાથી અનુભવગોચરથી બેય પ્રગટ જુદા દેખાય છે અને રાતદિવસ આ ચેતન અને આ દેહ જુદા છે એમ આપની કૃપાદૃષ્ટિથી સહજ થઇ ગયું છે, તે આપને સહેજ જણાવવા લખ્યું છે."

"ખંભાતથી અંબાલાલભાઇને મોકલવા કૃપા કરશો. પાંચ દિવસનો સમાગમ થાશે."

તેના ઉત્તરરૂપ શ્રીમદ્‌જીનાં વચનો અવલોકીએ :—

"બીજા સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે તે 'મુક્ત' છે. અટળ અનુભવસ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્તદશા વર્તે છે. તે પુરૂષ મૌન થાય છે, તે પુરૂષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરૂષ અસંગ થાય છે, તે પુરૂષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરૂષ મુક્ત થાય છે. જેણે ત્રણે

કાળને વિષે દેહાદિથી પોતાનો કોઇ પણ સંબંધ ન હતો એવી અસંગદશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરૂષોને નમસ્કાર છે."

"તિથિ આદિનો વિકલ્પ છોડી નિજ વિચારમાં વર્તવું એ જ કર્ત્તવ્ય છે."

હવે શ્રી સૌભાગ્યભાઇની સેવામાં હાજર રહેલા શ્રી અંબાલાલભાઇએ શ્રીમદ્દજી ઉપર દેહત્યાગ સુધીનું વર્ણન સં. ૧૯૫૩ના જેઠ વદી ૧૧ના પત્રમાં જણાવ્યું છે તે અત્ર ઉતારીએ છીએ.

"હે પ્રભુ! પ્રભુ! બેહદ દિલગીર છું કે પરમ પૂજ્ય, પૂજવા યોગ્ય, પરમ સ્તુતિ કરવા યોગ્ય મહાન શ્રી સૌભાગ્યભાઇ સાહેબે પરમ સમાધિભાવે, શુદ્ધ આત્માના ઉપયોગપૂર્વક આ ક્ષણિક દેહનો ત્યાગ કર્યો છે. એ પવિત્ર પુરૂષની દુઃખ વેદવાની સ્થિતિ, આત્માનુભવ અને છેવટ સુધીનો ઉપયોગનો એક જ ક્રમ એ જોઇને મને બહુ જ આનંદ થાય છે. વારંવાર તેમના ઉત્તમોત્તમ ગુણો અને મારા પ્રત્યેની કૃપા સ્મૃતિમાં આવ્યા કરે છે. જેઠ વદી ૧૦ ગુરૂવારે સવારના સાત વાગતાંની સ્થિતિ મેં નિવેદન કરી છે. તે પછી ભાઇ મણિલાલે કહ્યું, 'આપ એક જ સહજાત્મસ્વરૂપ સ્વામી શ્રીના સ્મરણનું લક્ષ રાખજો."' ત્યારે પોતે કહ્યું : 'મને એક જ લક્ષ છે, બીજું લક્ષ નથી. પણ હવે તમે મને કાંઇ કહેશો નહીં. કારણ કે મારે તમે બોલો તેમાં અને મારે તેનો જવાબ આપવામાં લક્ષ આપવું પડે છે તેથી મને ખેદ રહે છે.' એવી પોતે વાત કરી જેથી એમની સમીપમાં કંઇ પણ કહેવું બંધ રાખ્યું.

"દશ વાગતાં માથા શ્વાસ થયો. પોતે છેવટના વખતની અત્યંત પીડા ભોગવવા માંડી તેથી દશ અને અડતાલીસ મિનિટે મારા મનમાં એમ થયું કે વધારે દુઃખની સ્થિતિમાં રખેને આત્મોપયોગ ભૂલી ગયા હોય અથવા દુઃખના લક્ષમાં ચડી ગયા હોય તો સ્મરણ આપ્યું હોય તો ઠીક. એમ ધારી ધારસીભાઇની સલાહ લઈ મેં સહજાત્મસ્વરૂપ સ્વામી એવું એક બે અને ત્રણ વાર નામ દીધું. એટલે પોતે બોલ્યા કે હા, મારૂં એ જ લક્ષ છે. મારે કેટલોક ઉપદેશ કરવાની ઇચ્છા છે. મને પણ તેવો વખત નથી. હું સમાધિભાવમાં છું. તું સમાધિભાવમાં રહેજે. હવે મને કાંઈ કહીશ નહીં; કારણ કે મને ખેદ રહે છે. એટલાં વચનો પોતે બોલ્યા કે તરત સર્વ દુઃખી પરિવારે ત્રિકરણ યોગથી નમસ્કાર કર્યા કે તરત પોતે હાબું પડખું ફેરવ્યું ને ૧૦ અને ૫૦ મિનિટે પોતે દેહનો ત્યાગ કર્યો.

"તે વખતે ૧૦ અને ૪૮ મિનિટે પોતે ભાષણ કર્યું તે વખતે ગળફો ખાઇને તૂટક તૂટક શબ્દે, પણ અક્ષર ચોકખો બોલાય, પણ જાણે ઇન્દ્રિયો સાવ મરી ગઈ હોય અને માંહીથી આત્મા જેમ બોલતો હોય તેવી રીતે પરાણે ઉપર કહ્યાં તે વચનો પરમ કૃપાભાવે પોતાના મુખમાંથી બહાર કાઢ્યા એવી અનંત દયા કરી છે."

"ચાર દિવસ ઉપર રવિવારના દિવસે ભાઈ ચુનીલાલે પૂછ્યું : 'આપે ભવનું કાંઈ નક્કી કર્યું ?' ત્યારે પોતે કહ્યું, 'હા સાહેબજીએ કહ્યું છે કે કેવળજ્ઞાન પ્રાપ્ત થયા વિના મોક્ષ

હોય નહીં. તેથી છેવટને સમયે અત્યારની સ્થિતિ જોતાં અને સાહેબજીની કૃપાથી એક બે મિનિટ જો કેવળજ્ઞાન પ્રાપ્ત થશે તો તો આ જ ભવે મોક્ષ થશે. નહિ તો એક ભવ કરીને તો મોક્ષ જરૂર થશે.' ત્યારે મણિલાલે પૂછયું કે "કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તેના અમને ખબર કેમ પડે?" ત્યારે પોતે કહ્યું કે "એક બે મિનિટ જો બની શકશે તો હું તે વખતે જે કહેવાનું હશે તે કહીશ." એવી રીતે વાત કરેલી તે આપની સેવામાં નિવેદન કરૂં છું.

" દુઃખની સ્થિતિમાં પોતે વખતે ઉપયોગ ભૂલી જાય એટલા સારૂ વખતે વખતે સ્મરણ આપવાનું થતું તો પોતે કહે કે વારેવારે શું કહે છે? આ જીવને તે બીજું લક્ષ હોય? એ જ મારૂ લક્ષ છે. વળી મૃત્યુના થોડા વખત પહેલાં ગોસળીઆએ બોલાવ્યા, તો પોતે કહ્યું કે હાલ બધા છાનામાના બેસી રહો. વખતે વખતે પોતે ઉચ્ચાર કરે તો હે નાથ! હે દયાળુ! પરમાત્મા! દેવાધિદેવ! સહજાત્મસ્વરૂપ સ્વામી! એ જ વચનો કહેતા હતા અને તે જ વચનો જેમ પૂર્વના વિશેષ અભ્યાસયુક્ત કરી મૂકયાં હોય તેવી રીતે સહેજે પણ મુખથી નીકળતા હતાં. પોતે ઉપયોગમાં બરાબર વર્તતા હતા અને વખતે કોઈ બોલાવે તેથી ઉપયોગથી ચુકાવું પડે તેથી તેમના મનમાં ખેદ થતો હશે એમ લાગ્યું હતું. પણ પછી કાંઈ પણ દેવાનું બંધ રાખ્યું હતું અને સમાધિભાવથી વેદવા કીધું હતું. કુટુંબાદિના ભક્તિભાવ ઘણા જ સારા હતા........ સૌભાગ્યભાઇના ઉપદેશથી લાગણી હાલ પણ કુટુંબવર્ગમાં વર્ધમાનપણે રહી છે. હે પ્રભુ! એ પરમ પવિત્ર પૂજ્ય સૌભાગ્યભાઇના સમાધિમરણની સ્થિતિ

જોઇ હું આનંદ સાથે પરમ હર્ષિત થયો છું. કારણ કે આવું સમાધિમરણ મેં કોઇનું હજી જોયું નથી."

શ્રી અંબાલાલભાઇ ત્યારબાદ પોતાના ગામ ખંભાત ગયા હતા ત્યાંથી શ્રીમદ્‌જી ઉપર જેઠ વદી ૧૩ના પત્ર લખ્યો હતો, તેમાંથી થોડું અવતરણ કરીએ છીએ.

"પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈ સાહેબના વિદેહ થયા પછી વારંવાર તેમના પવિત્ર ઉત્તમોત્તમ ગુણો મને સ્મૃતિમાં આવવાથી મારૂં હૃદય ભરાઇ આવ્યું છે. તે પવિત્ર પુરૂષની દયા, ક્ષમા, અનુકંપા, દુઃખ વેદવાની સહનતા, અસંગપણું અને આત્માના શુદ્ધ ઉપયોગની તારતમ્યતા એ વારંવાર મને સ્મૃતિમાં આવ્યા કરે છે....પૂજ્ય શ્રી સૌભાગ્યભાઇ જેવા પવિત્ર પુરૂષનું જે કુળમાં ઉત્પન્ન થવું થયું તે કુળમાં, ગામમાં અને તેવા પુરૂષના સમાગમમાં આવતાં સામાન્ય મનુષ્યોને પણ પરમાર્થપ્રાપ્તિ થવાની. તેવા પુરૂષનું ઉત્કૃષ્ટ નિમિત્ત થયું છે. સહકુટુંબવર્ગ મૃત્યુના પ્રસંગે સમીપમાં હતું. પણ સર્વનાં ચિત્ત પરમ પ્રેમે સૌભાગ્યભાઈની ભક્તિમાં હતાં. છેવટના વખત સુધી એ પુરૂષની સમાધિદશા જોઇ સહર્ષ આનંદ વર્તાતો હતો. કોઈના મનમાં ખેદ કે સ્વાર્થ સંબંધને લીધે મોહાદિ પ્રકારથી રડવું કરવું કાંઈ હતું નહિ."

પરમ આત્મજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના પરમ પરમાર્થ સખા શ્રી સૌભાંગ્યભાંઇના દેહવિલયના દિન અને સમય તથા અંતિમ સમયની તેમની ભાવદશાનું જાણપણું તેમના નિર્મળ

જ્ઞાનદર્પણમાં અગાઉથી જ પ્રતિબિંબિત થઈ ચૂક્યું હતું; તેથી જ સ્વભાવ જાગૃતદશા રહે. અનુભવ ઉત્સાહદશા વધે અને અંતસમયે અસંગપણું રહે તે પરમોચ્ચ હેતુએ છેલ્લાં ત્રણ અદ્ભુત અમૃતપત્રો લખ્યા હતા. સં. ૧૯૫૩ના જેઠ વદ ૬ના અમૃતપત્રમાં તેઓ પ્રકાશે છે :—

"કોઇને અર્થે વિકલ્પ નહીં આણતાં અસંગપણું જ રાખશો. ....વ્યવહાર અથવા પરમાર્થ સંબંધી કોઇપણ જીવ વિષેની વૃત્તિ હોય તે ઉપશાંત કરી કેવળ અસંગ ઉપયોગે અથવા પરમપુરૂષની ઉપર કહી છે તે દશાના અવલંબને આત્મસ્થિતિ કરવી એમ વિજ્ઞાપના છે, કેમકે બીજો કોઈપણ વિકલ્પ રાખવા જેવું નથી. જે કોઇ સાચા અંતઃકરણે સત્પુરૂષનાં વચનને ગ્રહણ કરશે તે સત્યને પામશે, એમાં કંઈ સંશય નથી; અને શરીર નિર્વાહાદિ વ્યવહાર સૌ સૌના પ્રારબ્ધ પ્રમાણે પ્રાપ્ત થવા યોગ્ય છે, એટલે તે વિષે પણ કંઇ વિકલ્પ રાખવા યોગ્ય નથી; જે વિકલ્પ તમે ઘણું કરીને શમાવ્યો છે, તો પણ નિશ્ચયના બળવાનપણાને અર્થે દર્શાવ્યું છે."

"સર્વ જીવ પ્રત્યે, સર્વ ભાવ પ્રત્યે અખંડ એકરસ વીતરાગદશા રાખવી એ જ સર્વ જ્ઞાનનું ફળ છે. આત્મા શુદ્ધ ચૈતન્ય જન્મ જરા મરણ રહિત, અસંગ સ્વરૂપ છે; એમાં સર્વ જ્ઞાન સમાય છે; તેની પ્રતીતિમાં સર્વ સમ્યક્દર્શન સમાય છે; આત્માને અસંગ સ્વરૂપે સ્વભાવદશા રહે તે સમ્યક્ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ અને વીતરાગદશા છે. જેના સંપૂર્ણપણાનું ફળ સર્વ દુઃખનો ક્ષય છે, એ કેવળ નિઃસંદેહ છે, કેવળ નિઃસંદેહ છે."

સાયલા ગ્રામે શ્રી સૌભાગ્યભાઇનો દેહ છૂટ્યો ત્યારે શ્રીમદ્‌ની સ્થિતિ મુંબઇ ક્ષેત્રે હતી. દેહ છૂટવાના દિવસે સવારના અગિયાર વાગ્યે શ્રીમદ્ ટાઢા પાણીથી નાહ્યા હતા; દરરોજ ગરમ પાણીથી નહાતા; બે કલાક પછી મૃત્યુના સમાચાર આપતો તાર મળ્યો હતો, જેના ઉત્તરરૂપે જેઠ વદ ૧૨ના અમૃતપત્ર લખ્યો તેનો થોડો ભાગ આ પ્રમાણે હતો :—

"આર્યશ્રી સોભાગે જેઠ વદ ૧૦ ગુરૂવારે સવારે દશને પચાસ મિનિટે દેહ મૂકયાના સમાચાર વાંચી ઘણો ખેદ થયો છે. જેમ જેમ તેમના અદ્‌ભુત ગુણો પ્રત્યે દૃષ્ટિ જાય છે, તેમ તેમ અધિક અધિક ખેદ થાય છે."

"જીવ ને દેહનો સંબંધ એ જ રીતે છે. તેમ છતાં પણ અનાદિથી તે દેહને ત્યાગતાં જીવ ખેદ પામ્યા કરે છે અને તેમાં દૃઢ મોહથી એકપણાની પેઠે વર્તે છે. જન્મમરણાદિ સંસારનું મુખ્ય બીજ એ જ છે. શ્રી સોભાગે તેવા દેહને ત્યાગતાં મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચલ અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે એમાં સંશય નથી....આ ક્ષેત્રે આ કાળમાં શ્રી સોભાગ જેવા વિરલા પુરૂષ મળે એમ અમને વારંવાર ભાસે છે...."

"સંસારનું સ્વરૂપ જેણે સ્પષ્ટ જાણ્યુ છે તેને સંસારના પદાર્થની પ્રાપ્તિથી કે અપ્રાપ્તિથી હર્ષશોક થવા યોગ્ય નથી, તોપણ એમ જણાય છે કે સત્પુરૂષના સમાગમની પ્રાપ્તિથી કંઇ પણ હર્ષ અને તેમના વિયોગથી કંઈ પણ ખેદ અમુક ગુણસ્થાનક સુધી તેમને થવા યોગ્ય છે."

: ૩ :

શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ આજ્ઞાંકિત શિષ્ય મુનિશ્રી લઘુરાજ સ્વામીનો દેહવિલય ૮૨ વર્ષની વયે ગુજરાતમાં અગાસ આશ્રમમાં થયો હતો. અસાતા વેદનીય કર્મના ઉદયે તેમનો દેહ પીડાયુક્ત વ્યાધિગ્રસ્ત થયો હતો અને તેઓ અત્યંત સમતા અને શાંતિથી શ્રી સદ્ગુરૂદેવના શરણે રહી વેદતા હતા. સં. ૧૯૯૨ના મહા સુદ પુનમથી તેમની તબિયત નરમ થઇ. ડૉકટરોએ સંપૂર્ણ આરામ લેવાનું કહ્યું. દર્શન, બોધ, સમાગમ સર્વ લાભ બંધ થયો. પાછળથી દિવસમાં એક વાર દર્શન કરવાનું માત્ર ખુલ્લું રાખ્યું. તેઓ "પ્રભુશ્રી"ના શુભ નામથી પ્રસિદ્ધ છે.

સં. ૧૯૯૨ના (જન્મ સં ૧૯૧૦, આસો વદ ૧) ચૈત્ર વદ પાંચમના અર્થાત્ સહજાત્મસ્વરૂપ પરમગુરૂ શ્રીમદ્ રાજચંદ્રજીના દેહોત્સર્ગના પવિત્ર દિને માર્ગની સોંપણી કરે છે, તે સંબંધે તેમના સુશિષ્ય બ્રહ્મચારી શ્રી ગોવર્ધનદાસજીએ પોતાની નોંધપોથીમાં લખ્યું છે કે :—

"પ્રભુશ્રીની વીતરાગતા, અસંગતા તેમની મુખમુદ્રા આંખ વગેરેના ફેરફારથી સ્પષ્ટ તરી આવતી અને જાણે તે બોલતા નથી પણ દિવ્ય ધ્વનિના વર્ણનની પેઠે આપણે સાંભળીએ છીએ એમ લાગે : 'મંત્ર આપવો. વીસ દોહરા, યમ-નિયમ, ક્ષમાપનાનો પાઠ, સાત વ્યસન, સાત અભક્ષ્ય જણાવવાં, તને ધર્મ સોંપું છું.'"

ચૈત્ર વદ છઠ્ઠના રોજ તેઓશ્રી પ્રકાશે છે :

'આત્માને મૃત્યુ મહોત્સવ છે. એક મૃત્યુ મહોત્સવ છે,'

વિશ્વભાવ વ્યાપી તદપિ, એક વિમલ ચિદ્રૂપ;
જ્ઞાનાનંદ મહેશ્વરા, જયવંતા જિનભૂપ.

એક આત્મા, બીજું કાંઇ નહિ. તેનો મહોત્સવ. મૃત્યુ મહોત્સવ.

કૃપાળુદેવે (શ્રીમદ્ રાજચંદ્રજી) મને કહ્યું છે તે વગર વાત નથી. ગુરૂદેવ સહજાત્મસ્વરૂપ રાજચંદ્રજી કૃપાળુ દેવ છે આત્મા છે જેમ છે તેમ છે....એક મૃત્યુ મહોત્સવ. 'ધિંગ ધણી માથે કીયા રે કુણ ગંજે નર ખેટ.' બીજો હવે નથી....એની શ્રદ્ધા અને પ્રતીતિ. બસ, આણાએ ધમ્મો, આણાએ તવો, મુદ્દો એ જ છે. બીજી લીટી નથી. દૃષ્ટિની ભૂલ નથી. જે છે તે છે. એક પરમકૃપાળુ દેવ–'થાવું હોય તેમ થાજો રૂડા રાજને ભજીએ.'

"વિરામ પામું છું. વિરામ પામું છું. ખમાવું છું. એક આત્મા સિવાય બીજી વાત નથી. પરમકૃપાળુ દેવે કહ્યું હતું, 'મુનિઓ! આ જીવને (પ્રભુશ્રીને) સમાધિમરણ સોભાગભાઇની પેઠે થશે' જે સોભાગભાઇને ધ્યાન હતું તે જ છે."

માંદગીની ગંભીરતા દિન પ્રતિદિન વધતી જતી હતી તેમ તેમ તેઓશ્રી સહજાત્મસ્વરૂપ પરમગુરૂના પવિત્ર શરણ અને આશ્રયે વધુ શાંત થતા જતા હતા. સં. ૧૯૯૨ના વૈશાખ સુદ આઠમના રોજ નિત્ય નિયમાનુસાર દેવવંદન કરી અંતેવાસીઓને 'અપૂર્વ અવસર' બોલવાનું સૂચવેલ. પરમકૃપાળુ ભગવંતનું એ અમૃતમય એવી અમર કૃતિનાં પદ પૂર્ણ થતાં રાત્રિના આઠ ને

દસ મિનિટે બ્યાંસી વર્ષના વયે એ મહાત્મા પુરૂષનો પવિત્ર આત્મા પરમ સમાધિમાં સ્થિત થઈ, આ નશ્વર દેહનો ત્યાગ કરી મહા પ્રયાણ કરી ગયો.

: ૪ :

આત્મનિષ્ઠ અને આત્મરત શ્રી રમણ મહર્ષિના દેહત્યાગનો પ્રસંગ લઇએ. તેઓ આત્મ સાક્ષાત્કાર પ્રાપ્ત પુરૂષ હતા. તેમનો જન્મ તા. ૩૦-૧૨-૧૮૭૯ના થયો હતો. દેહવિલયની પુણ્ય તિથિ હતી ૧૪ એપ્રીલ ૧૯૫૦. અત્ર આપેલી વિગત શ્રી યોગેશ્વર રચિત "ભગવાન રમણ મહર્ષિ" નામના ૧૦૩૫ પૃષ્ઠવાળા મોટા ગ્રંથમાંથી લેવામાં આવી છે. તેમનાં જીવન અને કાર્ય સંબંધની સર્વ માહિતી આ ઉત્તમ અને સુંદર શૈલીથી લખાયેલ પુસ્તકમાંથી મળી રહે છે.

"ઈ. સ. ૧૯૪૯ તથા ૧૯૫૦નાં વરસો દરમ્યાન મહર્ષિની શારીરિક પીડા બાહ્ય રીતે ને સ્થૂળ દૃષ્ટિએ જોતાં પરિસીમા પર પહોંચી. એને જોઇને ભક્તો તથા પ્રશંસકોની ચિંતા, વેદના કે પીડાનો પાર ન રહ્યો તો પણ મહર્ષિ શાંત જ રહ્યા. દર્દ જાણે એમના જીવનની સમસ્ત સાધના, તપશ્ચર્યા, ફિલસૂફી તથા નિષ્ઠાની પૂરેપૂરી પરીક્ષા કરવા આવ્યું હોય તેમ ઉત્તરોત્તર વધવા લાગ્યું ને છેવટ સુધી નિર્મૂળ ના થયું, તો પણ એ મહામાનવની વૃત્તિ ડગી નહીં, નિષ્ઠા મટી નહિ અને તેમની સ્વસ્થતા તથા શાંતિ એવા જ અચળ રહ્યાં....

"એટલી બધી શારીરિક પીડા હોવા છતાં છેવટ સુધી એમણે

એની લેશ પણ ફરિયાદ ના કરી, એના વિરોધમાં એક પણ શબ્દ ના ઉચ્ચાર્યો અને એ પીડાનો પ્રતિકૂળ પ્રભાવ પણ એમના પર ના પડ્યો. જીવનના અંતિમ સમયે આવી પડેલી આકરી અગ્નિ-પરીક્ષામાંથી એ કોઈપણ પ્રકારના બડબડાટ, પોકાર કે ચિત્કાર વિના સહીસલામત રીતે શાંતિ અને પ્રસન્નતાપૂર્વક પસાર થયા.

"એમના ડાબા હાથ પર, કોણી પર આરંભમાં એકાએક એમના શરીરનાં અંદરનાં તત્ત્વોની વિક્રિયારૂપે, એક નાની સરખી સોપારી જેવડી ફોડકી દેખાઈ.... ધીમે ધીમે એ વધતી ગઈ અને ફેબ્રુઆરી ૧૯૪૯ સુધીમાં તો એમાંથી નારંગી જેવું મોટું ગૂમડું થયું. એને અડવાથી દુઃખાવો થવા લાગ્યો."

ડૉકટરની સારવાર, ઓપરેશન, રેડિયમનો પ્રયોગ વગેરે કરવા છતાં ગડ ફરી પાછું પેદા થતું ને બળવાન બનતું. દર્દે ભયંકર રૂપ ધારણ કર્યું ત્યારે હાથને કાપીને અલગ કરવાનો એક માત્ર ઉપાય છે; એ દાક્તરના પ્રસ્તાવનો મહર્ષિએ સ્વીકાર ન કર્યો અને કુદરતને પોતાનું કામ કરવા દેવાની સલાહ આપી. તેમણે કહ્યું:

"ગભરાવવાની કશી જરૂર નથી. શરીર પોતે જ એક વ્યાધિ છે. એને એની પ્રાકૃતિક પરિસમાપ્તિ પર પહોંચવા દો. એના અંગવિશેષને અલગ શા માટે કરવું જોઈએ? વ્યાધિગ્રસ્ત જગ્યાએ કેવળ પાટાપિંડી કરો એટલું પૂરતું છે."

દર્દની નિવૃત્તિ માટે ચાર નિષ્ફળ ઓપરેશન થયા, હોમિયોપથીનો પણ આશ્રય લેવામાં આવ્યો, પણ સફળતા ન મળી.

વધારામાં એમના ડાબા હાથની બગલમાં એક બીજું ગડ ઉત્પન્ન થયું ને ઝડપથી વધવા લાગ્યું. બધા ઉપચાર નિષ્ફળ ગયા.

એમની મહાસમાધિના બે દિવસ પહેલાં એમણે પોતાની પાસેથી પસાર થનારા ભક્તો પર વિશેષ પ્રેમપૂર્વકની કૃપાદૃષ્ટિ કરી. એ કૃપાદૃષ્ટિ એમની અંતિમ દૃષ્ટિ હતી. એ પછી એમની અશક્તિ એકદમ વધી ગઈ અને બાહ્ય પ્રવૃત્તિ લગભગ બંધ પડી.

શ્રી કોહેન એમના 'ગુરૂ રમણ' નામના પુસ્તકમાં એ દિવસોની નોંધપોથી રજૂ કરતાં લખે છે:

"એવું લાગે છે કે પ્રલયનો દિવસ હવે પાસે આવી પહોંચ્યો. એ દિવસ કે જ્યારે અમારા જીવનનું સર્વસ્વ, જીવવા જેવું બધું જ જતું રહેવાનું છે....

'આજે એ સોફા પર લાંબા થઈને સૂતા છે. એમની આંખ ઊંડી ઊતરી ગઈ છે. ચામડી ફીકી તથા જીવનરહિત બની ગઈ છે અને એમના ગાલ બેસી ગયા છે. એમના શરીરનો ઉપલો અડધો ભાગ એવો તો દર્દીલો બની ગયો છે કે એને અડતાં-વેંત જ એમને પીડા થાય છે. સવારના નવ વાગ્યાના અડધા કલાકના ઉપલક દર્શન દરમિયાન એમણે એકાદ–બે વાર દર્શના-ર્થીઓ તરફ દૃષ્ટિપાત કર્યો એટલું જ, બાકી મોટે ભાગે એ આત્મલીન અને ચેતનારહિત બની ગયા છે. દાક્તરોએ એમને તપાસવાનું છોડી દીધું છે.... બધાએ એમના જીવનની આશા મૂકી દીધી છે.

"મહર્ષિ હજુ ભાનમાં છે ને કોઈવાર બોલે છે પણ ખરા. પરંતુ છેલ્લી ઘડી સુધી કશું નથી માગતા.... કોઈ જાતની પીડાની ફરિયાદ પણ નથી કરતા. ફક્ત કોઈવાર દર્દવાળા અંગને અડવામાં આવે છે ત્યારે બીજાને માહિતી આપતા હોય તેમ બોલી ઊઠે છે : "એવી એક પણ જગ્યા નથી જ્યાં સ્પર્શ કરવાથી પીડા ના પહોંચે."

"એ નોંધ તારીખ ૧૨મી એપ્રીલ ૧૯૫૦ની છે. એ જ દિવસે એમને ઔષધ આપવા આવેલા કવિરાજને ઉદ્દેશીને એમણે જણાવ્યું : 'શરૂઆતથી જ હું કહી રહ્યો છું કે આવી બધી વસ્તુઓની જરૂર નથી પરંતુ મારૂં કોણ સાંભળે છે ?'

"ચૌદમી એપ્રીલ ૧૯૫૦નો દિવસ એ મહાપુરૂષની પાર્થિવ જીવનલીલાનો અંતિમ દિવસ થઇ પડ્યો. એ દિવસે એમણે મહાસમાધિ લીધી ને પોતાના અસલ વાસ્તવિક સ્વરૂપમાં પ્રવેશ કર્યો. એ દિવસે સવારે એમની સ્થિતિ ઘણી નાજુક બની ગઈ. સાંજના દર્શન પછી તો સૌને લાગ્યું કે આ દિવસ એમના જીવનનો છેલ્લો દિવસ છે. મહર્ષિ તકિયાઓની વચ્ચે બેઠા. એમનું મુખ ઉઘાડું ને મસ્તક પાછળ લાગેલું હતું. બે પરિચારકો એમને શ્વાસ લેવામાં મદદ મળે એ માટે ધીમે ધીમે પંખો કરવા લાગ્યા. સાંજે સાતેક વાગે ઓકસીજન આપવામાં આવ્યો પણ એથી કશી રાહત ના મળવાથી એમણે એને બંધ કરવાની સૂચના આપી. શ્રી કોહેન એનો ઉલ્લેખ કરતાં નોંધે છે :

'પરિસ્થિતિ ભારે કટોકટીભરી છે. એ ગંભીર કરૂણ અંતિમ

ક્ષણુની શોકિત હૃદયે રાહ જોતા લગભગ પાંચસો ભક્તો બહાર ઊભા છે. એમના પૂર્વસંબંધીઓ, આશ્રમના કાર્યકર્ત્તાઓ, કેટલાક જુના શિષ્યો અને થોડાક નવા સાધકો એમના અંતિમ દર્શનની અભિલાષાથી વારાફરતી અંદર જવા માંડ્યા. અંતકાળને એકદમ નજીક જાણીને સમસ્ત જનસમુદાય મહર્ષિએ ભગવાન અરુણાચલની પ્રશસ્તિમાં કરેલી રચનાને એકસ્વરે ગાવા લાગ્યા : અરુણાચલ શિવ ! અરુણાચલ શિવ ! અરુણાચલ ! રાતના ૮ ને ૪૭ સુધી એ ક્રમ ચાલુ રહ્યો.'

" મહર્ષિએ પોતાની જીવનલીલા સંકેલી લીધી "

મહર્ષિના મહાપ્રયાણ વખતે તિરૂવણ્ણા મલૈમાં છેલ્લા પંદરેક દિવસથી રહેતા એક ફ્રેંચ ફોટોગ્રાફરને અવનવો અનુભવ મળેલો. એનો ઉલ્લેખ કરતાં એમણે રાતે નવેક વાગે કહેલું :

'એ અનુભવ અત્યંત આશ્ચર્યકારક છે. હું મારા મકાનની બહાર ખુલ્લી જગ્યામાં હતો ત્યારે મારા મિત્રોએ મારૂં ધ્યાન આકાશ તરફ ખેંચ્યું. મેં ત્યાં એક અત્યંત પ્રકાશિત, તેજસ્વી પ્રકાશ રેખાવાળો તારો જોયો. એવો ખરતો તારો મેં પહેલાં કદાપિ નહોતો જોયો. એ દક્ષિણ તરફથી આવી, આકાશ પરથી ધીમેથી પસાર થઇ, અરુણાચલ પર્વતના શિખર પર પહોંચીને એની પાછળ અદૃશ્ય થઇ ગયો. એના સૂચિતાર્થને અમે બધા તરત સમજી ગયા. અમે ઘડિયાળમાં જોયું તો બરાબર આઠ ને સુડતાલીસ મિનિટ થઈ હતી અમે સત્વર આશ્રમની દિશામાં રવાના થયા અને સખેદ જોયું કે એ સંકેત સાચો પડેલો. ગુરૂદેવ એ જ વખતે મહાનિર્વાણમાં પહોંચી ગયેલા.'

એમના મહાપ્રયાણનો પૂર્વસંકેત એમણે કોઈને પૂરો પાડેલો ખરો ? બીજા કોઈના અનુભવની માહિતી તો મને નથી મળી.... પરંતુ મારા પોતાના સ્વાનુભવનો નિર્દેશ અહીં કરી શકું છું.

"ઇ. સ. ૧૯૪૯માં હિમાલયના સુંદર સ્થાન દેવપ્રયાગમાં મને ટાઇફોઇડ થયેલો. એ દિવસોમાં એકવાર સવારે મહર્ષિએ મને દેહાતીત દશામાં દર્શન આપીને કહ્યું : મારા શરીર ત્યાગનો વખત હવે નજદીક છે.... એમના પ્રત્યેના પ્રખર પ્રેમભાવથી પ્રેરાઈને મેં કહ્યું કે, તમારા જેવા લોકોત્તર મહાપુરૂષનું જીવન માનવજાતિને માટે મંગળમય છે; માટે તમે હજુ પણ થોડુંક વધારે રહો તો સારૂં....એમણે કહ્યું કે ના, હું હવે વધારે વખત સુધી નહિ રહી શકું. મેં નક્કી કરી લીધું છે. આજથી છ મહિને હું શરીર છોડી દઇશ ને જ્યારે પણ છોડીશ ત્યારે સાંજના છ વાગ્યા પછી છોડીશ."

: ૫ :

આ પ્રસંગ પણ શ્રી યોગેશ્વર કૃત "ભગવાન રમણ મહર્ષિ" ગ્રંથમાંથી સાભાર ઉદ્ધૃત કરીએ છીએ; એ છે શ્રી રમણ મહર્ષિની માતા અલઘમ્માના મૃત્યુનો.

"ઈ. સ. ૧૯૧૬ થી ૧૯૨૨ સુધીના છ વરસના એમના મહર્ષિ સાથેના નિવાસ દરમ્યાન એમની અંદર ખૂબ ખૂબ પરિવર્તન આવી ગયું. આમ તો એ થોડાંક તામિલ ભક્તિગીતો તથા દક્ષિણામૂર્તિ સ્તોત્રનું રટણ કરી શકતાં પરંતુ એ સત્સંગના પરિણામરૂપે ઉચ્ચ પ્રકારનાં આધ્યાત્મિક તત્ત્વો કે રહસ્યોની

સ્પષ્ટ સમજ એમને પ્રાપ્ત થઈ અને એમની અનેકાનેક ભ્રાંતિઓ ભાંગી ગઇ, એમનો જાણે કે નવો અવતાર થયો, અવનવો આધ્યાત્મિક અવતાર. એ બધું મહર્ષિના અસાધારણ અનુગ્રહનું જ ફળ હતું. એમણે પોતાનું અભ્યુત્થાન કરવાની સાથે સાથે પોતાની માતાનું આત્મકલ્યાણ પણ સહજ કરી દીધું. માતાની એથી વિશેષ મહામૂલ્યવાન સેવા બીજી કઈ હોઈ શકે ?"

"ઈ. સ. ૧૯૨૨ના મે માસમાં મહર્ષિની માતા અલઘમ્માનું સ્વાસ્થ્ય બગડી ગયું. એ ખૂબ જ બીમાર પડી ગયાં. એ વખતે એ મહર્ષિની સાથે સ્કંદાશ્રમમાં રહેતાં. એમની શકય એટલી સઘળી સેવા કરવામાં આવી, જુદી જુદી જાતની દવાઓનો આધાર લેવામાં આવ્યો ને બીજા કુદરતી ઉપચારોનું પણ ધ્યાન રાખવામાં આવ્યું, પરંતુ એમનું સ્વાસ્થ્ય ના સુધર્યું. મહર્ષિ પોતે પણ એમની પથારી પાસે રહીને બનતી સેવા કરતા રહેતા. એમણે તથા ભક્તોએ બનતા બધા જ પ્રયત્નો કરી જોયા છતાં પણ કશું વળ્યું નહિ ત્યારે બધું ઈશ્વરના આધારે છોડી દીધું."

"અલઘમ્માનો અંતકાળ હવે નજીક આવી પહોંચ્યો છે અને એ કોઇપણ ઉપાયે નહિ બચી શકે એ સંબંધી કોઈને લેશ પણ સંદેહ ના રહ્યો. આશ્રમવાસીઓનાં મન ઉદાસ બની ગયાં. પરંતુ એવા વિપરીત કે કરુણાતિકરુણ સંજોગોમાં પણ મહર્ષિનું મનોબળ ના તૂટ્યું. એ એવા જ સ્વસ્થ અને શાંત રહ્યાં. પોતાની માતાના વર્તમાન જીવન પર અંતિમ પડદો પડી જવાનો છે એ હકીકતને જાણી લીધા છતાં પણ એમની

સ્થિતપ્રજ્ઞ નિર્વિકાર દશામાંથી એ ડગ્યા નહિ. એ ધીરજ તથા હિંમતની મૂર્તિ બનીને પોતાની માતાને આત્મજ્ઞાનનો અમૃતમય ઉપદેશ આપતા રહ્યા

અલઘમ્માની એ બીમારી એમના જીવનની અંતિમ બીમારી હતી એ વાતને એ પોતે પણ સમજી ગયાં. મહર્ષિના સંસર્ગ અને સત્સંગના પ્રકાશપ્રદાયક પુણ્યપ્રભાવને લીધે એમણે પણ બનતી સ્વસ્થતા રાખીને મનને ઈશ્વરમાં જોડી દીધું. વૈશાખ વદ ૯ને દિવસે એમની સ્થિતિ બગડી ગઈ.

મહર્ષિની સૂચનાનુસાર ભક્તોમાંના કેટલાક અલઘમ્મા પાસે બેસીને નામસંકીર્તન કરવા લાગ્યા તો બીજા કેટલાક વેદમંત્રો તેમજ સ્તોત્રોના ઉચ્ચારણમાં લાગી ગયા. એને લીધે વાતાવરણ ખૂબ જ વિશુદ્ધ અને ઈશ્વરમય બની ગયું. સ્કંદાશ્રમનાં પરમાણુ ત્યાં થઇ રહેલી સાધનાને લીધે પવિત્ર તો હતાં જ, તે વધારે પવિત્ર બની રહ્યાં. માતાનું જીવન હવે ઘણું જ થોડું રહ્યું છે એ જાણી લઇને મહર્ષિએ પોતાની અંતિમ ફરજને નિષ્કામભાવે બજાવવાનો વિચાર કરીને એમના હૃદય ઉપર હાથ મૂક્યો ને બીજો હાથ મસ્તક પર રાખીને વિશેષ શક્તિના પ્રયોગ દ્વારા અંતરને શાંત કરવા માંડયું. એ વખતે એમનો ઉર્ધ્વ શ્વાસ ચાલી રહેલો. એ સુધામય શક્તિ સંચારક સ્પર્શથી એમની પુરાણી વાસનાઓની ગ્રંથીઓને તોડી નાખીને એમણે એમના આત્માને બંધનમુક્ત કરી, શાંતિ આપીને, શ્રેયના માર્ગે લઇ જવાનો પ્રયત્ન કરવા માંડ્યો, એ પ્રયત્ન પરિપૂર્ણપણે સફળ થયો.

"કાળદેવતાએ પોતાનો કાર્યક્રમ અગાઉથી સુનિશ્ચિત કરી નાખેલો તે પ્રમાણે ભક્તોના ભગવન્નામોચ્ચારની વચ્ચે અલઘમ્માનો આત્મા પક્ષી જેમ પિંજરનો પરિત્યાગ કરે તેમ ૧૯મી મે ૧૯૨૨ની રાતે આઠ વાગે સ્થૂલ શરીરને છોડીને બહાર નીકળ્યો. વૈશાખ વદ નોમનો એ દિવસ એમના દેહત્યાગનો ચિરસ્મરણીય દિવસ બની ગયો."

"અલઘમ્માનું જીવન ઉજ્જવળ બન્યું ને મરણ સફળ અથવા સાર્થક થયું. જે અરુણાચલના આકર્ષણથી પ્રેરાઈને એ મહર્ષિ પાસે રહેવા માટે આવી પહોંચ્યાં એ જ અરુણાચલની અલૌકિક ભૂમિમાં સાધના દ્વારા પવિત્રતા પામી તથા શાંતિ મેળવીને એમણે અંતિમ શ્વાસ લીધો."

: ૬ :

આ પ્રસંગ પરમ આત્મજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીના વ્યવહાર સગપણ સંબંધે થતા બનેવી શ્રી ટોકરશીભાઈ મહેતાના દેહત્યાગનો છે અને તે "શ્રીમદ્ રાજચંદ્ર જીવન કળા" પુસ્તકમાંથી સાભાર લેવામાં આવ્યો છે. ઉપરનો આત્મિક શક્તિના પ્રભાવનો અનુભવ દર્શાવતો પ્રસંગ જણાવ્યા પછી અહીં તેવા જ પ્રકારનો બીજો ચમત્કારિક અને આશ્ચર્યમાં ગરકાવ કરી દે એવો અનુભવ પ્રસંગ જણાવીએ છીએ. તે પરથી આત્મનિષ્ઠ પુરૂષના આત્માની અદ્ભુત શક્તિનો પરિચય સહજ મળી શકશે. તત્પ્રકારના ઋણાનુબંધનો શુભ ઉદય હોય તો જ્ઞાનીપુરૂષના ઉત્તમ નિમિત્તથી જીવને સમાધિમરણનો અપૂર્વ લાભ સંપ્રાપ્ત થાય છે

અને અનાદિના અસમાધિમરણ ટળી જઇ દુઃખમય સંસાર પરિભ્રમણનો અંત આવે છે.

"શા. દેવચંદ પીતાંબરદાસ મહેતા પોતાના ભાઈ ટોકરશી મહેતા ગુજરી ગયા હતા તેમના લૌકિકે આવેલા. કચ્છના પદમશી-ભાઇને છેવટની પોતાના ભાઇની માંદગી સંબંધી કહે છે :–

'ભાઈ ટોકરશી ગાંઠ અને સન્નિપાતના દરદને લઇને દુકાનના ગ્રાહકો સંબંધી અને બીજા સાંસારિક બકવાદ કરતા અને હર-ઘડીએ ઊઠીને નાસી જતા હતા; તેથી અમે ચાર જણ ઝાલી રાખતા હતા.'

"ગઈ કાલે બપોરના બે વાગ્યાના સુમારે કવિરાજ (શ્રીમદ્ રાજચંદ્રજી) પધાર્યા અને કીધું કે ટોકરશી મહેતાને કેમ છે? અમે કીધું કે સખત મંદવાડ છે. કવિરાજે કીધું કે તમે બધા દૂર ખસી જાઓ. અમે કીધું કે ટોકરશીભાઈ હરઘડીએ ઊઠીને નાસભાગ કરે છે તેમ કરશે. કવિરાજે કીધું કે નહિ ભાગે. તેથી અમે બધા ત્યાંથી દૂર ખસી ગયા અને કવિરાજ તેમની પાસે બેઠા અને પાંચેક મિનિટમાં ભાઈ ટોકરશી સાવચેત થઈ ગયા, અને કવિરાજને વિનયપૂર્વક કીધું કે આપ ક્યારે પધાર્યા? પોતે પ્રશ્ન કર્યો, તમને કેમ છે? એટલે ટોકરશીભાઈ બોલ્યા, ઠીક છે પણ ગાંઠની પીડા છે.... પછી અર્ધો કલાક ટોકરશીભાઈ શાંત રહ્યા અને કવિરાજ વિક્ટોરીયા ગાડીમાં બેસીને પોતાની દુકાને પધાર્યા. કવિરાજ પધાર્યા પછી પાંચેક મિનિટે ભાઇ ટોકરશી પ્રથમ પ્રમાણે સન્નિપાતવશ જણાયા.

અમે કવિરાજને તેડવા સારૂ માણસ મોકલ્યું; તેણે દુકાન પર જઈ કવિરાજને પધારવા આમંત્રણ દીધું. કવિરાજે જણાવ્યું : જેમ બનવાનું હોય તેમ બને છે, અને તે વખતે આવવાની ના પાડી. પછી સાંજના સાત વાગે કવિરાજ પધાર્યા. ટોકરશીભાઈની શરીરપ્રકૃતિ પૂછી, અમે કહ્યું કે માંદગી વૃદ્ધિ પામે છે. કવિરાજે અમને બધાને દૂર કર્યા. અમે બધા દીવાનખાનાની ભીંતો સુધી હઠીને ઊભા. કવિરાજ ટોકરશીભાઈ પાસે બેસી કાંઈક આંખના, હાથના અને હોઠના ઇશારા કરતા હતા. પાંચેક મિનિટમાં ટોકરશીભાઈએ શુદ્ધિમાં આવી કવિરાજને બોલાવ્યા.

કવિરાજે પૂછ્યું : કેમ છે ?

ટોકરશીભાઈએ કીધું કે, ઠીક છે. હવે ગાંઠની પીડા નથી. ત્યારપછી થોડીવાર રહી ટોકરશીભાઈ સંસ્કૃત ભાષામાં એક શ્લોક બોલ્યા.

કવિરાજે પૂછ્યું : આ શ્લોક ક્યાં સાંભળેલ છે, તે યાદ છે ?

ટોકરશીભાઈ બોલ્યા : હા જી, દસેક વર્ષ ઉપર આપ તથા ડૉકટર ( પ્રાણજીવનદાસ જગજીવનદાસ મહેતા ) તથા હું શ્રી ઈડરના જંગલમાં ગયા હતા ત્યાં.

કવિરાજ બોલ્યા કે : આ શ્લોક ઘણો સારો છે. લખી રાખવા જેવો છે.

થોડીવાર પછી કવિરાજે ટોકરશીભાઈને પૂછ્યું કે, હવે કેમ છે ?

ટોકરશીભાઈ બોલ્યા કે, આનંદ આનંદ છે. આવી સ્થિતિ મેં કોઈપણ દિવસે અનુભવી નથી.

એટલામાં જ કવિરાજે એક વખત હાથનો ઇશારો ટોકરશી ભાઇના મોઢા તરફ ચડતો કર્યો ને તરત જ કવિરાજ દૂર બેઠા અને અમને જણાવ્યું કે ટોકરશી મહેતાનો દેહ છૂટી ગયો છે. પણ તમે લગભગ પોણા કલાક સુધી તેમની પાસે ના જશો. આ વખતે રાત્રિના પોણા આઠ વાગ્યાનો સુમાર હતો. કવિરાજ સ્મશાને પધાર્યા હતા.

આ વાત સાંભળીને તત્કાળ સાહેબજી(શ્રીમદ્જી)ની પાસે રેવાશંકર જગજીવનની દુકાને પદમશીભાઈ ગયા અને ત્યાં સાહેબજીનાં દર્શન કર્યા અને કીધું કે "ટોકરશી મહેતાના સંબંધમાં આપે કાંઈ અજાયબી–આશ્ચર્ય ઉપજાવે તેવું કર્યું છે, તે સમજાવશો? તે સમજવાની ઘણી આકાંક્ષા રહે છે." તેઓ બોલ્યા : "હા, એમ બની શકે છે. પ્રાણવાયુ સમાનવાયુના સંબંધથી રહેલ છે. દરેક વખતે શ્વાસને સમાનવાયુ ખેંચે છે. તેને શ્વાસ કહે છે. એ વાયુનો સંબંધ છૂટો પડ્યેથી પ્રાણ ચાલ્યો ગયો એમ કહેવાય છે. તે વખતે જીવને જેવી લેશ્યા હોય એવી ગતિ થાય છે અને શક્તિબળે જીવોની લેશ્યા ફેરવી શકાય છે."

: ૭ :

શ્રી રામકૃષ્ણ પરમહંસનો જન્મ સં. ૧૮૯૨ના ફાગણ શુદ બીજ, ઈ. સ. ૧૮૩૬ના ફેબ્રુઆરીની ૧૭મી તારીખ બુધવારે

થયો હતો અને તેમની મહાસમાધિ સને ૧૮૮૬, ૧૬મી ઓગષ્ટ, સોમવારે વહેલી સવારે થઇ હતી. તેમની મહા સાધના, મા કાલીની પ્રેમભક્તિ, ચમત્કારિક સિદ્ધિઓની પ્રાપ્તિ, આત્માની ઉચ્ચ સ્થિતિની દશા વગેરે સુપ્રસિદ્ધ છે. તેમને ગળાનું જીવલેણ દર્દ લાગુ પડયું હતું. અહીં નીચે આપવામાં આવે છે તે વિગત "શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ"થી પ્રગટ થયેલા "શ્રી રામકૃષ્ણદેવ" નામના પુસ્તકમાંથી સાભાર ઉદ્ધૃત કરીએ છીએ :–

સને ૧૮૮૬ની ૨૨મી એપ્રીલ આવી. હૈદ્રાબાદથી એક સિંધી ગૃહસ્થ શ્રીયુત હીરાનંદ સૌકીરામ શ્રી રામકૃષ્ણની મુલાકાતે આવ્યા....એમણે પૂછયું, 'ભગવાનના ભક્તને આટલું બધું દુઃખ શા માટે વેઠવું પડતું હશે ?' પણ શ્રી રામકૃષ્ણે એમને સમજાવ્યું, 'દેહના દંડ દેહ ભોગવે છે.'

"મહાસમાધિની બે દિવસની પૂર્વે જ નરેન્દ્ર (સ્વામી વિવેકાનંદ) શ્રી રામકૃષ્ણની પથારી પાસે ઉભો હતો. એ વખતે એને એક વિચાર આવ્યો. એને થયું : 'પોતે ઈશ્વરનો અવતાર છે એવું શ્રી રામકૃષ્ણ અનેકવાર બોલી ચૂકયા છે, પરંતુ જયારે એ આવી શારીરિક પીડા અને અસહ્ય વેદના ભોગવી રહ્યા છે ત્યારે, એવી અવસ્થામાં પણ જો એ કહી શકે કે, "હું ઈશ્વરનો અવતાર છું" તો હું એમને માનું.' પરંતુ ત્યાં જ એક નવાઇ ભરી ઘટના બની. નરેન્દ્રનો વિચાર પૂરો થયો ન થયો કે તરત જ શ્રી રામકૃષ્ણ એના તરફ ફર્યા અને તમામ શક્તિ એકઠી કરીને સ્પષ્ટ રીતે બોલ્યા, 'અરે નરેન ! તને હજી ખાત્રી થતી નથી ? જે રામ હતા, જે કૃષ્ણ હતા, તે જ રામકૃષ્ણરૂપે આ

દેહમાં વિરાજે છે; અને એ પણ તારી વેદાંત દૃષ્ટિથી નહિ!' નરેન્દ્ર તો આ શબ્દો સાંભળીને ભોંઠો જ પડી ગયો! હજી પણ શંકા? એ મનમાં મનમાં જ પસ્તાઈ રહ્યો.

"રવિવાર, ૧૫મી ઓગસ્ટ, ૧૮૮૬.... છેલ્લો દિવસ."

"'આજે શ્રી રામકૃષ્ણની પીડાનો પાર ન હતો. ડૉકટરે હાથ ખંખેર્યા. સાંજ ઢળતી હતી. શ્રી રામકૃષ્ણનો શ્વાસ રૂંધાઇ રહ્યો હતો. એકાએક એ સમાધિસ્થ થયા. આ કોઇ અસાધારણ પ્રકારની સમાધિ હતી એવું સૌને લાગ્યું.... મધ્યરાત્રિ પછી શ્રી રામકૃષ્ણ ભાનમાં આવ્યા. એમને ભૂખ લાગી હતી. કશી અડચણ વગર એમણે રાબ પીધી એમણે કહ્યું કે, 'હવે મને આરામ લાગે છે.' નરેન્દ્રે એમને સૂઈ જવાનું કહ્યું, પરંતુ છેવટની ઘડી સુધી ધીમા સાદે એમણે વાતચીત ચાલુ રાખી. નરેન્દ્રને તેઓ આખરી સલાહ આપી રહ્યા હતા. પછી ત્રણ વાર "કાલી!" "કાલી"! "કાલી"! સ્પષ્ટ રીતે ઉચ્ચાર કરીને એ ધીમેથી પથારીમાં સૂતા. ગુરૂદેવને આરામ છે એવું જોઇને નરેન્દ્ર નીચેના ઓરડામાં ગયો.

પરંતુ એકાએક એક ઉપર બે મિનિટે શ્રી રામકૃષ્ણના દેહમાંથી એક કંપારી પસાર થઈ ગઈ; એમનાં રૂંવાડાં ખડાં થઈ ગયાં; આંખો નાકના ટેરવા ઉપર ઠરી રહી; મુખ ઉપર દિવ્ય સ્મિત રમી રહ્યું, અને શ્રી રામકૃષ્ણ સમાધિમાં મગ્ન થઈ ગયાં. એ જ મહાસમાધિ હતી.... આમ સને ૧૮૮૬ની ૧૬મી ઓગસ્ટ, સોમવારે વહેલી પરોઢે શ્રી રામકૃષ્ણના જીવન ઉપર આખરી પડદો પડી ચૂક્યો.

સવારનું અજવાળું થયું. આઠેક વાગે કર્નલ વિશ્વનાથ ઉપાધ્યાય આવી પહોંચ્યા. એમણે શ્રી રામકૃષ્ણના દેહને તપાસીને જાહેર કર્યું કે બધું પતી ગયું નથી, હજી ઊંડી સમાધિની સ્થિતિ છે. બપોર થયા. ડૉ. મહેન્દ્રલાલ સરકાર આવ્યા અને એમણે અભિપ્રાય આપ્યો કે અર્ધા કલાક પહેલાં શ્રી રામકૃષ્ણના પ્રાણ દેહમાંથી નીકળી ચૂકયા છે.

: ૮ :

શ્રી રામકૃષ્ણ પરમહંસના બહુમુખી પ્રતિભાથી વિરાજતા તેમના "પરમ પ્રિય" સુશિષ્ય 'નરેન્દ્ર', 'નરેન', સ્વામી વિવેકાનંદના અંત સમયનો ઇતિહાસ અત્ર આપીએ છીએ. તે મહાપુરુષનો જન્મ સંવત ૧૯૧૯ ના પોષ વદ સાતમ ને સોમવાર, ઈ. સ. ૧૮૬૩ ના જાન્યુઆરીની બારમી તારીખે સૂર્યોદય વેળાએ થયો હતો અને સને ૧૯૦૨ ની ૪ થી જુલાઈ ને શુક્રવારે રાત્રિના નવ ને દસ મિનિટે તેમણે મહાસમાધિ લીધી હતી; તેટલી નાની વયમાં આત્મજ્ઞાન પામી આત્મદશા વધારી, જગતને મોહની ગાઢ નિદ્રામાંથી જગાડી, શાંતિનો સંદેશ આપ્યો. તેમનો જ્વલંત દેશપ્રેમ, તેમની માનવસેવા વગેરે સુપ્રસિદ્ધ છે. તેમનું અધ્યાત્મજ્ઞાન, તેમની અપૂર્વ આધ્યાત્મિક અનુભૂતિઓ અને જ્ઞાનયોગ, રાજયોગ, ભક્તિયોગ અને કર્મયોગ ઉપરનાં અદ્દ્ભુત વિવેચનો આશ્ચર્યકારક ગણાય. અહીં નીચે આપેલી વિગતો શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટથી પ્રસિદ્ધ થયેલ "સ્વામી વિવેકાનંદ" પુસ્તકમાંથી આભાર સહિત લેવામાં આવી છે:–

સ્વામીજીએ મહાસમાધિ લીધી તેના લગભગ એક

અઠવાડિયા પહેલાં એમણે પોતાના એક શિષ્યને બંગાળી પંચાંગ લાવવાનું કહ્યું. પંચાંગ લાવવામાં આવ્યું, ત્યારે એમણે શરૂઆતનાં થોડાં પાનાં ઉથલાવ્યાં અને પછી એને બાજુમાં મૂકી દીધું. એ પછીના દિવસોમાં ઘણીવાર એવી રીતે પંચાંગ જોઈ રહેલા તેઓ ઘણાની નજરે પડયા હતા. જાણે એવું લાગતું હતું કે કશુંક નક્કી કરવાનું છે, પણ નક્કી થતું નથી! એમના મહાપ્રયાણ પછી જ વિશાદમગ્ન ગુરુભાઈઓ અને શિષ્યો આ ઘટનાનું રહસ્ય સમજી શકયા. ત્યારે જ એ લોકોને જાણ થઈ કે અમુક ચોક્કસ દિવસે દેહનાં બંધન તોડી નાખવાનું એમણે નક્કી કરી લીધું હતું અને એ ચોક્કસ દિવસ તે સને ૧૯૦૨ની ૪ થી જુલાઈનો હતો!

એમના દેહ વિસર્જનના ત્રણ દિવસ પહેલાં....ગંગા નદીના કિનારા પાસેની એક જગ્યા બતાવીને એમણે ગંભીરતાપૂર્વક કહ્યું, જયારે આ દેહ પડે, ત્યારે એને ત્યાં અગ્નિદાહ આપવાનો છે.'!'

સ્વામીજીના મહાપ્રયાણ સાથે સંકળાયેલી કેટલીક મહત્ત્વની વિગતો ભગિની નિવેદિતાએ નોંધી છે. એ લખે છે:—

"પરંતુ જ્યારે જૂન માસનો અંત આવ્યો ત્યારે તેઓ બરાબર જાણી ગયા હતા કે હવે અંતિમ ઘડી નજીક છે. પોતે મહાપ્રયાણ કર્યું તેના આગલા બુધવારે એમણે એક જણને કહ્યું; 'હવે હું મૃત્યુને ભેટવા માટે સાબદો થાઉં છું.'

એ અરસામાં દુનિયાના કોઈ પણ સમાચારનો એમના ઉપર તદ્દન આછો પ્રત્યાઘાત પડતો. વરસાદની ખેંચ અંગે કોઈએ

આપેલા ચિંતાજનક સમાચારને પણ જાણે સ્વપ્નમાં સાંભળ્યા હોય એમ એમણે દાદ આપી નહીં....એક વખત માંદગીના હુમલા પછી, મેં એમને બે પાંચિકા ઊંચકી લેતા જોયા. એમણે કહ્યું: 'જ્યારે જ્યારે મૃત્યુ મારી સમક્ષ આવીને ઊભું રહે છે, ત્યારે ત્યારે સઘળી દુર્બળતા અદૃશ્ય થઈ જાય છે. મને એ વખતે નથી રહેતી બીક કે શંકા, નથી આવતો બાહ્ય વસ્તુઓનો વિચાર. બસ, હું તો કેવળ મૃત્યુ માટે સજ્જ થઈ જાઉં છું. ત્યાં હું આ પાંચિકા જેટલો કઠિન થઈ જાઉં છું.' (અને એ પાંચિકાને એમણે ટકરાવ્યા) કારણ કે મેં પ્રભુના ચરણકમળનો સ્પર્શ કર્યો છે."

શ્રી રામકૃષ્ણે એક વાર પોતાના ભક્તોને કહેલું, "નરેન્દ્ર સ્વેચ્છાએ દેહનો ત્યાગ કરી દેશે. જે વખતે એને પોતાના ખરા સ્વરૂપનું ભાન થશે તે જ વખતે આ દેહમાં એક પળ વાર પણ વધારે પૂરાઈ રહેવાની એ ના પાડશે. એવો દિવસ આવવાનો છે કે જ્યારે એ પોતાની બૌદ્ધિક અને આધ્યાત્મિક શક્તિના સામર્થ્યથી જગતને પાયામાંથી હચમચાવી નાંખશે."

ચોથી જુલાઈનો એ શુક્રવાર તો ભારે સુખદ દિવસ હતો. સ્વામીજી પણ પ્રસન્ન અને સ્વસ્થ જણાતા હતા. પણ એ જ દિવસ અંતિમ નીવડશે એ તો કોઈ મઠવાસીએ માન્યું જ ન હતું.

જાણી જોઈને હોય કે અંતર્ પ્રેરણાથી, પરંતુ એ દિવસે સ્વામીજીનાં તમામ કાર્યો હેતુપૂર્વકનાં અને સૂચક રીતે થઈ રહ્યાં હતાં, એમાં શંકા નથી. એ દિવસે એમણે સવારના આઠથી અગિયાર સુધી એકાંતમાં ધ્યાન ધર્યું. આ વસ્તુ અસાધારણ

હતી....જ્યારે તેઓ ધ્યાનમાંથી બહાર આવ્યા, ત્યારે સર્વોચ્ચ જ્ઞાન અને ભક્તિથી ભરપૂર એક હૃદયસ્પર્શી ભજનનું ગુંજન કરી રહ્યા હતા.

સાંજ પડવા આવી. એમનું મન વધુ ને વધુ અંતર્મુખ થતું જતું હતું. સંધ્યા આરતીનો ઘંટ વાગ્યો. નીરવ શાંતિ હતી. સ્વામીજી પોતાના ખંડમાં ગયા : પછી ગંગા નદી સામે મુખ કરીને ધ્યાનમાં બેઠા.

ત્યાર પછી જે બન્યું તેનું વર્ણન સ્વામી શારદાનંદે ન્યુયોર્કની વેદાંત સોસાયટીના પ્રમુખ ડો. લેગનને તા. ૨૪ મી જુલાઈએ પત્ર લખ્યો તેમાં લખ્યું :

"૪ થી જુલાઈ ને શુક્રવારે રાત્રિના નવ ઉપર દશ મિનિટે સ્વામીજીએ મહાસમાધિમાં પ્રવેશ કર્યો. એ બધું એટલું બધું ઓચિંતુ બની ગયું કે મઠમાં એમના ખંડની બાજુના ખંડોમાં રહેલા સ્વામીઓને પણ લેશ માત્ર એનું ધ્યાન રહ્યું નહીં. સ્વામીજી સાત વાગ્યે પોતાના ખંડમાં ધ્યાનમાં બેઠા હતા. એમણે સૂચના આપી હતી કે બોલાવ્યા વગર કોઈએ પણ એમાં પ્રવેશવાનું નથી. એક કલાક પછી એમણે અમારામાંથી એક જણને બોલાવ્યો અને માથા ઉપર પવન નાખવા જણાવ્યું. પોતે પથારી ઉપર શાંતિપૂર્વક સૂતા હતા અને એમની સારવાર કરનારને તો એવો જ ખ્યાલ હતો કે તેઓ ઊંઘમાં કે ધ્યાનમાં છે. એક કલાક પછી, એમના હાથ સહેજ કંપી ઊઠયા અને એમણે એક ઊંડો શ્વાસ લીધો. પછી એક બે મિનિટ સુધી શાંતિ છવાઈ રહી. ફરી વાર એમણે એ જ રીતે શ્વાસ લીધો;

એમની આંખો એમની ભમ્મરના મધ્યભાગમાં સ્થિર થઈ ગઈ, એમની મુખમુદ્રા ઉપર કોઈ દિવ્ય ભાવ પથરાઈ રહ્યો અને એમના જીવન ઉપર છેલ્લો પડદો પડ્યો."

: ૯ :

"મા" તરીકે પ્રખ્યાતિ પામેલા કુંવરમાના દેહત્યાગનો પ્રસંગ જણાવીએ છીએ. તેમનો જન્મ સં. ૧૯૪૪ ના ભાદરવા સુદ બીજના દિવસે કચ્છ માંડવીમાં થયો હતો અને દેહાંત સં. ૨૦૦૮, વૈશાખ વદ ચૌદસ શુક્રવારે ૬૪ વર્ષની વયે થયો હતો. ગૃહસ્થદશામાં રહીને અધ્યાત્મનું કેટલું ઊંચું કાર્ય થઈ શકે છે તેનું જ્વલંત દૃષ્ટાંત અહીં મળી રહે છે. પૂર્વના ધર્મારાધક જીવને પરમાર્થ પુણ્યનો ઉદય થતાં સંસારની વ્યવહારિક પ્રવૃત્તિ બાધાકારક થઈ શકતી નથી અને શુદ્ધ વ્યવહાર ધર્મ બજાવતાં બજાવતાં આત્મકલ્યાણની ઉન્નત શ્રેણિ સંપ્રાપ્ત થતી જાય છે એ સત્ય ઘટના નોંધપાત્ર છે.

તેમની પવિત્ર મુખમુદ્રા અત્યંત શાંત, સૌમ્ય અને સ્નેહાળ હતી. તેઓ કહેતાં, "પાંચ વર્ષની થઈ ત્યારથી આજ દિવસ સુધી કોઈ ઉપર ક્યારેય ક્રોધ કર્યો નથી તે બરાબર યાદ છે અને તેમ કરવાથી જરાપણ નુકશાન થયું નથી પરંતુ લાભ જ થયો છે." પાંચ વર્ષની ઉંમરથી જ તેમને દમનો રોગ લાગુ પડ્યો હતો; છતાં ત્યારથી જ તેઓ ધર્મારાધનામાં અનુરક્ત રહેતાં. પ્રભુસ્મરણ વિના જીવનની એક ક્ષણ પણ જવા દેતાં નહિ. સાતમા વર્ષે આરાધના વેળાએ (સામાયિકમાં) ઘરમાં એકલાં હતાં ત્યારે ધરતીકંપનો આંચકો આવ્યો પરંતુ તેઓએ નીડર-

પણે સ્થિરતા રાખી હતી. બત્રીસ વર્ષની ઉંમરે તેમને પરમ આત્મજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજીના વચનામૃતનો પરિચય થયો અને ત્યાર પછી તો અંતકાળ પર્યંત તે મહાજ્ઞાની પુરુષની ભક્તિમાં જ રહ્યા હતા. સંસારની અનેક પ્રકારની ઉપાધિઓ તેમના ભાગ્ય-યોગે ઉદયમાં આવતી અને તે તે વખતે પ્રભુસ્મરણમાં રહી સમતા અને શાંતિને જ અવગાહતા. કયારે પણ ખેદનો કે શોકનો એક શબ્દ સુદ્ધાં તેમના મુખકમળમાંથી નીકળતો નહોતો સં. ૧૯૮૧ ના ફાગણ વદ ૧૦ ની મધ્ય રાત્રિએ, એટલે તેમની ૩૭ વર્ષની વયે તેમના પતિદેવ ભગવાનજીભાઈ એ પ્રથમ સંગ્રહણી અને પછી પક્ષઘાતની બીમારીમાં દેહત્યાગ કર્યો તે સમયની પરિસ્થિતિ અદ્ભુત હતી. કુંવર માએ તેમનું માથું પોતાના ખોળામાં રાખ્યું હતું; તેમના માથે હાથ રાખી મહાવીર પ્રભુનું સ્મરણ આપી શરણું આપતાં હતાં; કહેતાં, "ભગવાન પાસે જવાનું છે. એક તેમાં જ લક્ષ રાખો મારામાં કે અન્ય કોઈમાં ચિત્તને રોકશો નહીં. કોઈ વિકલ્પ પણ કરશો નહીં. ભગવાન તમને લેવા આવશે." ભગવાનજીભાઈ એ તેમ જ કર્યું અને માના પવિત્ર ખોળામાં માથું રાખીને "મહાવીર" "મહાવીર" કહેતાં સમાધિપૂર્વક દેહ છોડયો. અત્ર એક વાત જણાવવી આવશ્યક છે કે કુંવરમા આત્માનુભવ કરી જ્ઞાની થયા હતા.

દેહાવસ્થા તો નબળી રહેતી જ, દેહપ્રકૃતિ ગમે તેટલી વિષમ હોય છતાં તેમણે દેહની મમતા રાખી નહોતી. બીમારીમાં તેઓ પ્રભુને વિસ્મરણ કરતા નહીં. શ્વાસોચ્છ્વાસમાં પ્રભુના નામનો જાપ વણાઈ ગયો હતો. માંદગી આગળ વધી રહી હતી; નિર્દોષ દવા હોય તો જ તેઓ લેતા; અને પછી તો દવા લેવાની પણ ના

કહી, ત્યારે પુત્રાદિએ કહ્યું : "મા ! દવા નહીં લ્યો તો કેમ ચાલશે ?" માએ હસીને કહ્યું, "ભાઈ, હવે ન ચાલ્યું તો ય શું ?

એમ કરતાં મહાપ્રયાણનો અવસર આવી પહોંચ્યો. તેમની જીવનભરની તપશ્ચર્યા, સાધના અને પ્રભુ ભક્તિએ તેમને પ્રભુની વધુને વધુ સમીપ લાવ્યા હોય તેવું પાસે રહેનાર અને જોનારને સ્પષ્ટ લાગતું હતું. સવારના પહોરમાં તેમના મુખ પર અવર્ણનીય આનંદ છવાયેલો હતો. કારણ પૂછવા છતાં તેમની અંતરંગ સ્થિતિ પ્રગટ ન થઈ જાય તેવી કાળજી રાખી હતી. જવાબમાં એટલું જ કહ્યું કે "રાત્રે મને ખૂબ આનંદ મળ્યો, આજે સ્મરણમાં અદ્ભુત આનંદ હતો." બીમારીમાં એક દિવસ તેઓ ચાર કલાક સુધી મૌન રહ્યા હતા. જાગૃતિમાં આવ્યા ત્યારે પરમકૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીનાં પુત્રી જવલબેન હાજર હતાં તેમને કહ્યું, "બેન, આજે ખૂબ આનંદ આવ્યો. ચાર કલાક પ્રભુનાં દર્શન કર્યા. મને જે જોઈતું હતું તે મળી ગયું." પૂજ્ય જવલબેન જણાવે છે:

"દેહત્યાગ થયો તે દિવસે સાંજના હું ગઈ તેથી તેમને ખૂબ આનંદ થયો. પગની પીડા ઘણી હતી પણ તે તરફ તેમનું લક્ષ ન હતું. ભાનુમતી (માના પુત્રવધુ) અને મેં ભક્તિ કરી. પછી મેં પૂજ્ય માને જમવાનો આગ્રહ કર્યો. મારી ખાતર હા પાડી પણ કાંઈ જમી શક્યા નહીં, હું તેમની પાસે બેસીને જમી તેથી તેમને આનંદ થયો. જમ્યા પછી ફરી ભક્તિ ધૂન કરીને હું તેમનો હસતો ચહેરો મૂકીને ઘરે ગઈ. તેમણે સવારે ચાર વાગે સમાધિપૂર્વક દેહ છોડ્યો."

તેમના અંતકાળની સ્થિતિ જોતાં તેમના અંતરમાં જીવન

અને મરણ સમાન હતાં એવી છાપ દરેકના ચિત્તમાં સ્વયં ઉપસી આવતી હતી. છેવટ સુધી તેમની સતત જાગૃતિ હતી; જાપ અવિરત ચાલ્યા કરતા હતા અને અંત સમયે પણ તેમના હોઠ અને હાથના આંગળા એક પ્રભુ પ્રભુ જ જપતા હતા; એ જ એક લય હતી. ચહેરા પર અપૂર્વ ભાવની કાંતિ પ્રકાશિત થયેલી દેખાતી હતી. જગતથી આંખો મીંચીને પ્રભુશાંતિમાં લીન થઈ સૂતા હોય એવું લાગતું હતું.

: ૧૦ :

દેહોત્સર્ગનો નજરે નિહાળેલ આ અનુભવપ્રસંગ પ્રેરણાબળ અર્પનાર હોવાથી અહીં રજૂ કરીએ છીએ. આ એવા પુરુષની સત્ય જીવનકથા છે કે જેમણે એક જ ભવમાં વ્યવહારિક અને પારમાર્થિક સફળ પ્રવૃત્તિ કરી દેહની સાર્થકતા કરી હતી. તેમના જીવનનો બહુલતાએ મોટો ભાગ સંસારાર્થે વ્યતીત થયો હતો. અથાગ ઉદ્યમ, સાહસિકતા, ધ્યેયપરાયણતા, નીડરતા, અડગ નિશ્ચયતા, અને કાર્યમાં એક ચિત્તે રત રહેવાપણું ઇત્યાદિ ગુણોના આશ્રયે તથા પૂર્વપુણ્યના ઉદયબળે તેમને સંસારનું કહેવાતું સુખ, ધનાદિ સંપત્તિ, વૈભવ અને સમૃદ્ધિ સહેલાઇથી સંપ્રાપ્ત થયાં હતાં. તેમણે લોકસેવા તથા ધર્મના ક્ષેત્રે લક્ષ્મીનો છૂટથી સદુપયોગ કર્યો હતો. તેમના અંતરમાં ધર્મશ્રદ્ધા તેમ ધર્મરુચિ તો મૂળથી હતાં જ; પરંતુ તેની બાહ્ય પ્રગટતા અને વિકાસ વિશેષતા થવા માટે માત્ર નિમિત્તની જરૂર હતી. અધ્યાત્મ ઉન્નતિના પગરણ થવાનાં હોય ત્યારે સંસારના કલેશ અને દુઃખ તેના કારણરૂપે આવીને ઊભા રહે છે એવી જે અનુભવવાણી તે તેમના સંબંધમાં

પ્રમાણભૂત થઈ હતી.

તેમનો જન્મ જાન્યુઆરી ૧૯૧૧ની સાલમાં થયો હતો અને દેહત્યાગ સને ૧૯૭૩ના મે માસની ૨૪મી તારીખ ગુરુવારે સવારના પાંચ ને પંચાવન મિનિટે થયો હતો. ૪૪મા વર્ષે પ્રાણ હરી લે એવો ભયંકર મોટર અકસ્માત થયો, પરંતુ સદ્‌ભાગ્યે આયુષ્યબળના લીધે મોટી શસ્ત્ર ક્રિયાઓ થવાં છતાં પોતે બચી ગયા, હા થોડી પગની ખોડ રહી જવા પામી હતી. આ માંદગી પછી પણ દેહની અન્ય અન્ય પ્રકારે અનારોગ્યતા ચાલુ રહી, વારંવાર શસ્ત્રક્રિયાઓ થઈ અને સને ૧૯૭૦માં એક કીડની કાઢી નાખવામાં આવી. આ અને અન્ય પ્રકારની વ્યાધિઉપાધિ પરમાર્થમાર્ગે વળવામાં નિમિત્ત થયાં.

તેમના ૫૪મા વર્ષથી ધર્મારાધન શરૂ થયું અને પછી તો ઉત્તરોત્તર વધતું ચાલ્યું, તે એટલે સુધી કે તેઓ પરમ ઉદાસીન દશામાં, નિર્મોહસ્થિતિમાં રહેવા લાગ્યા. અધ્યાત્મવાચન, ભક્તિ, પ્રભુસ્મરણ અને ઊંડા ચિંતનમાં દિવસો પસાર કરતા હતા. તેઓ આત્મજ્ઞાની પ્રભુ શ્રીમદ્ રાજચંદ્રજીના સાચા શિષ્ય અને પરમ ભક્ત હતા; અને તેમના શરણે જ તેમનું શેષ જીવન સમર્પિત થયું હતું. સને ૧૯૭૨ માં બીજી કિડનીનો વ્યાધિ શરૂ થઈ ચૂક્યો હતો અને તે ઉગ્ર સ્વરૂપ પકડતો જતો હતો; દિવસ ને રાત અડધી અડધી કલાકે પેશાબ કરવા જવું પડતું હતું; તે વેળાએ થોડી પીડા થતી હોવા છતાં તેઓ શાંત અને સ્વસ્થ જ રહેતા. વેદના કે પીડાનો અણસાર કોઈને ન આવે એવી તેમની વર્તના હતી. દર્દની નિવૃત્તિ માટે દાક્તરી અભિપ્રાય શસ્ત્રક્રિયા કરવા માટેનો હતો અને તેનો

આખરી નિર્ણય લેવાયો. ઓપરેશન મોટું અને જોખમી હતું, તેની નિઃશંકતા પોતાને પણ હતી; મૃત્યુને ભેટવાની અને મૃત્યુ મહોત્સવ ઉજવવાની પૂર્વ તૈયારી તો છેલ્લા વર્ષોમાં કરી રાખી હતી, તેથી આત્મામાં તો પૂરી પ્રસન્નતા હતી.

ઓપરેશન પ્રથમ પોતાની ઇચ્છા પૂરી કરવા તેઓ આરાધ્ય-દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના જન્મ સ્થળ વવાણિયા ગયા, અત્યંત રૂડા પ્રેમભાવપૂર્વક જ્ઞાનમૂર્તિ, શાંતમૂર્તિ, ચૈતન્યમૂર્તિ શ્રીમદ્જીની પ્રતિમાના છેલ્લાં દર્શન કર્યા અને આહ્લાદથી વંદણા કરી કૃત-કૃત્યતા અનુભવી. બાદ મોરબી જઈ સર્વ સત્સંગીઓને સ્નેહ-ભાવે મળ્યા અને છૂટા પડતાં તેમના પ્રેમાળ ચક્ષુમાંથી હર્ષનાં અશ્રુબિંદુઓ સરી પડયાં. તેમના પરિચયમાં આવનાર અનેક સત્સંગીઓમાંથી બહુ થોડાને જ ખ્યાલ હતો કે તેમણે તેમના ધર્મારાધનમાં વિચારની નિર્મળતાએ કરી ભ્રાંતિનો ભૂક્કો બોલાવ્યો હતો, મોહરાજાના પ્રબળ સૈન્યને આત્મવીર્યથી હરાવ્યું હતું અને ધર્મનો સુંદર અને પવિત્ર લાભ પ્રભુઆજ્ઞામાં રહી સંપ્રાપ્ત કર્યો હતો, પરંતુ ત્યારબાદ તેમના દેહવિલયના પ્રસંગના વર્ણન પરથી કેટલાકને તેવો અણસાર આવ્યો હતો.

તેઓ આ લખનારના વ્યવહારે કૌટુમ્બિક સગા હતા, પરમાર્થે સખા હતા અને ધર્માર્થે સત્સંગી હતા. તા. ૧૮ મી મે ૧૯૭૩ ના રોજ સવારના ઓપરેશનનો સમય હતો; તે દિવસે સવારના સાડા સાત વાગે અમે હોસ્પીટલમાં તેમની પાસે ગયા; તેમણે અદ્ભુત વાત કહી કે : "ગઈ આખી રાત્રિ ખૂબ આનંદમાં પસાર થઈ હતી. સ્મરણ અને જાગૃતિ સતત રહ્યાં

હતાં; રાત કેમ પસાર થઈ ગઈ તેની ખબર પડી નહીં. વારંવાર અડધી કલાકે પેશાબ માટે ઊઠવું પડતું તે પણ બંધ જેવું હતું." તેઓ ખૂબ સ્વસ્થ, શાંત અને પ્રસન્ન હતા. નીડરતા એક ભક્તસેવકને છાજે એવી ભરપૂર હતી. આઠ ને પાંચ મિનિટે તેમને ઓપરેશન થિયેટરમાં લઈ જવામાં આવ્યા, ત્યારે સર્જન ડૉક્ટરને પોતે કહ્યું, "હમણાં મને બેશુદ્ધ ન કરશો. મારે પ્રભુનામસ્મરણ કરવું છે. આંગળી ઊંચી કરી હું નિશાની આપું ત્યારે બેશુદ્ધ કરજો." દાક્તરને થોડું આશ્ચર્ય તો થયું પરંતુ દર્દીના ધર્મારાધનનો તેમને ખ્યાલ હતો અને તેમ કર્યું. પછી ઓપરેશન શરૂ થયું ને સાત કલાક સુધી ચાલ્યું. ઓપરેશનના સમય દરમ્યાન તેમના રૂમમાં તેમના ધર્મપત્ની અને બીજાં બહેનો ભક્તિ કરતાં હતાં. સાંજના ચાર વાગ્યે રૂમમાં તેમને લાવ્યા ત્યારે તેઓ ભાનમાં હતા : આંખો ખોલી જોતા હતા. ઓપરેશન બાદની પ્રચલિત સારવાર ચાલુ હતી. થોડીવાર પછી તેમની પાસે જઈ અમે પૂછ્યું, "કેમ છે? દુઃખાવો કેટલો છે?" તેમણે ઉત્તર વાળ્યો, "સારું છે, સાધારણ છે."

પ્રભુકૃપાએ અમે તેમની ધર્મસેવા માટે ઠીક ઠીક કલાકો સુધી હાજરી આપી શક્યા હતા. બીજા દિવસે સવારે તેમની પાસે જઈ કહ્યું, "કેમ છે?" પોતે કહ્યું, "સારું છે, દુઃખાવો નથી." આખો દિવસ સારો અને શાંતિમાં ગયો. પરંતુ તા. ૧૯ ની રાત્રે એકાએક પેટમાં નસ તૂટવાથી, લોહી કફ વાટે બહાર આવતાં, તત્કાળ ઉપચાર શરૂ થયા. અગાઉ ૧૯૬૫ માં આ પ્રમાણે તકલીફ થઈ હતી ને ઉપાયથી દૂર પણ થઈ હતી. આ

વખતે દેહત્યાગનો અવસર હોઈ દાક્તરોના સતત પ્રયત્નો અને ઉપાયો કાર્યકારી થયાં નહીં. એક બાજુથી લોહીનો બગાડ નાકમાં મૂકેલી નળી વાટે પેટમાંથી ખેંચાતો હતો, ત્યારે બીજી બાજુ લોહી તથા સેલાઈન ચડાવવાનું કાર્ય થતું હતું. તા. ૨૦ તથા ૨૧ તેમ જ પસાર થયાં. તા. ૨૨ ના તેમણે અમને, તેમના ધર્મપત્ની તથા પુત્રને કહ્યું, "તમને એમ લાગે ત્યારે બધી સારવાર ને ઉપાયો બંધ કરાવજો અને મને મારું કામ કરવા દેજો." તેમના મનમાં હતું કે અંતકાળ હવે સમીપ છે અને તે અવસરના દિવસનું જ્ઞાન પણ તેમને થયું હતું, તેથી તે જ દિવસે બપોરના કહ્યું કે: "હવે બે દિવસ બાકી છે." તા. ૨૩ ના બપોરે પુત્રો પુત્રીઓ, પુત્રવધુઓ, સ્વજનો અને ધર્મપત્નીને એક પછી એકને બોલાવીને પોતાને જે કહેવાનું હતું તે કહ્યું અને વ્યવહારધર્મ જાળવ્યો. દાક્તરની ન બોલવાની ને આરામ કરી ઊંઘી જવાની સલાહની ઉપરવટ જઈને આ કાર્ય કર્યું હતું; આત્મા જાગૃત રહેવાથી તેમની ઊંઘ ઊડી ગઈ હતી અને ઉપરા ઉપર ત્રણ ત્રણ વાર ઘેનનાં ઇન્જેકશન આપવા છતાં કોઈ અસર નહીં, જાણે કેમ આત્માએ કૃત્રિમ બેશુદ્ધિ (ઊંઘ) સામે બળવો કર્યો હોય! પોતાનાં ધર્મપત્નીને બોલાવ્યા, ત્યારે કેટલીક વ્યવહાર વિધિની અને અન્ય સૂચનાઓ આપી હતી, જેમકે કોઈએ રડવું નહીં, શોક પાળવો નહીં, કાળાં વસ્ત્ર પહેરવાં નહીં, નજીકનાં સગાં સંબંધીઓ સિવાય બીજાઓને કહેવરાવવું નહીં, દિલાસાના તારો કે કાગળોના જવાબ આપવા નહીં, શોક સભા ભરવી નહીં, મૃતદેહને ઇલે-

ફટ્રીકથી બાળવો ઇત્યાદિ. સ્વજનાદિને કહેવાનું કહી દીધા પછી "હું બોલીશ નહીં" એમ કહેલ ને ખરેખર તેમ જ કર્યું. એકવાર તેમણે એમ પણ કહ્યું હતું કે "આ આત્મા સારા સ્થળે સુખમાં જવાનો છે."

દરરોજ ભક્તિનાં પદો ગાવાનું અને ક્ષમાપના કરવાનું ચાલુ હતું. એકવાર તેમનાં ધર્મપત્ની સદ્ગુરુનું માહાત્મ્ય દર્શાવતા વીસ દોહરા બોલતા હતા; તેમની ઉપયોગ જાગૃતિ કેવી છે તેની પરીક્ષા કરવા જાણી જોઈને તેઓએ દોહરાનો ક્રમ છોડચો કે તરત જ તેમણે ભૂલ બતાવી હતી. "શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન...." એ પદ પોતે વારંવાર સ્મૃતિમાં લેતા હતા અને આત્માના અવિનાશીપણામાં સ્થિર થતા હતા. કોઈ કોઈ વાર તેઓ પોતાને અતિ પ્રિય એવી નીચેની ધૂન કરવા કહેતા

"રાજ સમર તું રાજ સમર, રાજ હૃદયમાં રાખીને;
તારા માથે મરણ ભમે છે, કાળ રહ્યો છે તાકીને."

અને તે વેળાએ તેઓ હોંશ અને ઉલ્લાસથી હાથની આંગળી વડે તાલ પૂરાવતા હતા. મૃત્યુ મહોત્સવ માટેની કેવી તૈયારી કહેવાય!

લોહીના અતિ વહેવાથી નસો નબળી થઈ ગઈ હતી અને પકડાતી નહોતી; તેથી દાક્તરે ડાબા હાથનાં બામણામાં અંગ ખોટું કરવાનો ઉપાય કર્યા વિના છરીનો કાપ કર્યો અને નસને પકડી ઉપચાર કરવાનો હતો તે કર્યો; પરંતુ તે વેળાએ તેમણે સીત્કાર કર્યા વિના બધું સમતા અને શાંતિથી સહી લીધું; એક શબ્દનો ઉચ્ચાર પણ કર્યો નહોતો; કેવું અદ્‌ભુત! આશ્ચર્ય!

દેહભાવમાં લીન કરાવે એવી જબરી કસોટીઓ વેદનીયકર્મના પ્રબળ ઉદયે આવી તો ખરી પણ રાજપ્રભુનું બળ સાથમાં હોઈ આત્મા બળવાન થતો હતો અને તેને લીધે તેઓ કસોટીમાંથી અખિશુદ્ધ પાર ઊતરી શકયા હતા.

તારીખ ૨૩ બુધવારની રાત્રિ તે જ રીતે ભક્તિભજનમાં શાંતિથી પસાર થતી હતી. પોતે જાગૃતિપૂર્વક સમતાભાવમાં હતા: કસર વધતી જતી હોય એમ લાગતું હતું; મૃત્યુને ભેટ-વાનો સમય સમીપ આવતો જતો હતો. તારીખ ૨૪ ગુરુવારની વહેલી સવારે પ્રભુકૃપાએ અમારો ભાસ ચાલતો હતો; તેમાં દર્દી આંખો મીંચીને શાંતભાવે સૂતા છે; એક બાજુ દાક્તર છે, બીજી બાજુ તેમનાં ધર્મપત્ની છે; વાતાવરણ શાંત છતાં ગંભીર છે; દાક્તર અમને કહે છે, "અમારૂં કામ પૂરૂં થયું છે, હવે...." ત્યાં જ અમારા બ્લોકની ઘંટડી વાગી, ભાસ પૂરો થયો ને અમે બારણું ખોલ્યું; માણસ તેડવા માટે આવ્યો હતો; સવારના પાંચ ને વીસ મિનિટે હોસ્પીટલમાં જતાં તે જ દૃશ્ય અમે જોયું. તેમનાં પત્ની ક્ષમાપનાનો પાઠ સંભળાવતાં હતાં. અમે દર્દીની ડાબી બાજુએ ઊભા રહ્યા, તેમનાં ધર્મપત્ની જમણી બાજુએ ઊભાં હતાં, દાક્તર બહાર ગેલેરીમાં ગયા; રૂમમાં પુત્રો, પુત્રીઓ, પુત્રવધુઓ, તેમના ભાગીદાર, નોકરો વગેરે અર્ધ ગોળાકારમાં ઊભાં રહી ગંભીર વદને જોઈ રહ્યાં હતાં; અમે પણ દર્દીના નયન પર દૃષ્ટિ રાખી એકી ટશે જોતા હતા, ક્ષણ ક્ષણ વીતતી હતી; દેહ અને દર્દ તેનાં કાર્ય કરતાં હતાં, ને આત્મા પોતાનું શ્રેયરૂપ કાર્ય કરતો હતો, તે તેમની મુખમુદ્રા પરની વધતી જતી કાંતિ

પરથી સમજાતું હતું. પાંચ ને પચાસ મિનિટે તેમણે આંખો ઉઘાડી અમારી સામે જોઈ ને મીંચી દીધી. શ્વાસોશ્વાસમાં થોડો ફેરફાર થયો અને દીર્ઘ શ્વાસ લેવાનું શરૂ થયું; ચાર વખત તેમ થયું ત્યારે પણ તેમના ચહેરા પરની કાંતિ અને શાંતિ અદ્દભુત હતાં. પાંચ અને પંચાવન મિનિટે આત્મસમાધિપૂર્વક નશ્વર દેહ છૂટી ગયો; નિર્મોહ દશામાં રહીને મૃત્યુ મહોત્સવ ઉજવાઈ ગયો. વધારામાં એટલું જ કે તેમની ઇચ્છાનુસાર બુધવારની રાત્રિએ જ દાક્તરનો વિરોધ છતાં સારવારનાં સાધનોનો ઉપયોગ બંધ કરાવવામાં આવ્યો હતો, કહો કે પજવણી દૂર કરવામાં આવી હતી.

: ૧૧ :

અમારા બાલસ્નેહી અને પરમ મિત્રના પિતાશ્રીના દેહાંતનો પ્રસંગ અહીં વર્ણિત કરીએ છીએ. તેમનો જન્મ ઇ. સ. ૧૮૮૩માં થયો હતો અને દેહવિલય ૭૮ વર્ષની ઉંમરે તા. ૫–૨–૧૯૬૧ના દિને સવારના થયો હતો. નાની વયથી જ કમાણી અર્થે પરદેશ રહ્યા હતા, અને જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓ વેચવાનો સ્ટોર ( દુકાન ) ખોલ્યો હતો. પરમ આત્મજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનમાંથી ઘણું મેળવનાર પૂજ્ય મહાત્મા ગાંધીજીના ગાઢ સંપર્કમાં તેઓ આવ્યા હતા અને પૂજ્ય ગાંધીજીના ઉચ્ચ આદર્શોને આચરણમાં મૂકી જીવનની સફળતા પ્રાપ્ત કરી હતી. તેમની પ્રમાણિકતાના આદર્શને લીધે તેમનો ધંધો પ્રતિવર્ષ વધતો હતો અને આવક પણ વિકસતી હતી. સ્વભાવથી જ નીતિમય જીવન ગાળવાની તેમની તીવ્ર ઇચ્છા કાયમ રહી હતી.

કુટુંબ વત્સલતા, સ્નેહપરાયણતા અને સરળતા આદિ તેમના ગુણો ધ્યાન ખેંચે તેવા હતા. કલ્યાણપ્રદ ધર્મસંસ્કારો નહીં તેથી ધર્મારાધના ન થાય તે સહજ છે છતાં ધર્મશ્રદ્ધા તો તેમનામાં હતી જ; તેમનું પ્રધાનલક્ષ સાત્ત્વિક વૃત્તિ, વ્યવહાર નીતિ અને શુદ્ધિ પ્રત્યે રહેતું. તેમણે પરદેશનું કામકાજ પુત્રોને સોંપી, મુંબઈ આવી જીવનનાં છેલ્લાં વર્ષો વીતાવ્યા હતા. તેઓ તથા તેમનાં ધર્મપત્ની આનંદથી રહેતાં હતાં. બન્ને વચ્ચે સ્નેહની ગાંઠ બળવાન હતી. પરસ્પરનાં સ્નેહ બંધન મજબૂત હતાં અને એક–બીજાના આશ્રયે આયુષ્યના દિવસો ગાળતાં હતાં.

ઉંમરની સાથે નબળાઈ વધતી હતી, તેવામાં શરીર વ્યાધિ-ગ્રસ્ત થયું અને વ્યાધિએ પકડ જમાવવી શરૂ કરી. એમ કરતાં અંતસમય સમીપ આવતો જતો હતો. માંદગીમાં અન્ય કોઈ ઉજળી પીડા કે વેદના ન હતાં; માત્ર દેહની ક્ષીણતા અને નિર્બળતા પોતાનો પંજો ઉત્તરોત્તર ફેલાવતાં હતાં. એક દિવસ વહેલી સવારે ફોન આવ્યો અને અમે તરત જ તેમની પથારી પાસે પહોંચી ગયા. તેમના પુત્રો, પુત્રવધુઓ વગેરે તેમની પાસે જ હતાં અમે તેમને થોડી વાર ધર્મશ્રવણ કરાવ્યું; તેઓ પૂરી શુદ્ધિમાં હતા, પારાવાર નબળાઈ જણાતી હતી; મુખમુદ્રા પર ગ્લાનિ ખેદ કે કોઈ અપ્રસન્ન લાગણીનાં ચિહ્ન નહોતાં, વદન પર રેખાઓ પૂર્વની જેમ એવીને એવી જ હતી. ધીમે ધીમે શ્વાસ ચાલતો હતો, ત્યારે તેમનાં ધર્મપત્નીએ હિંમત એકઠી કરી તેમને કહ્યું : "મહાવીર બોલો" અને જ્યારે ત્રણ વખત એમ કહ્યું ત્યારે પારાવાર નબળાઈની સામે પડી છેલ્લું બળ

એકત્રિત કરી અતિ પરિશ્રમ વેઠીને બોલતા હોય તેમ ત્રુટક અક્ષરોમાં મ....હા....વી...ર બોલ્યા અને પછી તરત જ છેલ્લો શ્વાસ સંચર્યો. તેમની જીવનલીલા સંકેલાઈ ગઈ.

પ્રેમના ગાઢ બંધનથી બંધાયેલા તેમના ધર્મપત્ની પછી ઢગલો થઈને બેસી ગયા. વિયોગની વેદના સહેવાનું તેમને માટે મુશ્કેલ બન્યું. અમને કહેલ કે : "છ માસથી વધુ નહીં જીવું". તેમના સંબંધમાં તેમ જ થયું. એક બે ખેદનાં નિમિત્તો મળ્યાં અને તેઓ તા. ૧૭–૮–૧૯૬૧ના દિને સાંજના હૃદય એકાએક બંધ પડી જતાં દેહનો ત્યાગ કરી ચાલી નીકળ્યાં.

: ૧૨ :

એક બાર તેર વર્ષની વયના બાળકની આ જીવનકથા છે. નાની ઉંમરે પૂર્વના ધર્મ અને આચારના સુસંસ્કારો જાગૃત થઈ ઊગવા અને ખીલવા લાગે છે ત્યારે કેવાં સુંદર પરિણામ જોવા મળે છે તેનું આ પ્રેરક દૃષ્ટાંત છે. આ બાળકના દેહત્યાગનો પ્રસંગ સને ૧૯૭૧ ના ડીસેમ્બર માસની તારીખ ૧૪ના થયો હતો.

થોડાં વર્ષથી તે માથું સખત દુખવાની ફરિયાદ કરતો. દાક્તરી સારવાર અને દવાથી ઠીક જણાતું અને ફરીથી વારંવાર તેમ બન્યા કરતું. નિશાળમાં અભ્યાસ ચાલુ હતો અને પ્રતિવર્ષ પાસ થઈ ઊપલા ધોરણમાં સ્થિતિ થતી હતી. માંદગીના કારણે ફરી ફરી પથારીમાં રહેવું પડતું. પ્રભુનામ સ્મરણનો સુમંત્ર તેને આપવામાં આવ્યો હતો અને તે દયાળુ પ્રભુનો નિર્દોષ બાળક સહજ શ્રદ્ધા અને પ્રેમથી મંત્રસ્મરણનું કાર્ય

સતત કરતો હતો. તેમ કરવાથી અસાતા વેદનીયકર્મના ઉદયને સમતાથી વેદવાની તેની શક્તિ વધી ગઈ હતી. મંત્રમાં ચિત્તને ચોંટાડી સ્થિર કરવાનું તેનાથી સુલભતાએ બનતું હતું; સ્મરણ ચાલુ છે તેની પ્રતીતિ હોઠના હલનચલનથી સ્વાભાવિક રીતે પાસે રહેનારને મળતી હતી. કયારેક કયારેક તે તેમાં ગરકાવ થઈ લીન થઈ જતો હતો અને તે વેળાએ તેને બોલાવવાનું થતું તો ઉત્તર મળતો નહોતો. કોઈને લાગે કે તે નિદ્રાદેવીના ખોળામાં પડી જઈ આરામ કરતો હશે.

સને ૧૯૭૧ના શરૂના મહિનાઓમાં તેનો દેહવ્યાધિ વધતો જતો હતો. અમે તેને જોવા અનુકૂળતા મુજબ અવારનવાર જતા અને તેની સમતાથી વેદવાની શક્તિ જોઈ આશ્ચર્ય પામતા; પૂછીએ ત્યારે "બહુ દુઃખે છે" તેટલો જ ઉત્તર આપી તે શાંત રહેતો. દાક્તરી અભિપ્રાય બ્રેઈન ટ્યુમર ( મગજની નસમાં સોજો ) માટેનો થતાં અને ઓપરેશન આવશ્યક છે તેમ જણાતાં તે જ વર્ષના મે માસમાં શસ્ત્રક્રિયા પૂરી સફળતાથી થઈ. તે પ્રસંગની આબેહૂબ આગાહી અને તે દૃશ્યનું ચિત્ર તેના ધર્મનિષ્ઠ દાદાજીને અગાઉથી થઈ ચૂકયાં હતાં અને તેમ જ બન્યું હતું. પ્રભુકૃપાએ કસોટીમાંથી પાર ઊતરવાનું થયું. બાળકની દેહસ્થિતિ સુધારાના પથ પર આગળ વધતી હતી; લૌકિક વ્યવહાર જાળવવા તબિયતના ખબર પૂછવા આવનાર માણસોની સંખ્યા વૃદ્ધિ પામતી હતી. સ્ત્રીઓની અસાર સંસારી વાતો સાંભળવી તે સુસંસ્કારી બાલકને અપ્રિય લાગતી હતી, તેને કંટાળો આવતો હતો અને કહેતો કે : "આવી વાતો શા માટે કરો છો? મને નથી ગમતું. ભગવાનની વાત કરો,

ભક્તિનાં પદો ગાઓ, તે મને ગમે છે." પૂર્વના શુભ સંસ્કારોના શુભ ઉદય વિના આમ બની શકે ખરૂં ? આટલા નાના બાળકમાં પૂર્વના આરાધન વિના ધર્મવૃત્તિઓ ઊઠવી સંભવિત કેમ હોય ?

તેના દાદાજી તેને દરરોજ નિયમિતપણે ભક્તામર સ્તોત્રનું શ્રવણ કરાવતા; તેના દાદીમા ભક્તિપદો સ્નેહથી સંભળાવતા; તેના માતાપિતા પણ તેવી જ વાતોથી તેને પ્રસન્ન કરતા, અને તેની સર્વ પ્રકારે હોંશથી સેવા કરતા. ભક્તિરસ સભર પદો સાંભળી ધર્મપ્રેમી બાળકને આનંદ થતો, આ પ્રમાણે દિવસો નિર્ગમન થતા હતા, પરંતુ તેવામાં ફરીથી વ્યાધિનો હુમલો આવ્યો; લોહીની ઊલટીઓ થતી; દેહ નબળો પડવા લાગ્યો અને કસર વધવા માંડી; દાક્તરી ઉપાયો નિષ્ફળ જતા હતા અને આખરે અનંતકાળની સમીપતાના એંધાણ દષ્ટિગોચર થવાં લાગ્યા. તેના દાદીમાને આગાહી આવી કે હવે આ બાળક બે દિવસનો મહેમાન છે; તેઓ તેની સેવામાં સાબદા થઈ ગયા અને તેમની સાથે સર્વ આપ્તજનો પણ તે જ કાર્યમાં ગૂંથાયા.

દેહત્યાગનો દિવસ આવી પહોંચ્યો. ધર્મસેવા અર્થે પ્રથમ અમારી પુત્રી સવારના દશેક વાગે દર્દીની પથારી પાસે હાજર થઈ અને પછી લગભગ બાર વાગ્યે અમે બંને પણ પહોંચી ગયા. બાળકના માતા પિતા, દાદા દાદી, કાકા અને અમે સેવામાં હાજર હતાં. બાળક શાંતભાવમાં સૂતો હતો; ક્યારેક આંખના ડોળા ફરતા હતા; પગના હલન ચલનથી કળતર થતી હોય એમ લાગતું હતું; તે પગ પર હાથ રાખી મૂકીને અથવા તેને ફેરવતાં ફેરવતાં પ્રભુનામ સ્મરણ કરવાથી પગનું હલન ચલન બંધ થઈ

જતું ને તેનો શાંતભાવ વધી જતો. પ્રભુનામ સ્મરણનો મહિમા અપરંપાર છે તેની પ્રતીતિ સહેજે મળતી હતી હાજર રહેલાં સહુ અંદરમાં સ્મરણ કરતાં હતાં અને દર્દીની સામે ધ્યાનપૂર્વક જોઈ રહ્યાં હતાં. અમે પણ પછી દર્દીની પથારી પાસેથી ઊભા થઈ, તેની સામે જ પલંગ પર બેઠા અને જોયા કર્યું. લગભગ બપોરના એક ને ત્રીસ મિનિટે એકાએક લોહી બગાડની નાની ઊલટી થઈને તરત જ મુખ પર શાંતભાવની પવિત્ર રેખાઓ પ્રસરી ગઈ અને છેલ્લો શ્વાસ પણ શાંતિથી સંચરી ગયો. બાળકની જીવનલીલા સમાપ્ત થઈ તે તેનું શ્રેય કાર્ય કરી ગયો.

: ૧૩ :

આ લખનારના પૂજ્ય પિતાશ્રીના દેહાંતના પ્રસંગનું ચિત્ર અતિ વિનમ્રભાવે અને કેવળ અપક્ષપાત બુદ્ધિએ જેમ જોયું અને અનુભવ્યું તેમ આલેખિયે છીએ. રાગ કે સ્નેહના બંધનના કારણે અતિશયોક્તિ કરવાની મનોવૃત્તિ લેશ પણ નથી તે નમ્ર-ભાવે જણાવવાનું ઉચિત સમજું છું. તેમનો દેહત્યાગ પંચોતેર વર્ષની પાકટવયે સને ૧૯૪૨ ના ફેબ્રુઆરી માસની ૨૨ મી તારીખે સવારના ચાર વાગ્યે શાંતિપૂર્વક થયો હતો.

કુટુંબના ધર્મસંસ્કારોનો વારસો તેમને સહજ પ્રાપ્ત થયો હતો; તેમના પિતા અને કાકા ખૂબ ધર્મિષ્ઠ અને સદાચારી હતા; સાધુ સાધ્વીઓની સેવા કરતા અને તેમનાં ધર્મવ્યાખ્યાનો પ્રીતિ-પૂર્વક સાંભળતા; તેમની માતા સરળ, સહૃદયી અને પ્રેમાળ હતાં, કોઈને પણ દુઃખ ન આપવું એવી તેમની નિરંતર વૃત્તિ રહેતી; સરળતા આદિ ગુણોના પ્રભાવને લઈને તેઓ પોતાના

દેહ વિસર્જનનો દિવસ બે દિન પહેલા જાણી ચૂકયાં હતાં અને તે જ એક શુભ પ્રસંગનો અગાઉથી નક્કી કરેલ દિવસ હોવાથી શબને કાઢીને કેવી રીતે લઈ જવું તે માટેની યોગ્ય વ્યવહારિક સૂચનાઓ માતાએ અતિ સ્વસ્થતાથી આપી હતી અને તે પ્રકારે જ બન્યું હતું.

ધર્મશ્રદ્ધા અને ધર્માનુરાગના ભાવો તેમનામાં (અમારા પિતાશ્રીમાં) આ નિમિત્તોથી સુદૃઢ થયા હતા. આચારમાં સચ્ચાઈ, પ્રમાણિકતા, નિર્લોભતા, સંતોષ અને કાર્ય કરવામાં એકનિષ્ઠિતપણું આદિ ઊતર્યાં હતાં. સંસારસમુદ્રનાં વાવાઝોડાંના આઘાતો અને પડી જવાના, મોટરના તથા ઘોડાગાડીના અકસ્માતોમાંથી ઘણી વાર તેઓ પસાર થયા હતા, પરંતુ સાચું ધર્મનું શરણ હોવાથી સ્વસ્થતા અને સમતા જાળવી શકયા હતા.

આ સ્થળે તેમનાં જીવનમાં બનવા પામેલ એક અગત્યનો પ્રસંગ અમને સ્મૃતિમાં આવે છે. પ્રસંગનું વર્ષ છે. ઈ. સ. ૧૯૨૫; ત્યારે આ લખનારની ઉંમર હતી વર્ષ સોળની. તે સમયે અમારા પિતાશ્રી મોરબી સ્ટેટમાં 'એકાઉન્ટ ઓફિસર'નો જવાબદારીવાળો હોદ્દો સંભાળતા હતા. રજાના એક દિવસે બપોર પછી મહારાજા શ્રી લખધીરસિંહજી બાપુએ અગત્યના કામ માટે તેમને બોલાવ્યા.

મોરબીની મચ્છુ નદી ઉપર બાંધેલ પ્રખ્યાત ઝૂલતા પૂલ ઉપર થઈને તેઓશ્રીને સામે કાંઠે જવાનું હતું અને તે જ માર્ગે પાછા આવવાનું હતું.

મહારાજા સાહેબ સાથેનું કામ પૂરૂં કરીને તેઓ લગભગ

ચાર વાગ્યે પૂલ ઉપર થઈને પાછા આવતા હતા. અડધો રસ્તો કપાયો હશે ત્યાં ભયનું સામ્રાજ્ય વ્યાપી જાય એવું એક દૃશ્ય ખડું થયું. સામેથી એક સાપ ધસમસતો દોડતો આવતો તેમણે જોયો. પિતાશ્રીએ ક્ષણમાં જ સ્વસ્થતાથી વિચારી લીધું કે બચવા માટે ભાગી છૂટાય તેવી સ્થિતિ નથી. તેથી જેમ થાય તેમ થવા દેવું એવી મનોવૃત્તિ રાખી પવિત્ર નવકારમંત્રનું સ્મરણ ભાવપૂર્વક શરૂ કર્યું. તેમને મૂળથી જ આ મંત્રમાં અડગ શ્રદ્ધા હતી જ. સ્મરણ જોર પકડે છે ત્યાં સાપ પણ વેગ પકડી સાવ સમીપ આવી પહોંચ્યો અને જોતજોતામાં એકાએક તેમના જમણા પગે વીંટળાઈ ગયો. હિંમત તૂટી જાય અને હૃદય ભાંગી પડે એવી એ વિકટ પરિસ્થિતિ હતી, પરંતુ કરુણાવંત પ્રભુની કૃપાથી તેઓશ્રી પ્રમાણમાં ઘણા સ્વસ્થ રહી શક્યા હતા. સ્મરણ તો ચાલુ રહ્યું હતું; પછી તો જાણે કેમ પ્રભુએ જ પ્રેરણા આપી ન હોય તેમ તેમણે તેમના ભારે થયેલા પગને જોરથી એક ઝટકો માર્યો અને તત્કાળ સાપે પોતાની વીંટળાયેલી સ્થિતિ ઝડપથી છોડી દીધી ને પોતાને રસ્તે સીધો ચાલ્યો ગયો. પગે કોઈ ડંખ કે ઈજા થઈ નહોતી. અમારા પિતાશ્રીને આશ્ચર્યનો કોઈ પાર રહ્યો નહીં અને મનોમન પ્રભુનો પરમ ઉપકાર માન્યો. ઘેર આવી આ લખનારને તેમણે સ્વસ્થતાથી વીતક કથા કહી સંભળાવી ને નવકારમંત્રનું માહાત્મ્ય પ્રેમથી સમજાવ્યું.

હવે મૂળ વાત પર આવીએ. સચ્ચાઈ અને પ્રમાણિકતાના આગ્રહી હોઈ, સગા, સ્નેહી કે સંબંધીઓનાં વર્તનમાં તેઓ જ્યારે દંભ કપટ કે લુચ્ચાઈના પ્રયોગો જોતા ત્યારે તેઓ

ક્રોધાવેશમાં પણ ક્યારેક આવી જતા. પરંતુ સને ૧૯૨૩ની લગભગ આખરમાં અમારા પૂ. માતુશ્રીનો દેહ છૂટી ગયો ત્યારપછી તો તેઓ તે સ્વભાવને ઉત્તરોત્તર ઉપશમ કરતા ગયા હતા અને છેલ્લાં થોડાં વર્ષોમાં તો શાંતિને અવગાહીને જ જીવનની સાર્થકતા કરતા જતા હતા. એકાંત ધર્મ તરફ વળવાનું ને ધર્મારાધન કરવારૂપ ઉત્તમ પરિવર્તન તેઓ દિલ્હી અમારા વડીલ બંધુને ત્યાં સને ૧૯૩૭માં ગયા ત્યારે તેમના નિમિત્તથી થયું હતું; તેઓ સંસારના રાગ અને મોહનો ત્યાગ ક્રમથી આત્મજાગૃતિપૂર્વક કરતા જતા હતા અને તેથી આત્માના કલ્યાણ અર્થેનો પુરુષાર્થ વર્ધમાન થતો હતો. સને ૧૯૪૧માં તો નિયમિત ધર્મારાધન, પ્રભુનામસ્મરણ ધર્મગ્રંથોનું વાંચન, એકાંતમાં ચિંતન આદિ ખૂબ વધી ગયાં હતાં. તેઓ દરરોજ જૈન ઉપાશ્રયમાં મહારાજશ્રીની ધર્મવાણીનું અમૃતપાન કરવા જતા. સ્વભાવમાં અતિ સરળતા, નમ્રતા, ભદ્રિકતા અને શાંતિએ પોતાનાં સ્થાન જમાવી લીધાં હતાં. તેઓ મૌનને પરમ સાથી ગણતા હતા અને તે ઠેઠ સુધી ચાલુ રહ્યું હતું. તેઓ અમને ઘણી વાર કહેતા કે "આ દેહ એવી રીતે પડે કે કોઈની લેશ માત્ર ચાકરીની જરૂર ન રહે એવી પ્રભુજીને વારંવાર વિનંતિ કરૂં છું; સમાધિમરણ થાય એ એક જ તીવ્રેચ્છા છે." અને ખરેખર બન્યું પણ એમ જ.

દેહની આરોગ્યાવસ્થા ઠેઠ સુધી તંદુરસ્ત રહી હતી; ધર્મ-ધ્યાન નિયમિત થતું હતું; દરરોજ સવારના ઉપાશ્રયે લગભગ પોણો માઈલ દૂર ચાલીને જતા તથા આવતા હતા. તારીખ ૨૦

ફેબ્રુઆરીના રોજ ઉપાશ્રયેથી પાછા ફરતાં માથું દુઃખે છે એમ સાધારણ કહ્યું હતું; દવા લેવા માટે પૂછતાં ના કહી. બપોરના જમ્યા હતા ને દિવસ દરમ્યાન નિયમ પ્રમાણે પ્રવૃત્તિ કરી હતી. સાંજના જમવાનું પૂરું કર્યું ત્યાં એકાએક ચક્કર આવતાં હોય તેમ માથું અને શરીર ઢળવા માંડયા, તુરત જ તેમને પથારીમાં સુવાડયા. દાક્તરે આવીને મગજની નસ તૂટી ગયાનું નિદાન કર્યું. બેશુદ્ધિ હતી તે ઠેઠ સુધી રહી હતી. દાક્તરે એક ઈંજેકશન આપી કહ્યું હતું કે આનો ઈલાજ નથી. તેઓ શાંત નિદ્રામાં પોઢી રહ્યા હોય તેમ દેખાતું હતું; નિયમિત ગતિથી શ્વાસો-શ્વાસની ક્રિયા થઈ રહી હતી. ઝાડો કે પેશાબ કે પ્રસ્વેદ કે અન્ય કોઈ ચિન્હ નહોતાં. લગભગ ચોત્રીસ કલાક તે સ્થિતિ રહી. અંતકાળે થોડીવાર તેમણે દીર્ઘશ્વાસ લીધા અને પછી આયુષ્ય શાંતભાવે પૂર્ણતાને પામ્યું. ચહેરા પર કોઈ વિકૃતિ નહોતી; આંખો ને મોઢું બંધ હતાં તેમ જ રહ્યાં હતાં, આ રીતે સને ૧૯૪૨, ફેબ્રુઆરી માસની તારીખ ૨૨ની વહેલી સવારે ચાર વાગ્યે તેમના દેહપિંજરમાંથી હંસ ઊડી ગયો. મૃત્યુ વેળાએ આ લખનાર, તેના ધર્મપત્ની, તેના બનેવી, તેના મિત્ર, તેના સસરા અને તેના થોડા દૂરના ભાભી હાજર હતાં. વધારામાં એટલું જ કે તા. ૨૦ની સાંજે તેમને જમવાની ઇચ્છા નહોતી પરંતુ આગ્રહને વશ થોડું જમ્યા હતા. સાંજના જમવાની ના કહી હોય એવું ક્યારેય બન્યું હોય તેમ યાદ નથી.

: ૧૪ :

પૂજ્ય ક્ષુલ્લક ગણેશપ્રસાદજી વર્ણી દિગંબર જૈન સમાજમાં

મહાનુભાવ પુરુષ થઈ ગયા. તેઓ પરમ શાસ્ત્રજ્ઞ, નિઃસ્વાર્થ સેવાભાવી, સિદ્ધાંત શાસ્ત્રી અને આત્મજ્ઞ હતા. તેમણે હિન્દી ભાષામાં "મેરી જીવનગાથા" નામનું પુસ્તક લખ્યું છે, તેમાંથી અનુવાદ કરી તેમની ધર્મમાતા "ચિરૌંજાબાઈ"ના સમાધિમરણનો પ્રસંગ સાભાર જણાવીએ છીએ સાધનાનું ફળ કેવું ઉત્તમ હોય છે અને તેથી આત્મબળ કેટલું વિકસે છે તે તાદૃશ્ય થવા યોગ્ય છે.

તેમનું સમગ્ર જીવન એકધારું અધ્યાત્મમય હતું. તેમનો જન્મ ધર્મિષ્ઠ કુટુંબમાં થયો હતો. ધર્મભાવરત માતાપિતાના ધર્મામૃતરસનું વહેણ તેમના લોહીમાં વહેતું રહ્યું હતું. અઢાર વર્ષની ઉંમરે તેઓ વૈધવ્ય દુઃખની ખીણમાં ગબડી પડ્યા; તેમના પતિ શ્રીયુત ભૈયાલાલજી બીજા જાત્રાળુઓ સાથે ગિરનારજીની યાત્રાએ ગયા હતા; પાછા ફરતાં પાવાગઢમાં તેમનો સ્વર્ગવાસ થયો; બાઇજી (ચિરૌંજાબાઈ) વિયોગથી ખેદખિન્ન થતાં એક દિન એ વિચાર પર આવ્યા કે: "સંસારમાં જીવન વ્યર્થ છે. મરી જવું એ જ એક દુઃખથી છૂટવાનો ઉપાય છે". એ વિચારના બળથી એક કૂવા પર ગયા અને કૂદી પડી મરી જવું એ શ્રેષ્ઠ છે એમ નિશ્ચય કર્યો, ત્યાં જ સદ્વિચારની શ્રેણિ પર તેઓ આરૂઢ થઈ ગયા અને ધર્મ મંદિરમાં જઈ ભગવાનને પ્રાર્થના કરી: "હે પ્રભો! એક તો આપ છો, જેના સ્મરણથી જીવનો અનંત સંસાર છૂટી જાય છે અને (બીજી બાજુ) હું છું કે જે અપમૃત્યુ કરીને નરકમાર્ગને સરળ કરી રહી છું. હે પ્રભુ! જો હું આજે મરણ પામી હોત તો જાણતી નથી કે કઈ ગતિમાં ગઈ

હોત? આપની અનુકંપાથી જ આજ હું સકુશળ પાછી આવી છું. સંસારમાં અનેક પુરુષ પરલોકવાસી થયા છે, તેમાં મને કોઈ દુઃખ થયું નથી; આજે પતિવિયોગના કારણે મને અસહ્ય વેદના થઈ રહી છે તેનું કારણ જોતાં મારી તેમનામાં મમતાબુદ્ધિ હતી....વાસ્તવમાં અહંબુદ્ધિ જ દુઃખનું કારણ છે. હે ભગવાન્! આજ તારી સમક્ષ આ પ્રતિજ્ઞા કરૂં છું કે કોઈ મારૂં નથી ને ન હું કોઈની છું. આ જે શરીર દેખાય છે એ પણ મારૂં નથી.... આજ મારી ભ્રાંતિ દૂર થઈ છે. મેં જે પાપ કર્યું તેનું આપની સામે પ્રાયશ્ચિત્ત લઉં છું; અને તે એ કે હું આ જન્મ એકવાર ભોજન કરીશ, ભોજન બાદ બે વખત પાણી પીશ ...આપની પૂજા કર્યા વિના ભોજન નહીં કરૂં, રજોદર્શનના સમયે ભોજન કરીશ નહીં, યદિ વિશેષ બાધા થશે તો જળપાન કરી લઈશ, યદિ તેથી પણ સંતોષ નહીં થાય તો રસોનો ત્યાગ કરી નીરસ અહાર લઈશ, પ્રતિદિન શાસ્ત્રનો સ્વાધ્યાય કરીશ, મારા પતિની સંપત્તિ ધર્મકાર્યમાં વ્યય કરીશ.... કેવળ ચાર રસ ભોજનમાં રાખીશ...."

આ પ્રતિજ્ઞાનું પાલન તેમણે જીવનભર ઉત્સાહપૂર્ણ રહીને કર્યું હતું. સંસારની મુશ્કેલીઓ આવતી ત્યારે હંમેશાં સ્વસ્થ ને શાંત રહેતા. પરિગ્રહનો ત્યાગ ઉત્તરોત્તર વધારતા હતા. એકવાર શ્રી સમ્મેતશિખરજીની પવિત્ર યાત્રાએ ગયા હતા ત્યારે તેમના ધર્મભાવ અને આત્મભાવ વેગથી ઉછળ્યા હતા; આત્માનુભવ કરી આત્મજ્ઞાનનો અપૂર્વ લાભ પ્રાપ્ત કર્યો હતો; તે વેળાએ તેઓ હવે છ માસ પર્યંત જીવિત રહેશે એ જ્ઞાન પણ પ્રભુ-

કૃપાએ તેમને મળ્યું હતું. તે સમય નજીક આવ્યો; શ્રી ગણેશપ્રસાદ વર્ણીજી જણાવે છે :

"બાઈજીનું સ્વાસ્થ્ય પ્રતિદિન શિથિલ થતું હતું....એ સમયે એમણે શરીર પરના આભૂષણ ઊતાર્યા, બાલ કપાવ્યા, એક વાર ભોજન અને એક વાર પાણી લેવાનો નિયમ લીધો.... જો કોઈ અન્ય કથા કરતા હોય તો તેને બહાર જવાનો આદેશ આપતા....એક માસ બાદ છટાંક ભોજન પર આવી ગયા, તોપણ શ્રવણશક્તિ જેવી ને તેવી જ હતી. શ્વાસ રોગને કારણે બાઈજી સૂઈ શકતા નહોતા, કેવળ એક તકિયાના ટેકે ચોવીસ કલાક બેસી રહેતા....નિરંતર બાઈજીને ધર્મશાસ્ત્ર સંભળાવતા હતા, તેમને કોઈ વ્યગ્રતા નહોતી."

"એક દિવસ એક અત્યંત પ્રસિદ્ધ વૈદ્યને બોલાવ્યા. તેઓએ બાઈજીની નાડી તપાસી કહ્યું, 'દવા ખાવાથી સારું થશે.' બાઈજીએ કહ્યું, 'ક્યાં સુધીમાં સારૂં થશે?' તેમણે કહ્યું. 'તે હું નથી જાણતો;' ત્યારે બાઈજીએ કહ્યું, 'તો મહારાજ આપની ફી લો અને પધારો. મને કોઈ રોગ નથી તેમ કોઈ ઉપચાર ચાહતી નથી. જે શરીર પ્રાપ્ત થયું છે તે અવશ્ય જશે....બે માસમાં પર્યાય છૂટી જશે, તેથી જ્યાં સુધી બને ત્યાં સુધી પરમાત્માનું સ્મરણ કરી લઉં, ને તે જ પરલોકમાં સાથે આવશે.' વૈદ્યરાજે મને કહ્યું, 'બાઈજીનો જીવ કોઈ મહાન આત્મા છે. તેમનો દેહ એક મહિનામાં છૂટી જશે. મેં આજ સુધી આવા કોઈ દર્દી જોયા નથી.' એમ કહીને ચાલ્યા ગયા.

આયુષ્યના દશ દિન બાકી રહ્યા ત્યારે બાઈજીએ મને કહ્યું, 'સંસારમાં જ્યાં સંયોગ છે ત્યાં વિયોગ છે. મેં તને ચાલીસ વર્ષ સુધી પુત્રની જેમ પાળ્યો છે; એ દીર્ઘકાળમાં મારાથી કદી કોઈ પ્રકારે અપરાધ થયો હોય તો ક્ષમા કરજે અને બેટા, હું ક્ષમા કરૂં છું અથવા મારા હૃદયને કદી કષ્ટ પહોંચાડયું નથી તો શાની ક્ષમા કરૂં ?

બાઈજીએ કહ્યું: 'મુલા, નાટક સમયસાર સંભળાવો, ત્રણ ચાર છંદ સંભળાવ્યા બાદ તે રડવા લાગી."

પછી તેને ઉપર મોકલી દીધી. બાદ શાંતિબાઈને શાંતિ સમાધિ-મરણ સંભળાવતા તેમજ થયું : સિંઘઈ ભૈયાની પણ સમાન દશા થઈ ત્યારે બાઈજીએ કહ્યું, 'તમારા લોકની હિંમત એવી નબળી છે કે આપ કોઈને સમાધિમરણ કરાવવા યોગ્ય નથી.' ત્યાર પછી બાઈજીની સાહસવૃત્તિ બળવતી થતી ગઈ; તેમણે માત્ર અર્ધ છટાંક દાળિયાનો આહાર અને એક વાર પાણી પીવાનું રાખ્યું.

બાઇજી ત્રણ માસથી સૂઈ શકતા નહોતા તે આજે પગ લંબાવીને સૂતા. મને બહુ પ્રસન્નતા થઈ. આજ બાઇજીને આરામ થઈ ગયો એમ હું સમજ્યો. એની ખુશાલીમાં એ દિવસે અમે આનંદસહ વિશિષ્ટ ભોજન કર્યું. બપોરના બે વાગ્યે પં. મોતીલાલજી વર્ણીને કહ્યું કે 'બાઇજીની તબિયત સારી છે તેથી બહાર ફરવા માટે જાઉં છું.' વર્ણીજીએ કહ્યું, 'તું અત્યંત મૂઢ છો. આ સારૂં થવાનું ચિહ્ન નથી; અવસરનું ચિહ્ન છે.'

શ્રીયુત ગણેશપ્રસાદજી લખે છે કે આ વાદવિવાદ ચાલ્યા પછી સાડા ત્રણ વાગ્યે બહાર નીકળી એક બાગમાં બેસી પ્રભુ પ્રાર્થના કરી, ત્યાર પછી સામાયિક કરીને બાજુના મંદિરમાં જઈ રાતના નવ સુધી શાસ્ત્રશ્રવણ કર્યું અને જ્યારે સાડા નવ વાગ્યે બાઈજીની પાસે પહોંચ્યો ત્યારે જોયું તો કોઈ સમાધિ-મરણનો પાઠ તો કોઈ "રાજા રાણા છત્રપતિ" નું પદ શ્રવણ કરાવતા હતા.

મેં એકદમ અંદર જઈ બાઈજીનો હાથ પકડીને કહ્યું: 'બાઈજી! સિદ્ધ પરમેષ્ઠીનું સ્મરણ કરો.' બાઈજીએ કહ્યું. 'ભાઈ, તે જ કરૂં છું. તું બહાર જા.' મને ખૂબ પ્રસન્નતા થઈ કે હવે તો બાઈજીની તબિયત સારી છે. આનંદથી બહાર જઈને ઉપસ્થિત મહાશયોને કહ્યું કે 'બાઈજીને સારૂં છે.' બધા લોક હસવા લાગ્યા.

જ્યારે હું બહાર ગયો ત્યારે બાઈજીએ મોતીલાલજીને કહ્યું કે 'હવે મને બેસાડો.' તેમણે બાઈજીને બેસાડ્યા. બાઈજીએ બન્ને હાથ જોડી 'ૐ સિદ્ધાય નમઃ' બોલીને પ્રાણત્યાગ કર્યો. શ્રી વર્ણીજીએ મને બોલાવ્યો, 'જલદી આવો.' મેં કહ્યું: 'હમણાં તો બાઈજી સાથે મારે વાતચીત થઈ છે. મેં પૂછ્યું હતું, 'સિદ્ધ ભગવાનનું સ્મરણ છે ને?' ઉત્તર મળેલ કે, 'હા, તું બહાર જા. હવે હું તેમની આજ્ઞાનું ઉલ્લંઘન નહીં કરી શકું.' વર્ણીજીએ કહ્યું કે 'આજ્ઞા દેનાર બાઈજી હવે ક્યાં ચાલી ગઈ? બડો બુદ્ધુ છો. અરે, તે તો સમાધિમરણ કરીને સ્વર્ગમાં સિધાવી ગઈ. જલદી આવ અને તેમના અંતિમ શબને તો જો,

કેવું નિશ્ચલ આસન લગાવીને બેઠા છે.'

હું અંદર ગયો, સાચે જ બાઈજીનો જીવ નીકળી ગયો હતો, માત્ર શબ બેઠું હતું. જોઈને અશરણ ભાવના સ્મૃતિમાં આવી–

"રાજા રાણા છત્રપતિ હાથિનકે અસવાર,
મરના સબકો એક દિન અપની અપની બાર."

: ૧૫ :

આ એક અમારા સ્નેહી, મિત્ર અને ધર્મપ્રેમીની સંક્ષિપ્ત જીવનકથની છે. તેમની સાથે અમારો છવ્વીસ વર્ષનો દીર્ઘ ને ગાઢ પરિચય હતો. બુદ્ધિરૂપ ધનનો ઉપયોગ સન્માર્ગ પ્રતિ વાળીને નિધન થતાં સુધી ધર્મારાધન બહુલતાએ કરવાની નેમ રાખી હતી અને પાર પાડી હતી. તેમણે જીવન ભક્તિ અને ભજનમાં મુખ્યતાએ વીતાવ્યું હતું. શ્રીકૃષ્ણ ભગવાનના તેઓ ભક્ત હતા.

તેઓ સ્વભાવથી જ સંતોષી, લગભગ નિઃસ્પૃહ, તૃષ્ણારહિત અને સાદા, સદાચારી જીવનના પ્રેમી હતા. સંસારસાગરનાં ઊછળતાં મોજાંઓની થપાટો તેમણે ઠીક ઠીક ખાધી હતી, પરંતુ ક્યારેય નાસીપાસ થયા નહોતા, નિરાશા સેવી નહોતી અને પ્રભુ આશ્રયે તેમ શ્રદ્ધામાં રહી તે બધું આનંદથી સહેવાની મોજ તેઓ માણતા. એ રીતે જોતાં તેઓ ઓલિયા કે અવધૂત જેવા હતા. તેવી બળવાન મનોવૃત્તિ, સહન કરવાની શક્તિ અને દુઃખમાં સ્થિરતા હોવાના તેમની ધર્મશ્રદ્ધા, સાધુ–સંતો અને યોગી-

ઓની સેવા અને તેમનાં ઉપદેશ વચનો કારણભૂત હતા. દુઃખ કે સંકટનો પ્રસંગ ઉપસ્થિત હોય ત્યારે, તેઓ અમને ઘણી વાર કહેતા : " ભલે જેટલું દુઃખ આવવાનું હોય તે આવે, વધુ ને વધુ આવે; એક ભવમાં ભોગવી લઈ નિવૃત્ત થવાશે. હું તો પ્રભુને પ્રાર્થના કરૂં છું કે તારે જેમ કરવું હોય તેમ કર; મારી ભૂલોના પરિણામ એક સામટા આપ, પણ મને વિશુદ્ધ કરી આ સંસારની માયાથી છોડાવ અને બંધનમુક્ત કર." ભાવિ દુઃખની નિવૃત્તિ માટે અને સ્વાધીન સુખની આવૃત્તિ માટે દુઃખની માગણી કરનાર મનુષ્યો વિરલ હોય છે; મોટા ભાગના મનુષ્યો એટલે મુમુક્ષુઓ ભગવાનને પ્રાર્થે છે કે : " દુઃખો આવવાના હોય તો ભલે આવો પણ તે સહેવાની શક્તિ તું આપજે જ." તેથી ઊતરતી કક્ષાના જીવ દુઃખના હાઉથી ડરી જઈ પ્રભુ પાસે માગણી કરે છે કે : " હે પ્રભુ, હું તો દુઃખથી હારણ થઈ ગયો છું, સહેવાની શક્તિ નથી તો મારું સર્વ દુઃખ હરી લેજે અને મને સુખમાં રાખી તારાં ચરણકમળની સેવા કરવા દેજે." આમ વિધવિધ પ્રકારના મનુષ્યોની વિધવિધ પ્રકારની આત્મદશા હોય છે અને તે અનુસાર તેમના ભાવોનું વહેણ હોય છે.

અમારા મિત્રની ધર્મપત્ની બે પુત્રોને સોંપી પરલોકવાસી થઈ ત્યારે " ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ " એવા ભાવ તેમનામાં સહજ ઊગી આવ્યા હતા. પુત્રોની વળગણા હતી તેનાથી તેઓ ડર્યા નહોતા. વ્યવહારધર્મ જાળવીને પરમાર્થ ધર્મનું આરાધન કરતા હતા. વ્યવહારિક તકલીફો અને આર્થિક મુંઝવણો ઘણી હતી છતાં ધ્યેયમાં મક્કમ રહેતા. પત્નીના

અવસાન પછી બાર વર્ષે એક વિધવા બહેન સાથે દ્વિતીય લગ્ન કરવાનો અને તેમની સાથે ઋણ ચૂકવવાનો ઉદય આવ્યો. તે પણ ત્રણ પુત્ર અને એક નાની બે ત્રણ વર્ષની પુત્રીને સોંપીને તે ક્ષેત્રનો તે ભાગ હંમેશ માટે છોડી ગયાં. ઉદયવશ ઉપાધિના યોગ અનેક વખત આવ્યા હતા, છતાં બધું ઇશ્વર ઉપર છોડીને નિષ્ફિકરપણે અને સમતાથી રહેવાનું તેમણે પસંદ કર્યું હતું. વ્યવહાર ફરજ બજાવ્યે જતા હતા. ઘણી વાર અનુકૂળતાએ ભજન મંડળમાં જઈ ભજન ભક્તિ રસપૂર્વક કરતા; ત્યાર બાદ પ્રભુનામસ્મરણ થતું, ધૂન થતી તેમાં આનંદથી જોડાઈ રહતા બાર ને કોઈ વાર તેથી પણ મોડે સુધી હાજરી આપતા. ધૂનમાં એકાગ્ર પણ થતા. નામસ્મરણરૂપ અમૃતરસના પાનનો આસ્વાદ તેમનામાં પ્રસન્નતાનું જોમ જગાડતું હતું અને તે અંતરના ઊંડાણ સુધી પહોંચતું.

તેવામાં તેઓ પેટની ગાંઠના દર્દમાં આવી જતાં પથારીવશ બન્યા. થોડા દિવસે વિશેષ સારવાર માટે તેમને આયુર્વેદિક હોસ્પિટલમાં દાખલ કર્યા; તેઓ પોતે પણ વૈદ્ય હતા; દર્દ મચક આપતું નહોતું, બલ્કે વધતું હતું, અમે તેમને જોવા ત્રણ વાર હોસ્પિટલમાં ગયા અને તબિયત સંબંધે પૂછ્યું. તેના ઉત્તરમાં તેમણે કહ્યું કે "ગાંઠની પીડા છે, પણ તેથી શું? દેહના દંડ દેહ જ ભોગવે જ." અમે કહ્યું, "બાળકોની ચિંતા ન કરશો. સર્વને પોતપોતાના પ્રારબ્ધ પ્રમાણે મળી રહેશે. પ્રભુ-નામસ્મરણમાં રહેશો. બીજા કોઈ વિકલ્પ કર્ત્તવ્યરૂપ નથી. નિજાત્માનું કલ્યાણ થાય તેમાં જ ચિત્તને પ્રેરશો." તત્કાળ તેઓએ

જવાબમાં કહ્યું કે, "તેવી કોઈ અઘટિત ચિંતા પહેલા પણ રાખી નહોતી અને અત્યારે પણ નથી. સર્વ શ્રીકૃષ્ણ ભગવાનને સોંપ્યું છે: અને આ અંતકાળે તેમના પવિત્ર નામરટણ વિના બીજું શું હોઈ શકે?" તે સાંભળી આ આત્માને ખૂબ સંતોષ સાથ આનંદ થયો.

તબિયતમાં સુધારાને બદલે બગાડો થતાં અમારી છેલ્લી મુલાકાતના બીજે દિવસે તેમને ઘેર લઈ ગયા અને તેના બીજે દિવસે સંધ્યાકાળ પછી તેમનું પ્રાણપંખેરૂં ઊડી ગયું. આ સમાચાર મળતાં અમે તેમના ઘરે જઈ તેમના પુત્રને છેલ્લા અવસર સંબંધી વિગત પૂછી ત્યારે પુત્રે કહ્યું—

"ઘરે લાવ્યા પછી દેહસ્થિતિ વધુ નબળી થતી હતી; ગઈકાલ આખો દિવસ એમ જ ગયો; વેદના ખાસ નથી તેમ કહેતા; છેવટ સુધી પૂરી શુદ્ધિમાં હતા અને શાંતિપૂર્વક સુઈ રહ્યા હતા; કોઈ ફરિયાદ કરતા નહોતા; પોતાના સ્મરણમાં હોય એમ જણાતું હતું; આંખો બંધ રહેતી પણ કયારેક ખોલતા ને થોડીવારમાં મીંચી દેતા; તે દિવસે પાણી સુદ્ધાં લીધું નહોતું; શ્વાસોશ્વાસ ધીમા પડતા દેખાતા હતા; સંધ્યાકાળ થયા પછી તેમના વદન પર પ્રસન્નતાથી રેખાઓ પ્રસરતી સ્પષ્ટ જોવામાં આવી અને બાદ તો પોતે હોઠ મરકાવીને સ્મિત કર્યું. મને આશ્ચર્ય થયું ને પૂછ્યું કે બાપુજી કેમ હસ્યા? તેમણે તે સાંભળ્યું અને આંખ ઉઘાડ્યા વગર જવાબ આપ્યો, 'દયાળુ કૃષ્ણ ભગવાન સામે ઊભા છે, મને બોલાવે છે, હું જાઉં છું.'

આટલું કહી જરાક જ વારમાં એક છેલ્લો દીર્ઘશ્વાસ લીધો અને છોડયો. આ પ્રમાણે અંત સમયની તેમની સ્થિતિ હતી.

: ૧૬ :

પૂજ્ય ક્ષુલ્લક ગણેશપ્રસાદ વર્ણીજીએ હિન્દી ભાષામાં "મેરી જીવનગાથા" નામનું પુસ્તક લખ્યું છે. તેમાં દ્રૌપદી નામની એક સ્ત્રીની કથા વર્ણિત કરવામાં આવેલ છે. તે સત્યકથાનો અનુવાદ અહીં અમે આપીએ છીએ, વર્ણીજી લખે છે:—

દરભંગા જિલ્લાના ચકૌની ગામમાં એક એવી અદ્ભુત અને આશ્ચર્યકારક ઘટના બની છે કે જે સાંભળીને કે વાંચીને સહુને વિસ્મયકારક લાગશે. આ એક એવી સત્ય ઘટના બનેલ છે કે જીવ એક જ જન્મમાં મહાન પાપો આદરે છે અને પછી પોતાના વિચારો પલટાવી કેવો પુણ્યશાળી બને છે તે બતાવે છે.

આ ગામમાં એક પ્રતિષ્ઠિત, ધનવાન અને વિદ્વાન બ્રાહ્મણ રહેતો હતો, તે રાજ્યનો પણ માનીતો હતો. તેને દ્રૌપદી નામે એક પુત્રી હતી. દ્રૌપદી એકદમ સ્વરૂપવતી હતી; તેના કેશ પગની એડી સુધી પહોંચે એટલા લાંબા અને કાળા હતા. તેનું આ રૂપ–લાવણ્ય જોઈને ભલભલા પુરુષો આકર્ષાતા હતા અને સૌંદર્યવતી સ્ત્રીઓ પણ તેને જોઈને શરમાઈ જતી હતી. તેના દુર્ભાગ્ય દ્રૌપદીએ બહુ નાની ઉંમરમાં પતિ ગુમાવ્યો અને તેણી વિધવા થઈ હતી.

દ્રૌપદી ઉપર તેના માતા–પિતાને અથાગ રાગ હતો તેથી તેમણે તેને પાછી સાસરે મોકલી નહિ. એ કર્મની વિચિત્રતા

હતી કે તેનું ચારિત્ર ભ્રષ્ટ થયું; કંઈક વખત તેને ગર્ભપાત કરાવવા પડેલ હતા. પરંતુ મા બાપે રાગના કારણે તેને ઘરમાં જ રાખી હતી. પરંતુ પૈસાના જોરે બધું પાપ છૂપું રહી શકતું નથી. પાપનાં કૃત્યો ગમે ત્યારે બહાર આવી જાય છે અને તેનાં કડવાં ફળ આપે છે. દ્રૌપદીના નામે પાણીનું સરોવર હતું; તે પણીની મીઠાસ જતી રહી, પાણી ધીમે ધીમે સૂકાવા માંડયું અને વળી તે પીવાને યોગ્ય પણ ન રહ્યું. આ આશ્ચર્યની ઘટના ઉપરાંત બીજું એ બન્યું કે તેના નામે બાગબગીચા હતા. જેમાં ફળ ઊગ્યાં હતાં, પરંતુ તે ફળો તેમાં કીડા પડવાથી ખાવાને યોગ્ય રહ્યાં નહિ.

આખા ગામમાં દ્રૌપદીના ચારિત્ર સંબંધી ગંદી વાતો થવા માંડી હતી. લોકો તેનાં પાપોનું વર્ણન કરતા હતા, પાપના ઉદયથી જેટલું થાય તેટલું ઓછું છે. આમ થોડો વખત વીત્યા પછી દ્રૌપદીને પોતાને પોતાના અઘટિત કાર્યો માટે મનોમન અત્યંત પસ્તાવો થયો ને મંદિરમાં દર્શન માટે ગઈ. ત્યાર પછી પોતાના પિતાજીની હૃદયપૂર્વક ક્ષમા માગી અને પોતાનાં કરેલ કૃત્યો માટે ખૂબ જ પશ્ચાત્તાપ કર્યો. તેણીએ સરળતાથી પિતાજીને કહ્યું કે “ આજ દિન પર્યંત મેં ઘણાં ભયંકર પાપ કર્યાં છે, પરંતુ આજે મેં સાચા ભાવથી પ્રભુજીની સમક્ષ ખુલ્લાં મનથી પાપોનું વર્ણન કરી, તેનો એકાકાર કરી હૃદયના ઊંડાણથી પ્રાયશ્ચિત્ત કરીને ક્ષમા માગેલ છે. આજે મારૂં મન હળવું થયેલ છે કેમકે હું પાપથી મુક્ત થઈ છું. હવે હું જગન્નાથજીની જાત્રાએ જઉં છું અને ત્યાંથી વૈદ્યનાથની જાત્રાએ જવાની છું. ત્યાં હું વૈદ્યનાથની મૂર્તિને જળ ચડાવીશ. જ્યારે ‘ ૐ શિવાય નમઃ ’ નો મંત્ર

બોલતા જળ ચડાવીશ ત્યારે હું કૈલાસ પર્વત પર જ્યાં મહાદેવજી વિરાજમાન છે ત્યાં પહોંચી જઈશ."

આ સાંભળીને તેના પિતાજી ખૂબ જ પ્રસન્ન થયા અને ગળગળા થઈ બોલ્યા કે "બેટા, આ વાત સાંભળીને મારું પિતૃહૃદય બહુ આનંદ અને પ્રેમથી ઉભરાય છે. હું આસ્તિક છું અને આમ બનવું એ મને અશક્ય લાગતું નથી. જ્યારે પોતાના હૃદયમાં પાપનો સાચો પશ્ચાત્તાપ થાય છે અને હૃદયના ઊંડાણથી પ્રભુજી સમક્ષ સાચી ક્ષમા માગવામાં આવે છે, ત્યારે આ પ્રમાણે બનવું સંભવે છે. શાસ્ત્રોમાં આવા ઘણા દાખલા નોંધાયા છે. હવે કહે કે તું જાત્રાએ ક્યારે જવાની છો ?" દ્રૌપદીએ જવાબ આપ્યો "વૈશાખ સુદ પુનમના રોજ જાત્રાએ જવા રવાના થઈશ."

જ્યારે આ વાત ગામમાં જાહેર થઈ ત્યારે ગામના લોકો તે પ્રસંગની આતુરતાથી રાહ જોવા લાગ્યા. ઘણા લોકોને આશ્ચર્ય થયું કે આ જન્મમાં જેણે આટઆટલાં દુષ્કૃત્યો કર્યાં છે તે શિવસ્થાનકે કેવી રીતે પહોંચશે ?

છેવટે જાત્રાનો દિવસ આવી પહોંચ્યો. દ્રૌપદી વહેલી સવારે છ વાગ્યે ઘરની બહાર નીકળી. ગામના લોકો લગભગ અર્ધો માઈલ સુધી તેને વિદાય આપવા સાથે ગયા અને તેઓ છૂટા પડે તે પહેલાં દ્રૌપદીએ માનવસમુદાયને સંબોધન કરતાં કહ્યું કે "કામને વશ થઈ મેં મોટાં પાપ કર્યાં છે. અહીં જે અનુગ્રહ ઞા હજર છે તેમની સાથે પાપાચરણ આચરેલ છે, ગુપ્તપણે પાપો કરેલ છે, પાંચ પાંચ વખત ગર્ભ-

પાતનો મોટો દોષ કરેલ છે અને અનુગ્રહ ઝાને પુષ્કળ સંપત્તિ પણ આપેલ છે. તે સર્વ અંગે મારું હૃદય ધ્રુજી ઊઠે છે, દ્રવી જાય છે. આજથી બરાબર વીસ દિવસ પહેલાં મને અંદરમાં મનોમંથન થયું કે જે હાથે જેણે મહાનમાં મહાન પાપ ગુન્હા કરેલ છે, તે આત્મા તેવા પાપોથી મુક્ત થઈ શકે છે, અને ત્વરાથી તેનો ત્યાગ પણ કરી શકે છે, એવો કોઈ નિયમ નથી કે પાપી સદા પાપી જ રહે છે. તે પોતાના ભાવમાં પરિવર્તન લાવી, પ્રાયશ્ચિત્ત કરી, પ્રભુની હૃદયપુર્વક ક્ષમાપના કરી અને શુદ્ધ આચરણ કરીને પુણ્યશાળી બની શકે છે. જેવા ભાવથી તે કર્મ બાંધે છે, તેનાથી ઉલટા હૃદયના સાચા ભાવથી તે કર્મથી મુક્ત થઈ શકે છે."

આટલું કહી તે થોડીવાર થોભી અને પછી આગળ ચલાવ્યું.

"મેં એક સારા પ્રતિષ્ઠિત કુટુંબમાં અને ખાનદાન તથા પવિત્ર માતાપિતાને ત્યાં જન્મ લીધો હતો. મારું બચપણ ઘણું પવિત્ર હતું. મેં વિષ્ણુ સહસ્ર પાઠનું પઠન કર્યું હતું અને તેના સ્તોત્રનું મનન પણ કરેલ હતું. તે ઉપરાંત મારા પિતાજીએ મને ગીતાના અધ્યાયોનું શ્રવણ કરાવ્યું હતું અને પાઠો ભણાવ્યા હતા, એ મારા માટે ઘણો શુભ ઉદય હતો. ગીતાના અધ્યયનથી ખાતરી થઈ ચૂકી હતી કે આત્મા અજર, અમર અને અવિનાશી છે. આત્માનો કદી નાશ થવાનો નથી. આટલું બધું હોવા છતાં કર્મવશાત્ હું પાપમાં પડી ગઈ હતી એ એક હકીકત છે."

વળી થોડા વિરામ બાદ તેણીએ આગળ ચલાવ્યું.

"પુરાણોમાં લખેલ છે કે તમે સત્ય અને સારું કામ કરવાથી શિવમંદિર પહોંચશો અને નઠારાં અને ખરાબ કૃત્યોથી પાતાળ-લોક એટલે નરકગતિમાં જશો અને એ કંઈ ગપ નથી પણ સત્ય છે. આત્મા જો દોષથી મુક્ત ન થઈ શકતો હોત તો અગાઉના ઋષિમુનિઓએ જે શાસ્ત્રવચનો લખ્યાં છે તે અસત્ય ઠરે છે; પરંતુ આત્મા બંધનમુક્ત થઈ શકે છે. મારી હૃદય-પૂર્વકની પ્રાર્થના છે, વિનંતિ છે કે કોઈ આવા પ્રકારનાં પાપકર્મો ન આચરે. સ્ત્રીઓએ આ નિયમ કરવા યોગ્ય છે કે પોતાના પતિ સિવાય અન્ય પુરુષોને પોતાના પિતા, પુત્ર કે ભાઈ સમાન ગણવા અને પુરુષ વર્ગે પોતાની પત્ની સિવાય બધી સ્ત્રીઓ પ્રત્યે મા સમાન, પુત્રી સમાન કે બહેન સમાન વૃત્તિ રાખવી, નહિતર જેવી મારી સ્થિતિ થઈ તેવી વલે થશે અને જેવી નિંદા થઈ તેવી થશે. આજે ઉપસ્થિત થયેલાં સર્વ ભાઈઓ અને બહેનો આ નિયમ લઈને સહુ પોતાને ઘેર જાય.

"આ સિવાય એક વધારે વાત કહેવાની છે કે ભગવાન દીનદયાળુ છે. તેમની દયા પ્રાણી માત્ર ઉપર છે. આજે પશુનો વધ કરાય છે, તે પણ એક પ્રાણી છે; તેણે એવો કયો અપરાધ કર્યો છે કે એ નિરપરાધીને દુર્ગા માતાની સામે તેનો બલિ દેવાય છે? જેનું નામ જગદમ્બા છે તેના જ પુત્રનું બલિદાન તેની સામે આપવું એ ઘોર પાપ છે. માંસાહારીઓએ સંસારમાં અનર્થ ફેલાવ્યો છે, તેમનામાં દયાનો લેશ માત્ર છાંટો હોતો નથી. માંસાહાર કરવાથી ક્રૂરતા આવી જાય છે; તે કારણે પણ તેનો ત્યાગ કરવો ઘટે છે.

"જુઓ, આપણી સામે જ ગણેશપ્રસાદજી છે. તેઓ જૈન છે અને શુદ્ધ શાકાહારી છે, આપણું ગામ એટલું મોટું છે કે તેમાં હજારેક બ્રાહ્મણો વસે છે, ફક્ત બ્રાહ્મણો નહિ પરંતુ વિદ્વાનો તથા પંડિતો પણ વસે છે. જે સર્વે લોકો તેમની પ્રશંસા કરે છે. બધા લોક કહે છે આ એક મોટું સૌમ્ય છાત્રાલય છે, તેનું મૂળ કારણ તેની દયાળુતા છે. હવે મારે જવાનું છે, પરંતુ આ વિષય ઉપર વિવેચનની બહુ જરૂર છે."

ઉપર પ્રમાણે દ્રૌપદીનું વ્યાખ્યાન પુરૂં થયું અને વચ્ચે શ્રોતાગણમાંથી ઘણા હસી પડયાં અને કોલાહલ પણ સંભળાયો કે "નવ સો ઉંદર મારીને બિલ્લીબાઈ હવે હજ કરવા નીકળી પડયાં છે." આ વાકય દ્રૌપદીએ સાંભળ્યું અને પછી કહ્યું કે તમે લોકો ઠીક કહો છો. પરંતુ હવે હું પાપીણી રહી નથી અને પુણ્યશાળી થયેલ છું. જો તમને મારા શબ્દોમાં વિશ્વાસ ન હોય તો તમે સૌ મારા નામના બાગ-બગીચામાં જે ફળ પાકયાં છે, તે તોડીને લેતા આવો અને જાતે જુઓ કે તે બધાં ફળ કીડા વગરનાં અને અમૃત જેવાં સ્વાદિષ્ટ હશે. વળી આ પુષ્કર તળાવનું પાણી ગંગજળથી પણ મીઠું નીકળશે, તેની ખાત્રી કરી લેશો."

આ સાંભળી કોઈ કોઈ માણસો દોડીને તળાવ તથા બાગ તરફ ગયા. બાગમાં જઈ બિલ્વફળ, લીચી અને આમના જે સુંદર ફળો હતાં તે તેઓ લઈ આવ્યા. તે જ પ્રમાણે કોઈ કોઈ માણસ તળાવમાંથી હાંડા ભરીને પાણી લઈ આવ્યા. બધાએ ફળો ખાધા અને પાણી પણ પીધું. બધાએ એકી આવાજે કહ્યું

કે આજ દિન પર્યંત આવા સ્વાદિષ્ટ અને સુંદર ફળ ચાખ્યાં પણ નથી. ખરેખર એ અમૃતફળ હોય એવું લાગે છે અને પાણી પણ અધિક મીઠું, મધુર અને સ્વચ્છ છે. આવું અમૃત જેવું પાણી ક્યારેય અમે જોયું નથી.

છેવટે સર્વ લોકોએ મસ્તક નમાવી પ્રણામ કર્યાં અને થયેલા અપરાધની દ્રૌપદીની માફી માગી. આવી વિસ્મયકારક ઘટના સૌએ નજરે જોઈ અને અનુભવી. સહુને આ ચમત્કારિક ઘટના ખૂબ જ અસર કરી ગઈ હતી.

દ્રૌપદીએ સહુને આશીર્વાદ આપ્યા અને જણાવ્યું કે "આ કોઈ ચમત્કારિક ઘટના નથી. જે સૌએ જોયું અને અનુભવ્યું તે અમારા મનની શુદ્ધિ થયેલ છે તે બતાવે છે, જે પરિણામની ધારા વિશુદ્ધ થયેલ છે, નિર્મળ શુદ્ધ વિચારો ઉગેલ છે અને શ્રી પ્રભુજીની કૃપા વરસેલ છે, તેનું આ ફળ છે."

દ્રૌપદીએ ફરી, જેઓની સાથે ઉચિત વ્યવહાર નહિ રાખેલ તે બધાની સમક્ષ પોતાના આત્માથી થયેલ અપરાધોની હૃદયપૂર્વક ક્ષમા માગી અને ભવિષ્યમાં મન, વચન ને કાયાથી કોઈ પણ પ્રકારે કોઈ દોષ ન થાય તેવી પ્રતિજ્ઞા લીધી. શ્રી અનુગ્રહ ઝાએ પણ પ્રતિજ્ઞા લીધી કે કોઈ પણ વખત હવે આવું પાપાચરણ આચરીશ નહીં.

ત્યાર પછી દ્રૌપદીએ જગન્નાથજી સ્વામીના તીર્થસ્થાનમાં જવા માટે દરભંગાના જોગીયા સ્ટેશનથી સહુની પ્રેમભરી વિદાય લીધી.

અહીં સુધી નજરે જોયેલ હકીકતનું વર્ણન કર્યું અને

હવે જે કહેવામાં આવે છે તે દ્રૌપદી સાથે ગયેલ લોકોના વૃત્તાંત પરથી લખવામાં આવે છે.

દ્રૌપદી કલકત્તા પહોંચીને કાલી માતાના મંદિરે દર્શન કરવા ગયા, પરંતુ ત્યાં જે પશુબલિથી રક્તપાત થયો હતો તે જોઈ નારાજ થયા અને દર્શન કર્યા વિના તેઓ પાછા ફર્યાં. પછીથી તેઓ જગન્નાથપુરીજીની જાત્રાએ ગયા અને ત્યાંથી વૈદ્યનાથજીના દર્શને આવી પહોંચ્યા. તેમણે એકદમ સફેદ અને સ્વચ્છ કપડાં પહેર્યાં, હાથમાં જળનું પાત્ર લીધું અને વૈદ્યનાથજીની ઉપર જળ પધરાવવાની તૈયારી કરવા લાગી, ત્યાં જ ત્યાંના પંડાઓએ કહ્યું કે "તમે જળ તો ચડાવો છો પણ અમને દાન-દક્ષિણામાં શું આપશો ?" ત્યારે દ્રૌપદીએ ઉત્તર આપ્યો કે "દાનની વાત છોડી દો. હું તો જળ ચડાવીને શિવજી જ્યાં વિરાજમાન છે ત્યાં પહોંચી જઈશ." આ સાંભળી પંડાઓને તથા ત્યાંના યાત્રીઓને ઘણું આશ્ચર્ય થયું. તેમને લાગ્યું કે આ પાગલ બાઈ ક્યાંથી આવી ગઈ! પરંતુ પછી જે સમયે "ૐ શિવાય નમઃ" નો મંત્રોચ્ચાર કરી મહાદેવજીના લિંગ ઉપર જળની ધારા વરસાવી તે જ સમયે દ્રૌપદીએ આ નશ્વર દેહનો ત્યાગ કર્યો. હજારો નરનારીઓએ આ દૃશ્ય જોયું અને તેના ગુણગાન કરી મંદિરને ગજવી દીધું.

: ૧૭ :

માણેકમાના હેતાળ નામથી પ્રસિદ્ધ એવા એક ૯૪ વર્ષની વયના વૃદ્ધ માની સંક્ષિપ્ત જીવનકથા આપીએ છીએ. આ

બનેલી સત્ય ઘટના છે અને પૂર્ણ વિશ્વાસ મૂકી શકાય એવા સ્થાનેથી પ્રાપ્ત થયેલ છે, તે અહીં આપતાં આનંદ થાય છે.

મા સૌરાષ્ટ્રના મોરબી તાબે માળિયા પાસેના સરવળ ગામના વતની હતાં; સ્વભાવે સરળ, શાંત અને ધર્મપ્રેમી હતાં; તેમના હૃદયમાં પ્રમાણિકતા અને નિખાલસતાનો વાસ સદાય રહેતો, બીજાઓને સહાય કરવાની વૃત્તિ તેમનાં અંતરમાં હંમેશા દેદીપ્યમાન રહેતી. તેમના ગુણોની સુવાસ આખાય ગામમાં મઘમઘી ઊઠી હતી. વર્ષોથી તેઓ નિયમિતપણે સામાયિક પ્રતિક્રમણ ભાવ અને શ્રદ્ધાથી કરતાં અને તે ધર્મકાર્યમાં અનિવાર્ય સંજોગ સિવાય ક્ષતિ આવવા દેતાં નહીં. તેઓ ગામની પટલાણી પાસે બાજરાના રોટલા કરાવતાં અને પછી સવારની પોતાની સામાયિક છૂટે ત્યારે ગામના કૂતરાને ખવડાવતા. પછી પોતે પુત્ર સાથે દિવસમાં એક જ વખત ભોજન કરતા. ઘરનો બધો ખર્ચ પોતાની પાસેથી કરતા, પુત્ર પાસેથી કંઈ લેવાની વૃત્તિ રાખી નહોતી એટલું જ નહીં પણ પુત્ર કોઈ ખરચી આપે તો તે સ્વીકારતા નહીં. આવી તેમની અડગ નીતિપૂર્ણ ભાવના હતી.

એક દિવસ પ્રભુભક્ત માએ પ્રભુજીને ખૂબ ભાવથી પ્રાર્થના કરી અને પછી વિનંતિ કરી કે "હે પ્રભુ, પુત્રનું વસમું તું મને દેખાડતો નહિ સહુ. પહેલાં મને જ લઈ લેજે." આ વાતને માંડ બેત્રણ દિવસ ગયા હશે ત્યાં તો આશ્ચર્યની વચ્ચે અને માનવામાં ન આવે એમ મા માંદા પડ્યા. આ બહુ પાકી ઉંમરે પણ તેઓ પોતાનું બધું કાર્ય જાતે જ કરી લેતા. માતાની માંદગી જોઈ પુત્રને થયું કે મોરબીથી પોતાના બહેન-બનેવીને મળવા માટે-બોલાવવા જોઈએ અને તેડાવ્યા પણ

ખરા. માએ દિકરી–જમાઈને આવેલાં જોઈ પૂછ્યું, "કેમ આવ્યા?" દિકરીએ ઉત્તરમાં કહ્યું કે, "ભાઈએ તેડાવ્યા હતા." ત્યારે માએ કહ્યું, "મારે જવાને હજુ ચાર દિવસની વાર છે, અને તેટલા દિવસ કોઠારી (જમાઈ) રોકાશે નહિ." માએ જમાઈ માટે અનુમાન કરેલું અને ધારેલું તે સાચું હતું. જમાઈએ મા સાથે થોડી વાતચીત કરી અને પછી કહ્યું, "તમારી પાછળ સરવળ ગામનાં બધાં બાળકોને જમાડીશું. તે સાંભળી માએ એ પ્રમાણે કરવા સ્પષ્ટ ના કહી અને તે સંબંધી ખુલાસો કરતાં તેમણે જણાવ્યું કે "આમ કરવાથી મારા માથે તમારું ઋણ રહે: અને ઋણ રહે તે ઠીક નહિ." થોડીવારમાં તેમના મનમાં એક વિચાર સ્ફૂરી આવ્યો અને તરત દિકરાની વહુને બોલાવીને કહ્યું, કે "મારી બે સોનાની લગડી છે તે દિકરીને આપ, કારણ કે તેઓએ જણાવ્યું તેમ બાળકોને જમાડ્યા વગર રહેશે નહિ અને મારા માથે તેમનું ઋણ ચડશે." આમ પોતાની પાછળ બાળકોને જમાડવા માટે માએ દશ તોલા સોનું ખર્ચ પેટે અગાઉથી આપ્યું અને તેઓને મોરબી જવા રવાના કર્યાં.

મા પોતાની પાસે બામ, ફાકી, રેચ વગેરે દેશી ઔષધિઓ રાખતાં અને ગામમાં જેને જરૂર હોય તેને સહાય કરવાના હેતુએ પ્રેમથી આપતાં. આ ઉપરાંત તેમની પાસે જે કંઈ મૂડી હતી તેનાથી વ્યવહાર ચલાવતા. જેમને પૈસાની જરૂર હોય તે મા પાસે દાગીનો મૂકીને પૈસા લઈ જતા અને વગર વ્યાજે પૈસા ચૂકવી મૂકેલ દાગીનો પાછો લઈ જતા. તેમની આ માંદગી શરૂ

થતાં જ તેઓ ચેતીને સાવધાન થઈ ગયા. જેમનો જેમનો દાગીનો તેમની પાસે હતો તે બધાને બોલાવી પાછો સોંપી દીધો. ઘણા પાસે માને આપવા પૈસા નહોતા તેમને પણ કહ્યું. "મારા ચાલ્યા ગયા પછી તમને દાગીનો ન મળે તો મારા માથે ઋણ રહે. પૈસા ન હોય તોપણ તમારી અનામત પાછી લઈ જાઓ." આમ કહી તમામને દાગીના પાછા આપી દઈ પોતે હળવા થયા.

માંદગીના ચાર દિવસની તેમના ભાવની ચર્યા જોવા જેવી છે અને સાથે આશ્ચર્ય ઉપજાવે એવી પણ છે. સ્વાર્થદૃષ્ટિ રાખીને તેમણે કદીયે કોઈની સેવા અથવા કોઈ તરફથી મળતો લાભ મફતમાં લીધો હોય એમ બન્યું નથી; જેમની પાસે તેમણે કોઈ પ્રકારનું કામ કરાવ્યું હોય અથવા સેવાચાકરી લીધી હોય, તે બધાને તેઓ પોતાની મૂડીમાંથી કંઈ ને કંઈ આપીને જ રહેતા. સેવા કે ચાકરીનું વળતર ચૂકવ્યા વિના તેમના જીવને ચેન પડતું નહિ અને આપ્યા બાદ જ તેમનાં દયાર્દ્ર અને કોમળ હૈયાંમાં ટાઢક વળતી. છેલ્લા દિવસોમાં જે બાઈને પોતાની ચાકરી અર્થે રાખી હતી તેમને પણ પોતાના હાથે તેમણે બે રૂપિયા આપ્યા હતા. આમ જે ડબલામાં કપડામાં વીંટીને તેઓ રૂપિયા રાખતા તે ખાલી થઈ ગયો. એવામાં એકાએક તેમને યાદ આવ્યું એટલે વહુને બોલાવીને કહ્યું કે, "ગગી (દોહિત્રી) અને ગગો આવ્યો છે તેને બે રૂપિયા મોકલ." તેના ઉત્તરમાં વહુને જાણ હતી તેથી વહુને કહ્યું કે, "મા, ટોપલી ખાલી થઈ ગઈ છે, તેમાં હવે રૂપિયા નથી." પવિત્ર હૃદયી માએ કોમળ પણ અંતરના શ્રદ્ધાપૂર્વકના ભાવથી

સ્મિત કર્યું અને કહ્યું, "બેટા, ફરીથી જો, નીકળશે." પૂર્વે વહુને માનાં વચનની સત્યતા સંબંધની ખાત્રી થઈ ચૂકી હતી અને પોતે કહેતા તેમ જ બનતું તેથી વહુએ અંદર જઈ ડબલામાં જોયું તો ખરેખર તેમાંથી તેના આશ્ચર્ય વચ્ચે બરાબર બે રૂપિયા નીકળ્યા, ન વધારે કે ન ઓછા. તે રૂપિયા બાળકને મોકલી આપવામાં આવ્યા. અહીં જણાવવું જરૂરી છે કે આવા પૈસા ન હોવા છતાં પૈસા ડબામાંથી નીકળવાના વિસ્મયકારક બનાવો આ અગાઉ ચાર પાંચ વખત બનવા પામ્યા હતા. આ કાળમાં આવા ચમત્કારો સર્જાય એમ માનવામાં મનુષ્યોને ઘણું કરીને કઠિનતા લાગે છે. તેમને એમ જણાય કે ત્યાં કંઈક ભૂલ છે, અથવા છેતરપીંડી છે અથવા દગો છે. હા, તેવું પણ બની શકે છે તેમ છતાં ઉપર જે હકીકત રજૂ કરી તે સત્ય ઘટનારૂપે હોવી અસંભવિત નથી, એ અમે ભારપૂર્વક કહી શકીએ છીએ. માનવું, ન માનવું એ સહુની બુદ્ધિક્ષમતા, પ્રજ્ઞાશક્તિ કે અનુભવજ્ઞાન ઉપર અવલંબિત છે.

જેનું જીવન સરળ અને નિખાલસ ભાવમાં વ્યતીત થયું હોય છે અને જે નિયમિતપણે શ્રદ્ધાપૂર્વક ધર્મારાધન કરવાના પ્રેમી હોય છે, તેને ઘણું કરીને પરમાત્માના અનુગ્રહે દેહત્યાગના અવસરનું સ્પષ્ટ જ્ઞાન ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલાં આવવાનું સંભવિત ગણાય છે. આ જ્ઞાન અત્યંત ઉપયોગી અને ઉપકારી છે એ સહજ સમજાય તેવું છે. એક તો આ પ્રકારના જીવે મૃત્યુને મિત્ર બનાવવારૂપ પૂર્વ તૈયારી કરી હોય છે અને બીજુ પ્રભુકૃપાએ આવી રહેલા અવસરનું ભાન થતાં

મૃત્યુને આનંદથી ભેટવાનો તેનો પુરુષાર્થ બે ગણા વેગથી વધી જાય છે. આવાં કેટલાંય સત્ય ઘટનાવાળાં દૃષ્ટાંતો અમારી જાણમાં છે. અહીં પણ એક એવું જ પ્રેરણાત્મક અને ધર્મશ્રદ્ધાનું તેજ વધારનાર દૃષ્ટાંત છે.

દેહાયુષ્યના છેલ્લા દિવસે બપોરના સમયે મા ગરમ પાણી કરાવી નાહ્યા; શરીરને સ્વચ્છ કર્યું, પછી અવસરની ઉજવણી અર્થે અગમચેતી વાપરી જે એક જોડી કોરા કપડાં સાચવીને રાખ્યાં હતાં, તે પોતે પહેરી લીધાં. બાદમાં એક સફેદ કોરો ઓછાડ પોતાની પથારી પર પથરાવ્યો અને પ્રભુનામ સ્મરણમાં હેતથી ચિત્તને જોડી દીધું. અહો, જુઓ તો ખરા, મૃત્યુમિત્રને ભેટવાની કેવી અદ્ભુત તૈયારી! કેવો ઉમળકાભેર ઉત્સાહ! થોડો સમય વીત્યા બાદ તેમણે ઘરનાં બધાંને વહેલાં જમવા આદેશ આપી જમાડચાં. પછી માએ વહુને સ્નેહપૂર્વક જણાવ્યું કે, "આવતી કાલે તારા દીકરાના દીકરાની વહુનો ખોળો ભરવાનો છે, તે ઉત્સવ બરાબર ઉજવજો. મારું મરણ તે પણ ઉત્સવ જ છે." વ્યવહાર અપેક્ષાએ ક્રિયા કરવામાં લેશ પણ સંકોચ ન થાય અથવા કરવા, ન કરવાની વિમાસણ ન થાય તે હેતુએ કેવી સચોટ સૂચના કરી અને આદેશ આપ્યો! "પોતાનું મરણ એ પણ ઉત્સવ જ છે", એ કેવાં શાંતિદાયક અને મૃત્યુભયથી છોડાવનાર ઉત્તમ વચનો છે! અને પછી થોડો સમય વીત્યો ત્યારે સહુને પરમ આશ્ચર્યમાં ગરકાવ કરી દે એવાં વચનો માએ હિંમતભેર પ્રકાશ્યાં. માએ આદેશ આપ્યો કે, "ગામમાં બધાંને કહેણ મોકલો કે મા જાય છે, તો ભક્તિ ભજન કરવા ચાલો."

માને દેહવિલયના સમયનું જ્ઞાન હતું, પરંતુ તે હિંમતથી અને શૌર્યથી પ્રગટ કરવું ઘણું કરીને અઘરું છે. ગામનાં બધાંએ સાથે મળીને ભજન કર્યાં. ત્યાં છેવટની ઘડી આવી પહોંચતાં માએ સ્મિતપૂર્વક કહ્યું. "મને દેવવિમાન દેખાય છે." એ કહેતાંની સાથે તેમનો દેહ ખૂબ શાંતિપૂર્વક છૂટી ગયો, અને ૯૪ વર્ષના એ દેહની સાર્થકતા થઈ. તેમનાં અંતિમ વચનો કેવાં સુંદર અને સૂચક છે!!

[ ૧૮ ]

હવે અહીં જૈન મુનિશ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજીના દેહવિલયના પ્રસંગનું અને તેમનાં જીવન અને કવન સંબંધી સંક્ષિપ્ત વર્ણન આપતાં અમને હર્ષ થાય છે. તેમનો જન્મ ઉત્તર ગુજરાતના વિજાપુર ગામે વિ. સં. ૧૯૩૦, મહા વદ ૧૪ના શુભ દિને થયો હતો અને માત્ર એકાવન વર્ષનું આયુષ્ય ભોગવી તેઓશ્રી પોતાના જન્મ સ્થળે જ વિ. સં. ૧૯૮૧, જેઠ વદ ૩ના દિવસે કાળધર્મ પામી સ્વર્ગસ્થ થયા હતા.

કણબી કુટુંબમાં જન્મ લીધેલા આ બાળકનું નામ હતું બહેચરદાસ, પિતાનું નામ શિવા પટેલ અને માતાનું, અંબા હતું. માબાપનું આ પાંચમું સંતાન હતું. "બાળક દોઢેક વર્ષનો થયો હશે, એ વેળાની વાત છે. શિવદાસ પટેલનું આખું કુટુંબ ખેતરમાં કામ કરતું હતું. પીલુડીની ઘેરદાર ઘટા નીચે કપડાના ખોયામાં આ બાળક ભરનીંદરમાં પડ્યું હતું. બપોરનો વખત હતો; ભાતના દોણાં રાહ જોતાં હતાં. તેવામાં અચાનક અંબાબાઈના મોંમાંથી ચીસ પડી ગઈ, 'અરે બાપ

રે !' સહુની આંખો દૃશ્ય જોઈ ફાટી રહી. એક કાળો ભયંકર સર્પ પીલુડીના જાળામાંથી નીકળી ઝાડ પર ચડ્યો હતો ને ખોયાના દોરડા પર ઠંડી હવાના ઝોલે ગેલ કરતો લટકી રહ્યો હતો. જેના નીલકંઠમાં પ્રાણઘાતક વિષ રહેલું છે એ ગર્વીલું મોં આમ તેમ ફેરવી રહ્યો હતો. ગુલાબના ફૂલ જેવું બાળક નિરાંતે ઘોરતું હતું. માતા અંબામા મનમાં પ્રાર્થી રહી હતી, મારો બાલુડો સાજો સારો રહેશે, તો પાંચ દીવા હે મા બહુચરા, તને કરીશ !' ધાર્યું પરિણામ આવ્યું. થોડી વારે માનવીનો સંચાર પામી એ સાપ ધીરેથી જાળમાં સરી ગયો. માતાએ દોડીને બાળકને છાતી સરસો ચાંપ્યો. રાતે શિવપૂજક પિતાએ ખાખી ચોકમાં રહેતા મહાત્મા ઈશ્વરદાસજી પાસે ઘટના કહી સંભળાવી. મહાત્મા થોડી વાર ગંભીર બની ગયા પછી ધીરેથી બોલ્યા, 'શિવદાસ, તેરા લડકા ભાગ્યશાળી હૈ ! આગે બડા મહાત્મા હોગા.' મહાત્મા ઈશ્વરદાસજીની ભવિષ્યવાણી સત્ય નીવડી અને બહેચરદાસ, એક નિરક્ષર કણબી કુટુંબનું સંતાન બન્યા અધ્યાત્મયોગી, યોગનિષ્ઠ, સાક્ષર, આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી. કેવું રૂપાંતર ! દૈવીસંકેત વિના જીવન આવો પલટો અનુભવી શકે ?

બહેચરદાસ પૂર્વના કોઈ શુભ ઋણાનુબંધના ઉદયે જૈનધર્મના પ્રખ્યાત અને જ્ઞાની મુનિશ્રી રવિસાગર મહારાજ સાહેબના પરિચયમાં આવ્યા તેમણે તેમની ઉપદેશવાણી સાંભળી; જૈનદર્શનના તાત્ત્વિક સિદ્ધાંતો, અહિંસા, ત્યાગ, દયા, ચારિત્ર વગેરે વિષયો સંબંધની વાતો તેમને ખૂબ ગમી; બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું

અને અંતરમાં જૈનદીક્ષા લેવાના ભાવ દઢ કર્યા. પોતાના માતાપિતાની હૈયાતી સુધી દીક્ષા ન લેવાનો તેમનો નિર્ણય હતો. આથી જ્યારે તેઓ કાળધર્મને પામ્યા, ત્યાર પછી જ તેમણે સ્વર્ગવાસી થયેલ રવિસાગર મહારાજના સુશિષ્ય શાંતમૂર્તિ શ્રી સુખસાગરજીને ગુરુસ્થાને સ્થાપીને, તેમની પચ્ચીસ વર્ષની વયે, વિ. સં. ૧૯૫૭, માગસર સુદ ૬ ના મંગલ દિવસે ભાગવતી દીક્ષા લીધી અને તેઓ બહેચરદાસમાંથી બુદ્ધિસાગર બન્યા. એ શુભ અવસરે તેમની આત્મવિચારણા જોવા જેવી છે. તેમના જ શબ્દો છે:—

"આત્માના ઉપયોગથી નામરૂપમાં થતી વાસનાને હઠાવીશ. બુદ્ધિસાગર એવું નામ, અને આ સાધુ શરીરની આકૃતિ તે રૂપ, તે બેમાં હું આત્માનો અભ્યાસ ધારીશ નહીં."

"સ્વગુરુ પર શુદ્ધ પ્રેમ-શ્રદ્ધા ધારણ કરીશ, પણ અન્યના ગુરુની નિંદા કરીશ નહીં. સમભાવે સુ-ગુરુ ને કુ-ગુરુનું સત્ય સ્વરૂપ સમજીશ."

"કીર્તિ, પ્રતિષ્ઠાની વાસના વિના હું ધર્મકાર્ય કરીશ. નિરાસક્ત ભાવે સર્વ પ્રવૃત્તિ કરીશ. આત્માની શુદ્ધિ અર્થે કટિબદ્ધ રહીશ."

"આત્માની પરમાત્મદશા થવામાં ધર્મશાસ્ત્રો ઉપયોગી નિમિત્ત સાધનો છે, એવું જાણીને એમાંથી સાત નયોની સાપેક્ષ દૃષ્ટિએ સત્યસાર ગ્રહણ કરીશ. જ્ઞાન, ધ્યાન, સમાધિથી આત્માની શુદ્ધિ કરીશ, અને મોક્ષાર્થે ધર્મશાસ્ત્રોનો ઉપયોગ કરી આત્માનું અનંત સુખ અનુભવીશ."

"દેવ-ગુરુ-કૃપાએ હવે યોગસિદ્ધિ, ચમત્કાર, સિદ્ધઈમાં મોહ નહિ કરું. હઠયોગ, મંત્રયોગ વગેરેને સંપૂર્ણ જાણીશ, અનુભવીશ. પણ આત્માના શુદ્ધ સ્વરૂપના ઉપયોગે રહીશ ને ભૂલચૂકનો પશ્ચાત્તાપ કરીને પાછો મોક્ષમાર્ગમાં આગળ વિચરીશ. યોગ વગેરે સાધનોથી લબ્ધિઓ–સિદ્ધિઓ પ્રગટે તેમાં અહંતા–મમતા ન કરું, અને માન–પૂજાર્થે એનો ઉપયોગ ન કરું. સ્વપ્નમાં પણ શુદ્ધાત્મસ્વરૂપથી ન ખસું."

"ધર્મ, મત ને ક્રિયાના ભેદ છતાં હું હિન્દુઓના દેવળોમાં જઈશ તથા સંન્યાસી, બાવા તથા શંકરાચાર્ય આદિ સંતોને મળીશ. તેઓના હૃદયમાં ધર્મભેદ ખેદના નામે મિથ્યાત્વ મોહ શયતાન પેઠો હશે, તો પણ હું તેના આત્માઓને મારા આત્મા સમાન માનીશ. તેમ જ મુસલમાન, ખ્રિસ્તી, બૌદ્ધ, પારસી, શીખ, હિન્દુઓના આત્માઓને આત્મા તરીકે જ દેખું છું ને દેખીશ."

"સર્વ વ્યવહારિક ધાર્મિક કર્ત્તવ્ય કાર્યો કરીશ છતાં અંતરથી ન્યારો રહીશ. ત્યાગાવસ્થામાં સર્વ લોકોને ઉપદેશ તથા લેખથી બોધ આપવારૂપ સેવાધર્મને આદરીશ, નટની પેઠે અનેક કર્તવ્ય પ્રવૃત્તિઓ કરીશ, પણ અંતરમાં તે સર્વથી શુદ્ધ આત્માને ન્યારો માનીને આત્માના જ્ઞાન, દર્શન ને ચારિત્રના સ્વભાવમાં ધર્મ માનીશ."

આ સર્વ અત્યંત આદરણીય આદર્શ ભાવનાઓ અને ઉચ્ચગામી મનોરથોને તેમણે તેમના મુનિજીવનમાં મૂર્ત સ્વરૂપ આપ્યું હતું, તે નક્કર હકીકત છે; સ્વધર્મ અને સ્વકર્મની

ગીતાના પાઠોને પોતાના જીવનમાં ઉતારી આ મહારથીએ અજોડ અને અનુપમ સફળતા મેળવી હતી એ નિઃશંક વાત છે. તેમનું સમગ્ર મુનિ જીવન એકધારું ઉપયોગી ને ઉપકારી પ્રવૃત્તિવાળું હતું. તેમણે કદી પ્રમાદ જેવા શત્રુને આશ્રય આપ્યો નહોતો; તેઓશ્રીએ જીવનની ક્ષણે ક્ષણ અને પળે પળ પોતાના આદર્શો અને પોતાની ભાવનાઓને સાકાર સ્વરૂપ આપવામાં વીતાવી હતી.

અંજલિ આપતાં સાક્ષરવર્ય શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી લખે છે :—

"એક વખતના નિરક્ષર બાળકે વિકાસ સાધી જીવનનું ઉત્તમમાં ઉત્તમ ફળ મેળવ્યું. આધ્યાત્મિક વિદ્યા, તત્ત્વજ્ઞાન–જૈનોનું તથા જૈનેતરોનું, કર્મ, જ્ઞાન, ભક્તિ અને યોગ એ ક્ષેત્રોમાં ઘૂમ્યા. ગદ્ય ને પદ્ય સંસ્કૃત, માગધી, હિન્દી, ગુજરાતી ભાષાઓ અપનાવી, સાહિત્યની છોળો વરસાવી, લગભગ ૧૨૫ ગ્રંથો લખ્યા, જેમાંના ૧૦૮ તો પ્રગટ થઈ ચૂકયા છે. એ એક આશ્ચર્ય (miracle) નહિ તો શું ?"

પ્રોફેસર કેશવલાલ હિંમતરામ કામદાર શ્રીમદ્ બુદ્ધિસાગરજીના સંબંધમાં જે અભિપ્રાયવચનો કહે છે તે જોઈએ :—

"શ્રી બુદ્ધિસાગરજીનું કામ ખંડનનું નહિ પણ મંડનનું હતું. તેમનો પ્રવાસ મુખ્યત્વે ગુજરાત પુરતો રહ્યો હતો. તેઓ ગુજરાતથી અને તે પણ ઉત્તર અને મધ્ય ગુજરાતથી બહાર, બહુધા, ગયા નહોતા; છતાં આ મર્યાદિત વિહારો દરમ્યાન તેઓ જૈન ને જૈનેતર, બન્ને સમાજોના આગેવાનોના સંપર્કમાં

આવ્યા હતા, તેઓ એ સંપર્કથી દૃષ્ટા, કવિ, ફિલસૂફ, યોગી અને વિવેચક બન્યા હતા. તેમણે આપણને યોગ, વ્યાકરણ, કાવ્ય, ફિલસૂફી, ઇતિહાસ, રાસસાહિત્ય, ભજન કાવ્ય વગેરેનું અનોખું સાહિત્ય આપ્યું, જૈન સાધુત્વના કડક, નિયમિત આચારો પાળતાં પાળતાં;, પણ તેમણે અનેક સાહિત્યકારો, લેખકો, આગેવાનો વગેરેનો સંસર્ગ સાધ્યો અને કોઈ સાધુ ન કરે તેવી રોજનીશીનું ગ્રંથોના ગ્રંથો લખાય તેટલું, વિચારશીલ સાહિત્ય તેઓ મૂકતા ગયા....સિદ્ધિઓને પાર પાડવાની અભિલાષા સેવનાર આ જૈન સાધુનું મતિજ્ઞાન ખરે ખર અલૌકિક જ કહેવાય."

શ્રી જયભિખ્ખુએ સૂરીશ્વરજીનાં જીવનચરિત્રનું આલેખન સુંદર, સચોટ અને ભાવવાહી શૈલીમાં કર્યું છે; તેની પ્રસ્તાવનામાં તેઓશ્રી લખે છે કે :—

"પ્રગતિની પરાકાષ્ટાસમું એ જીવન! માત્ર બે પચ્ચીસીનું જ જીવન! બે જ જીવન–વસંત! એકમાં માનવ બન્યા, બીજામાં મહાન! પણ કેટલી તરબતર કરી મૂકે તેવી સુવાસ! ધ્યેયના ધ્રુવતારકને વળગી રહેવાની ને એને ખાતર કષ્ટ સાધનાના તપની કેવી તૈયારી! ગામડા ગામનું કણબીનું બાળ! રાની વગડાઉ ફૂલ માત્ર! પૂરેપૂરી અભણ ને ગરીબ કોમ. એ માટીમાં હજારો જીવ પેદા થયા, ને એ માટીમાં જેવા પેદા થયા તેવા, લેશ પણ વિશિષ્ટતા વિના એમાં મળી ગયા. એમાંના એક ક્ષુદ્રાતિક્ષુદ્ર બાળનો જીવન ઉત્થાનનો કેવો ભગીરથ યત્ન! કેટકેટલા પ્રત્યવાયોનો સામનો! છતાં સાચી આત્મશ્રદ્ધાનાં કેવાં મધુર ફળ!"

પછી તો "સદાચરણની મૂર્તિસમા જૈન મુનિરાજ એને

સાંપડે છે! સર્વ ધર્મના સમન્વયસમા જૈનત્વ પર એને મોહ થાય છે અને એ સાધુરાજના હાથે ભાગ્યનિર્માણના પહેલા બોલ પડે છે! અને પછી તો ઘડતર એવું ભવ્ય રીતે થાય છે, કે આપણે જાણે પૂર્વ જીવન વિસ્મરી જઈએ છીએ. સામાન્ય ભૂતકાળની મટોડીમાંથી તેજસ્વી વર્તમાનકાળનું ઘડતર થાય છે, અને કણ તથા ચણ માટે જીવન ખચી નાખતા સહુ બાળકોમાં પેલું કણબીબાળ ભાવિના ઉન્નત મિનારા ખડા કરે છે! ટૂંક સમયમાં જ એક જિગીષુ જુવાનને ગીતા, બાયબલ, કુરાન, અવેસ્તા વાંચતો જોઈએ છીએ, મંદિર, દેવળ, મસ્જિદમાં જતો નિહાળીએ છીએ ને સાથે જૈનત્વનો પરમ અનુરાગી પણ પેખીએ છીએ, ત્યારે જૈન કુળોમાં જન્મેલાને પણ ધર્મના મર્મનું જાણે નવું અભિજાત દર્શન થાય છે!"

અને "એ યોગિત્વ, એ સાધુત્વ, એ કવિત્વ, એ વકતૃત્વ, એ આત્મપ્રેમ, એ મસ્તી, એ દિલદિલાવરી અનોખી હતી. કવિ, તત્ત્વજ્ઞ, વકતા, લેખક, વિદ્વાન, યોગી, અબધૂત, એકલવીર, એમ અનેક સરિતાના સંગમ એ બુદ્ધિ-અબ્ધિમાં (બુદ્ધિસાગરમાં) થતા જોવાય છે. ખરેખર, આપણું શ્રદ્ધાતત્ત્વ બહુ મોળું હોવા છતાં આપોઆપ કહી દેવાય છે કે—

"એ એકમાં અનેક હતા,
અનેકમાં એ એક હતા."

કોઈની સાથે સરખામણી કર્યા વગર અમે "એટલું તો જરૂર કહીશું કે તેમની આ છબી પણ જૂની પ્રતાપી

છબીઓની ઝાંખી અવશ્ય કરાવતી હતી. વિભાજિત માનવતાને એક સાંકળે બાંધનારી જૈન ફિલસૂફની એ છબી હતી. પ્રચંડ, પ્રતાપી, નિર્મુક્ત નિર્વ્યાજ, કુળ, જાતિ, જાતપાંત વિહોણી ગગનવિહારી જૈન સાધુતાના શેષ સમી એ છબી હતી. એમાં જીવનનો ઝણકાર હતો, બ્રહ્મચર્યનો ચમકાર હતો, આત્મપ્રેમનો પ્રકાશ હતો, વૈરાગ્યનો વિકાસ હતો, વાણીનું સામર્થ્ય હતું, સાહિત્યની સર્જના હતી, યોગનો અધિકાર હતો, સત્યશોધનની ઝંખના હતી!"

"પૂર્ણ તો માત્ર પરમાત્મા છે, ને તત્ત્વ તો માત્ર કેવળીગમ્ય છે, પણ એટલું તો અનેકોએ પ્રત્યક્ષ અનુભવ્યું છે, કે એ કહેતા ને થતું, એ બોલતા ને ફળતું. એની સાહેદી આજે અનેક જીવંત નર–નારીઓ પૂરે છે."

સૂરીશ્વરજીના સંબંધમાં સાક્ષર શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈનાં વચનો આ રહ્યાં :—

"એકાવન વર્ષમાં જ બધી લીલા સમેટી લીધેલા એક જીવનમુક્તની વિવિધ દૃશ્ય ભૂમિકાઓમાં આપણને ફેરવી માનવજીવન સામાન્યતામાંથી કેટલી ઉચ્ચ દિવ્યતાએ ચઢે છે એનો ખ્યાલ પણ આપણને તેમનું જીવનચરિત્ર આપી જાય છે; જોડે જોડે એ એકાવને વર્ષનો મહત્ત્વનો સામાજિક ઇતિહાસ પણ આપણને આપી જાય છે. શ્રીમદ્ બુદ્ધિસાગરજીનાં પર્યટનો, તેમનાં કષ્ટભર્યાં તપ, તેમનો ઉગ્ર સંયમ, અતુલ અભ્યાસ, વંદનીય દીક્ષા અને આર્યસંસ્કૃતિને શોભે એવું

આચાર્યપદ એ તેમનાં જીવનશિખરો આપણને અદ્ભુત રસની પરાકાષ્ટાએ જરૂર પહોંચાડે એવાં છે."

ઉપર જણાવ્યાં તે સર્વ શિખરોને પણ ઝાંખા પાડી દે અથવા ટપી જાય એવા એક અદ્ભુત અને ઉચ્ચ આત્મદશાના શિખરે આ અધ્યાત્મ અને યોગ જ્ઞાનના રસિયા, આ યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી પહોંચ્યા હતા, એ અતિ મહત્ત્વની વાત જણાવતાં અંતરાનંદ અનુભવાય છે. એ ઉપકારી પુરુષાર્થ વેળાએ શ્રીમદ્ને જે અતિ સુંદર, ગહન અને હૃદયસ્પર્શી આધ્યાત્મિક અનુભવો થયા હતા તે તેમનાં જ વચનોથી જોઈ એ.

" બહુ ચમકતી'તી વીજળીઓ, પેસી જતી'તી આંખમાં;
ઘનવાયુના ઝંકાર વિદ્યુતને, ગ્રહે નિજ પાંખમાં.
એવે સમે પરમાત્મરૂપે, લીનતા વૃત્તિ તણી;
આવ્યો અનુભવ મોક્ષનો, ઝાંખી હૃદય પ્રગટી ઘણી.
વિકલ્પ જે જે રાગના, ને દ્વેષના તે તે ટળે;
નિજ આત્મરૂપે સ્થૈર્ય તે, મુક્તિ અહીં નિશ્ચય મળે."

* * *

" પ્રભુરસ પામ્યા પ્રભુરૂપ થઈ આ, આપો આપ વિલાસી રે!
બુદ્ધિસાગર સંત જીવંતા, ઘટમાં વૈકુંઠ કાશી રે!"

* * *

" ગગન તખ્ત પર ઝગમગ જાગી, જ્યોત જરૂર જયકારી રે, હેજી
ઝરમર ઝરમર મેહુલા વરસે, ચમકી વીજળી સારી રે, હેજી

સંતો મારો અલખ જોગીશ્વર, જાપ જપે જ્યાં—
સોહમ્ સમોવડ ભારી રે, હેજી."

* * *

"અબ હમ ઉતર ગયે ભવપારા, ભવમુક્તિ દોઉ સમભાવી–
આનંદ અપરંપરા.... .... .... .... .... ..અબ હમ.
ત્યાગ રાગ સમભાવી હોતે, શ્રી ગુણાતીત પસારા,
અવધૂત મસ્ત ભયા હમ આતમ, મોહ કાલકુ મારા.
અબ હમ."

સં. ૧૯૮૧ ના માગસર સુદ ૬ ને મંગળવાર, તા. ૨–૧૨–૧૯૨૪ ના રોજ પોતાની રોજનીશીમાં નોંધે છે કે:-

"આજે ચારિત્ર–દીક્ષાનાં ચોવીસ વર્ષ પૂર્ણ થયાં. પંચ મહાવ્રત અને છઠ્ઠા રાત્રિ ભોજન વ્રતનો હજી સુધી ભંગ થયો નથી. અતિચાર પ્રગટ થતા વારી દીધા છે. ધારણા, ધ્યાન અને સમાધિથી આત્માની શુદ્ધતામાં આગળ વધી આત્મારૂપી પરમાત્માનો સાક્ષાત્કાર અનુભવ કર્યો."

હવે અંતમાં આપણે આ અધ્યાત્મયોગી જ્ઞાની મહાત્માના પાર્થિવ દેહના અંતકાળની અગત્યની કથા પર આવીએ છીએ. તેની સમસ્ત વસ્તુ શ્રી જયભિખ્ખુએ તેમના જીવનચરિત્રરૂપે લખેલ "યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી" નામના પુસ્તકમાંથી સાભાર લઈ અહીં આપવામાં આવેલ છે.

મુનિશ્રીને પોતાના દેહત્યાગનું જ્ઞાન ઇશ્વરાનુગ્રહે મળી ગયું હતું, તેની પ્રતીતિ માટેનાં સૂચક વચનો નીચે પ્રમાણે છે.

"વિ. સં. ૧૯૮૦ માં ડૉ. કુપરે સૂરીજીને તપાસ્યા, છેલ્લા ચાર વર્ષથી એમના દેહમાં ડાયાબિટીસ–મધુપ્રમેહનો રોગ ઘર કરી ગયો હતો. ડાક્તરે એવું નિદાન કર્યું કે રોગ એટલો બધો વધી ગયો છે કે તેઓ છ માસથી વધુ નહિ ભાળે. સૂરિજી હસ્યા, એમણે કહ્યું, 'હજી ઘણાં કામ બાકી છે. પૂરાં ન થાય ત્યાં સુધી મૃત્યુની ફિકર શું કરવી? જો કે હવે કામ ઝડપથી ઉકેલવા પડશે.'

'વિ. સં. ૧૯૮૧ નું ચાતુર્માસ કરવા માટે સૂરીજીને ઠેર ઠેરથી આમંત્રણ આવ્યાં. સૂરીજી સહુને એક જ જવાબ વાળે, 'ભાઈ, હવે કોણ ચાતુર્માસ કરવાનું છે?....ચોમાસું મહેસાણા કરવાની વિનંતિ સાથે શ્રાવકો આવ્યા. મહારાજે સ્પષ્ટ કહ્યું કે, 'હવે આવતું ચોમાસું કરવું છે જ કોને?"

સંવત્ ૧૯૮૧ ના "ચૈત્ર સુદ પાંચમના દિવસે શ્રી રામનો હનુમાન–સૂરીજીનો અંગત સેવક પ્રશિષ્ય શ્રી વૃદ્ધિસાગરજી બાર દિવસની તાવની બિમારીમાં ગુજરી ગયા. એનું મૃત્યુ જોઈ સ્થિતપ્રજ્ઞ ગુરુજી વ્યાકુળ બની ગયા, બોલ્યા :

'ભાઈ વૃદ્ધિસાગર, આત્મસ્વરૂપમાં રહેજે, જરાપણ ગભરાઈશ નહિ. તારી પાછળ જ આવું છું.'

"આ પછી સૂરીરાજ ચૈત્ર વદી દશમના રોજ આત્મ-શાંતિ માટે વિજાપુરથી મહુડી ગયા. મહુડીમાં જીવને શાંતિ મળી. આ વેળા તેમણે પત્રો બધે લખ્યાં. 'હવે આ દેહનો ભરોંસો નથી. હું તમોને સહુને ઘણા નમ્રભાવે ખમાવું

છું.' 'ભાઈઓ, મુસાફરી પૂરી થઈ છે. જે કાંઈ ઇચ્છા હોય તે લઈ લો. નહીંતર પાછળથી પસ્તાવો થશે.' 'શરીર સારું થાય અગર ટળી જાય, તે બંનેમાં વસ્ત્રના ગ્રહણત્યાગ જેટલી બુદ્ધિ ઉપયોગથી વર્તે છે.' 'મારી તબિયત નરમ થયા પછી હવે મારી સ્વતંત્ર પ્રકૃતિ વધી ગઈ છે.'"

"મહુડીમાં ભક્તજનોનો મેળો જામી રહ્યો હતો. વિજાપુરવાળા શેઠ મોતીચંદ ગુરુશ્રીને જન્મભૂમિ પાવન કરવા આગ્રહ કરતા હતા. જ્યાં પહેલો શ્વાસ લીધો ત્યાં જ અંતિમ શ્વાસ શા માટે ન લેવો?...આખરે યોગીરાજે જન્મભૂમિનો સાદ સાંભળ્યો."

"પુંધરાના જ્યોતિષી ભોળાનાથ મુહૂર્ત પરખી રહ્યા હતા. વિજાપુરનો સંઘ ચરિત્રનાયકને વિજાપુર લઈ જવા માગતો હતો. જ્યેષ્ઠ વદી બીજનું શુભ મુહૂર્ત છે, એમ જ્યોતિષીજીએ કહ્યું, ત્યારે મોટા જ્યોતિષી–મહારાજશ્રીએ નિષેધ કરતાં કહ્યું, 'મારે ત્રીજનું મુહૂર્ત જોઈએ. હોય તો કાઢી આપો.' 'છે, પણ આઠ વાગ્યા પછી વિહાર થાય.' મહારાજશ્રીએ કહ્યું, 'ના, એ ન બને. મારે છ વાગે તો ત્યાં પહોંચવું છે.'"

યાદ રાખવા યોગ્ય છે કે આ મહાત્મા આચાર્યશ્રીનો દેહવિલય જેઠ વદ ૩ની સવારે સાડા આઠ વાગે થયો હતો.

"સંઘે કબૂલ કર્યું. એ દિવસે રાતે બધાંને કહી દીધું, બધાની ક્ષમા માગું છું. હવે હું મુસાફરી પૂર્ણ કરવા માગું છું. રાત્રે નાડી મંદ પડી. દાક્તરો ગભરાયા.

જ્યાં લઈ જવા હોય ત્યાં લઈ જવા સુચના કરી. જેઠ વદ ત્રીજના વહાણામાં પાટ પર સુવાડી સકલ સંઘ તેમને વિજાપુર લાવ્યો. ૐ અર્હમ્ મહાવીરનો નાદ ધીરો ધીરો સંભળાતો હતો. અનેક ઝંઝાવાતોથી જર્જરિત, તપ, ત્યાગ ને તિતિક્ષાથી તવાઈ ગયેલ એ પુષ્પને મહુડીથી વિજાપુરના ચાર કોશ કાપવા પણ દુષ્કર હતા. પ્રયાણયાત્રાના એ સંઘ-સમુદાયનું દશ્ય અપૂર્વ હતું. એક પાલખી પર યોગીરાજની અડીખમ કાયા વિરામ લઈ રહી હતી. માત્ર ધેરા શ્વાસોશ્વાસ ને ૐ અર્હમ્ મહાવીરના સ્વરો સંભળાતા હતા. યોગીરાજ વિજાપુરમાં પ્રવેશ કરી ગયા. એક વરદ હાથ સહેજ હલ્યો ને પં. મહેન્દ્રસાગરને સમીપ બોલાવવાનો સંકેત થયો, ને ધીમા શબ્દો ગૂંજ્યા : 'ભાઇ, શાંતિ! શાંતિ! શાંતિ!' શાંતિના ફિરસ્તાએ છેલ્લા એ શબ્દ પુદ્દગલોને વહેતા મૂક્યા. થોડી વારમાં વિદ્યાશાળામાં પ્રવેશ થયો. યોગીરાજને જ્યાં વર્ષોથી એ બેસતા તે જગ્યાએ સંથારો કરી સૂવાડવામાં આવ્યા."

"દર્શનાર્થીઓની ભારે ભીડ જામી ગઈ, અને આ કંઈ માત્ર વાણિયાના મુનિ ક્યાં હતા! એમનો જૈનધર્મ જનધર્મ હતો, ને એ અઢારે કોમના સાધુ હતા. એમાં જૈન હતા, બ્રાહ્મણ હતા, પીંજારા હતા, પાટીદાર હતા, મુસલમાન હતા, ઠાકરડા હતા ને ઢેઢભંગી પણ હતા. સહુના હૈયાં ગદ્દ ગદ્દ થઈ રહ્યાં હતાં. સંથારા પર સૂતેલા આ યોગીરાજની છેલ્લી અદબ કરવા એક પછી એક આગળ આવવા લાગ્યા. પાછળ રહી ગયેલા તેમના પટધર શ્રી અજિતસાગરસૂરીજી

આવ્યા, તેમણે વંદન કર્યું. યોગીરાજે સપ્રેમ ઝીલ્યું. સાધ્વી સમુદાય આવ્યો. એમની વંદના ઝીલી."

"મૃત્યુની અંતિમ પળોની ભીષણ વેદના સામે જાણે યોગીરાજ સતત લડી રહ્યા હતા. વકીલ મોહનલાલભાઈ (તે શ્રીમદ્દના જ્ઞાની ગૃહસ્થ શિષ્ય હતા) આત્મોપયોગનો સતત ખ્યાલ કરાવી રહ્યા હતા. ઘડિયાળનો કાંટો સાડા આઠ પર આવી પહોંચ્યો હતો. શાંત મુદ્રા સાથે એ નયન મીંચાઈ ગયાં, હંમેશને માટે મીંચાઈ ગયાં પૃથ્વીના પટ પર એક સૂર્ય પોતાની સહસ્ર કળા વિકસાવી રહ્યો હતો, ત્યારે શાસનનો આ સૂર્ય પોતાની એક ભવ-કળા સમેટી રહ્યો હતો."

હવે પછીની વિધિ જેઓએ આંખદેખી વર્ણવી છે, એ સૂરીરાજના અગ્રગણ્ય ભક્ત ને વકીલ શ્રી મોહનલાલભાઈના પુત્ર શ્રી મણિલાલ મો. પાદરાકરના શબ્દોમાં વર્ણવીએ છીએ.

"ત્યાર બાદ ગુરુશ્રીના મૃતદેહને વિધિ પ્રમાણે સ્નાનાદિક સમગ્ર ક્રિયાઓ કરાવીને નૂતન વસ્ત્રો પહેરાવી પાટ પર પધરાવવામાં આવ્યું હતું.....ત્રીજની રાત્રિ ભક્તજનોની મંડળીઓએ ભજનો ગાવામાં અને ગુરુભક્તિમાં વ્યતીત કરી. તે રાત્રિમાં જુદી જુદી વ્યક્તિઓએ જુદી જુદી રીતે ગુરુશ્રીના અનેક ચમત્કારો જોયા, એમ જનો દ્વારા સાંભળ્યું, અને અનુભવ્યું છે.....સવારે સાત વાગે શ્રીમદ્દના મૃત દેહને શાસ્ત્રોક્ત વિધિપૂર્વક વકીલ મોહનલાલ હીમચંદના હાથે સ્નાન વિલેપન ક્રિયા કરવામાં આવી હતી. ઉપાશ્રયના મધ્યભાગમાં શ્રીમદ્દના શરીરને હંમેશા બેસવાની જગ્યાએ પાટ પર

પધરાવ્યું હતું. શ્રીમદ્‌ના દેહ ઉપર ચોવીસ કલાક વીતી ગયા છતાં પણ અપૂર્વ તેજ વિલસતું હતુ. જાણે જીવંત મૂર્તિ હોય નહિ! તેમના દેહને જરીના કપડાથી મઢેલ નવી બનાવેલી પાલખીમાં પધરાવ્યો હતો અને પાલખીને ગુરુશ્રીએ ફરમાવ્યું હતું ત્યાં સ્થાપન કરવામાં આવી; ત્યાં સુખડની ચિતા તૈયાર કરવામાં આવી અને અગ્નિદાહ ક્રિયા થઈ."

'અજબ જેવું છે કે અગ્નિસંસ્કાર વાળી જગ્યા ઘણા વખત સુધી ભીની રહી હતી ને બિલકુલ સુકાતી ન હતી, જ્યારે આજુબાજુ ભીનાશ જરાયે જણાતી ન હતી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

: ૨૬ :

લગભગ બેતાલીસ વર્ષની ઉમરની સ્ત્રીના દેહત્યાગની આ વાત છે. અમારા સ્નેહીએ નજરે જોયેલ અને જણાવેલ સત્યરૂપ બનેલી હકીકત છે. કહેનાર પ્રમાણિક હોવાથી પૂર્ણ વિશ્વસનીય છે.

ખાનદાન અને પ્રતિષ્ઠિત કુટુંબ હોવા છતાં દુર્ભાગ્યવશાત તેમની આર્થિક સ્થિતિ ઘસાયેલી અને નબળી હતી. તે બહેનની અંતકાળની માંદગીનો પ્રસંગ ઉપસ્થિત થયો. સંતાનમાં તેમને પાંચ પુત્રો હતા, પાંચથી પંદર વર્ષની વય સુધીના, ધીરે ધીરે માંદગી લંબાતી ગઈ; દાક્તરના ઉપાયો સફળ થતા ન હતા; ઔષધિની ફેરબદલી થાય પણ આયુષ્યબળ ન હોય ત્યારે દવા સુવાણ તરફ લઈ જવા શક્તિશાળી

થતી નથી, એ ન્યાયે અત્રે બનતું હતું. આખરે દાક્તર સાહેબે આશા છોડી દીધી, હાથ ધોઈ નાખ્યા અને સ્પષ્ટ જણાવ્યું, 'હવે કોઈ ઉપાય નથી. એકાદ દિવસમાં દેહ છૂટી જશે.' તે જ દિવસે સાંજે કસર વધી અને ઝોળું આવ્યું. બોલાવવાથી દાક્તર આવ્યા ને તપાસી કહ્યું, 'હૃદય નબળું થઈ બેસતું જાય છે અને ગણ્યા કલાકના મહેમાન હોય તેમ લાગે છે.'

આશ્ચર્ય તો એ થયું કે આવેલું ઝોળું તો વળી ગયું; શુદ્ધિ આવી અને નયન ખોલ્યાં ;; નબળાઈ ઘણી હતી; બોલવાની ઇચ્છા છતાં અશક્તિને લીધે ઉચ્ચાર થઈ શકતો નહોતો. રાત્રિ એમ જ પસાર થઈ અને વચ્ચે એક વખત ફરીથી ઝોળું આવીને વળી ગયું હતું. બીજે દિવસે સવારે દાક્તરે તબિયત જોઈ અને તેઓ જીવી રહ્યાં છે તે પરત્વે તેમના અંતરમાં વિસ્મયતા થઈ હતી તે તેમણે પાછળથી જણાવ્યું હતું. તે વેળાએ એટલું જ કહ્યું, 'આશા તો નથી; જોયા કરવું.' ઝોળું આવે અને વળે, સભાન અવસ્થામાં રહે એવી સ્થિતિ ચાર દિવસ ચાલી. તબિયત જોવા આવનારાઓને ખૂબ આશ્ચય થતું અને અંદરોઅંદર કહેતાં. 'આમ કેમ થાય છે? દેહ કેમ છૂટતો નથી? કંઈક અતૃપ્ત ઇચ્છા હોવી જોઈએ, નહિતર આમ ન બને. તેના જીવને અંતરમાં કોઈ મુંઝવણ સતાવી રહી હશે. તેમને પૂછીને નિવેડો લાવવો જોઈએ.'

આ પરિસ્થિતિ પરથી અનુમાન થઈ શકતું હતું કે

અંત સમીપ પહોંચનાર દર્દી કોઈ મોટો જંગ ખેલી રહી હતી, મોત સામે ઝઝૂમી રહી હતી, દેહ છોડવાની તૈયારી છતાં દેહ છોડવાની ના હતી–અંદરમાં અકળાવતી તીવ્રેચ્છા પૂરી ન થાય ત્યાં સુધી, સ્વજનો અને કુટુંબીજનો જેમ તેમને સૂઝે તેમ પૂછતાં પણ તેના કોઈ ઉત્તર મળતા નહોતા; તે વેળા તેઓ માત્ર ટગર ટગર જોયાં કરતાં હતાં અને તેથી તો બધાની મુંઝવણ ઘણી વધી જતી હતી. કોઈ સ્વજન કહેતા, 'તમે પાછળની કોઈ ચિંતા કરશો નહીં. બધું સરસ અને અનુકૂળ થઈ રહેશે.' તો અન્ય કોઈ કહેતા, 'પતિ, બાળકો વગેરેની ઉપાધિમાં ચિત્તને રોકશો નહિ. સૌના પ્રારબ્ધાનુસાર સર્વ કંઈ મળી રહેશે. તમે એક પ્રભુનું જ સ્મરણ રાખશો અને બધું ભગવાન ઉપર છોડી દેશો.' તો વળી કોઈ પૃચ્છા કરતું કે, 'તમારા દિલમાં જે હોય તે કહી દિયો તમારી ઇચ્છા પૂર્ણ થશે અને તે પ્રમાણે જ થશે માટે નિશ્ચિંત રહો અને કહો.' પણ તેમનું મન તૃપ્ત થયું નહીં અને કંઈ ફળ મળ્યું નહીં. છેવટે એક શ્રીમંત સ્વજને કહ્યું, 'તમે પુત્રો સંબંધે કંઈ ચિંતા કરશો નહીં. તેમની સંભાળ હું રાખીશ ને યોગ્ય કરીશ. તમે સંદેહ રહિત થઈ શાંતિમાં રહેજો અને પ્રભુસ્મરણ કરશો.' તે શબ્દોની ચમત્કારિક અસર થઈ; બાળકો સંબંધે બીજાઓએ બાંહેધરી આપી હતી પરંતુ તેમના ચિત્તમાં વિશ્વાસ ન આવવાના લીધે શલ્ય દૂર થયું ન હતું; અને આ પુરુષનાં વચનમાં શ્રદ્ધા આવી હતી. તેથી અંદરની મુંઝવણ દૂર થઈ; થોડીવારમાં જ તેમણે ચક્ષુ બીડી દીધાં; દીર્ઘ શ્વાસ લીધો અને તે દેહની જીવનયાત્રા પૂરી

કરી. સહુને થયું કે ચિત્તમાં વાસના બળવાન હતી, શલ્યરૂપ હતી અને તે કારણે જ દેહ છૂટવાની ક્રિયા અટકતી હતી. શલ્યની નિવૃત્તિ થતાં દેહથી નિવૃત્તિ થઈ. અહો વાસનાનું બળ કેટલુ બળવાન છે!

: ૨૦ :

આ સત્ય ઘટના છે. વિશ્વાસપાત્ર સ્થળેથી પ્રાપ્ત થયેલી ને તેમણે નજરે નિહાળેલી હકીકત છે. તે જાણ્યાથી અગાઉ બતાવેલ સિદ્ધાંત પ્રતીત થશે કે જે ભાવની મુખ્યતા અને પ્રબળતા હોય તે ભાવ અંતકાળે સ્વયં આવીને ઊભો રહે છે. મૂળ પ્રસંગની વાત વફાદારીથી જેમ છે તેમ કાયમ રાખી બીજી બાજુ અનુરૂપ થોડી કલ્પનાનો રંગ ચઢાવવા કંઈક પ્રયત્ન કર્યો છે તે નિખાલસ ભાવે વિદિત કરવાનું ઉચિત માન્યું છે.

આ એક ચોસઠ વર્ષના પુરુષના દેહત્યાગની કથા છે. તેઓ રમતગમતના વિષયના ભારે શોખિન હતા; કહો કે એ જ એમના જીવનનું મુખ્ય ધ્યેય હતું, એમના જીવનનો મુખ્ય આનંદ હતો; તેઓ અને રમત એક બીજામાં વણાઈ ગયાં હતાં; પછી તે રમત હોકી હો, ટેનીસ હો, કે ક્રિકેટ હો, પણ તેમનો રસ તેમાં જળવાઈ રહેતો અને તેમાં પણ તેઓ ક્રિકેટના તો ખાસ રસિયા. ક્રિકેટ મેચ રમાતી હોય ત્યારે તેઓ બધું ભૂલી જઈ એકાવધાની થઈ જતા. ટેસ્ટ મેચોના, બોલર, બેટ્સમેન, રન વગેરેના જૂના 'રેકર્ડ' તેમને કંઠસ્થ હતા. તે પરથી કેટલીક વાર આગાહીઓ પણ

કરતા અને કેટલીય વાર તે આગાહીઓ ઠગારી નીવડતી. સીધા દાવમાં સીધી મતિ સૂઝે છે પરંતુ દાવ ક્યારે ઊંધો પડશે ને ઉલટી ચાલ પકડશે તે કળવું મુશ્કેલ બને છે. રસિયાનો રસ એ એક એવો સરસ પદાર્થ છે કે તે કદી નીરસ થતો નથી. નિરાશ કરતો નથી અને તેનો મજબુત પાશ છોડતો નથી.

આ ક્રિકેટરસિક પુરુષ તેમના ૬૪ મે વર્ષે છેવટની માંદગીની પથારીમાં પડ્યા. માંદગી લંબાતી થઈ, યોગાનુયોગ તે વખતે ભારત અને ઈંગ્લેંડ વચ્ચેની ટેસ્ટ મેચ શરૂ થઈ. એક બાજુ ભારતની ટેસ્ટ ( કસોટી ) હતી, બીજી બાજુ તે પુરુષની ટેસ્ટ (આખરી ને આકરી કસોટી ) હતી. એક બાજુ હારજીતનો પ્રશ્ન હતો, બીજી બાજુ જીવનમરણનો પ્રશ્ન હતો. એક તરફ સામે પક્ષે ઈંગ્લેંડની 'ટીમ' હતી, બીજી તરફ સામે પક્ષે દર્દની 'ટીમ' હતી. દર્દી રમાતી મેચ સંબંધે વારંવાર પ્રશ્ન કરતા હતા. ટોસમાં ઈંગ્લેંડની જીત થઈ અને તેના પ્રથમ દાવમાં 'રન'નો જંગી જુમલો એકઠો કરી તેમણે દાવ છોડી દીધો. આ બાજુ દર્દની જીત થઈ અને પોતાનો પાશ પૂર જોશથી અજમાવી દાક્તરની આશાનાં તંતુ ઢીલા પાડ્યા. ભારતે પોતાનો દાવ નબળાઈથી શરૂ કર્યો પરંતુ પછી સુધારાના ચિહ્ન જણાયા અને ઈંગ્લેંડ તરફના અડધે રસ્તે પહોંચી જવા સફળતા મેળવી; આશા બંધાણી. આ તરફ દાક્તરના જલદ ઉપાયથી દર્દીના દરદે થોડી પીછેહઠ કરી

અને તેથી જીતની આશા સજીવન થઈ. ભારત તેના બીજા દાવમાં જીત મેળવવા કટિબદ્ધ થયું; દાક્તર પણ દર્દને હાર આપવા તનતોડ મહેનતમાં પડયા. ભારતે બીજા દાવમાં કંગાલ શરૂઆત કરી અને પછી તો દુર્ભાગ્યે ટપોટપ વિકેટો પડવા માંડી. આ બાજુ દાક્તરની સંભાળભરી સારવાર છતાં દર્દનો પગપેસારો વધતો જતો હતો અને ઇન્દ્રિયો તથા અંગોની શક્તિ ઘટતી હતી, તેનાં પરિણામે તે પુરુષને ઝોબું આવ્યું; તે વેળા તેની નાડીનું કોઈ ઠેકાણું નહોતું. ઝોબામાંથી બહાર આવ્યા, થોડી શુદ્ધિ આવી, આંખો ઉઘાડી અને પાસેનાને પૂછયું. "સ્કોર શું થયો?" તે વ્યક્તિને આશ્ચર્ય થયું, ઉત્તર અપાય કે નહીં તેના વિમાસણ અનુભવી અને અંતમાં આ ક્રિકેટના રસિયાને તેમના સંતોષ ખાતર જવાબ આપવો ઘટે છે એવો નિર્ણય કરી જણાવ્યું, "૧૦૩ રનમાં બધા 'આઉટ' થયા." તે દુઃખદ સમાચાર નહીં ગમ્યા હોય કે તેથી આઘાત લાગ્યો હશે કે કેમ, તે તો ખબર નથી; પરંતુ ૬૪ વર્ષ સુધી "નૉટ આઉટ" રહેલા તેમણે હવે "આઉટ" થવા ધાર્યું હોય તેમ તે ઉત્તર સાંભળતા દીર્ઘ શ્વાસ ખેંચી અને છોડીને જીવનનું યુદ્ધ પૂર્ણ કર્યું. તેમના જીવનની રમત ભારતની હારની સાથે સમ્મત ન થવાથી સંકેલાઈ ગઈ. તે જોઈ પાસે ઊભેલા આશ્ચર્યચકિત થઈ ગયાં. આ પ્રસંગ ઉત્તમ બોધ આપનાર છે એ નિશ્ચિત છે.

: ૨૧ :

કોઈને કોઈ માનસિક ક્લેશ, ચિંતા કે વ્યથાનાં કારણે આપઘાત કરી જીવનનો અંત આણવાના પ્રયાસો આ જગતમાં

બનતા આવ્યા છે અને બનશે. દેહવ્યાધિની અસહ્ય વેદના પણ કેટલીક વાર તેવું પરિણામ લાવે છે. આપઘાત કરવો એ ગુનો છે, એ કાયદો અમલમાં આવ્યા પછી તેવા કિસ્સા બનતા અટકયા છે એમ નથી. તેવા પ્રસંગો અવશ્ય બને છે અને ત્યારે અધિકારીની તપાસ અને પ્રશ્નના ઉત્તરમાં આત્મહત્યાના પ્રયાસમાં તત્કાળ બચી ગયેલ મનુષ્ય અકસ્માતથી દાઝી ગયાનું અથવા ભુલથી બીજી ઝેરી દવા લેવાઈ ગયાનું જણાવી કાયદાના ભયથી પોતાનું રક્ષણ કરે છે. તેના જીવનની કરુણ કથની જાણનાર, તેના દર્દભર્યાં અંતરદુઃખથી કયારેક વ્યક્ત કરેલા ભાવોના પરિચયી અથવા અતિ નિકટના સ્વજન આપઘાત કર્યાનું અનુમાની શકે છે; તો કયારેક તે વેળાએ બચવા પામેલ વ્યક્તિને "આમ શા માટે કર્યું ?" એમ આપ્તજન તરફથી પૂછવામાં આવતાં ઉત્તર મળે છે કે "આવેશમાં થવાનું હતું તે થઈ ગયું." એમ અનેક વાર સાંભળીએ છીએ. આપઘાતના પ્રયાસમાં એકદમ દેહ છૂટી જાય ત્યારે કોઈ પ્રશ્ન ઉદ્ભવ પામતો નથી, બહુ બહુમાં મરણોત્તર તપાસ થાય છે એટલું જ.

આ એક ઘણાં વર્ષો પહેલાં બનેલી અને અમે સાંભળેલી સત્ય ઘટના છે; તેથી પૂર્વે પણ તેમ બનતું હતું અને તેની પશ્ચાત્ બને છે, ભવિષ્યમાં બનશે તેમ અનુમાનથી કહી શકાય.

એક ચોવીશ વર્ષની પરિણિત યુવતિ હતી. સ્વભાવથી તેજ, અસહિષ્ણુ અને માની હતી; પતિથી એક સંતાન હતું: પતિ પત્નીના સંબંધો જોઈએ તેવા સુમેળવાળા ન હતા; તેનું ધાર્યું દરેક વખતે થઈ શકે તેવી સ્થિતિ નહોતી તેનું તેને

દુ:ખ હતું, માનસિક ક્લેશ હતો. કોઈ વાર આ કરતાં મરી જવું સારું એ ભાવ વ્યક્ત પણ કરતી. તેની કલ્પેલી ચિંતા દૂર થઈ શકે તેવો ઉપાય પતિને દેખાતો નહોતો; એટલે એમ ચાલ્યા કર્યું. વ્યથાના વિચારોને વારંવાર વાગોળતી તે સ્ત્રી આપઘાત કરવાના ધ્યેય પર ક્રમશઃ આવતી ગઈ અને ઉપાયના ચિંતવનમાં લાગી ગઈ. તેનામાં ધર્મશ્રદ્ધા અને ધર્મરુચિ પૂર્વ સંસ્કારોથી, માતાપિતાના વર્તનથી અને ધર્મકથા સાંભળવાથી ઊગ્યાં હતાં અને દેવદર્શન પણ કરતી. આથી તેના હૃદયમાં આત્મહત્યા કરવી કે ન કરવી તે બે વચ્ચે તુમુલ યુદ્ધ ચાલી રહ્યું હતું અને અંતમાં ઉપર કહ્યું તે પ્રમાણે વિચારનો ઝોક આપઘાત તરફ વળ્યો હતો. તે અશુભ વિચારનું પ્રાબલ્ય તેનામાં પ્રગટ થતું જતું હતું અને તેના જોરથી બે વખત પોતાના જીવનને પોતાના હાથે પૂર્ણ કરવાના પ્રયત્નો થયાં પરંતુ ખરેખરના વખતે હિંમત હારી જવાથી કાર્યસિદ્ધિ અટકી પડી. એક વાર કૂવે પડી ડૂબી મરવા ગઈ હતી અને ગુંગળામણનાં દુ:ખથી ડરી જઈ પાછી ફરી હતી; બીજી વખત એવો જ નિષ્ફળ પ્રયાસ થયો.

સમય જતાં માનસિક વેદનાનું બળ વધ્યું, તેની સાથે હિંમત પણ વધી, નીડરતા વધી અને ભડકો થવા માટે ચિનગારી રૂપ તુચ્છ નિમિત્તની જરૂર હતી તે પણ મળ્યું; બસ, આવેશ ને આવેગ ઉછળ્યા. નિમિત્ત કારણ તો પતિપત્ની વચ્ચેનો સામાન્ય મતભેદ બન્યું. તે દિવસે ઘરમાં પત્ની એકલી હતી ત્યારે ધુંધવાતો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો. પોતે

ઊભી થઈ, ગ્યાસલેટ અંગ પર રેડયું અને દીવાસળીની સળગાવેલી કાંડી ચાંપી, અગ્નિએ તેનું કામ શરૂ કર્યું; દાઝવાની કારમી પીડા સહેવાય તેટલી સહી લીધી અને પછી તો મોટી બૂમ નીકળી ગઈ. ઘર ઉઘાડું હતું; ચીસ સાંભળી પડોશી બાઈ દોડી આવ્યાં; દૃશ્ય જોયું; ગભરાટ થયો પણ સમયસૂચકતા વાપરી તે દાઝી ગયેલ વ્યક્તિના માતાપિતાને ખબર આપ્યા. તેઓ દોડી આવ્યા અને દાક્તર( વૈદ્ય )ને બોલાવી ચાંપતા ઉપાય કરાવ્યા. મલમ, પાટાપીંડી વગેરે. દેહનો ઉપરનો ભાગ સારા પ્રમાણમાં બળી ગયો હતો, ચામડી કાળી થઈ ઉતેડાઈ ગઈ હતી, ચહેરો કદરૂપો અને બિહામણો હતો. દેહ બળતી વખતની વેદના ઉપશાંત થતી દેખાતાં માતાએ પૂછયું, "આમ શા માટે કરવું પડયું?" તેણીએ કહ્યું, "ક્રોધના આવેશમાં સહન ન થવાથી. પસ્તાવો થાય છે. હું શું કરૂં?" આમ શક્તિ અનુસાર છૂટક છૂટક કહ્યું ને શાંત રહી."

માતાએ આદેશ આપ્યો, બેટા બનવાનું હતું તે બન્યું. હવે પ્રભુમાં ચિત્ત રાખી નામસ્મરણ કરજે. સર્વ દુઃખ અને ક્લેશના નાશનો એ એક જ ઉપાય છે. અમે પણ તને નામસ્મરણ કરાવશું."

તેના પતિના પ્રશ્નનો પણ તેવો જ ઉત્તર હતો, વધારામાં એટલું કહ્યું કે, "સર્વ દોષની માફી માગું છું, ખમાવું છું, બાળકની સંભાળ રાખશો."

માતા, પિતા, પતિ વગેરે સેવામાં હતાં; દેહસ્થિતિ બગડતી જતી હતી; પ્રભુસ્મરણ થતું હતું. એમ કરતાં અંતકાળ

નજીક આવ્યો, વચ્ચે ક્યારેક પીડાના ઊંહકારા નીકળતા હતા તે બંધ થયા. શુદ્ધિ કાયમ હતી. અંતમાં નાડી બંધ પડી, હૃદયના ધબકારા પણ અટક્યા અને ત્રણ વખત દીર્ઘ શ્વાસ લીધા. તેની જીવન લીલા પૂરી થઈ.

અંતકાળના છેલ્લા દિવસે અને છેલ્લા અવસરે તેનામાં પ્રભુ-ભક્તિ પ્રેમથી જાગી હોય તેવાં ચિન્હ હતાં. નામસ્મરણ કે મંત્ર સ્મરણ થતાં તે ગમતાં, તે વેળાએ ક્યારેક ક્યારેક વદન પર હર્ષની લાલી ઉપસી આવતી અને દેખાતી હતી; કોઈ વખત પ્રસન્નતાની રેખા તરી આવતી હતી; કોઈ વખત હોઠ પર સ્મિત ફરકી જતું. જોનારને આ નિશાનીઓ શુભ લાગતી. તેથી તો દેહત્યાગ થયા પછી કોઈ કોઈ કહેતા કે, તેણી મૃત્યુમાં ખાટી ગઈ, ભલે આ પ્રમાણે બન્યું પણ આખરી જીત તેની થઈ કહેવાય, તેણીએ દેવગતિ પ્રાપ્ત કરી હશે એમ અમને તો લાગે છે, તે ગમે તેમ હો પરંતુ અંતિમ વેળાનાં ચિન્હો સારાં કહી શકાય. છેલ્લે અવસરે હૃદયથી થતો સાચો પશ્ચાત્તાપ ઘણાં બંધનો તોડવા શક્તિશાળી છે અને તેથીય વધુ બળવતી ક્ષમાયાચના છે, એ નિશ્ચયરૂપ હકીકત છે.

: ૨૨ :

જેમ જૈનદર્શનમાં આહારપાણીનો ત્યાગ કરી, તેના પરિષહો સમતા અને શાંતિથી વેદી સ્વેચ્છાએ દેહત્યાગ કરવામાં આવે છે, તેમ વેદાંતનો આશ્રય કરનારાઓમાં કોઈ કોઈ ભૂમિસમાધિ કે જળસમાધિ લઈ દેહનો સ્વેચ્છાએ ત્યાગ કરે છે, મૃત્યુ મહોત્સવ ઊજવે છે અને અમર થાય છે. ઇતિહાસ-

પ્રસિદ્ધ કેટલાક દાખલાઓ આપણને જોવા મળે છે, જેનું વર્ણન વાંચતાં આશ્ચર્યચકિત થઈ જવાય છે, ઘણા દાખલાઓ-માંથી આપણે ફક્ત બે નમૂનારૂપે લઈ આ દૃષ્ટાંત વિભાગ પૂરો કરશું.

અહીં આપેલ દૃષ્ટાંતો "ભારત કે સંત મહાત્મા" ગ્રંથમાંથી અનુવાદ કરી લેવામાં આવ્યાં છે. લેખકનું નામ છે, રામલાલ.

"જ્ઞાનેશ્વરે એકવીસ વર્ષ, ત્રસ માસ, પાંચ દિવસ પર્યંત પૃથ્વી પર રહીને સં. ૧૩૫૩ના માગસર વદી તેરસના દિને જીવતા સમાધિ લીધી. સમાધિનું દૃશ્ય વિલક્ષણ હતું. તેમણે સમાધિ લીધા પછી એક વર્ષની અંદર સોપાનદેવ, મુક્તાબાઈ તથા નિવૃત્તિનાથે પણ મહાપ્રયાણ કર્યું. સંત જ્ઞાનેશ્વરે ઉક્ત-તિથિના બે પ્રહર વીત્યા ત્યારે આળંદીમાં સમાધિ લીધી. નામદેવ એ સમાધિના અવસરે હાજર હતા. તેઓએ આ નજરે જોયેલ સમાધિનું વર્ણન અઢીસો અભંગોમાં કરેલ છે. સમાધિ લેવા પ્રથમ અગિયારસના દિવસે સંત જ્ઞાનેશ્વર પંઢરપુર ગયા. નિવૃત્તિનાથ, મુક્તાબાઈ, સોપાનદેવ આદિ સાથે હતા. નામદેવ કહે છે કે સંત જ્ઞાનેશ્વરે ચંદ્રભાગામાં સ્નાન કર્યું, ભક્ત પુંડલિકના દર્શન કરી તેઓ વિઠ્ઠલ મંદિરમાં ગયા અને તેમણે સંત મંડળીની સમક્ષ સમાધિની વાત કહી. નામદેવ સમાધિની વાત સાંભળીને ધ્રુજી ઊઠ્યા, સંતોના મન ઉદાસ થઈ ગયા. વિઠ્ઠલે તે વખતે પ્રગટ થઈ જ્ઞાનેશ્વરને દર્શન આપ્યા. ભગવાને કહ્યું કે "તું જ્ઞાનની મૂર્તિ છો" અને પોતાના ગળે લગાડ્યા. સંત મંડળી જ્ઞાનેશ્વરની સાથે

આળંદી આવી પહોંચી, પંઢરીનાથ તેમની સાથે ગયા અને સમાધિનું શુભકાર્ય વિઠ્ઠલે પોતાના હાથથી પૂરું કર્યું.

“ સંતો અને ભક્તોએ ઇન્દ્રયાણીમાં સ્નાન કરી વિઠ્ઠલ ભગવાનની પૂજા કરી. કીર્તન ચાલુ થયું; ચારે બાજુ ભગવાનના નામનો રસમય ધ્વનિ છવાઈ ગયો. પ્રત્યક્ષરૂપે ભગવાન ભક્તો અને સંતોને સાથે લઈને સિદ્ધેશ્વર શંકરના મંદિરમાં ગયા. સોપાનદેવ શ્રી પાંડુરંગના ચરણોમાં લેટી પડ્યા. નિવૃત્તિનાથ ઉન્મની અવસ્થામાં હતા. જ્ઞાનેશ્વર ગુરુ નિવૃત્તિનાથના ચરણ પકડી આત્મચિંતનમાં નિમગ્ન હતા. નામદેવનું શરીર વિલાપ કરતા કરતા સૂનકાર જેવું થઈ ગયું. થોડી વારમાં નિવૃત્તિનાથની સમાધિ છૂટી; તેમણે સંત જ્ઞાનેશ્વરના મુખ પર હાથ ફેરવ્યો ને મંગલમય પ્રયાણ માટે આશીર્વાદ આપ્યા અને અતિ સ્નેહ તથા અપૂર્વ આત્મીયતાપૂર્વક આલિંગન દીધું. વિઠ્ઠલ ભગવાને જ્ઞાનેશ્વરના લલાટ પર કેસરયુક્ત ચંદન લગાડ્યું, ગળામાં માળા પહેરાવી અને તે પછી સિદ્ધેશ્વર મંદિરની જમણી બાજુ અને અજાન વૃક્ષની છાયા તળેની ગુફામાં તેમને લઈ ગયા. જ્ઞાનેશ્વરનો એક હાથ નિવૃત્તિનાથે પકડ્યો હતો અને બીજો હાથ સાક્ષાત્ પંઢરીનાથે પકડ્યો હતો. કરુણ અને પરમ દિવ્ય દૃશ્ય હતું. ગુફામાંથી પાંડુરંગ અને નિવૃત્તિનાથ બહાર આવ્યા, અને દ્વાર શિલાથી બંધ કરી દેવામાં આવ્યું.”

સંત અને આત્મયોગી શ્રી જ્ઞાનેશ્વર મહારાજનો જય જયકાર બોલાવતો ધ્વનિ દશે દિશામાં અને અનંત આકાશમાં ગાજી રહ્યો હતો.

સ્વામી રામતીર્થ મહાન સંત થઈ ગયા. "જીવનના અંતિમ દિવસોમાં તેઓ ટેહરી નરેશના ચંદ્ર ભુવનમાં રહેતા હતા. દરરોજ ગંગાસ્નાન કરતા હતા. સં. ૧૯૬૩ના દિવાળીના દિવસે તેમણે પવિત્ર ગંગાને પોતાનો દેહ સોંપી દીધો." તેમણે જળસમાધિ તેત્રીસ વર્ષની વયે લીધી હતી અને આત્મલીન થયા હતા. શબ પાણીની સપાટી પર આવ્યું ત્યારે તે પદ્માસનમાં હતું એમ કહેવાય છે.

## મરણ પ્રસંગો પરથી મળતો બોધ :

જ્ઞાની કે અજ્ઞાની મૃત્યુને ટાળવા અસમર્થ છે.
જ્ઞાનીને મૃત્યુ મહોત્સવરૂપ છે, અજ્ઞાનીને સંકટરૂપ છે.
જ્ઞાની જમને દાસ બનાવે છે, અજ્ઞાની જમના દાસ થાય છે.
પૂર્વ તૈયારી વિના સમાધિમરણનો લાભ મળતો નથી.
પૂર્વ તૈયારી ટૂંકા કે લાંબા સમયની હોઈ શકે છે.
પૂર્વે જે ભાવની પ્રબળતા હોય, તે ભાવ અંતકાળે સહજ આવે છે.
ધર્મરસનો ભાવ સમાધિમરણ કરાવે છે.
સંસારરસનો ભાવ અસમાધિમરણમાં લઈ જાય છે.
જ્ઞાની કે અજ્ઞાની બંનેને માંદગીની પીડા હોઈ શકે છે.
વેદના હોવી, ન હોવી તે પૂર્વકર્મ પર અવલંબે છે.
ઘણું કરીને જ્ઞાનીને દેખાતી અસહ્ય પીડા તેટલી હોતી નથી.
પ્રભુનો આશ્રય હોવાથી પીડાનું વેદન ઘટી જાય છે.
જેટલી વેદના હોય તે જ્ઞાની સમતા ને ધૈર્યથી વેદે છે.
અને આત્મસ્થિરતા ને આત્મશાંતિ જાળવી રાખે છે.
અજ્ઞાનીને તેવો ઇષ્ટ લાભ મળી શકતો નથી :

તેને હાયવરાળ, સીત્કાર ને વિષમતા હોય છે.

"જે આત્માનો અંતર્વ્યાપાર (અંતર્પરિણામની ધારા) તે,
બંધ અને મોક્ષની વ્યવસ્થાનો હેતુ છે;
માત્ર શરીરચેષ્ટા બંધમોક્ષની વ્યવસ્થાનો હેતુ નથી.
વિશેષ રોગાદિ યોગે જ્ઞાનીપુરુષના દેહને વિષે પણ
નિર્બળપણું, મંદપણું, મ્લાનતા, કંપ, સ્વેદ મૂર્ચ્છા,
બાહ્ય વિભ્રમાદિ દષ્ટ થાય છે.
તથાપિ જેટલું જ્ઞાને કરીને, બોધે કરીને, વૈરાગ્યે કરીને
આત્માનું નિર્મળપણું થયું છે, તેટલા નિર્મળપણાએ કરી
તે રોગને અંતર્પરિણામે જ્ઞાની વેદે છે,
અને વેદતાં કદાપિ બાહ્ય સ્થિતિ ઉન્મત્ત જોવામાં આવે તો પણ
અંતર્પરિણામ પ્રમાણે કર્મબંધ અથવા નિવૃત્તિ થાય છે."

(વ. ૫૬૭) — શ્રીમદ્ રાજચંદ્રજી.

જેટલી આત્મજ્ઞાનની નિર્મળતા, તેટલી આત્મસમાધિ પ્રગટે.
અંત સમયે સાતા વેદનીયના ઉદયે કે અતિ અશક્તિને લીધે
શાંતિ દેખાય તો પણ સમાધિમૃત્યુ છે એ નિશ્ચયરૂપ નથી.
જ્ઞાની પુરુષના દેહ વિસર્જન વખતે તેમની મુખમુદ્રા પર
શાંતિ અને કાંતિની કિરણરેખાઓ પથરાય છે; તેમ છતાં
તે પરખવાની શક્તિ સર્વમાં હોતી નથી; માત્ર યોગ્ય
અને સત્પાત્ર મનુષ્યો તે સ્પષ્ટપણે જોઈ શકે છે.
જેની ઊંચી શુભ ગતિ થવાની હોય તેમના દેહત્યાગ
વખતે દેહથી થોડેક ઉંચે આછી પીળી અથવા આછી
વાદળી અથવા બંનેના મિશ્રરૂપ તેજરેખા પસાર થતી

દેખાય છે ને પછી ઊર્ધ્વ જઈ વિલીન થાય છે.
જેમને પરમ ઉચ્ચ ને ઉત્તમ ગતિની પ્રાપ્તિ થવાની હોય, તેમના દેહ છૂટવાના અવસરે આકાશમાં તેજનો તારો ખરતો અને ડૂબી જતો જોવામાં આવે છે.

જ્ઞાનીને દેહ છૂટવાનો દિવસ અને સમયનું જ્ઞાનદશાનુસાર, મોડામાં મોડું ત્રણ દિવસ પહેલાં પ્રકાશે છે.

સરળ અને ભદ્રપરિણામી મનુષ્યોને પણ અંતકાળના દિવસનું જ્ઞાન આવી જાય છે. તે વાત તેઓ ક્યારેક પ્રગટ કરે છે તો ક્યારેક નથી પણ કરતાં.

ભગવાનના ભક્તને મરણકાળે ભગવાન દર્શન આપે છે, તે વેળાએ વ્યાધિપીડા હો વા ન હો.

જ્ઞાની આત્મા મૃત્યુના કસોટી પ્રસંગે અંતરમાં જાગૃત હોય છે, બેભાનાવસ્થા કદાપિ હોતી નથી; બહારથી તેમ દેખાય તો પણ, તે આત્મા મુક્તિના પંથે આગળ વધતો હોય છે.
જ્ઞાની દેવને જેમ પૂર્વભવોનું ઘણું જ્ઞાન હોય છે તેમ ભાવિ ભવનું, સ્થળાદિનું જ્ઞાન પ્રભુકૃપાએ હોય છે.
દૃઢ આત્મદશામાં સ્થિત જ્ઞાની ભગવંત પ્રયોગ દ્વારા મૃત્યુને ભેટતા જીવની લેશ્યા બદલાવી સમાધિમરણ કરાવી શકે છે. અહીં તેવા પ્રકારનો બંને વચ્ચે ઋણાનુબંધનો ઉદય છે એમ સમજવું તથા તે શુભ અને કલ્યાણકારી પ્રયોગ પ્રભુ આજ્ઞાએ જ થતો હોય છે.

## મરણાંતિક સમુદ્દઘાત :

નીચે જણાવેલાં સાત પ્રકારનાં કારણથી આત્માના પ્રદેશો લંબાઈ, ફેલાઈ દેહની બહાર નીકળે અને પાછા શરીરમાં પ્રવેશી દેહપ્રમાણ થઈ જાય તે અવસ્થાને સમુદ્દઘાત કહે છે.

આત્મા અરૂપી અને લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશી છે; તેનાથી લઘુ કે ગુરૂ તે કદી થતો નથી. નથી તેના ટુકડા થતા કે નથી તે કયારે કોઈની સાથે જોડાઈને મોટો થતો. તેમ છતાં " જેમ જીવમાં કર્મને આકર્ષણ કરવાવાળી યોગશક્તિ છે તેમ તેમાં સંકોચ વિસ્તારરૂપ થવાની શક્તિ પણ છે. જેમ યોગ-શક્તિ શરીર નામકર્મના ઉદયથી કામ કરે છે તેમ સંકોચ વિસ્તાર શક્તિ પણ શરીર નામકર્મના ઉદયથી કામ કરે છે. જ્યાં સુધી નામકર્મનો ઉદય રહે છે ત્યાં સુધી આત્માના પ્રદેશ સંકુચિત થાય છે કે ફેલાય છે, જ્યારે નામકર્મનો નાશ થઈ જાય છે ત્યારે આત્મા અંતિમ શરીરમાં જેવો હોય છે તેવો જ રહી જાય છે. તેનો સંકોચ વિસ્તાર બંધ થઈ જાય છે. "

( 'સહજ સુખ સાધન' માંથી )

## સમુદ્દઘાતનાં સાત કારણો

### (૧) વેદના સમુદ્દઘાત :

દેહમાં રોગની અતિ પીડા થતી હોય ત્યારે કોઈ વેળા આત્મપ્રદેશો દેહમાંથી થોડા બહાર ફેલાય છે અને પાછા અંદર પ્રવેશી જાય છે. કોઈ વેળા એમ પણ બને છે કે રોગની નિવૃત્તિ જે કોઈ વનસ્પતીના નિમિત્તથી થવાની હોય ત્યાં

આત્માના પ્રદેશો લંબાઈને પહોંચી જઈ, તેને સ્પર્શ કરીને પાછા દેહમાં સમાઈ જાય છે; અને તેના પરિણામે રોગ મટી જાય છે.

( ૨ ) વેદનાની જેમ ભયની લાગણી અથવા ક્રોધની લાગણી અતિ તીવ્રતા પર પહોંચે છે ત્યારે પણ ક્યારેક આત્માના પ્રદેશો થોડા બહાર આવી તુરત અંદર જતા રહે છે; આ અનુભવ કોઈ કોઈને થયો પણ હશે: તે વેળાએ એવી ઝાંખી થાય છે કે જાણે કેમ કોઈ બાજુમાં ન હોય, તેવું અસ્પષ્ટ દેખાય છે ને નજર કરે તો કોઈની હાજરી ન જણાય. આ ક્રિયા ઝડપી થાય છે. આ ક્રોધાદિ ભાવની પ્રબળતાને કારણે થતો સમુદ્દઘાત તે બીજા કષાય સમુદ્દઘાત તરીકે ઓળખાય છે.

## ( ૩ ) મરણાંતિક સમુદ્દઘાત :

આ સંબંધી હવે પછી વિસ્તારથી જણાવશું.

## ( ૪ ) વૈક્રિયિક સમુદ્દઘાત :

વૈક્રિય લબ્ધિધારી પોતાને મળેલા દેહ ઉપરાંત આ શક્તિના બળથી બીજાં નવાં રૂપો ઉત્પન્ન કરી શકે છે અને તે ઉત્પન્ન દેહ કે દેહોમાં પોતાના આત્માના પ્રદેશો લંબાવી ફેલાવી તેનાથી કામ લે છે. દેવગતિ તથા નરકગતિના જીવોને વૈક્રિય શરીર સહજ, જન્મથી હોય છે અને વૈક્રિય લબ્ધિની તરતમતા પ્રમાણે નવા દેહોની રચના આદિ કરી શકે છે. મનુષ્યોને ઔદારિક એટલે સ્થૂલ પરમાણુઓનું બનેલું શરીર હોય છે; કોઈ મનુષ્ય ધર્મારાધન વધારી ઉચ્ચ આત્મદશાને પ્રાપ્ત થાય છે ત્યારે

આત્માની વિશુદ્ધતાની યોગ્ય ભૂમિકા પર પહોંચતાં તેનામાં વૈક્રિય લબ્ધિ પ્રગટે છે; તે લબ્ધિના પ્રયોગે તે મનુષ્ય પોતાનાં જેવું જ આબેહૂબ અન્ય શરીર કે કોઈ અન્ય પ્રાણીનાં જેવું શરીર વિકૂર્વી શકે છે. આમ બન્યાના ઘણા પ્રસંગો વાંચ્યા હશે કે સાંભળ્યા હશે. સિદ્ધાંતમાં પોતાના આત્મપ્રદેશો અન્ય શરીર કે શરીરોમાં ફેલાવવા તે **વૈક્રિયિક સમુદ્ઘાત** છે.

## (૫) તૈજસ સમુદ્ઘાત :

(૧) "શુભ તૈજસ :-કોઈ તપસ્વી મુનિને કયાંક દુર્ભિક્ષ કે રોગનો સંચાર દેખીને દયા આવી જાય ત્યારે તેના જમણા સ્કંધમાંથી તૈજસ શરીરની સાથે આત્મા ફેલાઈને નીકળે છે, તેનાથી કષ્ટ દૂર થઈ જાય છે.

(૨) અશુભ તૈજસ:-કોઈ તપસ્વીને ઉપસર્ગ પડવાથી ક્રોધ આવી જાય, ત્યારે તેના ડાબા સ્કંધથી અશુભ તૈજસ શરીરની સાથે આત્મા ફેલાય છે અને તે શરીર કોપના પાત્રને (જેના પ્રત્યે મુનિને ક્રોધ ઉપજ્યો હોય તેને) ભસ્મ કરી દે છે તથા તે તપસ્વી પણ ભસ્મ થઈ જાય છે." ("સહજસુખસાધન" ગ્રંથમાંથી) મતભેદમાં અમારા નમ્ર અભિપ્રાયે મુનિ ભસ્મ થાય વા ન પણ થાય; થઈ જ જાય એવો નિયમ જણાતો નથી.

## (૬) આહારક સમુદ્ઘાત :

"કોઈ ઋદ્ધિધારી મુનિના મસ્તકથી આહારક શરીર બહુ સુંદર પુરુષાકારે નીકળે છે, તેની સાથે આત્મા ફેલાઈને જ્યાં કેવલી કે શ્રુતકેવલી હોય છે ત્યાં સુધી જાય છે. દર્શન કરીને

પાછું આવે છે, તેથી મુનિના સંશય મટી જાય છે." (સહજ સુખસાધન ગ્રંથમાંથી) આવા મુનિ વૈક્રીય લબ્ધિવાળા હોય છે.

**(૭) કેવળી સમુદ્‌ઘાત :**

"કોઈ અરિહંત કેવલીનું આયુષ્ય અલ્પ હોય છે અને બીજાં કર્મોની સ્થિતિ અધિક હોય છે, ત્યારે આયુની બરાબર બધાં કર્મોની સ્થિતિ કરવા માટે આત્માના પ્રદેશો લોકવ્યાપી થઈ જાય છે" (સહજ સુખસાધન ગ્રંથમાંથી) ત્યાર પછી આત્માના પ્રદેશો ખેંચાઈ દેહવ્યાપી થઈ જાય છે.

**મરણાંતિક સમુદ્‌ઘાત :**

મૃત્યુ જ્યારે સમીપ હોય છે એટલે મરણની થોડીવાર પહેલાં આત્માના પ્રદેશો લંબાઈને દેહની બહાર નીકળે તે અવસ્થાને મરણ સમુદ્‌ઘાત કહે છે. કોઈક જીવ આ પ્રમાણે આત્મપ્રદેશોને ફેલાવીને બહાર નીકળી જ્યાં જન્મ લેવાનો હોય તે સ્થળે પહોંચી દર્શન કરી અને તેનું જ્ઞાન લઈ પાછો મૂળ દેહમાં આવી જાય છે, અર્થાત્ પ્રદેશો ખેંચાઈને પાછા દેહવ્યાપી થઈ જાય છે, અને થોડીક જ વારમાં દેહત્યાગ થાય છે. બહાર નીકળેલા આત્મપ્રદેશો તૈજસ અને કાર્મણ શરીરયુક્ત હોય છે તે હંમેશા ધ્યાનમાં રાખવું.

કોઈક વખત કોઈ મનુષ્ય અંત સમય પ્રથમ તૈજસ અને કાર્મણ શરીર સહિત એટલે સૂક્ષ્મ દેહે બહાર નીકળી પોતાના કોઈ ઋણાનુબંધી ગુરુ, માતા, પિતા, ભાઈ, ભગિની, મિત્ર કે સ્નેહી જ્યાં હોય ત્યાં પહોંચી જઈ, તેને દર્શન આપે છે અને

ક્ષણ માત્રમાં તે પાછો ફરી સ્થૂળ દેહમાં પ્રવેશે છે ને તરત જ મૃત્યુ થાય છે. આ ક્રિયા અતિ ઝડપી હોય છે; ઘડિયાળનાં કાંટાએ ખાસ ફરક પડતો નથી. મિત્રાદિએ જો દર્શનનો સમય નોંધ્યો હોય તો મરણવેળા પણ તે જ હોય છે. આની પ્રતીતિ માટે ઘણાં બનેલાં દૃષ્ટાંતોની નોંધ પશ્ચિમના દેશોમાં લેવાઈ છે અને પ્રગટ પણ થઈ છે.

કોઈક વખતે સૂક્ષ્મ દેહે બહાર નીકળેલો મનુષ્ય પિતાદિ કોઈ પાસે જઈ દર્શન આપવા ઉપરાંત ઉદયવશાત્ કંઈક બોધ-વચન કે પથદર્શક વચનો કહે છે ને તત્ક્ષણ અદૃશ્ય થાય છે એટલે પાછો સ્થૂળ દેહમાં પ્રવેશ કરી, પછી મરણને શરણ થાય છે. અલબત્ત, વચનનો ઉચ્ચાર થવો ક્યારેક જ સંભવિત બને છે. તે માટે તે વેળા પ્રબળ ઋણાનુબંધનો ઉદય હોવો જોઈએ.

વળી કોઈ પ્રસંગ એવો પણ હોય છે કે મૃત્યુસમીપ આવેલા મનુષ્યને પોતાના અતિ વહાલા બાળકો કે પતિ કે પત્ની ઇત્યાદિને મળી જોવાની તીવ્રેચ્છા વર્તતી હોય છે ત્યારે તેનો સૂક્ષ્મ દેહ સ્થૂળ દેહમાંથી, મરણ પહેલાંના થોડા કલાક અગાઉ બહાર નીકળી ઇષ્ટ પાત્ર જ્યાં હોય ત્યાં જઈ, જોઈ ને તુરત પાછો વળી સ્થૂળ દેહમાં સમાઈ જાય છે.

અપવાદરૂપે, અતિ આશ્ચર્યકારક અને અતિ કલ્યાણપ્રેરક એવો પ્રસંગ પરમ શુભ ઋણાનુબંધના પરમ શુભ ઉદયે બને છે કે જ્યારે કોઈ ભાગ્યવંત સુશિષ્યના આયુષ્યની છેલ્લી ઘડીએ તેનો સૂક્ષ્મ દેહ, દૂર કે સુદૂર રહેલા પોતાના પરમ ઉપકારી અને પરમ પ્રિય શ્રી ગુરુદેવના દર્શનની અભિલાષાએ બહાર

નીકળી જાય છે, ત્યારે શ્રીગુરુદેવનો સૂક્ષ્મ દેહ પણ બહાર આવે છે અને બંને અત્યંત પ્રેમપૂર્વક ભેટે છે તો કોઈક વાર ભેટંભેટા કરે છે; અહીં શિષ્ય ઘણું કરી સુદૃષ્ટિવાન હોય છે. આ આલિંગનનું ફળ પરમાર્થે ઉત્તમ અને પરમ હિતસ્વી છે; તેના થકી શિષ્યને ઘણો સુંદર લાભ મળે છે. પછી બંને પોતપોતાના સ્થૂલ દેહમાં પ્રવેશ કરે છે.

જૈન દર્શન અનુસાર શાસ્ત્રોમાં આત્મપ્રદેશો ફેલાઈને બહાર નીકળવાના, એટલે સમુદ્‌ઘાત થવાનાં સાત નિમિત્ત કારણો દર્શાવ્યાં છે તે સંબંધે ઉપર જણાવ્યું. વેદાંત દર્શનમાં પણ સૂક્ષ્મ દેહ પરત્વેનું જ્ઞાન સારા પ્રમાણમાં જળવાઈ રહ્યું છે અને વિકસી રહ્યું છે. ભારતમાં મૃત્યુ વખતે સૂક્ષ્મ દેહે બહાર નીકળી ઉપર વર્ણવ્યા પ્રમાણે ક્રિયા થતી જ હશે, થાય છે પરંતુ તેની નોંધ એકત્રિત કરી પુસ્તકરૂપે પ્રગટ થઈ હોય તો તે જાણવામાં નથી, પણ અમારો જાણેલો એક પ્રસંગ વર્ણિત કરીએ છીએ.

એક ધર્મારાધક અને આત્મદશા સંપ્રાપ્ત પુરુષનો અંતકાળ સમીપ હતો ત્યારે તેમનો સૂક્ષ્મ દેહ સ્થૂળ શરીરમાંથી બહાર આવી પોતાના એક નિકટના સ્વજન પાસે પહોંચી ગયો. તે વેળા તે સ્વજન સામાયિકની વિધિ પૂર્ણ કરવાની તૈયારીમાં હતાં; તેમને આભાસ થયો કે "તે પુરુષ નજીકમાં છે"; તે પુરુષની ગંભીર બનતી જતી માંદગીનું લક્ષ તેમના ધ્યાનમાં હતું; આભાસથી ક્ષણભર આશ્ચર્ય થયું અને તેવામાં કેટલાંક વચનો તેમના કર્ણ પર અથડાઈ વિલીન થયા. તે વચનો હતાં,

"સત્ય ધર્મનું ફળ જોયું? હું સુખી છું ને સુખસ્થાને જઉં છું." ત્યાં તેમની સામાયિક પૂર્ણ થઈ અને ઘડિયાળમાં સમય જોઈ લીધો. પાંચ મિનિટમાં જ ટેલિફોનથી તેમને તે પુરુષના દેહત્યાગના દુઃખદ સમાચાર મળ્યા.

પાશ્ચાત્ય દેશોમાં અને તેમાંય ખાસ કરી ઈંગ્લંડ, અમેરિકા અને ફ્રાન્સમાં છેલ્લી દોઢેક સદીમાં વૈજ્ઞાનિક શોધખોળ જીવનના દરેક ક્ષેત્રે ચાલી રહી છે અને આજે તો અન્ય દેશો પણ તે માર્ગે જઈ રહ્યા છે. વિજ્ઞાનસૂર્ય તેજપણે તપતો દૃષ્ટિગોચર થાય છે. વિજ્ઞાન, શોધખોળમાં ઉત્તરોત્તર વિક્રમ ઉપર વિક્રમ નોંધાવતું વેગથી આગળ વધી રહ્યું છે, પછી તે શરીરવિજ્ઞાન હો, મનોવિજ્ઞાન હો, નિદ્રાવિજ્ઞાન હો, પુદ્ગલ વિજ્ઞાન હો, સ્વપ્ન વિજ્ઞાન હો, વ્યાધિ ને ઉપચાર વિજ્ઞાન હો, શસ્ત્રક્રિયા વિજ્ઞાન હો, આત્મિક શક્તિઓ સંબંધનું વિજ્ઞાન હો કે ગમે તે અન્ય પ્રકારનું વિજ્ઞાન હો, પરંતુ રહસ્યમય, ઊંડા અને તલસ્પર્શી જ્ઞાનપ્રાપ્તિની પિપાસા પ્રતિવર્ષ વધતી રહી છે. તે માટેના બૌદ્ધિક, રસાયણિક, વીજળિક અને વિધવિધ પ્રકારના યાંત્રિક પ્રયોગો ઉપયોગમાં લેવાય છે. ક્રમશઃ સફળતા મળતી રહે છે. પ્રકૃતિના નિયમોની અને આત્મિક શક્તિઓના સિદ્ધાંતની અજબ શોધ તરફ કુશળ અને નિષ્ણાત ડૉકટરો, મનોવિજ્ઞાનીઓ અને પુદ્ગલ વિજ્ઞાનીઓ એક ચિત્ત થઈને કાર્ય આગળ ને આગળ ધપાવી રહ્યા છે. મૃત્યુનું રહસ્ય, મૃત્યુ વેળાએ દુઃખ, મૃત્યુ પછી શું? પુનર્જન્મ છે કે નહીં? આત્માનું અખંડ અબાધિત જીવન, એ આદિ વિષયો સંબંધનું વિશેષ વિશેષ જ્ઞાન મેળવવા માટેનાં પ્રયત્નો થયાં છે અને થાય છે. ખ્રિસ્તી ધર્મમાં પણ પુનર્જન્મ,

દ્વિતીય ( સૂક્ષ્મ ) શરીર અને તેનું સ્વરૂપ વગેરે બાબતોનો ઉલ્લેખ છે. સૂક્ષ્મ શરીરને તેઓ DOUBLE Body, Astral Body કે Spiritual Bodyના નામથી ઓળખે છે. ધર્મિષ્ઠ અને મર્મી ( psychic ) મનુષ્યો ત્યાં તે દેશોમાં ઘણા થયા છે અને થાય છે અને તેઓએ તેમની અજાયબભરેલી શક્તિઓના પરચા આપ્યા છે. તે બધું પુસ્તકારુઢ થયું છે. અંગ્રેજી સાહિત્ય વિશાળ છે, સમૃદ્ધ છે; પ્રત્યેક દેશની ઉત્તમ વસ્તુઓનું જ્ઞાન તે સાહિત્યમાં સમાવવામાં આવે છે.

મરણ સમુદ્દઘાતનો વિષય ચાલે છે તે યાદ કરાવીએ છીએ. વિદેશોમાં મૃત્યુ પહેલાં આત્માના પ્રદેશો ફેલાઈને સૂક્ષ્મ દેહે બહાર નીકળવાના અનેક દાખલાઓ વિશ્વસનીય રીતે નોંધાયા છે અને અનેક પુસ્તકો દ્વારા પ્રગટ પણ થયા છે. અહીં આપેલ દષ્ટાંતો ઈંગ્લંડના વેસ્ટનના વિકાર ( Vicar ) શ્રી ચાર્લ્સ એલ. ટવીડેલના " મેન્સ સરવાઈવલ આફ્ટર ડેથ " નામના પુસ્તકમાંથી અનુવાદ કરી આપવામાં આવ્યાં છે અને તેમ કરવા માટે તેમનો આભાર માનીએ છીએ.

આ રહસ્યમય ક્ષેત્રે દીર્ઘ કાળના કાળજીભર્યા સંશોધનના અંતે સૂક્ષ્મ દેહ બહાર નીકળવાનાં કારણો તેઓ આ પ્રમાણે દર્શાવે છે : ( ૧ ) મૃત્યુની સમીપતા ( ૨ ) માથા પર લટકતો ભય અથવા સખત ભરપૂર માંદગી ( ૩ ) બળવાન માનસિક લાગણી અથવા તીવ્ર ઇચ્છા ( ૪ ) ઊંડી શૂન્યાવસ્થા ( Deep trance-like sleep ) અને ( ૫ ) નિર્ણયાત્મક હેતુ અથવા ધારેલી યોજના.

સૂક્ષ્મ દેહ, લિંગ દેહ (Spiritual Body or Double Body) સંબંધમાં તેઓ જણાવે છે કે આ દેહ નાશવંત સ્થૂલ દેહની આકૃતિ સમાન જ હોય છે અને પૃથ્વી પરના જીવન દરમ્યાન તે સ્થૂળ દેહની અંદર રહે છે. મનુષ્ય માત્રનું તે જ સાચું વ્યક્તિત્વ છે; અને વિનશ્વર દેહના નાશ પછી પણ તે ટકી રહે છે. તે કાંતિ અને તેજથી શોભિત છે.

હવે દૃષ્ટાંત તરફ વળીએ. ઐતિહાસિક નોંધવાળા અને અત્યંત વિશ્વાસ કરવા યોગ્ય દાખલાઓ તો અનેકાનેક છે, તેમાંથી થોડા માત્ર જણાવીએ છીએ. શ્રી ચાર્લ્સ લખે છે :

: ૧ :

સેટલના નિવાસી શ્રી વિલીયમ બરએકનાં પત્ની શ્રીમતી બરએક પોતાની એકાકી મુસાફરીથી સ્કૉટલેંડ પાછાં ફરતાં કોકરમાઉથ ગામે માંદગીમાં પટકાયા અને દેહ છોડી દીધો. તેમનાં પતિ, અને સાત, પાંચ અને ચાર વર્ષનાં ત્રણ બાળકો સેટલ ગામે જ રહ્યા હતા. જે મિત્રના ઘરે શ્રીમતી બરએકની જીવનલીલા પૂરી થઈ, તેઓએ શ્રીમતીના અંત સમય સુધીની સર્વ સવિસ્તર વિગતની નોંધ લીધી હતી જેથી સત્યતાની ખાતરી થાય.

"એક સવારે, સાત અને આઠ વાગ્યાની વચ્ચે એક સગા, જેમને બાળકોની સંભાળ માટે રોકવામાં આવ્યા હતા અને બાળકો સંબંધની ઝીણામાં ઝીણી વાત યા પ્રસંગની નોંધ લેવાનું કહેવામાં આવ્યું હતું, તેઓ તેમ રાખતા હતા, તેઓ હંમેશ મુજબ બાળકોના સૂવાના રૂમમાં ગયા અને

જોયું તો બધાં મીઠા આવેશ અને મોટા આનંદ સહિત બેઠાં હતાં. તેમણે બૂમ પાડીને કહ્યું, "મમ્મા અહીં છે" સૌથી નાના બાળકે તો એમ કહ્યું કે, મમ્માએ મારૂં નામ લઈ મને આવકાર આપ્યો. જે બન્યું તે સંબંધમાં બાળકોને કોઈ શંકા નહોતી અને માતા ઘેર આવે ત્યારે તેને આ આનંદપ્રદ સમાચારથી ખુશ કરવા તેની નોંધ લેવામાં આવી. બરાબર તે જ દિવસની સવારે કોકરમાઉથમાં માતા મરણ પથારીમાં સૂતી હતી ત્યારે તેણીએ કહ્યું, "જો હું મારાં બાળકોને માત્ર એકવાર જોઈ લઉં તો પછી હું જવાને તૈયાર જ છું." ત્યાર પછી તેણીએ આંખો બંધ કરી અને ફરીથી ઉઘાડી. પૂરી શાંતિની દશ મિનિટ પછી તેણીએ ખુશી ભર્યા ચળકાટથી ઊંચે જોઈને કહ્યું, 'હું મારાં બાળકો પાસે જઈ આવી છું.' અને ત્યાર બાદ તરત જ તેણીએ શાંતિપૂર્વક દેહત્યાગ કર્યો. બંને સ્થળે નોંધ સરખાવવામાં આવી ત્યારે દિવસ, કલાક મિનિટ સમાન હતાં."

(From S. R. P. Proceedings).

: ૨ :

"ઈ. સ. ૧૮૫૪ માં લગભગ ચાર વર્ષના ગાળા બાદ એક ઉચ્ચ અધિકારી પોતાની પત્ની સાથે નાના બાળકોને મળવા માટે ભારતથી સ્વદેશ જતા હતા, ત્યાં જ ઇજિપ્ત પહોંચતાં પત્ની એકાએક જીવલેણ માંદગીમાં સપડાઈ ગઈ. તેણીને જીવન ભય સપાટીએ પહોંચી ગયાની અને ખરાબ પરિસ્થિતિ (મરણ) માટે તૈયાર થવાનું અતિ કરુણાર્દ્રભાવે

કહેવામાં આવ્યું, જે વાત ઘણું કરીને દર્દીથી ગુપ્ત રાખવામાં આવે છે. તેણી ધર્મપ્રેમી, ભક્તિસભર અને સહૃદયી હતી; આખર પ્રસંગની સંભાળપૂર્વકની તૈયારી કરી લીધાનું કહેવાય છે. કેમકે છેલ્લે અવસરે ધર્મવચનો સંભળાવનાર અને દિલાસો આપનાર કોઈ પાદરી મળે તેમ નહોતું. તાવના અતિ પરિતાપમાં તેના ચિત્તને વિક્ષેપ કરનાર અને ક્ષોભ પમાડનાર એક જ કારણ હતું અને તે પોતાથી દૂર રહેલાં બાળકોને મળવાની તીવ્રેચ્છા હતું, તે વાત તેની ચાકરી કરનારાઓ પાસે તે વારંવાર જણાવતી હતી. એક અઠવાડિયાથી વધુ, દરરોજ તેણી પોતાની ઝંખના અને પ્રાર્થના શબ્દોથી જણાવતી હતી અને કહેતી કે, "જો માત્ર આ એક મારી ઇચ્છા સંતોષાય તો હું સુખેથી મરી જઈશ." દેહત્યાગના દિવસના પ્રભાતે તેણી લાંબી અને ભારે નિદ્રામાં પડી; તેમાંથી પાસે રહેનારાઓ તેમને જગાડી શક્યા નહીં; બધો જ વખત તે સંપૂર્ણ શાંતિમાં પડી રહી, તેમ છતાં મધ્યાહ્ન પછી તેણી એકાએક જાગ્રત થઈ અને બોલી ઊઠી કે, "મેં તેમને બધાંને જોયાં છે. મેં તેમને જોયાં છે. જિસસ ક્રાઇસ્ટ દ્વારા ભગવાનનો ઉપકાર માનું છું," અને બાદ ફરી નિદ્રાને આધીન થઈ. સાંજની વેળાએ પૂરી સ્વસ્થતામાં ઘણાં ભક્તિભાવવાળાં વચનો બોલતાં આખરે તેણી શાંતિથી પ્રભુને ચરણે ગઈ, અર્થાત્ દેહ છોડી દીધો. તે સમય નોંધવામાં આવ્યો.

તેનો મૃતદેહ ઇંગ્લંડ લઈ જવામાં આવ્યો અને કુટુંબની સ્મશાનભૂમિમાં દાટવામાં આવ્યો. આ પ્રસંગની અગત્યની વાત હવે કહેવાની છે.

"ટોરકેયમાં તે સ્ત્રીનાં બાળકો કુટુંબના એક મિત્રની દેખ-રેખ નીચે ભણતાં હતાં. તેમની માતા ભારે નિદ્રામાં હતી તે વેળાએ ગાજવીજના સખત તોફાનનાં કારણે તેઓ ઘરમાં હતાં. તેઓ આયા( Nursemaid )ની હાજરીમાં રમતનાં સાધનો પુસ્તકો અને રમકડાંથી રમી પરસ્પર આનંદવિનોદ કરતાં હતાં. આયાએ બાળકોનાં માબાપને કદી જોયા ન હતા. એકાએક તેમની માતા મોટા રૂમમાં આવી, અટકી અને પછી દરેકને થોડી મિનિટ સુધી જોયાં કર્યું, હસી અને પછી બીજા રૂમમાં જઈ અદૃશ્ય થઈ. પ્રથમનાં ત્રણ મોટાં બાળકોએ તેણીને એકદમ ઓળખી લીધી પરંતુ તેનો દેખાવ, તેનું મૌન અને તેની વર્તણુંકથી તેમનું ચિત્ત ખૂબ વિક્ષેપ પામ્યું અને તેની અસર ખૂબ અંકિત થઈને રહી.

"આ પ્રસંગની તારીખ, સપ્ટેંબર ૧૦, ૧૮૫૪, બરાબર નોંધવામાં આવી અને પાછળથી સિદ્ધ થયું કે બંને બનાવો જે ઉપર આપ્યા છે, તે બરાબર એક જ સમયના હતા."

: ૩ :

"ગૉરડન હાઈલેન્ડર્સના એક અમલદાર અને મારા મિત્ર ટેલેલ કબીર પાસે ભયંકર રીતે ઘવાયા હતા. તેની માતા પણ મારી પરમ સખી હતી. જ્યારે ઘવાયેલ વ્યક્તિને કારથેજ હોસ્પીટલના વહાણમાં માલ્ટા લાવ્યા ત્યારે અત્યંત આજીજી અને વિનંતિના પરિણામે તેની માતાને અને મને તેની સારવાર માટે છૂટ આપવામાં આવી. મરણકાળના થોડા દિવસ પહેલાં મેં તે મરણ સમીપ પહોંચેલા છોકરાના રાત્રિના ઝભ્ભાના છેડે એક

પવિત્ર ચિઠ્ઠી (Order of the Osmanli) ટાંચણીથી બાંધી. આખી રાત હુ તેની પથારી પાસે હાથાવાળી ખુરસી પર બેઠી હતી અને તે મારો હાથ પકડીને આરામથી સૂતો હતો."

"સને ૧૮૮૬ ના જાન્યુઆરીની ૪ થી તારીખની રાત્રે કોઈ ભયની નિશાની ન હોવાથી તેની માતાએ એક રાતના આરામ માટે મને મારે ઘરે આગ્રહથી પરાણે મોકલી. કેટલાક કલાકથી તે છોકરો જાગાનિદ્દરની સ્થિતિમાં હતો અને તે મોરફીયાની અસર નીચે હોઈ ડૉકટરે કહ્યું કે તે હવે ઘણું કરીને ઊંઘી જશે અને સવાર સુધી જાગશે નહીં. વહેલી સવારે પાછી આવી જવાના હેતુએ મેં જવાની હા પાડી અને ધાર્યું કે તે જાગ્રત થશે તે વેળાએ તે મને હાજર જોઈ શકશે."

"તે જ રાત્રિના લગભગ ત્રણ વાગે મારા રૂમમાં સૂતેલા મારા પુત્રે, 'મમ્મા, અહીં મિસ્ટર બ્લેઇક છે" એમ બૂમ પાડીને મને જગાડી. હું એક સપાટે ઊઠી, તે તદ્દન સત્ય હતું. જમીનથી લગભગ અર્ધ ફુટ ઉંચે તે રૂમમાં તરતો હતો અને પછી મને સ્મિત આપીને બારી વાટે અદ્દશ્ય થઈ ગયો. અડધી કલાક પછી મિસ્ટર બ્લેઇક ત્રણ વાગે ગુજરી ગયાના ખબર આપવા એક માણસ આવ્યો અને તેની માતાએ મને બોલાવી છે તો મારે જવું જોઈએ એ પણ જણાવ્યું."

"તેની માતાએ મને કહ્યું કે 'મૃત્યુના અંત સમય પહેલાં તે અર્ધ જાગૃત હતો અને મારો તથા તેના એક જૂના સિપાહી નોકરનો હાથ દબાવી, તારા હાથ માટેની ઈંતેજારી લાગતી હોય તેમ તેનું વર્તન હતું."

"તે રાત્રિની મારી ગેરહાજરી માટે અને ઘરે જવા માટે હું મને કદાપિ માફ કરી શકીશ નહીં."

(From S. P. R. Proceedings, Vol. 8. Page 226)

: ૪ :

આ એક ઐતિહાસિક પુરાવા સહિતની ઘટના છે.

"બેન જોનસને પોતે જ શ્રીયુત ડ્રમોંડને કહેલી વાત છે; તેણે કહ્યું કે તેણે પોતના સૌથી મોટા પુત્રની પ્રતિકૃતિ સર રોબર્ટ કૉટનના ઘરમાં જોઈ અને તેના કપાળમાં લાલ ચોકડી (Cross) હતી. પાછળથી માલુમ પડયું કે તે પુત્ર તે જ સમયે પ્લેગથી ગુજરી ગયો હતો."

: ૫ :

હવે અહીંથી અપાતા પ્રસંગો ઈ. સ. ૧૯૨૨ માં પ્રગટ થયેલ ફ્રેન્ચ લેખક શ્રી કેમીલ ફ્લેમેરીઑનના "મૃત્યુ અને તેનું રહસ્ય" (Death and Its Mystery) નામના પુસ્તકમાંથી આભાર સાથે લેવામાં આવ્યા છે. તેનો અંગ્રેજી ભાષામાં અનુવાદ શ્રી કેરોલે કર્યો છે; અને તેને ગુજરાતીમાં અમે ઉતાર્યો છે.

મેડમ ડોબેલમન તા. ૨૦-૧૦-૧૮૯૯ના પત્રમાં જણાવે છે :

"મારી સખી મેડમ ટરબન મંદવાડમાં સપડાયેલી તેની નાની બહેનની સારવારમાં હતી. તેમના પિતાનું ઘર રસ્તાના એક ખૂણામાં હતું. પોતાની પથારી પરથી ન જોઈ શકાય એવા સામેના ખૂણા પરથી પસાર થતી પરિચિત વ્યક્તિઓના અવર-જવરની જાણ નાની બહેન કર્યા કરતી. તુરતમાં તેણીની બચવાની

આશા નષ્ટ થઈ. એક રવિવારની મધ્યાહ્ન વેળાએ પોતાના પાદરી પ્રેમીજનના કોઈ સમાચાર નહીં મળવાનો ખેદ તેણીએ મોટી બહેન સમક્ષ વ્યક્ત કર્યો; તે વખતે પ્રેમીજન તે ગામથી દૂર હતો. માનસિક આઘાતને કારણે તેણી બે કલાક સુધી મૃતપ્રાય જેવી સ્થિતિમાં પડી રહી. તેમાંથી જાગ્રત થઈ ત્યારે તેણીએ પોતાના પ્રેમીજનને જોયાનું અને આવું આવું પ્રવચન સાંભળ્યાનું જણાવ્યું. બીજે દિવસે તેણીએ દેહ છોડી દીધો. દાટવાની મરણોત્તર ક્રિયા પછી મેડમ ટરબને પેલા પ્રેમીજનને પૂછ્યું કે, "રવિવારની બપોરે તમે આવા વિષયો ઉપર ધર્મવ્યાખ્યાન કરતા હતા?" પ્રશ્નથી ચકિત થઈ આશ્ચર્યની વચ્ચે તેણે ઉત્તર આપ્યો, "તમે તે કેવી રીતે જાણ્યું?" ત્યારે મોટી બહેને કહ્યું, "તમારી પ્રેયસીએ મને જણાવ્યું હતું." તેના જવાબમાં તેણે કહ્યું, આ અતિ વિચિત્ર છે. કલ્પના કરો; મારા ધર્મ-પ્રવચનની મધ્યમાં હું માનું છું કે મેં દેવળમાં પ્રવેશ કરતી એક શ્વેત આકૃતિ જોઈ અને તે મારી પ્રેયસીના જેવી જ હતી; અને સભાની વચ્ચે એક ખાલી બેઠક પર તે બેઠી: અને ત્યાર પછી ધર્મસેવાનું કાર્ય પૂરું થતાં તે અદૃશ્ય થઈ." (મૃત્યુ પહેલાના ઘણા કલાકે પણ સૂક્ષ્મ દેહ બહાર નીકળ્યાના દાખલાઓ બન્યા છે.)

: ૬ :

મોન્ટે કારલોથી સને ૧૯૧૮, એપ્રિલ ૧૫ ના એક પત્રમાં મેડમ સીમેન્ઝી પોતાની નાની વયનો ૧૮૭૧ માં બનેલ અનુભવ જણાવતાં કહે છે:—

"જ્યારે હું યુવાન હતી ત્યારે સમાન વયની મારે એક

સખી હતી. બંનેના કુટુંબો વચ્ચે ગાઢ સંબંધ હતો અને બંને પડોશી હતાં. એક દિવસ સાંજે અભ્યાસ કરવા માટે તે મારે ત્યાં આવી. દિવાનખાનામાં ઝૂલતી ખુરશી પર અમે બેઠાં હતાં. તેવામાં એકાએક વાચન અટકાવીને તેણીએ મને કહ્યું, "લીટા મારે તને કંઈ પૂછવું છે." મેં સહજ ઉત્તર વાળ્યો, "તે શું છે?" તેણીએ કહ્યું, 'કોઈ બાબત સંબંધમાં મારે તારૂં વચન જોઈએ છે અને તેનું તું પાલન કરજે એમ ઇચ્છું છું.'

"ગંભીરતાથી ઉચ્ચારેલ વાત પર વિચાર કરી મેં કહ્યું, 'જો હું કોઈ વચન આપીશ, તો તે હું પાળીશ તેની તું ખાત્રી રાખજે, બોલ, તારી શી ઇચ્છા છે?'

"મારી સખીએ કહ્યું, જો તું લગ્ન કરે, અને તારે પુત્રી થાય તો તેનું મારે નામેનામ રાખવું.' હું હસી; કબુલ્યું અને સામે તે જ પ્રમાણે શરત કરી. તેણીએ ઉમેરતાં કહ્યું, 'એટલું જ નહીં, પણ જો આપણાંમાંથી કોઈ એક ગુજરી જાય અને આપણે સાથે ન હોઈએ તો આપણે પરસ્પર કોલથી બંધાઈએ કે જે પ્રથમ મરણશરણ થાય તેણે બીજા પાસે રજા લેવા આવવું, અને છેલ્લી વખતનું ચુંબન આપવું.'

"મેં કહ્યું, 'ખરેખર તારા આ વિચારો ઘેલછાવાળા છે. તને થયું છે શું?' સખીએ માત્ર વચનની માગણી કરી અને મેં વચન આપ્યું. ઉત્તરમાં 'મને હવે સંતોષ થયો છે, કેટલાક વખતથી તારા તેવા વચનની ઝંખના મને સતાવતી હતી.' એમ તેણીએ કહ્યું.

"ત્યાર પછી આ સંબંધે અમે કંઈપણ વાત કરી નહોતી."

"પાંચ કે છ માસ વીત્યા બાદ મારી સખીની જન્મગાંઠ

નિમિત્તે બીજી કેટલીક છોકરીઓની સાથે હું તેને ત્યાં દિવસ ઉજવવા અને ગાળવા ગઈ હતી. અમે નૃત્ય કર્યું અને ખૂબ આનંદ કર્યો. સાંજના તેની રજા લેતી વખતે તેની માતાએ મને કહ્યું, હમણાં બે ત્રણ દિવસ જીન( મારી સખી )ની તું રાહ ન જોતી, કેટલીક જગ્યાએ મળવા જવાનું છે, ત્યાં તેને સાથે લઈ જવાની છે."

"ત્રીજે દિવસે હું પથારીમાં પડીને સુઈ ગઈ. મધ્યરાત્રિએ મેં જાગીને જોયું તો જીન મારી સામે જ હતી. મને કહ્યું, આવજે, હું મરી જાઉં છું. મેં મારૂં વચન પાળ્યું છે."

"મારા ગભરાટને લીધે મારી દાદીમાએ એન મેરી નામની એક ભલી નર્સને મારી પથારી પાસે બેસાડી. નર્સે મને શાંત કરી અને ફરીથી હું નિદ્રામાં પડી. પરંતુ સવારના લગભગ ચાર વાગ્યે હું ફરીથી જાગી. જીન મારા કપાળ પર ચુંબન કરતી હોય તેમ લાગ્યું. તેણી ખૂબ શીતળ હતી. ફરીથી બીજી વખત મને કહ્યું, 'આવજે, હું હવે મરણ પામું છું.'

"બૂમ પાડીને મેં દાદીમાને જણાવ્યું કે જીન ગુજરી ગઈ છે. મને તેના ઘરે જલદી લઈ જાઓ. દાદીમાએ પાંચ વાગ્યે લઈ જવા માટે વચન આપ્યું. પાંચ વાગ્યે કોઈ માણસને મોકલ્યો; મારૂં સ્વપ્ન ખરૂં પડયું: સવારના ચાર વાગ્યે મને ચુંબન કરવા આવી હતી ત્યારે જ મારી સખીનો દેહ છૂટયો હતો.

ત્યાર પછી અનેકવાર મેં તેના સંબંધે સ્મૃતિ લઈ વિચારો કર્યા છે પરંતુ કોઈ વાર કંઈ બન્યું નથી. આ જેમ બન્યું, તેની સત્ય હકીકત છે."

—o—

## મૃતદેહ સંબંધની ચમત્કૃતિઓ:

આ જગત એક આશ્ચર્યની પ્રતિમારૂપ છે. તેમાં અનેકવાર અનેક વખતે બુદ્ધિથી ન સમજાય એવી ભેદી ઘટનાઓ બનતી જોવામાં આવે છે અને જગતના મનુષ્યોને વિસ્મયતામાં મૂકી દે છે. વાસ્તવમાં સિદ્ધાંતથી જોવા જઈએ તો તેવા પ્રસંગોમાં પણ કાંઈ નવાઈ પમાડે એવું હોતું નથી, હોઈ શકે જ નહીં, અર્થાત્ ચમત્કાર જેવી દેખાતી વસ્તુ અથવા ઘટના ત્યાં સુધી ચમત્કૃતિવાળી છે, કે જ્યાં સુધી, ગુપ્ત ભેદ અને નિયમોનું યથાર્થ જ્ઞાન ઉપલબ્ધ થયું નથી. એક ભેદે નિયમ એ જગતનો પ્રવર્તક છે. આખુંય વિશ્વ એક મૂળભૂત, ચોક્કસ, અખંડ અને અબાધિત નિયમને આધીન છે; ચેતન અને જડ બન્ને દ્રવ્યો તે નિયમ અનુસાર પરિણમીને પ્રવર્તી રહ્યાં છે; પરસ્પર ઉપકારી કે અનુપકારી થાય છે; પરિવર્તનની ક્રિયામાં સહાયરૂપ થાય છે અને ત્યારે કેટલીક વાર જગતની દૃષ્ટિએ ચમત્કૃતિઓ સર્જાય છે. રહસ્યમય ભેદના જ્ઞાનથી વંચિત એવા અનભિજ્ઞ લોકોને ચમત્કૃતિઓ દેખાય તે સહજ ને સમજાય એવું છે; પરંતુ નિયમના જાણકારને તો બધું સ્પષ્ટ અને બુદ્ધિગમ્ય લાગે છે અને તેથી તેમને કંઈ આશ્ચર્ય થતું નથી. આજે તાર્કિક અને બુદ્ધિશાળી લોક દેવ અને નરક ગતિઓને કલ્પિત અને અવાસ્તવિક માને છે અને ભારપૂર્વક પ્રતિપાદન કરે છે કે જીવોને ભડકાવવા માટે ને પાપકૃત્યોથી છોડાવવા માટે શાસ્ત્રોમાં તે પ્રકારે કહેવામાં આવ્યું છે, પરંતુ સ્વર્ગના સુખ કે નરકનાં દુઃખ અહીં જ આ પૃથ્વી પર જ છે, અન્ય ક્ષેત્રે નથી. જે વાત બુદ્ધિગમ્ય ન થાય,

તે કદાપિ નથી જ એમ પ્રતિપાદિત કરવું એ વિવેકની ખામી ન લેખાય? દોષરૂપ ન ગણાય? તે શાંતચિત્તે ખૂબ વિચારવા યોગ્ય છે.

ઉપરોક્ત મૂળભૂત, અખંડ નિયમના પેટાળમાં બીજા સંબંધિત અનેકાનેક ઉપનિયમો છે, જેની શોધ આજે પુદ્ગલ વિજ્ઞાનશાસ્ત્રીઓ ખંત અને ઉત્સાહપૂર્વક કરી રહ્યા છે અને વાસ્તવમાં જગત આખાને આશ્ચર્યમાં ડૂબાડી દે છે; તેમ છતાં તેમની નિયમોના જ્ઞાનની દૃષ્ટિથી તેમાં કોઈ ચમત્કૃતિ જેવું અલ્પાંશે પણ નથી, બધું ચોક્કસ નિયમબદ્ધ જ છે. તે પ્રમાણે આત્મવિજ્ઞાની પણ ગૂઢ અને ગુપ્ત નિયમોના જ્ઞાતા હોઇ તેમને બીજાને જણાતી ચમત્કૃતિ, તેવી લાગતી નથી. આપણને ન સમજાય કે બુદ્ધિમાં ન ઊતરે તેવું હોય તો પણ નિયમને અનુસરીને જ બધું બનતું હોય છે એ સંપૂર્ણપણે લક્ષમાં રાખવા યોગ્ય છે.

મૃત્યુ વેળાએ કે મૃત્યુ પછી મૃત દેહ સંબંધની કેટલીક બુદ્ધિગમ્ય ન થાય એવી વિસ્મયજનક ઘટનાઓ નોંધાએલી છે. ત્યાં કોઈ કોઈ તો વાસ્તવમાં બનેલી ઐતિહાસિક હકીકત છે અને તેથી અતિ વિશ્વસનીય છે; ત્યારે કોઈ પરંપરાએ ચાલી આવતી કિંવદંતી કે લોકવાયકા રૂપ છે.

: ૧ :

આ સંત કબીરની કથા છે. તેમનો જન્મ સં. ૧૪૫૫, જેઠ માસની પૂર્ણિમાના શુભ દિને થયો હતો. એક વખત કાશીમાં સ્વામી રામાનંદ મહાત્માએ પોતાના એક બ્રાહ્મણ શિષ્યની

વિધવા પુત્રીને પુત્રવતી થવાના આશીર્વાદ આપ્યા અને વચનની સફળતા થઈ. લોકલાજ અને ભયથી નવજાત શિશુને એક તળાવમાં ફેંકી દેવામાં આવ્યો. નીમાએ તેને પકડી, ઘેર લઈ જઈ તેનું પાલનપોષણ કર્યું. કબીર રામભક્ત હતા. અનેકાનેક પદોની રચના કરી હતી. સં. ૧૫૭૫ માં ૧૨૦ વર્ષની વયે તેમણે દેહત્યાગ કર્યો. અંતકાળે તેઓ રામના સ્મરણમાં લીન હતાં.

"મૂઆ કબીર રમત શ્રીરામ" એ તેમનું વચન હતું.

તેઓના શબને હિંદુઓ બાળવા ઇચ્છતા હતા જ્યારે મુસલમાન પીર સ્મારક કરવા આતુર હતા. શબ ઉપરથી ચાદર ઉપાડી તો સર્વના આશ્ચર્યની વચ્ચે ત્યાં ફૂલનો ઢગલો હતો. બંનેએ અર્ધા અર્ધા ભાગે તે ફૂલને વહેંચી લીધા. ત્યારબાદ કાશી નરેશે તેની વિધિ સહિત અંતિમ સંસ્કારક્રિયા કરી; જ્યારે નવાબ બિજલીખાન પઠાણે મગહર ગામે આમી નદીના તટ પર એક સુંદર સ્મારક કર્યું. હિન્દુઓએ કબીર સાહેબની એક સમાધિ પણ બનાવી.

: ૨ :

સંત મીરાંબાઈનો જન્મ સં. ૧૫૩૦ લગભગ રાજસ્થાનમાં મેડતાના એક ગામે થયો હતો. તેમના જીવનનો સંક્ષિપ્ત ઇતિહાસ સુપ્રસિદ્ધ છે, તેમનાં નામ સ્મરણ માત્રથી હૃદયવીણાના તાર સુરમ્યપણે ઝણહણી ઊઠે છે. તેમની પ્રભુપ્રેમભક્તિ તેમના પદોમાં ઉચ્ચતમ પ્રકારે દીપી ઊઠતી જોવામાં આવે છે. છેલ્લાં વર્ષોમાં સંત મીરાંએ વ્રજ છોડયું ને સૌરાષ્ટ્રમાં દ્વારકા ગામે

રહ્યા. શ્રી રણછોડરાયની સમક્ષ તેઓ નૃત્ય કીર્તન કરતાં. લગભગ સં. ૧૬૩૦ ના એક દિને રણછોડજીની સન્મુખ તેઓ નૃત્ય અને સંગીતમાં એકતાર થઈ પ્રભુની પ્રેમરસભક્તિમાં લીન હતા તે વેળાએ આશ્ચર્યયુક્ત ઘટના એ બની કે શ્રી ભગવાનની પ્રતિમા-માંથી દિવ્ય પ્રકાશની જ્યોતિ બહાર નીકળી ને મીરાંને ભેટી પડી. મીરાં એ જ્યોતિમાં સમાઈ ગઈ. જીવનલીલા સમાપ્ત થઈ.

: ૩ :

સંત મલૂકદાસ એક ઊચ્ચ કોટિના મહાત્મા થઈ ગયા. તેમનો જન્મ સં. ૧૬૩૧ વૈશાખ વદ પાંચમના દિને પ્રયાગના એક ઇતિહાસ પ્રસિદ્ધ કડા ગામે થયો હતો. પિતાનું નામ સુંદરદાસ હતું. તેઓ પરમાત્માના પરમ અનુરાગી અને આત્મનિષ્ઠ પુરુષ હતા; સર્વ પ્રાણીઓમાં આ આત્મારામી મહાત્મા બ્રહ્મના જ દર્શન કરતા. તેમનો મુખ્ય બોધ હતો. પ્રભુભક્તિ, આત્મચિંતન અને પરોપકાર કરવાનો. એક વાર દુષ્કાળની ભીતિ ઉત્પન્ન થઈ; ખેતીનો પાક નષ્ટ થવા માંડયો; સંત મલૂકદાસનું હૃદય દ્રવી ઊઠયું; વરસાદ વરસાવવા કટિબદ્ધ થયા. પ્રભુકૃપાથી, તેમના અને તેમના શિષ્યના અનુષ્ઠાનથી વરસાદ થયો અને લોકમાં શાંતિ પ્રસરી. કહેવાય છે કે તેઓ સિદ્ધ પુરુષ હતા. દેહત્યાગ થવાના છ માસ પહેલાં તેમણે તેમની મૃત્યુ તિથિ તેમના ભત્રિજા રામસ્નેહીને કહી બતાવી હતી.

અંતિમ દિવસ આવ્યો ત્યારે તેમણે લોકોને પોતાનો દેહ છૂટી જશે એમ જણાવ્યું અને વધુમાં કહ્યું કે, “ જ્યારે તમારા સર્વના અંતરમાં શંખ અને ઘંટાનો નાદ સંભળાય ત્યારે સમજજો કે પ્રાણ અને દેહ છોડી દીધાં છે. શબને ગંગા નદીમાં

વહેતો મૂકી દેજો." આમ ૧૦૮ વર્ષની વયે સં. ૧૭૩૯ના વૈશાખ વદી ૧૪ના તેઓ બ્રહ્મલીન થયા.

"એમ કહેવાય છે કે તેમનું શબ તરતું તરતું પ્રયાગ અને કાશી થઈ જગન્નાથપુરીના સમુદ્રતટ પર પહોંચ્યું. જગન્નાથના આદેશથી પંડાએ શબને મંદિરમાં રાખ્યું."

: ૪ :

સંત સ્વામી રામદાસ શિવાજી મહારાજના શ્રીગુરુ હતા. તેમનો જન્મ સં. ૧૬૬૫ના રામનવમીના અતિ પવિત્ર દિવસે બે પ્રહર વીત્યે થયો હતો; મૂળ નામ નારાયણ તે રામદાસ રૂપે પ્રસિદ્ધ થયું. પિતા ભગવાન સૂર્યદેવના ભક્ત હતા અને માતા રેણુબાઈ સતી, સાધ્વી અને ધર્મની અસીમ રુચિવાળાં હતાં. રામદાસસ્વામીની રામભક્તિ અદ્વિતીય હતી. તેઓનો ઉપદેશ હતો કે ધર્મ ભગવદ્‌ભક્તિથી જ સુરક્ષિત રહી શકે છે; ભક્તિ એ જ આત્માનો ધર્મ છે; રામ જ સેવ્ય છે, ઉપાસ્ય છે, આરાધ્ય છે.

તેમની કૃતિ "મનાચે શ્લોક"માં તેઓ કહે છે કે "હે મન, તું ભક્તિમાર્ગનો સ્વીકાર કર; તે થકી ભગવાનની પ્રાપ્તિ સુગમતાથી થશે....જેના મુખમાં રામ રહે છે, તેને તેનાથી વિશ્રાંતિ મળે છે; તે અખંડ આનંદસ્વરૂપ આનંદનો ભાગીદાર થાય છે. રામનામ વિના બીજું બધું સંશયજનક અને અવરોધક થાય છે."

વળી સત્સંગનું માહાત્મ્ય બતાવતાં જણાવે છે કે, "હે મન, સત્સંગથી સંસારની આસક્તિ છૂટી જાય છે. મોક્ષ મળે

છે અને સાધક ભવસાગરને પાર કરી જાય છે. સત્સંગ દ્વૈત ભાવનાનો નાશ કરે છે."

આવા સમર્થ રામભક્ત સંત રામદાસ સં. ૧૭૩૭ માં પોતાના પ્રિય શિષ્ય શિવાજી મહારાજનો સ્વર્ગવાસ થતાં ખેદખિન્ન થયા, અન્નનો ત્યાગ કરી કેવળ દૂધ ઉપર રહેવા લાગ્યા. લોકને દર્શન આપવાનું બંધ કર્યું. સં. ૧૭૩૯, મહા વદ નોમના દિવસે તેઓએ મહાપ્રયાણ કર્યું. "તેમના મુખથી હરહરનો ઉચ્ચાર થતો હતો, બાદ રામનામનો જયઘોષ થયો અને ત્યાર પછી તેમના મુખમાંથી એક જ્યોતિ નીકળી રામના વિગ્રહમાં (શરીરમાં) સમાઈ ગઈ." અંતિમ સમયે તેમણે કહ્યું હતું કે "દાસબોધ અને આત્મારામ ગ્રંથમાં મારા આત્માનો નિવાસ છે; તેના પાઠ કરવા જોઈએ."

: ૫ :

"આળંદીથી છ કોસ દૂર પૂનાની નજીક ભગવતી ઇન્દ્રાયણીના તટ પર પરમ પુનિત દેહૂ ગામમાં સં. ૧૬૬૫ માં એક ભાગવત કૂળમાં તુકારામજી મહારાજનો જન્મ થયો હતો." આખું કુટુંબ ધર્મપ્રેમી અને ભક્તિરસસભર હતું. સંત તુકારામની ભગવદ્ભક્તિ ઉચ્ચ કોટિની હતી. ભગવાન ભક્તિ અને પ્રેમથી જ પ્રસન્ન થાય છે, વશ થાય છે એવો તેમને દૃઢ વિશ્વાસ હતો, તેથી તેઓ પ્રેમસ્વરૂપ ભગવાનની જ ઉપાસના કરતા અને સ્વયં વિઠ્ઠલે રૂક્મિણી સહિત સંત તુકારામને સાક્ષાત્ દર્શન આપ્યા હતા. તેઓ સ્પષ્ટ કહેતા, "મને આત્મસ્થિત બ્રહ્મજ્ઞાનની આવશ્યકતા નથી. હું તો હંમેશા ભક્ત રહીને ભક્તિરસનું અમૃતપાન કરવા

ઇચ્છું છું.” જીવનને પૂર્ણ રૂપે ભગવાનમય બનાવવાની તેમની અસીમ સાધના હતી તેમણે અનેક અભંગો રચ્યા છે, તેમાં અનુભવવાણી પ્રકાશી છે.

તેઓ ગૃહસ્થી સંત હતા. અંત સમયે તેમના બે પુત્ર મહાદેવ અને વિઠોબા તથા ત્રણ પુત્રી કાશી, ભાગીરથી અને ગંગા હાજર હતાં. સં. ૧૭૦૬, ચૈત્ર વદ બીજના દિવસે સંત તુકારામ મહારાજે સદેહે સ્વર્ગની યાત્રા કરી; મયૂર કવિની વાણી છે કે જેવા રીતે ભગવાન રામ સદેહે સ્વર્ગે સીધાવ્યા, તે જ રીતે તુકારામ મહારાજે શરીર સહિત વૈકુંઠની યાત્રા કરી.

('ભારત કે સંતમહાત્મા'માંથી સાભાર)

તેઓ સંત કવિ અને મહાન ભક્ત હતા.

: ૬ :

મહાત્મા ધરનીદાસનો જન્મ બિહારમાં મૅાઝી નામે ગામમાં વિક્રમની સત્તરમી સદીના ચોથા ચરણમાં કાયસ્થ કુળમાં થયો હતો. બાળપણથી જ અધ્યાત્મ પ્રવૃત્તિમાં રસ લેતા. સં. ૧૭૧૩માં પિતાનો દેહાંત થતાં, તેઓ પૂર્ણ વૈરાગ્યમાં ઝુલવા લાગ્યા અને સર્વ સંબંધો તોડી રામનાં ચરણોમાં આત્માર્પણ કરી, શ્રેયના માર્ગે વધવા માંડયું. સંસારનો હિસાબ ભૂલી જઈ, મન વૈરાગ્યના માનસરોવરમાં સ્નાન કરી રામનામરૂપ સુધાનું પાન કરતું; તેઓ હંસની માફક નિર્મળ થયા; પ્રેમગગનમાં સ્વેચ્છાએ આનંદથી ઊંચેને ઊંચે ઉડતા. જો કે તેઓ ચમત્કાર આદિથી દૂર રહેતા તો પણ તેમના જીવનમાં અનેક ચમત્કારો બનવા પામ્યા હતા. તેમાંથી માત્ર એક પ્રસંગનો ઉલ્લેખ કરીએ. એક

વખત આશ્રમમાં એક સાધુઓની મંડળી આવી. ધરનીદાસ સંત મહાત્માએ તેમના ભોજનાદિની વ્યવસ્થા કરી. કોઈ સાધુએ કહ્યું કે, આપ કાયસ્થ છો. આપની બાંહ્ય ઉપર દ્વારિકાધીશની છાપ નથી, તેથી આપનું અન્ન શુદ્ધ નહીં હોવાથી ઠાકુરજીના રાજભોગમાં તેનો ઉપયોગ કરી શકીએ નહીં." તે સાંભળીને ધરનીદાસ પોતાની કુટીરમાં જઈ થોડી વારમાં બહાર આવ્યા અને તેમની બાંહ્ય પર દ્વારકાધીશની છાપ જોઈ સાધુ આશ્ચર્યચકિત થઈ ગયા.

અંત સમયે તેઓ સરયૂ તથા ગંગા નદીના સંગમ પર ચાદર પાથરીને બેસી ગયા. થોડી વારમાં શિષ્યોએ તેમને પ્રકાશના રૂપમાં પરિવર્તિત થયેલા જોયા. એ દૃશ્ય અદ્ભુત હતું."

('ભારતકે સંત મહાત્મા'ના આધારે)

: ૭ :

સંત રવિસાહેબનો જન્મ ગુજરાતમાં તણછા ગામમાં સંવત ૧૭૮૩માં થયો હતો. જાતિથી તેઓ વૈશ્ય શ્રીમાળી હતા. પિતા મંછારામ સાત્ત્વિક સ્વભાવી અને દયાળુ હતા. માતા ઇચ્છાબાઈ પરમ સતી અને સાધ્વી હતાં. માતાપિતાના સુસંસ્કારો, અધ્યાત્મભાવ, સાધુ–સંતની સેવા, વૈરાગ્યવૃત્તિ ઇત્યાદિ તેમનામાં પ્રકાશી ઊઠયાં હતાં. સદ્‌ગુરુની શોધમાં હતા ત્યારે સંત ભાણ સાહેબ, જેઓ ઉચ્ચ કોટિના સંત અને સિદ્ધ મહાત્મા હતા તેમના શરણે તેઓ ગયા. તેમના ચરણાશ્રયે રવિસાહેબે પરમ જ્યોતિનો સાક્ષાત્કાર કર્યો અને ગુરુના સહારાથી સચ્ચિદાનંદનો રસાસ્વાદ વારંવાર કરતા. શ્રી ગુરુ

પ્રત્યે તેમની અસાધારણ નિષ્ઠા હતી અને તેઓ તેમની કૃપાનો અનુભવ કર્યા જ કરતા હતા; તેથી ગુરુનો ક્ષણ પણ વિયોગ તેમને અસહ્ય થઈ પડતો. એક વાર ભાણસહેબે સંત રવિસાહેબને સાધનાનું પરમ રહસ્ય પ્રગટ કર્યું અને ઉચિત ઉપદેશ દીધો.

ભાણ સાહેબે તેમને શેડખીમાં રહેવાની આજ્ઞા કરી અને પોતે ઘોડા પર સ્વાર થઈ કમિજડા ગામે ગયા. સંત રવિ સાહેબ ગુરુનો વિયોગ સહી નહીં શકે એવી તેમને ખાતરી હોવાથી તેમણે તે ગામમાં જ જીવતાં સમાધિ લીધી. તે ખેદજનક સમાચાર મળતાં રવિસાહેબ વિરહાગ્નિથી બળવા મંડયા; તેમને અતિ દુઃખ થયું : પછી તો ગુરુજીની આજ્ઞાનુસાર લોકમાં આધ્યાત્મિક ચેતના જગાડવાનું મહાભારત કામ ઉપાડયું. તેમને અગણિત શિષ્ય હતા, જેમાં ભાણસાહેબના પુત્ર ખીમસાહેબ, ગંગસાહેબ, કાદરસાહેબ તથા મુરારસાહેબ મુખ્ય હતા. મુરારસાહેબ મારવાડના થરાડ રાજયના રાજકુમાર હતા. તેમણે જામખંભાળિયામાં એક મંદિર બંધાવ્યું અને ત્યાં પ્રભુભક્તિમાં રત રહેતા. રવિસાહેબે મુરારસાહેબને વચન આપ્યું હતું કે અંતકાળે પોતે ખંભાળિયામાં રહેશે ને ત્યાં સમાધિ લેશે.

સં. ૧૮૬૦ માં યાત્રા કાળમાં વાંકાનેર ગામે રવિસાહેબે પ્રાણ છોડયા. સિદ્ધ સંત ગુરુ રવિસાહેબની વાણી અસત્ય ન હોઈ શકે એમ મુરારસાહેબને પૂરેપૂરો વિશ્વાસ હતો, તેઓ ખંભાળિયાથી વાંકાનેર પહોંચી ગયા. ગુરુના દેહને પાલખીમાં

પધરાવી ખંભાળિયા પ્રતિ પ્રયાણ કર્યું. પાલખી ઝડપભેર ચાલતી હતી. પાલખીની અંદરમાંથી અવાજ આવ્યો, "મુરાર, ધીરે ધીરે ચાલો." મુરાર સાહેબે અંદર દૃષ્ટિ કરી તો રવિસાહેબને પડખું ફેરવતાં જોયાં. તેઓ આશ્ચર્યચકિત થયા. રવિ સાહેબે ઉપદેશ કર્યો ને ખંભાળિયામાં સમાધિ લેવાનું વચન પૂર્ણ કર્યું.

('ભારત કે સંત મહાત્મા'માંથી સાભાર)

: ૮ :

સંત ત્યાગરાજનો જન્મ સં. ૧૮૧૬ માં દક્ષિણ ભારતમાં તિરૂવરોર નગરમાં થયો હતો. તેઓ પરમ રામભક્ત હતા, તેઓ કવિ હતા; તેમની કવિતા રામભક્તિની લાવણ્યમૂર્તિ હતી. રામભક્તિમાં તેમણે સચ્ચિદાનંદના અખંડ સૌંદર્યનો દિવ્ય અનુભવ કર્યો; રામકથા, રામભક્તિ અને રામઅનુરક્તિની પવિત્ર ત્રિવેણીમાં તેઓ વિદેહરૂપ બની ગયા. ગૃહસ્થદશા છતાં રામમય જીવન હતું. વિકટ અને સંકટ સમયે તેમની રક્ષા અદૃશ્યપણે થતી. તેવા કેટલાક પ્રસંગો બન્યા હતા.

અઠયાસી વર્ષની વયે સંત ત્યાગરાજને પ્રભુએ દર્શન આપ્યા ને કહ્યું કે, "હવે તારે આ પૃથ્વી પર દશ દિવસ રહેવાનું છે, બીજા જન્મમાં તું જીવન-મરણનાં બંધનથી મુક્ત થઈશ." એટલું કહી પ્રભુ અંતર્ધાન થઈ ગયા.

સં. ૧૯૦૪, પોષ વદ પાંચમને દિવસે તેમણે મહાપ્રયાણ કર્યું. અંતિમ દિને તેમણે નિર્જળ રહી કાવેરી નદીના તટ પર રામ નામના જાપ કર્યા. પ્રાણ નીકળવાના સમયે માથું

ફાટી તેમાંથી એક દિવ્ય તેજની ધારા નીકળીને આકાશમાં ઊંચે જઈ વિલીન થઈ.

: ૯ :

મહાત્મા રામચરણનો જન્મ મારવાડમાં સં. ૧૭૭૬ મહા સુદ ૧૪ ના દિને વૈશ્ય કુળમાં થયો હતો. એક વાર દુકાનમાં બેઠા હતા ત્યારે સ્વપ્ન આવ્યું કે, "એક મોટી નદી ઝડપી ગતિથી વહી રહી છે, તેમાં પોતે સ્નાન કરે છે અને પછી તો પોતે ડૂબવા લાગે છે. 'બચાવો, બચાવો'ની બૂમ મારે છે અને એક મહાત્મા બચાવી લે છે." તેઓ મહાત્માની શોધમાં નીકળ્યા. મેવાડમાં સંત કૃપારામજીનો ભેટો થયો અને તેમના સત્સંગનો લાભ મળ્યો. સંત રામચરણની યોગ્યતા જોઈ કૃપારામજીએ રામમંત્રનો ઉપદેશ દીધો અને એકાંતમાં ભજન સાધન કરવા આદેશ આપ્યો. તેમણે પચીસ વર્ષ સુધી તપ કર્યું; તેમની સમાધિ કોઈ કોઈ વખત ત્રણ ત્રણ દિવસ સુધી રહેતી. સમાધિકાળમાં તેમના મુખથી નીકળતાં પદો શિષ્ય લખી લેતા. તેમણે છત્રીસ હજારથી વધુ સાખીઓની રચના કરી હતી.

સં. ૧૮૫૫, વૈશાખ વદ પાંચમના શાહપુરા ગામે તેમણે દેહત્યાગ કર્યો. એમ કહેવાય છે કે મહારાજનો દેહ જ્યારે ચિતા પર મૂકવા માટે લઈ જવામાં આવ્યો, ત્યારે શરીરમાંથી રામ નામનો ધ્વનિ સંભળાયો અને વાતાવરણ તેજોમય બની ગયું. વળી વધુ આશ્ચર્યકારક બનેલું એ કહેવાય છે કે મહારાજની માળા અને તેમના કૌપિનને આગનો સ્પર્શ સુદ્ધાં થયો નહોતો.

: ૧૦ :

દક્ષિણ ભારતમાં ઇતિહાસ પ્રસિદ્ધ ચિદમ્બરમ્ સ્થાનની નજીક મરૂદકર ગામે સં. ૧૮૮૦ માં મહાત્મા રામલિંગમનો જન્મ થયો હતો. માતા, બહેન અને ભાઈના આગ્રહવશ ગૃહસ્થી થયા પરંતુ મહાત્મા સંસારમાં જળમાં કમળની જેમ રહેતા હતા. એક દિવસ વિચિત્ર ઘટના બની; ભગવદ્ ભજનમાં તેઓ એટલા તન્મય થયા હતા કે તેમને ભૂખની ખબર પણ ન રહી; અર્ધરાત્રિએ તેમને ખૂબ ભૂખ લાગી; મંદિરના પૂજારીના વેષમાં સાક્ષાત્ ભગવાને દર્શન આપી તેમને કૃતાર્થ કર્યા; આ વાત તેમણે જ તેમની એક રચનામાં કહી છે. તેમણે પોતાના આત્મામાં પરમાનંદમયી સનાતન ચિન્મય ભાગવતી જ્યોતિની અનુભૂતિ કરી હતી. તેઓ કાવ્યકાર ને દિવ્ય સંગીતના સ્રષ્ટા હતા.

અંતિમ દિવસોમાં તેઓ એક ઝુંપડીમાં રહેતા હતા. મૃત્યુ પહેલાં બે વર્ષે તેમણે કહ્યું હતું કે "૫૪ મે વર્ષે આ શરીરથી અદૃશ્ય થઈ જઇશ." મુખ્યપણે તો તેઓ મૌન રહેતા. અંતિમ સમય આવ્યો ત્યારે શિષ્યોએ મહાત્મા રામલિંગમને આરામથી સુવાડયા. તેમણે કહ્યું, "કેટલાક સમય માટે હું અદૃશ્ય થાઉં છું. આ દેહ બાળવા માટે કે સમાધિ માટે નહીં મળી શકે. હું શુદ્ધ નિર્વિકલ્પ સમાધિમાં છું. હું સિદ્ધની જેમ પરિભ્રમણ કરીશ. કેવળ ભારત નહીં પણ પાશ્ચાત્ય દેશોમાં કાર્ય માટે મારે જવું પડે તેમ છે.

દિવ્ય શરીર ધારણ કરી હું પાછો આવીશ, બારી બારણાં ચારે બાજુથી બંધ કરી દો."

તેમની આજ્ઞાનુસાર થયું. દરવાજા પર તાળું લગાવ્યું. બહાર લોક ઊભા ઊભા દરવાજા ઉપર દૃષ્ટિ રાખી સાવધાનીથી જોતા હતા. દરવાજો ખોલતાં અંદરમાં શુન્ય સિવાય કંઈ નહોતું. આ પ્રમાણે સં. ૧૯૩૩ માં તેઓ શરીર સહિત અંતર્ધાન થઈ ગયા. તેમનામાં હઠયોગ અને રાજયોગનો સાચો સમન્વય હતો. તેઓ મહાત્મા, યોગી અને સંત હતા.

: ૧૧ :

મહાયોગી અરવિંદ ઘોષનો જન્મ કલકત્તામાં સં. ૧૯૨૯ માં થયો હતો. તેમનું જીવન અને કૃતિઓ સુપ્રસિદ્ધ છે. તેઓ એકીસાથે હઠયોગી, રાજયોગી અને લયયોગી હતા. અધ્યાત્મ ચિંતકોમાં તેઓનું સ્થાન ઊંચું હતું. સં. ૨૦૦૭ (તારીખ ૫ ડીસેમ્બર સને ૧૯૫૦)ના દિને એક રાત્રિએ તેઓ મહાસમાધિમાં યોગસ્થ થયા. ૯ મી ડીસેમ્બરના દિવસે એકસો અગિયાર કલાક બાદ તેમના શબની હજારો માણસોની હાજરીમાં અંતિમ વિધિ થઈ હતી; તેટલો સમય વીતવા છતાં તેમના દેહમાં વિકૃતિ થઈ નહોતી તે એક આશ્ચર્ય છે. તેઓ પોંડીચેરી આશ્રમમાં રહેતા ને દેહ પણ ત્યાં છોડચો હતો.

: ૧૨ :

સં. ૧૯૩૨ માં ભગવાન શ્રી કૃષ્ણનો જન્મોત્સવ ઘરમાં આનંદથી ઉજવાતો હતો ત્યારે તે પવિત્ર શુભ અવસર પર શ્રીમતી લક્ષ્મીદેવીએ એક પુત્રને જન્મ આપ્યો; ત્રણ દિવસ

બાદ માતા સ્વર્ગવાસી થઈ; ઓરીસા તેમની જન્મભૂમિ હતી; બાળકનું નામ આર્તત્રાણ રાખવામાં આવ્યું, પરંતુ પછી તેઓ ઉડિયા બાબાના નામથી પ્રસિદ્ધ થયા. તેઓએ ભક્તિ, જ્ઞાન અને કર્મની આવશ્યકતા બતાવી. તેઓએ આત્માનો રસ અને પરમાત્માનો આનંદ એ બેની ભૂમિ પર સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર કર્યો હતો. તેઓ આત્માનંદી રસિક સંત હતા. તેમના દર્શનથી લોક મુગ્ધ થતા અને તેમના સ્પર્શ માત્રથી બ્રહ્માનંદનો અનુભવ કરતા હતા. સંત ઉડિયા બાબાએ સં. ૨૦૦૪ ચૈત્ર વદ ૧૪ ના દિને મહાપ્રયાણ કર્યું. અંતિમ દિન સોમવારે સવારે સ્નાન કર્યા બાદ શિષ્ય પ્રબોધાનંદને કહ્યું કે, " સામેના વૃક્ષ પર એક ગીધ બેઠું છે. તેથી એમ લાગે છે કે એ સ્થાન સ્મશાન બનશે." સંતની વાણીનું રહસ્ય સંત જ જાણી શકે.

બાબાએ કથામંડપમાં પ્રવેશ કર્યો. રામાયણના ગીત ગવાતાં હતાં. બાબા સમાધિસ્થ હતાં. થોડી વારમાં અર્ધવિક્ષિપ્ત એક આશ્રમવાસી આહીર ઠાકુરદાસ તે સ્થળે આવી પહોંચ્યા. તેના હાથમાં કોઈ હથિયાર હતું, તેણે વડે તે બાબાના માથા પર પ્રહાર કર્યો ને બાબાના પ્રાણ છૂટા પડચા. ઉપરોક્ત વાણી સત્ય ઠરી

: ૧૩ :

ભારતમાં સંત પુરુષોની દિવ્યતાના દર્શન કરાવતી જીવન ગાથાઓ અને વિસ્મયકારક સિદ્ધિઓ સુપ્રસિદ્ધ છે. અહીં એક આધુનિક પ્રતિભાસંપન્ન અધ્યાત્મયોગી પુરુષ શ્રી યોગાનંદ પરમહંસના મૃત દેહ સંબંધી જે અવિકારી

અને સાહજિક સ્થિતિ રહેવા પામેલ, તેનું આધારભૂત વિસ્તૃત વર્ણન આપતાં આનંદ થાય છે. શ્રી યોગાનંદ પરમહંસ લિખિત (Autobiography of a Yogi) એક યોગીની આત્મકથાને ગુજરાતી અનુવાદ શ્રી મગનભાઈ નાયકે સરળ ભાષામાં કરેલ છે અને જે "યોગી કથામૃત" નામના પુસ્તકરૂપે વોરા એન્ડ કંપની તરફથી પ્રકાશિત થયેલ છે, તેમાંથી સાભાર ઉદ્ધૃત કરીને વિગત આપીએ છીએ.

શ્રી યોગાનંદને જન્મ હિંદના ઈશાન ખૂણામાં હિમાલયના તરાઈ વિભાગમાં આવેલા ગોરખપુર શહેરમાં તા. ૫ જાન્યુઆરી ૧૮૯૩ ને ગુરૂવારના દિવસે થયો હતો. માતા પિતા બન્ને ક્ષત્રિય વર્ગનાં બંગાળીઓ હતાં. તેઓ બન્ને શાંત અને ગૌરવભર્યા સાધુસ્વભાવથી વિભૂષિત હતાં અને તે ગુણો વારસા રૂપે યોગાનંદમાં ઉતર્યા હતા. શ્રી યોગાનંદ તો જન્મથી લગભગ વૈરાગી જેવા હતા, અત્યંત અધ્યાત્મપ્રેમી અને ઈશ્વર-પ્રાપ્તિની ઝંખનાવાળા હતા. તેમના પરમ આરાધ્ય, પરમ પૂજ્ય ગુરુદેવ સ્વામી શ્રી યુકતેશ્વરગિરિજી મહારાજે પોતાના પરમ આજ્ઞાંકિત શિષ્ય શ્રી યોગાનંદનું અધ્યાત્મજીવન સુંદર વિકાસ સાધી નિર્મળ, પવિત્ર અને સંપર્કમાં આવનાર સર્વને ઉપકારી થાય એવા ઘડતર માટેની અતિ પ્રેમપૂર્વક સંભાળ લીધી હતી અને પરમોચ્ચ ધ્યેયની પ્રાપ્તિ કરાવી હતી.

**મહા સમાધિ પછી શ્રી પરમહંસ યોગાનંદના શરીરે બતાવેલું ચમત્કારિક અવિકારીપણું.**

શ્રી પરમહંસ યોગાનંદે યુ. એસ. એ. ના કેલિફોર્નિયા

પરગણાના લોસ એન્જેલેસ શહેરમાં હિંદના તે વખતના એલચી શ્રી બિનોય સેનના માનમાં આપવામાં આવેલા ખાણા વખતે ભાષણ કર્યા પછી તા. ૭ મી માર્ચ ૧૯૫૨ ને રોજ મહા સમાધિ લીધી હતી.

"જગતના આ મહાન ગુરુએ યોગની ઉપયોગિતા ફક્ત જીવનમાં જ નહિ પરંતુ મૃત્યુમાં પણ પ્રદર્શિત કરી હતી. મહા સમાધિ બાદ સપ્તાહો વીત્યા છતાં એમનું વદન તેવું ને તેવું જ અવિકારીપણાના દિવ્ય તેજથી ઝળહળતું હતું.

"શ્રી હેરી ટી. રોવ, જે કેલિફોર્નિયાના ગ્લેન્ડેલ પરગણાના ફોરેસ્ટ લોન મેમોરીયલ પાર્કના મરણગૃહના ડિરેકટર હતા, તેમણે સેલ્ફ રીએલિઝેશન ફેલોશિપ( આત્મ-સાક્ષાત્કાર સંઘ )ને એક સરકારી પ્રમાણપત્ર મોકલ્યું હતું. તેમાંથી નીચે પ્રમાણેનો ઉતારો કરવામાં આવ્યો છે :

'પરમહંસ યોગાનંદના મૃત શરીરમાં કોઈ પણ દેખીતાં લક્ષણો જણાયાં નથી એ અમારા અનુભવમાંનો એક અલૌકિક બનાવ છે. મૃત્યુ પછીના વીસ દિવસ પછી પણ એમના શરીરમાં કોઈ વિક્રિયા જણાઈ નથી. એમની ત્વચા પર કરચલીનાં કોઈપણ ચિહ્નો દેખાયાં નહિ તેમજ શારીરિક કોશો પણ સુકાયા નહિ. શરીરની આવી સંપૂર્ણ અવિકારી અને સુરક્ષિત સ્થિતિ એ અમારા જાણવા પ્રમાણે મૃત્યુની તવારીખમાં એક અભૂતપૂર્વ બનાવ છે....તા. ૨૭ મી માર્ચે જ્યારે યોગાનંદના શરીરને પેટીમાં ગોઠવીને ઉપર કાંસાનું ઢાંકણ ગોઠવ્યું તે વખતે એમનો જે શારીરિક દેખાવ હતો તેવો જ

તા. ૭ મી માર્ચે પણ જણાયો હતો. મૃત્યુની રાત્રિએ જેવા એ તાજા હતા અને શરીરની સ્થિતિ વિકાર રહિત હતી, તેવા જ એ તા. ૨૭ મી માર્ચે જણાયા હતા."

મૃત્યુ વેળાએ દેહ સંબંધની ચમત્કૃતિઓનાં દૃષ્ટાંત અહીં પૂર્ણ થાય છે. પૂર્વે જણાવ્યું તેમ ગૂઢ નિયમોના અજાણપણાને લીધે બુદ્ધિથી ન સમજાય એવી એ ઘટનાઓ છે, તે છતાં તેમાંની કેટલીક વાસ્તવિક બનેલી હકીકત છે. તેના સમાધાન માટે અમે કંઈ વિશેષ નહીં જણાવતાં એટલો માત્ર નિર્દેશ કરવા માગીએ છીએ કે નીચે જણાવેલ મુદ્દાઓ ઊંડા ઉતરીને અપક્ષપાતપણે શાંતિથી વિચારવા યોગ્ય છે.

૧. વિચારની અચિંત્ય અદ્ભુત શક્તિ છે.
૨. જેવી ભાવના તેવી સિદ્ધિ, એ નિયમ છે.
૩. કાર્યકારણભાવ ત્રિકાળ અવિરતપણે વર્તે છે.
૪. ધર્માંમૃતના દીર્ઘ સેવનથી લબ્ધિ સિદ્ધિ પ્રગટે છે.
૫. પ્રભુભક્તિથી અને સંયમબળથી શક્તિઓનું પ્રાકટ્ય થાય છે.
૬. લબ્ધિ સિદ્ધિનો ઉપયોગ સ્વેચ્છાથી કે અનાયાસે થાય છે.
૭. તે ઉપયોગથી (નિયમબદ્ધ હોવા છતાં) કહેવાતી ચમત્કૃતિ સર્જાય છે.
૮. જેવી ઇચ્છાની તરતમતા અને આત્મદશાની પ્રગટ સ્થિતિ, તેવી ફળસિદ્ધિ.
૯. કોઈ શુભ ઋણાનુબંધી દેવ કે ગુરુની ગુપ્ત સહાય.

## મૃત્યુ વખતે થતી પ્રક્રિયા :

દેહ અને આત્મા મૃત્યુ સમયે છૂટા પડે છે ત્યારે કેવા પ્રકારની પ્રક્રિયા થાય છે તેનું જ્ઞાન શાસ્ત્રોમાંથી મળી શકતું નથી, તેથી જણાય છે કે કાળના દોષે તે લુપ્ત થયું છે. દેહના કોઈપણ ભાગમાંથી આત્મા બહાર નીકળી શકે છે. એમ કહેવાય છે કે આત્મા આંખ વાટે નીકળે ત્યારે આંખ ઉઘડેલી કે ફાટેલી દેખાય છે, મોઢા વાટે બહાર આવે ત્યારે મોઢું ઉઘાડું રહી જાય છે, છાતી હૃદયથી છૂટે ત્યારે મરનારનો હાથ તે સ્થળે સ્થાપિત થાય છે, પગથી નીકળે તે વખતે પગ ઊંચો નીચો થાય છે ઇત્યાદિ, સત્ય કેવળી ગમ્ય. આ લોકને પુરૂષ સંસ્થાને કહ્યો છે, એટલે બે પગને ઠેઠ સુધી પહોળા કરી, બન્ને હાથ કમ્મર પર ટેકવી કોઈ પુરૂષ ટટાર ઉભો રહે તો તે પુરુષની આકૃતિમાં ચાર ગતિ સમજાવવામાં આવી છે; ઉપરના છાતી સુધીના ભાગને ઊર્ધ્વ લોક, ત્યાંથી કમ્મર સુધીના ભાગને મધ્યલોક, જેમાં મનુષ્ય અને તિર્યંચ પ્રાણીઓ વસતાં હોય છે અને ત્યાંથી નીચે સુધી અધોલોક ગણવામાં આવ્યો છે. જીવ દેહના જે ભાગમાંથી મરણ સમયે બહાર નીકળી જાય છે, તે સ્થાનને અનુરૂપ જે ગતિ, તેમાં તે નવો દેહ ધારણ કરવા જાય છે; એક દેહમાંથી છૂટી નવો દેહ ધારણ કરવા જતાં વિગ્રહગતિમાં એટલે વાટે વહેતાં જીવને ત્રણથી ચાર સમય લાગે છે એમ શાસ્ત્રવચન છે; અહીં કાળનો સૂક્ષ્માતિસૂક્ષ્મ અવિભાજ્ય ભાગ તે સમય છે એમ સમજવું; આ સમયની વ્યાખ્યા સમજાવતાં એમ કહ્યું છે કે આંખના એક પલકારામાં અસંખ્યાત સમય

પસાર થાય છે. આ બધું છતાં દેહમાંથી જીવ નીકળે છે તે વેળાની પ્રક્રિયા ( Process )નું કોઈ જ્ઞાન શાસ્ત્રમાંથી ઉપલબ્ધ થતું નથી.

ભારતમાં દરેક આસ્તિક દર્શનમાં અધ્યાત્મપ્રેમીઓ અને ઉચ્ચ દશાવાન મહાપુરુષો થઈ ગયા છે અને થાય છે; તેમના દ્વારા આ સૂક્ષ્મ પ્રક્રિયાનું ગુપ્ત જ્ઞાન પ્રગટ થયું હોય તેની જાણ અમને નથી. વળી સૂક્ષ્મ દૃષ્ટિવાન ( Psychic ) પણ આ દેશમાં હશે જ, જેમ વિદેશોમાં અનેક થયા છે અને છે તેમ; પરંતુ આ વિષય પરત્વેનું જ્ઞાન અમારા જાણવામાં આવ્યું નથી. પશ્ચિમના દેશોમાં, ખાસ કરીને ઇંગ્લેંડ, અમેરીકામાં આવા સૂક્ષ્મ દૃષ્ટિવાન અને મર્મવેધી મનુષ્યો થઈ ગયા છે અને આજે પણ વર્તમાને છે. તેમાંના કોઈ કોઈની એવી આંતરિક શક્તિ પ્રકટી હતી કે તેઓ મરણ સમયે આત્મા અને દેહ છૂટા પડતી વખતે થતી પ્રક્રિયા સ્પષ્ટ જોઈ શકતા હતા અને તેમના અનુભવનું વર્ણન કહી બતાવતા હતા; એટલું જ નહીં પરંતુ તે શબ્દબદ્ધ કરી લેખનમાં ઉતારતા હતા. અત્રે તે વિગત આગળ જણાવેલ શ્રીયુત્ ચાર્લ્સ ટવીડેલના પુસ્તક, Man's Survival After Death, તેમાંથી અનુવાદ કરી આપીએ છીએ. તે માનવું કે ન માનવું પોતાના જ્ઞાન અને શ્રદ્ધા પર અવલંબિત છે, અહીં તો જેમ છે તેમ અભ્યાસ માટે રજૂ કરીએ છીએ. તેઓ લખે છે :

" સ્થૂળ દેહની સાથે ( રૂપેરી પ્રકાશિત દોરીથી ) જોડાયેલ સૂક્ષ્મ દેહ ( Spiritual body ) કેટલીકવાર કલાકો સુધી

જુદો રહે છે. (આ જોડાણ કપાઈ જાય ત્યારે મૃત્યુ થયું એમ કહેવાય.) સન્ડરલૅંડમાં તા. ૨૯ જુલાઈ ૧૯૨૧ ના દિને મારી પત્નીની માતા, મેરી બરનેટ મૃત્યુ પામી તે પ્રસંગે સૂક્ષ્મ દેહ ઘણા કલાકો સુધી ભમતો રહ્યો હતો, તે દૃષ્ટાંતરૂપ છે.

"તારીખ ૨૮-૨૯ જુલાઈની રાતે મારાં પત્ની, મારી પુત્રી મારજોરી અને શ્રીમતી બરનેટની સેવા ચાકરી માટે રોકેલી બાઈ શ્રીમતી પ્રાઉડ દર્દીની પથારી પાસે બેઠાં હતાં અને જોતાં હતાં, શ્રીમતી બરનેટ બેશુદ્ધ હતા. રાત્રિના બાર વાગી ગયા હતા અને રૂમ દીવાના પ્રકાશથી અજવાળિત હતો. એકાએક મારી પુત્રી મારજોરીએ સીગારેટમાંથી નીકળતા ધુમાડાની જેમ દેખાતું એક નાનું વાદળ જોયું અને તે શ્રીમતી બરનેટના દેહ ઉપર લટકતું હતું. શરૂમાં તે વાદળ ત્રણથી ચાર ઇંચના વર્તુલવાળું દીસતું હતું અને તે બેભાન સ્ત્રીના પેડુના ભાગની બરાબર ઉપર ને ઓઢાળેલ કપડાંથી થોડા ઇંચ દૂર તે ધુમાડાની આકૃતિ હવામાં તરતી હતી. તે દૃશ્યથી આશ્ચર્ય પામી મારી પુત્રીએ તેની માતા અને શ્રીમતી પ્રાઉડનું ધ્યાન તે બાજુ ખેંચ્યું. પથારી આસપાસ અને નજીકમાં જઈ ત્રણેએ જ્યારે જોયું તો ધુમાડાનું વાદળ સ્પષ્ટ ભાસતું હતું. ધીમે ધીમે તે કદમાં વધ્યું અને જમવાની થાળી (ડીશ) જેવડું મોટું થયું. ત્યારબાદ તેમની વધતી વિસ્મયતા વચ્ચે તે વાદળનો ઉપરનો ભાગ આછા જાંબુડી રંગમાં પલટાઈ ગયો. વધુ આશ્ચર્ય એ થયું કે પછી તો

શ્રીમતી બરનેટના માથાની આસપાસ એક સુંદર પ્રકાશની રેખાઓ ( Halo ) છવાઈ ગઈ; પ્રથમ તેનો રંગ ઝાંખો હતો પરંતુ પછી ધીમે ધીમે તે ઘેરો જાંબુડી થયો. ત્યારે તે માથાથી લગભગ ત્રણ ઈંચ ઊંચે અને ચારેક ઈંચ પહોળો હતો; પ્રકાશક્ષેત્રનો વચલો ભાગ આછો અને વધુ પારદર્શક તથા છેડાનો ભાગ ઘેરો હતો. પ્રકાશના છેડાની કિનારી કોઈ ઘાટ વગરની હતી, જાણે કેમ તેની જુદી જુદી શેડો નીકળતી ન હોય !

આ ઘટના બરાબર સ્થિર થયા પછી ઘેરો જાંબુડી પ્રકાશ તે બેશુદ્ધ સ્ત્રીની પ્રત્યેક આંખ પર ફરી વળ્યો, પછી નાક અને છેલ્લે મુખ ઉપર ઘેરાઈ ગયો. આ બધા સમય દરમ્યાન જાંબુડિયા વાદળની મોટી રકાબી તે મૃતપ્રાય સ્ત્રીની ઉપર હવામાં ફરતી હતી. ત્રણે સાક્ષીઓએ આ બધું લગભગ વીસ મિનિટ સુધી જોયું અને તેનું ધ્યાનપૂર્ણ નિરીક્ષણ કર્યું. મારી પત્નીએ કેટલીક વાર પોતાનો હાથ જાંબુડી વાદળમાંથી પસાર કર્યો, છતાં વાદળ જરાપણ ખસ્યું નહીં, એમ જ રહ્યું; પછી આંખો બંધ કરીને જોયું તો કંઈ જ દેખાયું નહીં, તેથી સિદ્ધ થયું કે તે દશ્યો બહારનાં અને વાસ્તવિક હતાં.

રાત્રિના એક વાગ્યા પહેલાં પ્રકાશ અને વાદળ દેખાતાં બંધ થયાં, પરંતુ શ્રીમતી બરનેટનું મરણ તો વાદળની શરૂઆતથી ગણતાં સાડા સોળ કલાક પછી સાંજના પાંચ વાગે થયું હતું; જે કાળ સમય દરમ્યાન તેઓ બેશુદ્ધ રહ્યા હતા.

"શ્રીમતી બરનેટના દૃષ્ટાંતમાં તેના દેહ પર ફરતું વાદળ તે તેનો સૂક્ષ્મ દેહ હતો તેમાં શંકા નથી અને નાશવંત દેહથી છૂટા પડવાની પ્રક્રિયા ચાલુ રહી હતી; આખરે સ્થૂળ દેહની સાથે જોડાયેલી પ્રકાશની દોરી તૂટી અને સૂક્ષ્મ દેહ છૂટો થતાં જ મૃત્યુ થયું."

ઉપર જણાવ્યું તે જ પુસ્તકમાં શ્રી ચાર્લ્સ લખે છે કે, "એન્ડ્ર્યુ જેકસન ડેવીસે 'ગ્રેટ હારમોનીયા' નામના તેમના પુસ્તકમાં પોતાના પરિચિત માણસના મૃત્યુ વેળાએ જે અદ્‌ભુત પ્રક્રિયા જોઈ હતી તેનું વિસ્તૃત વર્ણન ઘણા કાળ પહેલાં કર્યું હતું. તેમાં શ્રી ડેવીસ સ્થૂળ દેહમાંથી સૂક્ષ્મ દેહ કેવી રીતે બહાર નીકળે છે તે જણાવે છે અને કહે છે કે મરણ પથારી ઉપર પ્રથમ આસપાસ ફરતું પ્રકાશનું વાદળ માથામાંથી નીકળતું દેખાય છે અને તેનો એક છેડો મૃત્યુ શરણ થતા માણસના મસ્તકની સાથે બારીક પ્રકાશની દોરીથી (Fine luminous cord) જોડાયેલો હોય છે. આ વાદળ પછી ધીમે ધીમે મનુષ્યની આકૃતિરૂપ થાય છે અને મરણ પામતા દેહની ઉપર ઝૂલતું, હલનચલન કરતું ચાલુ રહે છે; પ્રકાશની દોરી હજુ સ્થૂળ દેહની સાથે બંધાયેલી જ છે. જ્યાં સુધી આ પ્રકાશિત દોરીનો આભાસ રહે છે ત્યાં સુધી મૃત્યુ થતું નથી." તે દોરીનું અનુસંધાન છૂટતાં મૃત્યુ થાય છે.

આ પ્રકાશિત દોરીનો (Silver cord) સ્થૂળ દેહના મસ્તક સાથેનો સંબંધ છૂટતાં કેટલીક વાર કલાકો નીકળી

જાય છે એમ આ મર્મભેદીઓનું (Psychic persons) કહેવું છે. પ્રકાશિત દોરીથી જોડાયેલ સ્થૂલ ને સૂક્ષ્મ દેહો કલાકો સુધી છૂટા ન રહી શકે એમ માનવું ઠીક લાગે છે, તો પણ છૂટા પડવાની અને ફરી જોડાવાની પ્રક્રિયા એકથી વધારે વખત થવી સંભવે છે. દોરી તૂટતાં પહેલાં મૃત્યુ પામતો માણસ શબ સમાન લાગે છે; નાડી ને હૃદયના ધબકારા બંધ થયા હોય છે ત્યારે જીવ તાળવે ચડી ગયો એમ કહેવાય છે. આમ જીવ નીકળી જવામાં, તેની પ્રક્રિયા થવામાં અમુક કાળ વીતે છે. અહીં એટલું સ્પષ્ટ કરવાની આવશ્યકતા રહે છે કે, જ્ઞાની પુરુષનો દેહ છૂટતાં ખાસ વિલંબ થાય નહીં, ઘણું કરીને તરત જ છૂટે છે; જ્યારે જીવની મોહદશા અંતકાળે બળવાન હોય અને કોઈ સંસારની તીવ્રેચ્છા વર્તતી હોય, ત્યારે છૂટવાનો કાળ લંબાઈ જવાની સંભવિતતા ગણી શકાય. તત્ત્વ જ્ઞાનીગમ્ય.

## મૃત્યુ પ્રસંગે બોધપત્રો :

મૃત્યુ પહેલાં.

અહીં આપેલ પત્રો પરમ આત્મત્વપ્રાપ્ત પુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીના લખાયેલ પત્રોમાંથી લેવામાં આવ્યા છે. તે અતિ સુંદર, હૃદયસ્પર્શી અને સ્વરૂપલક્ષ કરાવનાર છે. તેનું શાંતિપૂર્વકનું વાંચન જીવને મોહનિદ્રામાંથી જગાડી, ચેતનને બેઠો કરી નિજ ભાવમાં લાવવા પ્રેરણાબળ આપનાર છે, અને એ જ જ્ઞાનીપુરુષની વાણીનું વિસ્મયકારક મહાત્મ્ય છે.

મુંબઈ, જેઠ સુદ, ૧૯૫૩

ૐ સર્વજ્ઞ

સ્વભાવજાગૃતદશા

ચિત્રસારી ન્યારી, પરજંક ન્યારો, સેજ ન્યારી,
ચાદરિ ભી ન્યારી, ઈહાં જૂટી મેરી થપના;
અતીત અવસ્થા સૈન, નિદ્રાવાહિ કોઉ પૈ ન,
વિદ્યમાન પલક ન, યામેં અબ છપના;
સ્વાસ ઔ સુપન દોઉ, નિદ્રાકી અલંગ બૂઝે,
સૂઝે સબ અંગ લખિ, આતમ દરપના;
ત્યાગી ભયો ચેતન, અચેનતા ભાવ ત્યાગિ,
ભાલે દૃષ્ટિ ખોલિકૈ, સંભાલૈ રૂપ અપના.

( અર્થાત્ : જ્યારે નિજ સ્વભાવનું જ્ઞાન પ્રગટે છે ત્યારે તેની સુવિચારણા કેવી હોય છે તે કહે છે : દેહરૂપ મહેલ જુદો છે; કર્મરૂપ પલંગ જુદો છે; માયારૂપ પથારી જુદી છે; કલ્પનારૂપ

ચાદર જુદી છે; આ નિદ્રાવસ્થા મારી નથી; પૂર્વકાળમાં સૂવારૂપ મારી બીજી જ અવસ્થા હતી; હવે વર્તમાનની એક પળ પણ હું નિદ્રામાં વીતાવીશ નહીં. શ્વાસ અને વિષયનું સ્વપ્ન એ બંને નિદ્રાના સંયોગથી દેખાતા હતા, પરંતુ હવે તો આત્માના દર્પણમાં મારા સમસ્ત ગુણ દેખાય છે. આ પ્રકારે મારો આત્મા અન્ય અચેતન ભાવોનો ત્યાગી થઈ નિરાળો થયો છે, ભલી જ્ઞાનદૃષ્ટિથી જુવે છે અને પોતાનું સ્વરૂપ સંભાળે છે).

શ્રી સોભાગને વિચારને અર્થે આ કાગળ લખ્યો છે, તે હાલ શ્રી અંબાલાલે અથવા બીજા એક મુમુક્ષુએ તેમને જ સંભળાવવો યોગ્ય છે.

સર્વ અન્યભાવથી આત્મા રહિત છે, કેવળ એમ જેને અનુભવ વર્તે છે તે 'મુક્ત' છે.

બીજાં સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે છે તે 'મુક્ત' છે.

અટળ અનુભવસ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્તદશા વર્તે છે, તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે, તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે.

જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો એવી અસંગદશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.

વિકલ્પ છોડી નિજ વિચારમાં વર્તવું એ જ કર્ત્તવ્ય છે.

શુદ્ધ સહજ આત્મસ્વરૂપ.

(પત્રાંક ૭૭૯)

મુંબઈ, જેઠ વદ ૬, ૧૯૫૩

## પરમ પુરુષદશા વર્ણન

" કીચસૌ કનક જાકૈ, નીચ સૌ નરેસપદ,
મીચસી મિતાઈ, ગરુવાઈ જાકૈ ગારસી;
જહરસી જોગ જાતિ, કહરસી કરામાતિ,
હહરસી હૌસ, પુદ્‌ગલ છબિ છારસી;
જાલસૌ જગ બિલાસ, ભાલસૌ ભુવનવાસ,
કાલસૌ કુટુંબકાજ, લોકલાજ લારસી;
સીઠસૌ સુજસુ જાનૈ, બીઠસૌ બખત માનૈ,
ઐસી જાકી રીતિ તાહી, બંદત બનારસી. "

જે કંચનને કાદવ સરખું જાણે છે, રાજગાદીને નીચપદ સરખી જાણે છે, કોઈથી સ્નેહ કરવો તેને મરણ સમાન જાણે છે, મોટાઈને લીપવાની ગાર જેવી જાણે છે. કીમિયા વગેરે જોગને ઝેર સમાન જાણે છે, સિદ્ધિ વગેરે ઐશ્વર્યને અશાતા સમાન જાણે છે, જગતમાં પૂજ્યતા થવા આદિની હોંસને અનર્થ સમાન જાણે છે, પુદ્‌ગલની છબી એવી ઔદારિકાદિ કાયાને રાખ જેવી જાણે છે. જગતના ભોગવિલાસને મૂંઝાવારૂપ જાળ સમાન જાણે છે, ઘરવાસને ભાલા સમાન જાણે છે, કુટુંબના કાર્યને કાળ એટલે મૃત્યુ સમાન જાણે છે, લોકમાં લાજ વધારવાની ઇચ્છાને મુખની લાળ સમાન

જાણે છે, કીર્તિની ઇચ્છાને નાકના મેલ જેવી જાણે છે અને પુણ્યના ઉદયને જે વીષ્ટા સમાન જાણે છે, એવી જેની રીતિ હોય તેને બનારસીદાસ વંદના કરે છે.

કોઈને અર્થે વિકલ્પ નહીં આણતાં અસંગપણું જ રાખશો. જેમ જેમ સત્પુરુષનાં વચન તેમને પ્રતીતિમાં આવશે, જેમ જેમ આજ્ઞાથી અસ્થિમિંજા રંગાશે, તેમ તેમ તે જીવ આત્મકલ્યાણને સુગમપણે પામશે, એમ નિઃસંદેહતા છે.

ત્ર્યંબક, મણિ વગેરે મુમુક્ષુને તો સત્સમાગમ વિષેની રુચિ અંતર ઇચ્છાથી કંઈક આ અવસરના સમાગમમાં થઈ છે, એટલે એકદમ દશા વિશેષ ના થાય તો પણ આશ્ચર્ય નથી. ખરા અંતઃકરણે વિશેષ સત્સમાગમના આશ્રયથી જીવને ઉત્કૃષ્ટ દશા પણ ઘણા થોડા વખતમાં પ્રાપ્ત થાય છે.

વ્યવહાર અથવા પરમાર્થ સંબંધી કોઈ પણ જીવ વિષેની વૃત્તિ હોય તે ઉપશાંત કરી કેવળ અસંગ ઉપયોગે અથવા પરમ પુરુષની ઉપર કહી છે તે દશાના અવલંબને આત્મસ્થિતિ કરવી એમ વિજ્ઞાપના છે, કેમકે બીજો કોઈ પણ વિકલ્પ રાખવા જેવું નથી. જે કોઈ સાચા અંતઃકરણે સત્પુરુષનાં વચનને ગ્રહણ કરશે તે સત્યને પામશે એમાં કંઈ સંશય નથી; અને શરીર નિર્વાહાદિ વ્યવહાર સૌ સૌના પ્રારબ્ધ પ્રમાણે પ્રાપ્ત થવા યોગ્ય છે, એટલે તે વિષે પણ કંઈ વિકલ્પ રાખવા યોગ્ય નથી. જે વિકલ્પ તમે ઘણું કરીને શમાવ્યો છે, તો પણ નિશ્ચયના બળવાનપણાને અર્થે દર્શાવ્યું છે.

સર્વ જીવ પ્રત્યે, સર્વ ભાવ પ્રત્યે અખંડ એકરસ વીતરાગદશા રાખવી એ જ સર્વ જ્ઞાનનું ફળ છે. આત્મા શુદ્ધ ચૈતન્ય, જન્મ-જરા-મરણરહિત અસંગ સ્વરૂપ છે; એમાં સર્વ જ્ઞાન સમાય છે; તેની પ્રતીતિમાં સર્વ સમ્યક્ દર્શન સમાય છે; આત્માને અસંગ સ્વરૂપે સ્વભાવદશા રહે તે સમ્યક્ ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ અને વીતરાગદશા છે. જેના સંપૂર્ણપણાનું ફળ સર્વ દુ:ખનો ક્ષય છે, એ કેવળ નિ:સંદેહ છે; કેવળ નિ:સંદેહ છે. (પત્રાંક ૭૮૧)

× × ×

વવાણિયા, જેઠ, ૧૯૫૪

દેહથી ભિન્ન સ્વ-પરપ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ એવો આ આત્મા, તેમાં નિમગ્ન થાઓ. હે આર્યજનો! અંતર્મુખ થઈ, સ્થિર થઈ, તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો.

સર્વ જગતના જીવો કંઈને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે: મોટો ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ, પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે; અને મેળવવામાં સુખ માને છે; પણ અહો! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્ માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે.

વિષયથી જેની ઇંદ્રિયો આર્ત્ત છે, તેને શીતળ એવું આત્મસુખ, આત્મતત્ત્વ ક્યાંથી પ્રતીતિમાં આવે?

પરમ ધર્મરૂપ ચંદ્ર પ્રત્યે રાહુ જેવો પરિગ્રહ તેથી હવે હું વિરામ પામવાને જ ઇચ્છું છું. અમારે પરિગ્રહને શું કરવો છે? કશું પ્રયોજન નથી.

"સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ."

હે આર્યજનો! આ પરમ વાક્યનો આત્માપણે તમે અનુભવ કરો.
(પત્રાંક ૮૩૨)

× × ×

વવાણિયા, જેઠ સુદ ૧, ૧૯૫૪

સર્વ દ્રવ્યથી, સર્વક્ષેત્રથી, સર્વકાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજસ્વરૂપમાં સ્થિત થયા તે પરમ પુરુષોને નમસ્કાર.

જેને કંઈ પ્રિય નથી, જેને કંઈ અપ્રિય નથી, જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી, જેને માન–અપમાન, લાભ–અલાભ, હર્ષ-શોક, જન્મ–મૃત્યુ આદિ દ્વંદ્વનો અભાવ થઈ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે, પામે છે અને પામશે તેમનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.

દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ

દીઠો છે, અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે. તે મહત્ પુરુષોને જીવન અને મરણ સમાન છે.

જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધ ચિતિસ્વરૂપ કાંતિ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ, સ્વાભાવિક નિજસ્વરૂપ છે એવો નિશ્ચય જે પરમકૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે.

ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઇ જાય છે; પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઇ કાળે તેમ થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે કયારે પણ વિશ્વરૂપ થતો નથી, સદા સર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે.

જેમ આત્મામાં વિશ્વનો પ્રવેશ નથી, સર્વ ભાવની વાસનાથી આકાશ રહિત જ છે, તેમ સમ્યક્દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ, સર્વ દ્રવ્યથી ભિન્ન, અન્ય સર્વ પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.

જેની ઉત્પત્તિ કોઈ પણ અન્ય દ્રવ્યથી થતી નથી, તેવા આત્માનો નાશ પણ કયાંથી હોય?

અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે. તે જ ભ્રાંતિ નિવૃત્તિ કરી શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવપ્રમાણસ્વરૂપમાં પરમ જાગ્રત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે. એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે

સામ્યભાવ ઉત્પન્ન થાય છે. સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અકલેશ સમાધિને પામે છે.

પરમ સુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વ કાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર, તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર.

**સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું. એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ અચિંત્ય સુખસ્વરૂપ, માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો? વિકલ્પ શો? ભય શો? ખેદ શો? બીજી અવસ્થા શી?**

**હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ, શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ, પરમ શાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું. તન્મય થાઉં છું.**

શાંતિઃ શાંતિઃ શાંતિઃ (૮૩૩)

× × ×

મૃત્યુ પછીના બોધપત્રો :

વવાણિયા, વૈશાખ વદ ૬, ૧૯૫૨

આર્યશ્રી માણેક્યચંદાદિ પ્રત્યે

—શ્રી સ્થંભતીર્થ.

સુંદરલાલે વૈશાખ વદિ એકમે દેહ છોડયાના ખબર

લખ્યા તે વાંચ્યા. વિશેષ કાળની માંદગી વિના, યુવાન અવસ્થામાં અકસ્માત્ દેહ છોડવાનું બન્યાથી સામાન્યપણે ઓળખતા માણસોને પણ તે વાતથી ખેદ થયા વિના ન રહે તો પછી જેણે કુટુંબાદિ સંબંધ સ્નેહે મૂર્છા કરી હોય, સહવાસમાં વસ્યા હોય, તે પ્રત્યે કંઈ આશ્રયભાવના રાખી હોય, તેને ખેદ થયા વિના કેમ રહે? આ સંસારમાં મનુષ્યપ્રાણીને જે ખેદના અકથ્ય પ્રસંગો પ્રાપ્ત થાય છે, તે અકથ્ય પ્રસંગમાંનો એક આ મોટો ખેદકારક પ્રસંગ છે. તે પ્રસંગમાં યથાર્થ વિચારવાન પુરુષો સિવાય સર્વ પ્રાણી ખેદ વિશેષને પ્રાપ્ત થાય છે અને યથાર્થ વિચારવાન પુરુષોને વૈરાગ્ય વિશેષ થાય છે, સંસારનું અશરણપણું, અનિત્યપણું અને અસારપણું વિશેષ દૃઢ થાય છે.

વિચારવાન પુરુષોને તે ખેદકારક પ્રસંગનો મૂર્છાભાવે ખેદ કરવો તે માત્ર કર્મબંધનો હેતુ ભાસે છે અને વૈરાગ્યરૂપ ખેદથી કર્મસંગની નિવૃત્તિ ભાસે છે અને તે સત્ય છે. મૂર્છાભાવે ખેદ કર્યાથી પણ જે સંબંધીનો વિયોગ થયો છે. તેની પ્રાપ્તિ થતી નથી અને જે મૂર્છા થાય છે તે પણ અવિચારદશાનું ફળ છે, એમ વિચારી વિચારવાન પુરુષો તે મૂર્છાભાવ પ્રત્યયી ખેદને શમાવે છે અથવા ઘણું કરીને તેવો ખેદ તેમને થતો નથી. કોઈ રીતે તેવા ખેદનું હિતકારીપણું દેખાતું નથી; અને બનેલો પ્રસંગ ખેદનું નિમિત્ત છે, એટલે તેવે અવસરે વિચારવાન પુરુષોને જીવને હિતકારી એવો ખેદ ઉત્પન્ન થાય છે. સર્વ સંગનું અશરણપણું, અબંધવપણું, અનિત્યપણું અને તુચ્છપણું

તેમ જ અન્યત્વપણું દેખીને પોતાને વિશેષ પ્રતિબોધ થાય છે કે હે જીવ, તારે વિષે કંઈ પણ આ સંસારને વિષે ઉદયાદિભાવે પણ મૂર્ચ્છા વર્તતી હોય તો તે ત્યાગ કર, ત્યાગ કર, તે મૂર્છાનું કાંઈ ફળ નથી, સંસારમાં કયારેય પણ શરણત્વાદિપણું પ્રાપ્ત થતું નથી, અને અવિચારપણા વિના તે સંસારને વિષે મોહ થવા યોગ્ય નથી, જે મોહ અનંત જન્મમરણનો અને પ્રત્યક્ષ ખેદનો હેતુ છે, દુઃખ અને ક્લેશનું બીજ છે, તેને શાંત કર, તેનો ક્ષય કર. હે જીવ, એ વિના બીજો કોઈ હિતકારી ઉપાય નથી, એ વગેરે ભાવિતાત્મતાથી વૈરાગ્યને શુદ્ધ અને નિશ્ચલ કરે છે. જે કોઈ જીવ યથાર્થ વિચારથી જુએ છે, તેને આ જ પ્રકારે ભાસે છે.

આ જીવને દેહસંબંધ હોઈને મૃત્યુ ન હોત તો આ સંસાર સિવાય બીજે તેની વૃત્તિ જોડાવાનો અભિપ્રાય થાત નહીં. મુખ્ય કરીને મૃત્યુને ભયે પરમાર્થરૂપ બીજે સ્થાનકે વૃત્તિ પ્રેરી છે, તે પણ કોઈક વિરલા જીવને પ્રેરિત થઈ છે, ઘણા જીવોને તો બાહ્ય નિમિત્તથી મૃત્યુભય પરથી બાહ્ય ક્ષણિક વૈરાગ્ય પ્રાપ્ત થઈ વિશેષ કાર્યકારી થયા વિના નાશ પામે છે; માત્ર કોઈક વિચારવાન અથવા સુલભબોધી કે હળુકર્મી જીવને તે ભય પરથી અવિનાશી નિઃશ્રેયસ પદ પ્રત્યે વૃત્તિ થાય છે....

જો આ સંસારને વિષે આવા પ્રસંગોનો સંભવ ન હોત, પોતાને અથવા પરને તેવા પ્રસંગની અપ્રાપ્તિ દેખાતી હોત, અશરણાદિપણું ન હોત તો પંચ વિષયનાં સુખસાધનનું

કશું ન્યૂનપણું પ્રાયે નહોતું, એવા શ્રી ઋષભદેવાદિ પરમપુરુષો અને ભરત આદિ ચક્રવર્ત્યાદિઓ તેનો શા કારણે ત્યાગ કરત? એકાંત અસંગપણું શા કારણે ભજત?

હે આર્ય માણેકચંદાદિ, યથાર્થ વિચારના ઓછાપણાને લીધે, પુત્રાદિ ભાવની કલ્પના અને મૂર્છાને લીધે, તમને કંઈ પણ ખેદ વિશેષ પ્રાપ્ત થવો સંભવિત છે, તો પણ તે ખેદનું બેયને કંઈપણ હિતકારી ફળ નહીં હોવાથી, હિતકારીપણું માત્ર અસંગ વિચાર વિના કોઈ અન્ય ઉપાયે નથી એમ વિચારી, થતો ખેદ યથાશક્તિ વિચારથી, જ્ઞાની પુરુષોના વચનામૃતથી તથા સાધુપુરુષના આશ્રય, સમાગમાદિથી અને વિરતિથી ઉપશાંત કરવો, એ જ કર્ત્તવ્ય છે.

\+ \+ \+

મુંબઈ, ફાગણ સુદ ૧૧॥ ૧૯૪૮

ચિ. ચંદુના સ્વર્ગવાસના ખબર વાંચી ખેદ થયો. જે જે પ્રાણીઓ દેહ ધારણ કરે છે, તે તે પ્રાણીઓ તે દેહનો ત્યાગ કરે છે, એમ આપણને પ્રત્યક્ષ અનુભવસિદ્ધ દેખાય છે; તેમ છતાં આપણું ચિત્ત તે દેહનું અનિત્યપણું વિચારી નિત્ય પદાર્થના માર્ગને વિષે ચાલતું નથી, એ શોચનીય વાતનો વારંવાર વિચાર કરવો યોગ્ય છે. મનને ધીરજ આપી ઉદાસી નિવૃત્ત કર્યે છૂટકો છે. દિલગીરી ન કરતાં ધીરજથી તે દુઃખ સહન કરવું એ જ આપણો ધર્મ છે.

આ દેહ પણ જ્યારે ત્યારે એમ જ ત્યાગવાનો છે, એ

વાત સ્મરણમાં આવ્યા કરે છે અને સંસારપ્રતિ વૈરાગ્ય વિશેષ રહ્યાકરે છે. પૂર્વકર્મને અનુસરી જે કંઈ પણ સુખદુઃખ પ્રાપ્ત થાય તે સમાન ભાવથી વેદવું એ જ્ઞાનીની શિખામણ સાંભરી આવી છે, તે લખી છે. માયાની રચના ગહન છે.

(પત્રાંક ૩૩૭)

\+ × +

મુંબઈ, જેઠ વદ ૧૨, ૧૯૫૩

આર્ય શ્રી સોભાગે જેઠ વદ ૧૦ ને ગુરુવારે સવારે દશ ને પચાસ મિનિટે દેહ મૂક્યાના સમાચાર વાંચી ઘણો ખેદ થયો છે. જેમ જેમ તેમના અદ્ભુત ગુણો પ્રત્યે દષ્ટિ જાય છે, તેમ અધિક અધિક ખેદ થાય છે.

જીવને દેહનો સંબંધ એ જ રીતે છે. તેમ છતાં પણ અનાદિથી તે દેહને ત્યાગતાં જીવ ખેદ પામ્યા કરે છે અને તેમાં દઢ મોહથી એકપણાની પેઠે વર્તે છે; જન્મમરણાદિ સંસારનું મુખ્ય બીજ એ જ છે. શ્રી સોભાગે તેવા દેહને ત્યાગતાં મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચલ અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે, એમાં સંશય નથી.

વડીલપણાથી તથા તેમના તમારા પ્રત્યે ઘણા ઉપકાર હોવાથી, તેમ જ તેમના ગુણોના અદ્ભુતપણાથી તેમનો વિયોગ તમને વધારે ખેદકારક થયો છે અને થવા યોગ્ય છે. તેમનો તમારા પ્રત્યેના સંસારી વડીલપણાનો ખેદ વિસ્મરણ કરી, તેમણે તમારા સર્વે પ્રત્યે જે પરમ ઉપકાર કર્યો હોય તથા

તેમના ગુણોનું જે જે અદ્‌ભુતપણું તમને ભાસ્યું હોય તેને વારંવાર સંભારી, તેવા પુરુષનો વિયોગ થયો તેનો અંતરમાં ખેદ રાખી તેમણે આરાધવા યોગ્ય જે જે વચનો અને ગુણો કહ્યાં હોય તેનું સ્મરણ આણી તેમાં આત્માને પ્રેરવો, એમ તમો સર્વ પ્રત્યે વિનંતિ છે. સમાગમમાં આવેલા મુમુક્ષુઓને શ્રી સોભાગનું સ્મરણ સહેજે ઘણા વખત સુધી રહેવા યોગ્ય છે.

મોહે કરીને જે સમયે ખેદ થાય તે સમયે પણ તેમના ગુણોનુ અદ્‌ભુતપણું સ્મરણમાં આણી મોહથી થતો ખેદ સમાવીને ગુણોના અદ્‌ભુતપણાનો વિરહ થયો તે પ્રકારમાં તે ખેદ પ્રવર્તાવવો યોગ્ય છે.

આ ક્ષેત્રે આ કાળમાં શ્રી સોભાગ જેવા વિરલા પુરુષ મળે એમ અમને વારંવાર ભાસે છે.

ધીરજથી સર્વે ખેદ શમાવવો અને તેમના અદ્‌ભુત ગુણોનો અને ઉપકારી વચનોનો આશ્રય કરવો યોગ્ય છે. શ્રી સોભાગ મુમુક્ષુએ વિસ્મરણ કરવા યોગ્ય નથી.

સંસારનું સ્વરૂપ સ્પષ્ટ જેણે જાણ્યું છે તેને તે સંસારના પદાર્થની પ્રાપ્તિથી કે અપ્રાપ્તિથી હર્ષશોક થવા યોગ્ય નથી, તો પણ એમ જણાય છે કે સત્પુરુષના સમાગમની પ્રાપ્તિથી કંઈ પણ હર્ષ અને તેમના વિયોગથી કંઈ પણ ખેદ અમુક ગુણસ્થાનક સુધી તેમને પણ થવા યોગ્ય છે.

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

× × ×

## સમાધિમરણ માટેની પૂર્વ તૈયારી :

પૂર્વે આટલું કહેવાઈ ગયું છે કે મરણ નિશ્ચિત છે, મરણકાળ અનિયત છે; દીર્ઘ કે ટૂંકા કાળની પૂર્વ તૈયારી વિના સમાધિમરણનો અપૂર્વ લાભ સંપ્રાપ્ત થવો અસંભવિત છે. અનાદિની દેહાત્મબુદ્ધિ અને વાસના, પરપદાર્થો તથા તેના ભાવોમાં પ્રીતિપૂર્વકની આસક્તિ અથવા દ્વેષપૂર્વકની વિષમતા છે. એ આદિ ભાવો એકાએક ટળી જાય એમ બનવું સુલભ નથી. આથી જ તે પ્રકારના દોષોની ક્ષીણતા કે નિવૃત્તિ માટે પૂર્વ તૈયારીરૂપ અભ્યાસ અત્યંત આવશ્યક છે, તે અભ્યાસ ધર્મશ્રદ્ધા અને ધર્મરુચિ હોય ત્યારે જ થવો સંભવિત છે. ધર્મશ્રદ્ધા તેમ ધર્મરુચિ પૂર્વના સંસ્કારો જાગ્રત થવાથી, ઉપશમ સ્વરૂપ જ્ઞાનીપુરુષોનાં વચનોનાં શ્રવણ કે વાંચનના ઉપકારી નિમિત્તથી, જ્ઞાની ભગવંતના સમાગમયોગના લાભથી કે સંસારના દુઃખરંગથી ઉત્પન્ન થવા યોગ્ય છે.

સમાધિમરણનો મૂળ પાયો છે સમ્યક્ આત્મશ્રદ્ધા કે સાચી ધર્મશ્રદ્ધા કે દેહ અને આત્માની ભિન્નતારૂપ શ્રદ્ધા. તેવી શ્રદ્ધાની પ્રગટતા અને વર્ધમાનતા માટે અહીં પથદર્શકરૂપ સૂચનો કરવામાં આવ્યાં છે; તે પર નિર્મળ અને અપક્ષપાત બુદ્ધિથી વિચાર કરતાં વિચારશ્રેણિમાં વિવેકની ભાત પડવા યોગ્ય છે; વૈરાગ્ય અને ઉપશમ પ્રગટવા યોગ્ય છે; દેહથી કેવળ ભિન્ન એકાંત સુખસ્વરૂપ એવા જ્યોતિસ્વરૂપ ચૈતન્યાત્માની પ્રતીતિ થવા યોગ્ય છે. આત્મા પર પડેલી પોતાની પ્રતીતિરૂપ

છાય અતિ કલ્યાણરૂપ પરિણામ લાવનાર થાય છે, એમ અનુભવી જ્ઞાનીપુરુષો નિઃશંકપણે પ્રકાશે છે. આવી શ્રદ્ધા અને પ્રતીતિ સમાધિમરણની દ્યોતક છે અને આખરે તે ઠેઠ મોક્ષ સુધી પહોંચાડે છે; આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ સર્વ દુઃખથી વિમુક્ત કરે છે.

## વૈરાગ્યપ્રેરક બોધવચનો

સમાધિમરણના આકાંક્ષી ભવ્ય જિજ્ઞાસુઓએ સંસારનું, દેહનું અને ભોગનું યથાતથ્ય સ્વરૂપ વારંવાર વિચારી, તેમાંથી બોધ લઈને અંતરમાં વૈરાગ્યભાવને દૃઢ કરતા જ રહેવું પરમ આવશ્યક છે. એવા ઉપકારી વૈરાગ્યભાવને પોષણ આપતાં જ્ઞાનીપુરુષોનાં ઉપદેશવચનો જે અહીં આપીએ છીએ, તે "સહજ સુખ સાધન" પુસ્તકમાંથી સાભાર લેવામાં આવ્યાં છે.

ભયંકર નરકગતિમાં, તિર્યંચગતિમાં અને માઠી દેવગતિ તથા મનુષ્યગતિમાં હે જીવ! તું તીવ્ર દુઃખને પામ્યો, માટે હવે તો જિન ભાવના (જિન ભગવાન જે પરમશાંતરસે પરિણમી સ્વરૂપસ્થ થયા તે પરમશાંતસ્વરૂપ ચિંતવના) ભાવ, ચિંતવ. જિન તે કષાયોને જીતવાવાળા પરમાત્મા સ્વરૂપ છે.

આ સંસારી જીવને રાગાદિ ભાવ થાય છે. તેના નિમિત્તથી આઠ કર્મોનો બંધ થાય છે. કર્મોના ઉદયથી એક ગતિથી બીજી ગતિમાં જાય છે. જે ગતિમાં જાય છે ત્યાં

સ્થૂલ દેહ ધારણ કરે છે. તે દેહમાં ઇન્દ્રિયો હોય છે. તે ઇન્દ્રિયોદ્વારા ભોગ્ય પદાર્થોને ભોગવે છે. અને વળી તેમાં પુનઃ રાગદ્વેષ થાય છે. એ રીતે આ સંસારરૂપી ચક્રમાં જીવનું ભ્રમણ થયા કરે છે. કોઈને આ સંસાર અનાદિ અનંત હોય છે, તો કોઈને અનાદિ છતાં સાંત એટલે અંતસહિત હોય છે. —શ્રી કુંદકુંદાચાર્ય

આ સંસારમાં માતા મરીને પુત્રી થાય છે. બહેન મરીને સ્ત્રી થાય છે. તે સ્ત્રી મરીને પુત્રી થાય છે. પિતા મરીને પુત્ર થાય છે. વળી તે મરીને પૌત્ર થાય છે. એમ ઉલટાસુલટી થયા કરે છે. —શુભચંદ્રાચાર્ય

હે ચિદાનંદ આત્મા! જ્ઞાનદૃષ્ટિ પ્રગટ કરી જરા જુઓ. આ માતા, પિતા, ભાઈ, પુત્ર એ બધો સ્વાર્થનો પથારો છે. એ બધાંને પોતાનાં માની, મમતાથી તેમાં મગ્ન થઈ, ભ્રમમાં ભૂલી તેં તારો પોતાનો આત્મધર્મ વિસારી મૂક્યો છે. આ કુટુંબ આદિ સર્વ તો દુઃખનું જ કારણ છે તેથી મોટા મુનિવરોએ એનો ત્યાગ કરી પોતાનું આત્મહિત કાર્ય વિચાર્યું છે. સ્વર્ગ અને મોક્ષના સુખને આપનાર એક ધર્મ જ સાર છે. જેણે આત્મધર્મનું ધ્યાન ધર્યું તે જ ભવપાર પામ્યા છે. —શ્રી દ્યાનતરાયજી

આ નરદેહ પામીને શું કામ કર્યું ? સ્ત્રી સ્ત્રી, ધન ધન, કરતો વ્યાકુળ થઈ રહ્યો છે. આ શરીર કેટલાક દિવસ, કેટલીક ક્ષણ રહેવાનું છે તો એની સોબતે આવાં કાર્યો કરવાં તને શોભે છે? હે મૂઢ! તું ભ્રમમાં ભૂલી વ્યર્થ ફૂલાઈ પ્રસન્ન

થઈ ફરે છે. હે અચેત! તું ચેત. આજે ચેતવાનો અવસર અને સ્થાન છે. કાલે તો આ દેહરૂપી પિંજરામાંથી જીવરૂપી પક્ષી ઊડી જશે. —ભૈયા ભગવતીદાસ

આ દેહની ઉત્પત્તિનું કારણ અપવિત્ર એવું માતાનું રૂધિર અને પિતાનું વીર્ય છે. જેમ મલિન વસ્તુમાંથી બનાવેલું ઘેબર અપવિત્ર હોય છે તેમ અપવિત્ર બીજથી પેદા થયેલો આ દેહ પણ અપવિત્ર છે.

ગર્ભમાં માતાનું રૂધિર પિતાના વીર્યની સાથે મળી દશ રાત્રિ સુધી હાલતું રહે છે. બીજી દશ રાત્રિ કાળું થઈ રહે છે અને તે પછી બીજી દશ રાત્રિમાં સ્થિર થાય છે. બીજે મહિને પરપોટારૂપ થઈને રહે છે. ત્રીજે મહિને ઘન થઈ રહે છે. ચોથે મહિને માંસની પેશી થઈ રહે છે. પાંચમે મહિને તે માંસના લોચામાં પાંચ ફણગા ફૂટે છે. એક મસ્તકના આકારનો, બે હાથ ને બે પગના આકારના. છઠ્ઠે મહિને મનુષ્યનાં અંગ ઉપાંગ પ્રગટ થાય છે. સાતમે મહિને ચામડી નખ, રોમની ઉત્પત્તિ થાય છે, આઠમા મહિનામાં ગર્ભમાં કંઈક હલન ચલન થાય છે. નવમા કે દશમા મહિનામાં ગર્ભમાંથી બહાર આવે છે. એ પ્રકારે જે દિવસે ગર્ભમાં માતાનું રુધિર અને પિતાના વીર્યનો સંયોગ થયો તે દિવસથી આ જીવ બહુ મલિન અને ગંદી દશામાં રહ્યો છે.

આ દેહ જો માંખની પાંખ સમાન પાતળી ત્વચાથી ઢાંકેલો ન હોય તો આ મેલથી ભરેલા દેહને કોણ સ્પર્શ કરવા ઇચ્છે? —શ્રી શિવકોટી આચાર્ય

આમ છે તેમ છે, એમ બહુ શું કહેવું ? હે જીવ! તેં શરીરને આ સંસારમાં વારંવાર ભોગવ્યું છે, છોડ્યું છે. હવે તને સંક્ષેપથી એટલું જ કહીએ છીએ કે પ્રાણી માત્રને શરીર સર્વ દુઃખોનું સ્થાન છે, આપત્તિઓનું ઘર છે.

—શ્રી ગુણભદ્રાચાર્ય

આ જગતમાં સંસારથી ઉત્પન્ન જે જે દુઃખો જીવોને સહન કરવાં પડે છે તે સર્વ આ શરીરના ગ્રહણથી સહવાં પડે છે.

જીવોનું આ દેહરૂપી પાંજરું સદાય રોગોથી વ્યાપ્ત, સર્વથા અપવિત્રતાનું ઘર અને સદા પતનશીલ છે.

આ શરીરની પ્રાપ્તિ તો તેઓએ સફળ કરી કે જેઓએ સંસારથી વિરક્ત થઈ પોતાના આત્મકલ્યાણ માટે ધ્યાનાદિ પવિત્ર કર્મોથી એને ક્ષીણ કર્યું. —શ્રી શુભચંદ્રાચાર્ય

હે ચેતન! શા માટે આ કાયામાં સ્નેહ કરી રહ્યો છે, એ તારાથી જુદી છે છતાં પોતાની કરી કેમ માને છે? અજ્ઞાનથી એને તું પોતાની માની તેમાં રાજી થઈ રહ્યો છે. કાયા પ્રત્યક્ષ વિનાશી છે છતાં તું કેમ ચેતતો નથી? સર્વજ્ઞ ભગવાનની વાણીને માન્ય કરી, પ્રતીતિ કરી, પોતાનું આત્મવીર્ય પ્રગટાવી તું સુખી થા. —પં. ભગવતીદાસ

દેહમાં વસવા છતાં દેહથી જુદો, કર્મોથી ભિન્ન, અનંત સુખસમુદ્ર, અવિનાશી, પવિત્ર આત્મા છે, એવી ભાવના સદા કરવી યોગ્ય છે. —શ્રી કુંદકુંદાચાર્ય

સંસારી પ્રાણી તૃષ્ણાને વશ થઈ તૃષ્ણાની દાહથી દુઃખિત થઈને ઇન્દ્રિયોનાં સુખને વારંવાર ઇચ્છે છે, ભોગવે છે. મરણ પર્યંત એમ કરે છે, છતાં દુઃખથી દુઃખિત રહે છે, ભોગની વાંછાની દાહ મરણ પર્યંત મટતી નથી તે એટલે સુધી કે ઇચ્છાનો માર્યો મૃત્યુ પામે છે. જેમ જળો બગડેલા લોહીને તૃષ્ણાવશ પીધા જ કરે છે, તે એટલે સુધી કે આખરે તે મરી જાય છે.

જે સુખ પાંચ ઇન્દ્રિયોના ભોગમાં ભાસે છે તે સુખ નથી, પણ દુઃખ જ છે; કારણ કે તે પરાધીન, બાધાસહિત, વિનાશી, બંધના હેતુભૂત અને વિષમ છે. —શ્રી કુંદકુંદાચાર્ય

જીવોનો સાચો સ્વાર્થ પોતાના સ્વરૂપમાં સ્થિર થવામાં છે; ક્ષણભંગુર ભોગો ભોગવવામાં નથી. ભોગો ભોગવવામાં તો તૃષ્ણા વધી જાય છે. સંતાપની શાંતિ થતી નથી. હે સુપાર્શ્વનાથ! આપે આવો ઉપદેશ દીધો છે.

—શ્રી સંમતભદ્રાચાર્ય

ઇન્દ્ર, ચક્રવર્તી, નારાયણ, પ્રતિનારાયણ, ભોગભૂમિનાં યુગલિયાં મનુષ્ય પણ જ્યારે ભોગોથી તૃપ્ત થઈ શકતા નથી તો બીજા કોણ ભોગોથી તૃપ્તિ પામી શકશે?

—શ્રી શિવકોટી આચાર્ય

જ્ઞાની વિચારે છે કે મેં આ જગતમાં સર્વ પુદ્ગલો વારંવાર મોહને વશ થઈને ભોગવ્યાં છે અને મૂક્યાં છે, હવે મારે સમજીને તેમાં સ્પૃહા-મમતા શી? આ જૂઠ એઠ

જેવા ભોગોની હું હવે સમજ્યા પછી કેમ ઇચ્છા કરું?

—શ્રી પૂજ્યપાદસ્વામી

જેની આંખ અંધારામાં જોઈ શકે છે તેને દીપકની કાંઈ જરૂર નથી; તેમ આત્મા પોતે સહજ સુખરૂપ છે તો પછી ઇન્દ્રિયોના વિષયોની શી આવશ્યકતા છે.

—શ્રી કુંદકુંદાચાર્ય

હે વત્સ! હજી તું સુખ તથા દુ:ખના સ્વરૂપને જાણતો નથી. મોક્ષનું સહજ સુખ સ્વાધીન છે, બાધા રહિત છે, ઇન્દ્રિયાતીત છે, અવિનાશી છે અને ચાર ઘાતી કર્મોના ક્ષયથી ઉત્પન્ન છે. જે સંસારનું સુખ છે તે રાગરૂપ છે, ક્ષણિક છે, પોતાના અને પરપદાર્થના આધારે હોય છે અને તૃષ્ણાના તાપને વધારનાર છે. વિષયોથી સુખ થાય છે એ કલ્પના તે માત્ર મોહનો જ મહિમા છે. —શ્રી નાગસેન મુનિ

જ્યારે મોહરૂપી અંધકાર દૂર થઈ જાય છે, જ્ઞાનજ્યોતિનો પ્રકાશ થાય છે, તે સમયે અંતરંગમાં સહજ સુખનો અનુભવ થાય છે તથા કૃતકૃત્યપણું ઝલકે છે. જેના સ્મરણ માત્રથી જ એ જ્ઞાનજ્યોતિ પ્રગટે છે, તે ભગવાન આત્મદેવ તારા દેહદેવળમાં બિરાજે છે. તો તારા પિંડમાં તું શીઘ્ર તેની ખોજ કર, બહાર ક્યાં દોડે છે?

આ મળના બનેલા બાહ્ય શરીરથી હું ભિન્ન છું. મનના વિકલ્પોથી પણ ભિન્ન છું, શબ્દાદિથી ભિન્ન છું. હું એક ચૈતન્યમૂર્તિ છું, નિર્મળ છું, શાંત છું, સદા સહજ સુખનો ધરનાર છું. જેના ચિત્તમાં એવી શ્રદ્ધા હોય, આરંભ

રહિત હોય એને સંસારથી શું ભય હોય? તો પછી બીજા ભયનું કોઈ કારણ નથી. —શ્રી પદ્મનંદી મુનિ

હે મુક્તિના સ્વામી! એક વાત તમને કહું, તમે મુક્તિ માટે યોગ્ય છતાં કયા સ્થાનકે અટકી રહ્યા છો? તમે એવી કઈ વિચક્ષણ રીતિ ગ્રહી છે કે જોયા વગર જ ઇન્દ્રિયોના વિષયો પાછળ મોહથી ભટકો છો, હજુ જો મારું કહેવું હિતકારી છે એમ માનો તો શિખામણ આપું છું કે તમે હૃદયનો પટ કેમ ખોલતા નથી? જુઓ તો ખરા, અંતરમાં ચૈતન્યમૂર્તિ આત્મા બિરાજે છે તેના સ્વરૂપને નિહાળી સહજ સુખરૂપી સત્ય સુધાનું પાન કરી શકશો.

—ભૈયા ભગવતીદાસ

આત્મજ્ઞાન જ એક અદ્ભુત તીર્થ છે. આ તીર્થરૂપી નદીમાં હે પંડિત જન! ઉત્તમ સ્નાન કરો. જે અંતરંગ કર્મનો મેલ અન્ય કરોડો તીર્થરૂપ નદીઓમાં સ્નાન કરવાથી નાશ થતો નથી તેને આ આત્મજ્ઞાનરૂપી તીર્થ ધોઈ નાખે છે.

—શ્રી પદ્મનંદી મુનિ

જે આત્મતત્ત્વમાં સ્થિર થયા છે, તેમાં જ જેની રમણતા રહ્યા કરે છે, તે તે સ્વભાવમાં એટલા લીન રહે છે કે બોલતા હોય છતાં જાણે બોલતા નથી, ચાલતા હોય છતાં ચાલતા નથી, જોતા હોય છતાં જોતા નથી. તે આત્માનંદના જ પ્રેમી રહે છે, અન્ય કાર્યમાં મન લગાવતા નથી.

—શ્રી પૂજ્યપાદસ્વામી

: ૧ :

**સદુપદેશ વચનો :**

" વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.

મંત્ર તંત્ર ઔષધ નહીં, જેથી પાપ પલાય;
વીતરાગવાણી વિના, અવર ન કોઈ ઉપાય.
જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય.
જન્મ, જરા ને મૃત્યુ, મુખ્ય દુઃખના હેતુ;
કારણ તેનાં બે કહ્યાં, રાગ દ્વેષ અણહેતુ.
નથી ધર્યો દેહ વિષય વધારવા;
નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા. "

—શ્રીમદ્ રાજચંદ્ર

"હે જીવ! આ ક્લેશરૂપ સંસાર થકી વિરામ પામ, વિરામ પામ. કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગ્રત થા, જાગ્રત થા, નહીં તો રત્નચિંતામણિ સમાન આ મનુષ્ય દેહ નિષ્ફળ જશે" (૫૦૫)

હે જીવ! "અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ, એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ." (૭૧૯)

હે જીવ ! "જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું'; તેથી રૂડું થયું નથી. કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે," એમ તું નિશ્ચયથી જાણ. (૩૭.)

હે જીવ ! "જગતના કોઈ પણ પદાર્થ, સગાં, કુટુંબી મિત્રનો કંઇ હર્ષ-શોક કરવો યોગ્ય જ નથી. પરમ શાંતિપદને ઇચ્છીએ એ જ સર્વસમ્મતધર્મ છે અને એ જ ઇચ્છામાં ને ઇચ્છામાં તે મળી જશે" એમ તું હૃદયમાં અવધાર. (૩૭)

હે જીવ ! "એક ભવના થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ નહિ વધારવાનો પ્રયત્ન સત્પુરુષો કરે છે." આ ભાવને તું તારા અંતરમાં પ્રીતિપૂર્વક ઘૂંટ. (૪૭)

હે જીવ ! "જિંદગી અલ્પ છે અને જંજાળ અનંત છે; સંખ્યાત ધન છે અને તૃષ્ણા અનંત છે; ત્યાં સ્વરૂપ સ્મૃતિ સંભવે નહીં, પણ જ્યાં જંજાળ અલ્પ છે અને જિંદગી અપ્રમત્ત છે, તેમ જ તૃષ્ણા અલ્પ છે, અથવા નથી અને સર્વ સિદ્ધિ છે ત્યાં સ્વરૂપસ્મૃતિ પૂર્ણ થવી સંભવે છે. અમૂલ્ય એવું જ્ઞાનજીવન પ્રપંચે આવરેલું વહ્યું જાય છે." (૩૧૯) આ પરમ વાક્યો તારા ઘટમાં ઉતાર.

હે જીવ ! "લોકસંજ્ઞા જેની જિંદગીનો ધ્રુવકાંટો છે તે જિંદગી ામે તેવી શ્રીમંતતા, સત્તા કે કુટુંબ પરિવારાદિ યોગવાળી ાય તો પણ તે દુઃખનો જ હેતુ છે. આત્મશાંતિ જે જિંદગીનો

ધ્રુવકાંટો છે તે જિંદગી ગમે તો એકાકી અને નિર્ધન, નિર્વસ્ત્ર હોય તો પણ પરમ સમાધિનું સ્થાન છે" એમ તું જાણ. (૯૪૯)

હે ભવ્ય! "જ્યાં જ્યાં આ જીવ જન્મ્યો છે, ભવના પ્રકાર ધારણ કર્યા છે, ત્યાં ત્યાં તથા પ્રકારના અભિમાનપણે વર્ત્યો છે; જે અભિમાન નિવૃત્ત કર્યા સિવાય તે તે દેહનો અને દેહના સંબંધમાં આવતા પદાર્થોનો આ જીવે ત્યાગ કર્યો છે, એટલે હજુ સુધી તે જ્ઞાનવિચારે કરી ભાવ ગાળ્યો નથી અને તે તે પૂર્વસંજ્ઞાઓ હજી એમ ને એમ આ જીવના અભિમાનમાં વર્તી આવી છે, એ જ એને લોક આખાની અધિકરણક્રિયાનો હેતુ કહ્યો છે," (૫૨૨) એમ તું જાણ અને બોધ લે.

હે ભવ્ય! "પુત્રાદિ સંપત્તિમાં જે પ્રકારે આ જીવને મોહ થાથ છે તે પ્રકાર કેવળ નીરસ અને નિંદવા યોગ્ય છે. જીવ જો જરાય વિચાર કરે તો સ્પષ્ટ દેખાય એવું છે, કે કોઈને વિષે પુત્રપણું ભાવી આ જીવે માઠું કર્યામાં મણા રાખી નથી, અને કોઈને વિષે પિતાપણું માનીને પણ તેમ જ કર્યું છે અને કોઈ જીવ હજુસુધી તો પિતાપુત્ર થઈ શકયા દીઠા નથી. સૌ કહેતા આવે છે કે આનો આ પુત્ર અથવા આનો આ પિતા, પણ વિચારતાં આ વાત કોઈપણ કાળે ન બની શકે તેવી સ્પષ્ટ લાગે છે. અનુત્પન્ન એવો આ જીવ તેને પુત્રપણે ગણવો કે ગણાવવાનું ચિત્ત રહેવું એ સૌ જીવની મૂઢતા છે," એવો તું સદ્‌વિચારથી નિર્ધાર કર. (૫૧૦)

હે જીવ! "આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે, ઝાંઝવાના પાણીને લેવા દોડી તૃષા છીપાવવા ઇચ્છે છે, એવો

હીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુલ ખેદ, જ્વરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને તે અનુભવે છે; એવી અશરણતાવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે; સત્પુરુષની વાણી વિના કોઈ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે," તે તું વિવેકથી માન્ય રાખ. (૨૧૩)

વળી હે જીવ, "સંસાર કેવળ અશાતામય છે. કોઈ પણ પ્રાણીને અલ્પ પણ શાતા છે, તે પણ સત્પુરુષનો જ અનુગ્રહ છે; કોઈ પણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ નથી; અને એ પુણ્ય પણ સત્પુરુષના ઉપદેશ વિના કોઈએ જાણ્યું નથી; ઘણે કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢીને આધીન થઈ પ્રવર્તે છે; તેથી જાણે તે ગ્રંથાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે. પણ તેનું મૂળ એક સત્પુરુષ જ છે," માટે એમ જાણ કે "એક અંશ શાતાથી કરીને પૂર્ણ કામતા સુધીની સર્વ સમાધિ તેનું સત્પુરુષ જ કારણ છે." (૨૧૩)

હે ભવ્ય! "દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંત વાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં; પણ આ મનુષ્યદેહને કૃતાર્થતા છે, કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાનીપુરુષને ઓળખ્યા તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો, જે પુરુષના આશ્રયે અનેક પ્રકારના મિથ્યા આગ્રહાદિની મંદતા થઈ, તે પુરુષના આશ્રયે આ દેહ છૂટે એ જ સાર્થક છે. જન્મજરામરણાદિને નાશ કરવાવાળું આત્મજ્ઞાન જેને

વિષે વર્તે છે તે પુરુષનો આશ્રય જ જીવને જન્મ-જરામરણાદિનો નાશ કરી શકે, કેમકે તે યથાસંભવ ઉપાય છે. સંયોગ સંબંધે આ દેહ પ્રત્યે આ જીવને જે પ્રારબ્ધ છે તે વ્યતીત થયે તે દેહનો પ્રસંગ વ્યતીત થશે. તેનો ગમે ત્યારે વિયોગ નિશ્ચય છે, પણ આશ્રયપૂર્વક દેહ છૂટે એ જ જન્મ સાર્થક છે. " અર્થાત્ તે જ સમાધિમરણ છે એમ જાણ. વળી તે " આશ્રયને પામીને જીવ તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે " છે એમ નિશ્ચયરૂપ માન. ( ૬૯૨ )

હે ભાગ્યવંત જિજ્ઞાસુ ! " જ્ઞાનીના માર્ગનો વિચાર કરતાં જણાય છે કે કોઈ પણ પ્રકારે મૂર્ચ્છાપાત્ર આ દેહ નથી, તેને દુઃખે શોચવા યોગ્ય આ આત્મા નથી. આત્માને આત્મ-જ્ઞાને શોચવું એ સિવાય બીજો શોચ તેને ઘટતો નથી. પ્રગટ એવા યમને સમીપ દેખતાં છતાં જેને દેહને વિષે મૂર્ચ્છા નથી વર્તતી તે પુરુષને નમસ્કાર છે.

" દેહ તે આત્મા નથી, આત્મા તે દેહ નથી. ઘડાને જોનાર જેમ ઘડાથી ભિન્ન છે, તેમ દેહને જોનાર, જાણનાર એવો આત્મા તે દેહથી ભિન્ન છે અર્થાત્ દેહ નથી. વિચાર કરતાં એ વાત પ્રગટ અનુભવસિદ્ધ થાય છે, તો પછી એ ભિન્ન દેહનાં સ્વાભાવિક ક્ષય, વૃદ્ધિ, રૂપાદિ પરિણામ જોઈ હર્ષ–શોકવાન થવું કોઈ રીતે ઘટતું નથી." ( પત્રાંક ૪૨૫ )

હે જિજ્ઞાસુ ભવ્ય ! " શ્રી તીર્થંકરાદિએ ફરી ફરી જીવોને ઉપદેશ કહ્યો છે, પણ જીવ દિશામૂઢ રહેવા ઇચ્છે છે, ત્યાં

ઉપાય પ્રવર્તી શકે નહીં. ફરી ફરી ઠોકી ઠોકીને કહ્યું છે કે એક આ જીવ સમજે તો સહજ મોક્ષ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી. અને તે સમજવું પણ કંઈ વિકટ નથી. કેમકે જીવનું સહજ જે સ્વરૂપ છે, તે જ માત્ર સમજવું છે; અને તે કંઈ બીજાના સ્વરૂપની વાત નથી કે વખતે તે ગોપવે કે ન જણાવે, તેથી સમજવી ન બને. પોતાથી પોતે ગુપ્ત રહેવાનું શી રીતે બનવા યોગ્ય છે? પણ સ્વપ્નદશામાં જેમ ન બનવા યોગ્ય એવું પોતાનું મૃત્યુ પણ જીવ જુએ છે, તેમ અજ્ઞાનદશારૂપ સ્વપ્નયોગે આ જીવ પોતાને પોતાનાં નહીં એવાં બીજા દ્રવ્યને વિષે સ્વપણે માને છે; અને એ જ માન્યતા તે સંસાર છે, તે જ અજ્ઞાન છે, નરકાદિગતિનો હેતુ તે જ છે; તે જ જન્મ છે, મરણ છે અને તે જ દેહ છે, દેહના વિકાર છે, તે જ પુત્ર, તે જ પિતા, તે જ શત્રુ, તે જ મિત્રાદિ ભાવકલ્પનાના હેતુ છે અને તેની નિવૃત્તિ થઈ ત્યાં સહજ મોક્ષ છે. અને એ જ નિવૃત્તિને અર્થે સત્સંગ, સત્પુરુષાદિ સાધન કહ્યાં છે. અને તે સાધન પણ જીવ જો પોતાના પુરુષાર્થને તેમાં ગોપવ્યા સિવાય પ્રવર્તાવે તો જ સિદ્ધ છે. વધારે શું કહીએ? આટલો જ સંક્ષેપ જીવમાં પરિણામ પામે તો તે સર્વ વ્રત, યમ, નિયમ, જપ, યાત્રા, ભક્તિ, શાસ્ત્રજ્ઞાન આદિ કરી છૂટયો એમાં કંઈ સંશય નથી." (૫૩૭)

હે ભવ્ય! "આ દેહે કરવા યોગ્ય કાર્ય તો એક જ છે કે કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત્ માત્ર દ્વેષ ન રહે. સર્વત્ર સમદશા વર્તે એ જ કલ્યાણનો મુખ્ય

નિશ્ચય છે." (૭૮૦)

હે ભવ્ય! "અટળ અનુભવસ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્તદશા વર્તે છે. તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે, તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે," એવો તું નિર્ધાર કર. (૭૭૯)

"જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો એવી અસંગદશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે." (૭૭૯)

(શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંથી. કૌસમાં આપેલ પત્રના આંક છે).

## દેહવ્યાધિ, પીડા વેળાએ :

"યથાર્થ જોઈએ તો શરીર એ જ વેદનાની મૂર્તિ છે. સમયે સમયે જીવ તે દ્વારાએ વેદના જ વેદે છે. ક્વચિત શાતા અને પ્રાયે અશાતા જ વેદે છે. માનસિક અશાતાનું મુખ્યપણું છતાં તે સૂક્ષ્મ સમ્યક્ દૃષ્ટિવાનને જણાય છે. શારીરિક અશાતાનું મુખ્યપણું સ્થૂળ દૃષ્ટિવાનને પણ જણાય છે. જે વેદના પૂર્વે સુદૃઢ બંધથી જીવે બંધન કરી છે, તે વેદના ઉદય સંપ્રાપ્ત થતાં ઇન્દ્ર, ચન્દ્ર, નાગેન્દ્ર કે જિનેન્દ્ર પણ રોકવાને સમર્થ નથી. તેનો ઉદય જીવે વેદવો જ જોઈએ. અજ્ઞાનદૃષ્ટિ જીવો ખેદથી વેદે તો પણ કંઈ તે વેદના ઘટતી નથી કે જાતી રહેતી નથી. સત્ય દૃષ્ટિવાન જીવો શાંતભાવે વેદે તો તેથી તે વેદના વધી જતી નથી પણ નવીન બંધનો

હેતુ થતી નથી. પૂર્વની બળવાન નિર્જરા થાય છે. આત્માર્થીને એ જ કર્ત્તવ્ય છે."

"હું શરીર નથી, પણ તેથી ભિન્ન એવો જ્ઞાયક આત્મા છું, તેમ નિત્ય શાશ્વત છું. આ વેદના માત્ર પૂર્વ કર્મની છે, પણ મારું સ્વરૂપ નાશ કરવાને તે સમર્થ નથી, માટે મારે ખેદ કર્ત્તવ્ય જ નથી, એમ આત્માર્થીનું અનુપ્રેક્ષણ હોય છે." (૯૨૭)

"શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલા એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્ પ્રકારે અહિયાસવા યોગ્ય છે. ઘણી વાર શારીરિક વેદનાનું બળ વિશેષ વર્તતું હોય છે, ત્યારે ઉપર જે કહ્યો છે તે સમ્યક્ પ્રકાર રૂડા જીવોને પણ સ્થિર રહેવો કઠણ થાય છે; તથાપિ હૃદયને વિષે વારંવાર તે વાતનો વિચાર કરતાં અને આત્માને નિત્ય, અછેદ્ય, અભેદ્ય, જરા-મરણાદિ ધર્મથી રહિત ભાવતાં, વિચારતાં, કેટલીક રીતે તે સમ્યક્ પ્રકારનો નિશ્ચય આવે છે. મોટા પુરુષોએ અહિયાસેલા એવા ઉપસર્ગ તથા પરિષહના પ્રસંગોની જીવમાં સ્મૃતિ કરી, તે વિષે તેમનો રહેલો અખંડ નિશ્ચય તે ફરી ફરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય જાણવાથી જીવને તે સમ્યક્ પરિણામ ફળીભૂત થાય છે, અને વેદના, વેદનાના ક્ષયકાળે નિવૃત્ત થયે ફરી તે વેદના કોઈ કર્મોનું કારણ થતી નથી. વ્યાધિ રહિત શરીર હોય તેવા સમયમાં જીવે જો તેનાથી પોતાનું જુદાપણું જાણી, તેનું અનિત્યાદિ સ્વરૂપ જાણી, તે પ્રત્યેથી મોહ-મમત્વાદિ ત્યાગ્યાં હોય, તો તે મોટું શ્રેય છે તથાપિ તેમ ન બન્યું

હોય તો કંઈ પણ વ્યાધિ ઉત્પન્ન થયે તેવી ભાવના ભાવતાં જીવને નિશ્ચળ એવું ઘણું કરી કર્મબંધન થતું નથી; અને મહાવ્યાધિના ઉત્પત્તિકાળે તો દેહનું મમત્વ જીવે જરૂર ત્યાગી જ્ઞાનીપુરુષના માર્ગની વિચારણાએ વર્તવું એ રૂડો ઉપાય છે. જો કે દેહનું તેવું મમત્વ ત્યાગવું કે ઓછું કરવું એ મહા દુષ્કર વાત છે, તથાપિ જેનો તેમ કરવા નિશ્ચય છે, તે વહેલે મોડે ફળીભૂત થાય છે.

"જ્યાં સુધી દેહાદિકથી કરી જીવને આત્મકલ્યાણનું સાધન કરવું રહ્યું છે, ત્યાંસુધી તે દેહને વિષે અપારિણામિક એવી મમતા ભજવી યોગ્ય છે; એટલે કે દેહના કોઈ ઉપચાર કરવા પડે તો તે ઉપચાર દેહના મમત્વાર્થે કરવાની ઇચ્છાએ નહીં, પણ તે દેહે કરી જ્ઞાનીપુરુષના માર્ગનું આરાધન થઈ શકે છે, એવો કોઈ પ્રકારે તેમાં રહેલો લાભ તે લાભને અર્થે અને તેવી જ બુદ્ધિએ તે દેહની વ્યાધિના ઉપચારે પ્રવર્તવામાં બાધા નથી. જે કંઈ તે મમતા છે, તે અપારિણામિક મમતા છે, એટલે પરિણામે સમતાસ્વરૂપ છે, પણ તે દેહની પ્રિયતાર્થે સાંસારિક સાધનમાં પ્રધાન ભોગનો એ હેતુ છે તે ત્યાગવો પડે છે, એવા આર્ત્તધ્યાને કોઈ પ્રકારે પણ તે દેહમાં બુદ્ધિ ન કરવી, એવી જ્ઞાનીપુરુષના માર્ગની શિક્ષા જાણી આત્મકલ્યાણનો તેવા પ્રસંગે લક્ષ રાખવો યોગ્ય છે." (૪૬૦)

—શ્રીમદ્ રાજચંદ્ર

**સમાધિ-ઉપદેશ :**

"દેહ છૂટવા સંબંધી નિર્ભય રહેવું કર્ત્તવ્ય છે. આત્મા અજર, અમર, શાશ્વત છે, જ્ઞાનદર્શનમય છે, દેહના સંયોગે હોવા છતાં દેહથી ભિન્ન છે. તેને શાતા-અશાતા વેદનીય હોય તો પણ તે કિંચિત્ માત્ર દુઃખમય નથી. આત્મા છે તે મારું સ્વરૂપ છે, દેહને લઈને વેદનીય છે, તે વેદનીયનો કાળે ક્ષય થાય છે, ત્યાં તે વેદનીયનો ક્ષય થયે, નાશ થયે મૃત્યુ મહોત્સવ છે. કર્મનો નાશ તે મૃત્યુ મહોત્સવ છે. હરખ-શોક કરવા જેવું નથી; દૃષ્ટા રહી જોયા કરો."

"નિર્ભય રહો, મૃત્યુ છે નહીં. કોઈ પણ પ્રકારે ચિત્તમાં ખેદ, હર્ષ-શોક નહીં લાવતાં, કોઈ જાતનો સંકલ્પ વિકલ્પ નહીં લાવતાં, મનમાં હર્ષ ઉલ્લાસ લાવો. દુઃખને જાણ્યું, તે જવાનું છે, ત્યાં શોક નહિ કરવો. મ્યાનથી તરવાર જુદી છે તેમ દેહથી આત્મા જુદો છે. દેહને લઈને વ્યાધિ-પીડા થાય છે, તે જવાને આવી છે, મારે કોઈ ડર રાખવાનો નથી. ઉદયકર્મે મનાય છે, ભોગવાય છે તે મારું નથી, મારું નથી. મારું છે તે જ્ઞાન-દર્શન-ચારિત્ર."

"સર્વ વસ્તુ સંકલ્પ વિકલ્પમાં આવે તે મારી નથી. જેટલું દુઃખ દેખાય છે તે આત્મા જાણે છે. આત્માનું સુખ આત્મામાં છે. રોગ હોય ત્યાં વધારે કર્મ ખપે. પાપ માત્રનો નાશ થવાનો છે, તેવો અવસર છે. સમતા ધીરજ રાખી ક્ષત્રિયપણે વર્તવું. જેટલું આવવું હોય તેટલું આવે; તે બધાનો નાશ થશે અને આત્માની જીત થશે."

"જે જે જન્મ્યા છે તે દરેકને કોઈને કોઈ નિમિત્તે મરણ તો અવશ્ય આવવાનું જ છે. મહાન અતિશયધારી એવા શ્રી તીર્થંકરો પણ નાશવંત દેહને અવિનાશી કરી શક્યા નથી. તો આયુષ્ય ભોગવાઈ રહેતાં પ્રાપ્ત થતાં મરણને રોકવા અન્ય કોઈ સમર્થ છે? વહેલે કે મોડે એ મરણની કસોટીમાં થઈને પસાર થવાનું છે એમ વિચારી સમાધિમરણની તૈયારીરૂપ સદ્‌વિચાર, કષાયની મંદતા કે ક્ષય, મોહ અને દેહાધ્યાસના ત્યાગાદિ માટે નિવૃત્તિ દ્રવ્ય, નિવૃત્તિ ક્ષેત્ર, નિવૃત્તિ કાળ અને નિવૃત્તિ ભાવનું સેવન, સત્સંગ, સત્સમાગમ, સત્પુરુષ અને તેની વાણીનું બહુમાનપણું, વૈરાગ્ય ઉપશમાદિનું આરાધન આજથી કરી લેવા યોગ્ય છે. જો આટલો ભવ સમ્યક્ત્વરૂપ ધર્મને આરાધવામાં ગાળવામાં આવે તો અનેક ભવનું સાટું વળી રહેવા યોગ્ય છે."

"સહનશીલતા, ધીરજ, ક્ષમા, ખમી ખુંદવું એ ગુણ ધારણ કરવાથી સારી ગતિ થાય છે. વેદનીયથી ગભરાવું મુંઝાવું નહિ. જે આવે છે તે જવાને માટે આવે છે અને એથી વિશેષ આવો એમ કહેવાથી વધારે આવનાર નથી અને એ વેદની જતી રહો એમ કહેવાથી જતી રહે તેમ નથી.

બનવાનું નહિ બને, બનવું વ્યર્થ ન થાય;
કાં એ ઔષધ ન પીજિયે, જેથી ચિંતા જાય.

આથી અનંતગણી વેદના જીવે નરક નિગોદમાં ભોગવી છે. તો પણ તેનો નાશ થયો નથી. તડકા પછી છાંયો અને છાંયા પછી તડકો આવે છે. તેમ વેદના પણ રાખી મૂકવી

હોય તો પણ રહેનાર નથી, જે થાય તે જોયા કરવું."

"જુવાની, નીરોગી અવસ્થા અને સુખવૈભવ ભોગવવાના પ્રસંગો કરતાં આવી વેદનીના પ્રસંગો જીવને કલ્યાણનાં કારણ હોવાથી અમૃત સમાન છે. પણ દૃષ્ટિ ફરી નથી ત્યાં સુધી બહારની વસ્તુઓમાં સુખ લાગે છે અને તે છોડવાનો વખત આવે ત્યારે કઠણ લાગે છે. અનાદિકાળથી જીવ પર્યાય દૃષ્ટિમાં જ ફસાઈ રહ્યો છે તેથી શરીરાદિ પર્યાયોમાં અહંભાવ મમત્વભાવ કરી તેમાં હર્ષશોક રાગદ્વેષ કર્યા કરે છે. તેથી જન્મમરણ ઊભાં થાય છે. પર્યાય દૃષ્ટિથી મોહ થાય છે તે મનમાંથી તોડી નાખીને મારું કંઈ નથી એમ માનવું. હું મરી ગયો હોત તો જેમ મારું ન માનત તેમ જ જીવતાં છતાં મારાપણું મનમાંથી કાઢી નાંખી યથાપ્રારબ્ધ જે વ્યવહાર કરવો પડે તે ઉપર ઉપરથી નિર્મોહીપણે કરવા યોગ્ય છે. સમતાભાવમાં વર્તવાનો પુરુષાર્થ કર્ત્તવ્ય છે."

'અમૂલ્ય વસ્તુ તો આત્મા છે. આત્મા કોઈનો પિતા નથી, માતા નથી, પિતા નથી, ભાઈ નથી. એકલો આવ્યો છે, એકલો જવાનો છે. આત્મા બાળક નથી, વૃદ્ધ નથી, જન્મતો નથી, મરતો નથી, દેવ નથી, મનુષ્ય નથી, સ્ત્રી નથી, પુરુષ નથી. આ મૂળ આત્માનું સ્વરૂપ સર્વ પરદ્રવ્યથી ભિન્ન અને અસંગ છે. આત્માનું લક્ષણ જાણવું, દેખવું અને સ્થિર રહેવું તે છે, તે નિરંતર સ્મરણમાં અનુભવમાં રાખવું, પછી ભલેને મરણ સમયની વેદના આવી પડી હોય, પણ જાણું દેખું તે હું; બીજું તો જાય છે. જે જે ઉદય દેખાય છે તે જવાને વાસ્તે, આવ્યું કે

ચાલ્યું. મારો ધર્મ તો જાણવું, દેખવું અને સ્થિર થવું એ જ છે. જાગૃત, જાગૃત અને જાગૃત રહેવું. હાય! હાય! હવે મરી જવાશે; આ તે કેમ સહેવાય? એવું એવું મનમાં ન આવવું જોઈએ. વસ્તુ જાણ્યા પછી ભૂલી કેમ જવાય? દેહ તે હું નહિ, એ નિશ્ચય થઈ જવો જોઈએ."

"આત્મા જોવા પ્રત્યે પ્રેમ, કાળજી રાખવી, આત્મા જોવાણો હોય તો જ્ઞાન કહેવાય. અન્યને પોતાનું માનવું અને પોતાને ભૂલી જવો, છે બીજું અને જોવું બીજું, એ ભૂલ નહિ? આત્મા વગર આ બધું જોવાય? ના, માટે એને જુઓ. એના ઉપર ભાવ થાય તો તરત પરિણમે છે. એને સંભારવો, સ્મરણમાં યાદ લાવવો, એમાં ને એમાં ચિત્ત રાખવું, આ જ કર્ત્તવ્ય છે, ચેતવા જેવું છે; દગો છે, આ બધું સાચું નથી. માયાની રોશની અસલ નથી, બનાવટ છે, પતંગનો રંગ છે, મજીઠનો નથી. સમજણ હોય તો મજીઠનો રંગ લાગે. કર વિચાર તો પામ. વાત ચમત્કારિક છે."

છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્ત્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.

જેને દેહાધ્યાસ છૂટયો છે તે કરે છે છતાં નથી કરતા, ખાય છે છતાં નથી ખાતા, બોલે છે છતાં નથી બોલતા, ભોગવે છે છતાં નથી ભોગવતા. આ આશ્ચર્ય તો જુઓ! છે જગતમાં અને જગતમાં નથી, છે દેહમાં અને દેહમાં નથી, એ સમજણમાં ફેર પડી ગયો ને!

આ તો 'સુખ આવ્યું, દુઃખ આવ્યું, પૂજા થઈ, સત્કાર થયો. વ્યાધિ આવી, મરણ આવ્યું' એમ માની બેઠો છે, ત્યાં કર્ત્તા ભોક્તા થયો. કેવો છે પોતે? સિદ્ધ સમાન. નહિ નાનો, નહિ મોટો. માત્ર દૃષ્ટિની ભૂલ છે.

એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.

તું બાધા પીડા રહિત, અનંત જ્ઞાન દર્શનવાળો છો. ખોટું એને સાચું માનવું એ કેવી મોટી ભૂલ? તું અજર, અમર, અવિનાશી, શાશ્વત છો. વળી

શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું? કર વિચાર તો પામ.

"આ ત્રણ ગાથાઓમાં આત્માને આમ પકડાવી દીધો છે. મરણકાળે આ ત્રણ ગાથાઓમાં ઉપયોગ જોડાયો તો કામ થઈ જાય. એનો ભેદી મળે અને પકડ થાય, વિચાર કરે તો પામે. સમાધિમરણ આવે. આ ચમત્કારી ગાથા આત્માને સમજવા માટે છે. મરણની વેદની છે ત્યાં બોધ સાંભરી આવે તો કામ થઈ જાય. આવું દુઃખ ભલેને રહ્યું, પણ મારું તો શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય ઘન, સ્વયંજ્યોતિ સુખધામ એવું આત્મસ્વરૂપ છે. રોગ મરણ કોઈ મારાં નથી."

"રોગ તો જ્ઞાની અજ્ઞાની બન્નેને ભોગવ્યે જ છૂટકો છે. પરંતુ જ્ઞાની કહે છે કે: આથી બમણી વેદના આવને, તારા ઘરમાં હું રહીશ તો ને? ક્ષમા, સહનશીલતા, સંતોષ,

ધીરજ, સમતા એ આત્માના સુંદર ઘરમાં હું રમણ કરીશ. પછી વેદની મને શું કરવાની છે?"

"ભેદજ્ઞાન થયા પછી આનંદઘનજીની માફક કહી શકાય કે 'અબ હમ અમર ભયે, ન મરેંગે.' દેહ માંદગી વગેરેને જ્ઞાનીએ તેનું માન્યું નથી. પછી કાળ કોને પકડે? કાળ નાસી જાય છે."

(ઉપદેશામૃતમાંથી સાભાર)

મૃત્યુ મહોત્સવ :

मृत्युमार्गे प्रवृत्तस्य वीतरागो ददातु मे ।
समाधिबोधिपाथेयं यावन्मुक्तिपुरी पुरः ॥ १ ॥

હે વીતરાગ પ્રભુ! મૃત્યુના માર્ગે પ્રવર્તેલા એવા મને આત્મપરિણામની સ્થિરતારૂપ સમાધિ અને આત્મદર્શન-જ્ઞાન-રમણતારૂપ બોધિ કે જે પરલોકના માર્ગમાં સહાયક થાય એવું પાથેય એટલે ભાતું તે આપો; કે જેથી હું મુક્તિપુરી પ્રત્યે નિર્વિઘ્ને પહોંચી જાઉં.

कृमिजालशताकीर्णे जर्जरे देहपञ्जरे ।
भज्यमाने न भेतव्यं यतस्त्वं ज्ञानविग्रहः ॥ २ ॥

હે ભવ્ય! સેંકડો કૃમિજાળથી વ્યાપ્ત એવું જર્જરિત આ દેહરૂપ પાંજરું તે ભાંગી જતાં તારે જરાય ભય પામવા યોગ્ય નથી જ. હે આત્મન્! તું તો આ જડ શરીરથી જુદો જ્ઞાનરૂપ શરીરવાળો અવિનાશી એવો ચૈતન્યમૂર્તિ આત્મા છો.

ज्ञानिन् भयं भवेत् कस्मात् प्राप्ते मृत्युमहोत्सवे ।
स्वरूपस्थः पूर याति देही देहांतर स्थितिम् ॥ ३ ॥

હે જ્ઞાનવાન આત્મન્! મૃત્યુરૂપ મહાન ઉત્સવ પ્રાપ્ત થયો તો હવે તેમાં ભય કેમ કરો છો? કારણ કે દેહી એટલે આત્મા પોતાના સ્વભાવમય સ્વરૂપમાં સ્થિર રહીને બીજા દેહ પ્રત્યે ગમન કરે છે તો તેમાં ભયનો હેતુ શો છે?

सुदत्तं प्राप्यते यस्मात् दृश्यते पूर्वसत्तमैः ।
भुज्यते स्वर्गसौख्यं मृत्युभीतिः कुतः सताम् ॥ ४ ॥

પૂર્વે થઈ ગયેલા મહા જ્ઞાની પુરુષો એમ દર્શાવે છે કે જો મૃત્યુદ્વારા સત્કર્મોનું ફળ મળે છે અને સ્વર્ગનાં સુખો ભોગવાય છે તો સંત પુરુષોને મરણનો ભય કેમ હોય?

आगर्भात दुःखसंतप्तः प्रक्षिप्तो देहपंजरे ।
नात्मा विमुच्यतेऽन्येन मृत्युभूमिपति विना ॥ ५ ॥

ગર્ભમાં આવ્યો ત્યારથી આ મારો આત્મા કર્મરૂપી શત્રુ વડે દેહરૂપી પિંજરામાં કેદીની માફક પૂરાયેલો, આધિ વ્યાધિ આદિ પીડાઓથી સંતાપ પામી દુઃખી દુઃખી થઈ રહ્યો છે. તેને આ દુઃખદ સ્થિતિમાંથી મૃત્યુરૂપ રાજા વિના બીજો કોણ છોડાવવા સમર્થ છે?

सर्वदुःखप्रदं पिण्डं दूरिकृत्यात्मदर्शिभिः ।
मृत्यु मित्रप्रसादेन प्राप्यन्ते सुखसंपदः ॥६॥

આત્મદર્શી મહાપુરુષો આ મૃત્યુ નામના મિત્રના પ્રસાદથી સર્વ દુઃખને દેવાવાળો એવો જે આ દેહપિંડ તેને તજી દઈને, દેહભાવનો સર્વથા ત્યાગ કરીને આત્મભાવનાના સતત અભ્યાસથી શાશ્વત સુખસંપત્તિને પ્રાપ્ત કરે છે.

मृत्युकल्पद्रुमे प्राप्ते येनात्मार्थो न साधितः ।
निमग्नोजन्मजम्बाले स पश्चात किं करिष्यति ॥७॥

મૃત્યુરૂપી કલ્પવૃક્ષને પામીને પણ જો તેથી આત્માર્થ સાધ્યો નહીં અર્થાત્ સમાધિની પ્રાપ્તિ કરી નહીં તો પછી જીવ સંસાર રૂપ ઊંડા કાદવમાં ખૂંચી જશે ત્યારે અધોગતિઓમાં આત્માના ઉદ્ધાર માટે શું કરી શકશે?

(આ મનુષ્યભવમાં સમાધિમરણ માટેનો પુરુષાર્થ જાગૃત હોય તો મરણ સાક્ષાત્ કલ્પવૃક્ષ સમાન ઉપકારી થાય છે અને જે વાંછે તે પ્રાપ્ત કરાવે છે અને જો તેમ ન થયું અને પરમાં મમતા, દેહાધ્યાસ રાખી મરણ થયું તો પછી અધોગતિનાં ભ્રમણમાં આત્માના ઉદ્ધારનો અવસર ક્યાંથી આવશે? માટે અત્યારથી ચેતી જઈ, પ્રમાદ તજી, સમાધિમરણ સાધવામાં જાગૃત થવા યોગ્ય છે, આત્માર્થ ચૂકવા યોગ્ય કોઈ રીતે નથી).

जीर्णं देहादिकं सर्वं नूतनं जायते यतः ।
स मृत्युः किं न मोदाय सतां सातो स्थितिर्यथा ॥ ८ ॥

જે મૃત્યુના પ્રતાપથી જીર્ણ થઈ ગયેલ દેહાદિક સર્વ છૂટી જઈ નવીન દેહાદિક પ્રાપ્ત થાય છે તે મૃત્યુને સંતો આનંદનું કારણ કેમ ન માને? એવું મરણ સાતાના ઉદયની સમાન જ્ઞાની પુરુષોને તો હર્ષને માટે જ થાય છે.

सुखंदुःखं सदा वेत्ति देहस्थश्च स्वयं व्रजेत् ।
मृत्युभीतिस्तदा कस्य जायते परमार्थतः ॥९॥

દેહમાં સ્થિત એવો આત્મા સુખ તથા દુઃખને સદાકાળ જાણે છે અને પરલોક પ્રત્યે પણ પોતે જ ગમન કરે છે. તો પરમાર્થથી મૃત્યુનો ભય કોને હોય?

(દેહથી ભિન્ન આત્માને જાણનાર તથા માનનાર સમજે છે કે જે ઊપજે છે તે મરે છે. જડ એવો આ દેહપિંડ ઊપજ્યો છે તે નાશ પામે છે. હું તો દેહાદિથી ભિન્ન શુદ્ધ

ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો આત્મા છું; ઉત્પન્ન થયો નથી તેથી તેનો નાશ પણ નથી. તો આ દેહ છોડી અન્ય ગતિ પ્રત્યે ગમન કરવામાં મારા સ્વરૂપનો નાશ તો નથી જ, તો પછી મરણનો ભય. શા માટે રાખું ? તે ભય કર્ત્તવ્યરૂપ નથી જ).

संसारासक्त चित्तानां मृत्युभीत्यै भवेन्नृणाम् ।
मोदायते पुनः सोऽपि ज्ञानवैराग्यवासिनाम् ॥ १० ॥

જે જીવોનું ચિત્ત સંસારમાં આસક્ત છે, તેને મૃત્યુ ભય ઉપજાવી શકે. પરંતુ જેઓ પોતાના ચિદાનંદ સ્વરૂપના જ્ઞાન સહિત છે, તે તો સંસારથી વૈરાગ્યયુક્ત હોવાથી મૃત્યુ તેમને આનંદ માટે થાય છે અર્થાત્ મહોત્સવ સ્વરૂપ થાય છે.

( "જ્ઞાનીઓએ માનેલું છે કે આ દેહ પોતાનો નથી; તે રહેવાનો પણ નથી. જ્યારે ત્યારે તેનો વિયોગ થવાનો છે. એ ભેદવિજ્ઞાનને લઈને હમેશાં નગારાં વાગતાં હોય તેવી રીતે તેના કાને પડે છે અને અજ્ઞાનીના કાન બહેરા હોય છે એટલે તે જાણતો નથી.

"જ્ઞાની દેહ જવાનો છે એમ સમજી તેનો વિયોગ થાય તેમાં ખેદ કરતાં નથી. પણ જેવી રીતે કોઈની વસ્તુ લીધી હોય ને તેને પાછી આપવી પડે તેમ દેહને ઉલ્લાસથી પાછો સોંપે છે."

—શ્રીમદ્ રાજચંદ્રજી

पुराधीशो यदा याति सुकृतस्य बुभुत्सया ।
तदासौ वार्यते केन प्रपचैः पाञ्चभौतिकैः ॥ ११ ॥

પોતાનાં કરેલાં સત્કર્મોને ભોગવવા જ્યારે આ આત્મા પરલોક પ્રત્યે ગમન કરે છે ત્યારે પંચભૂતના આ શરીરાદિના પ્રપંચ વડે એને કોણ રોકી શકે તેમ છે?

मृत्युकाले सतां दुखः यद्भवेत् व्याधि संभवम ।
देहमोहविनाशाय मन्ये शिवसुखाय च ॥ १२ ॥

સંતોને મૃત્યુકાળે જે જે રોગાદિ દુઃખ ઉત્પન્ન થાય છે તે સર્વ શરીર ઉપરનો મોહ નાશ કરવાને અને શાંતિથી ભરપૂર મોક્ષસુખની પ્રાપ્તિ માટે જ થાય છે એમ હું માનું છું.

ज्ञानिनोऽमृतसंगाय मृत्युस्तापकरोऽपि सन् ।
आमकुम्भस्य लोकेऽस्मिन् भवेत्पाक विधिर्यथा ॥ १३ ॥

જે મૃત્યુ અજ્ઞાનીને તાપરૂપ થાય છે તે જ મૃત્યુ જ્ઞાનીને અમૃત એટલે મોક્ષની પ્રાપ્તિ કરાવનાર સુખરૂપ થાય છે. જેમ કાચો ઘડો અગ્નિમાં પકવ્યા પછી અમૃતને એટલે પાણીને ધારણ કરવા સમર્થ થાય છે તેમ મૃત્યુરૂપ અગ્નિના તાપને જે સમતાથી સહે છે તે અમૃતરૂપ મોક્ષને પ્રાપ્ત કરવા સમર્થ બને છે.

यत्फलं प्राप्यते सदिभर्व्रतायासविडंबनात् ।
तत्फलं सुखसाध्यं स्यात्मृत्युकाले समाधिना ॥ १४ ॥

દીર્ઘકાળ પર્યંત પંચ મહાવ્રતનું પાલન આદિ અનેક શુભ ક્રિયાઓની વિટંબનાથી જે ફળ સંતો પામે છે તે જ ફળ મૃત્યુ વખતે સમાધિશાંતિ રાખવાથી સુખે અને સહેજે પ્રાપ્ત થાય છે.

अनार्तः शांतिच्मान्मर्त्यो न तिर्यग् नापि नारकः ।
धर्मध्यानो पुरो मर्त्योऽनशनीत्वमरेश्वरः ॥ १५ ॥

જે જીવનાં મરણ સમયે આર્ત્ત પરિણામ ન હોય અને શાંત ચિત્ત હોય, તે જીવ તિર્યંચ કે નરક ગતિમાં દેહધારણ ન જ કરે. પરંતુ જો જીવ ધર્મધ્યાનપૂર્વક અનશનવ્રત સહિત મરણ કરે તો સ્વર્ગલોકમાં ઇન્દ્ર કે મહર્દ્ધિક દેવ થાય.

तप्तस्य तपसश्चापि पालितस्य व्रतस्य च ।
पठितस्य श्रुतस्यापि फलं मृत्युः समाधिना ॥ १६ ॥

તપના સંતાપને સહન કરવાનું, વ્રતનું પાલન કરવાનું અને શ્રુતનું પઠન કરવાનું ફળ તો સમાધિ એટલે પોતાના આત્માની સાવધાનીપૂર્વક દેહત્યાગ કરવો તે છે.

अतिपरिचितेष्ववज्ञा नवे भवेत्प्रीतिरिति हि जनवादः ।
चिरतरशरीरनाशे नवतरलाभे च किं भीरुः ॥ १७ ॥

લોકમાં એ પ્રસિદ્ધ કથન છે કે જેનો અતિશય પરિચય થાય તેમાં કાળે કરી અપ્રીતિ ઉત્પન્ન થાય અને નવી વસ્તુના સંગમાં પ્રીતિ ઉપજે. તો હે આત્મન્! આ શરીરનો લાંબા કાળ સુધી તને પરિચય થયો છે છતાં તને અપ્રીતિ કેમ થતી નથી? અને નવીન પર્યાયના લાભમાં ભય કેમ કરે છે?

स्वर्गादेत्य पवित्र निर्मलकुले संस्मर्यमाना जनै-
र्दत्वा भक्तिविधायिनां बहुविधं वाञ्छानुरुपं धनम् ।
भुक्त्वा भोगमहर्निशं परकृतं स्थित्वा क्षणं मण्डणे ।
पात्रावेशविसर्जनमिव मृतिं सन्तो लभन्ते स्वतः ॥ १८ ॥

સમાધિમરણને સાધનાર ભાગ્યવંત સ્વર્ગમાં સુખને ભોગવી પાછા મનુષ્યલોકમાં પવિત્ર નિર્મળ કુળમાં અનેક લોકોના ચિત્તને આનંદરૂપ જન્મ ધારણ કરી પોતાના સ્વજન આદિને વિવિધ પ્રકારના વાંછાનુસાર ધનાદિરૂપ ફળ આપીને, પુણ્ય વડે ઉપાર્જન કરેલા ભોગોને અહર્નિશ ભોગવીને, આયુષ્ય પ્રમાણ અલ્પકાળ ભૂમંડળમાં વીતરાગભાવે વિચરીને, જેમ નૃત્ય શાળામાં નૃત્ય કરવાવાળો પુરુષ લોકમાં આનંદ ઉપજાવી જતો રહે તેમ તે સંત પુરુષો સમસ્ત લોકમાં આનંદ ઉપજાવી સ્વયમેવ દેહનો ત્યાગ કરી, શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય ઘન પદમાં વિરાજમાન થાય છે. (સમાધિ સાધનામાંથી સાભાર)

## મૃત્યુમહોત્સવની કુમકુમ પત્રિકા :

"યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી" ગ્રંથના લેખકો 'જયભિખ્ખુ' તથા 'પાદરાકર,' પ્રકાશક શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ, મુંબઈ; તેમાંથી સાભાર ઉદ્ધૃત કરી અહીં એક પત્ર આપ્યો છે. પૂજ્ય સૂરીશ્વરજીએ આ એક અંતિમ પત્ર પોતાના જ્ઞાની ગૃહસ્થ શિષ્યને લખેલો હતો. તેમાં તેઓશ્રીએ જાણે મૃત્યુમહોત્સવની કુમકુમપત્રિકા આલેખી હોય તેમ દેખાય છે.

"સર્વ થકી મોટામાં મોટો પુરુષાર્થ કરવાનો એ છે કે મૃત્યુભયની વૃત્તિઓને જીતી લેવી તથા જીવવામાં ને મરવામાં તે તટસ્થ દૃષ્ટા તરીકે વર્તે છે ને સાક્ષીભાવ ધારણ કરે છે, તેથી તે દેહાદિકની સાથે બંધાતો નથી, અને તેથી આવતા ભવમાં તે જાતિસ્મરણજ્ઞાનને શીઘ્ર પ્રાપ્ત કરે છે. પુનર્જન્મનો

જેને પૂર્ણ નિશ્ચય થયો છે તથા કર્મનો જેને નિશ્ચય થયેલો છે તથા જેનો આત્મા શરીરમાં રહેલો છે અને શરીરને ઘોડા જેવું માનીને તેને વાહન તરીકે માને છે તે દેહાદિકમાં બંધાતો નથી; અને મરણકાળે તેની આંખો વગેરે બંધ થાય, કાન બંધ થાય, બાહ્ય ઇન્દ્રિયોનું ભાન તે વખતે ના રહે તો પણ અંતરથી તે મરણકાળે જાગૃત રહે છે, અને તે મરણકાળે આત્માની અનંતગણી શુદ્ધિ કરે છે.

"આત્મા અમર છે અને તે દેહોના સંબંધમાં વર્તતા છતાં પણ સર્વથી દેહાતીત છે. એવો પૂર્ણ નિશ્ચય થાય તો મોટામાં મોટો મૃત્યુભય ટળી જાય. મૃત્યુ શરીરનું થાય છે અને મૃત્યુ આત્માની ઉચ્ચ દશાની શ્રેણીઓમાં ચઢતાં આગળના ઉચ્ચ દેહો ધારણ કરવાને માટે ઉપયોગી થાય છે: અને આગળ આત્માની પરમાત્મદશા પ્રગટ કરવામાં આ દેહે પુરુષાર્થ ન થતો હોય અને જે કાર્ય સિદ્ધ ન થતું હોય તે બીજા દેહે કરવા માટે વચ્ચે રહેલું દેહનું મરણ ઘણું ઉપયોગી થઈ પડે છે. એવું આત્માર્થી જ્ઞાની ભક્તપુરુષ માટે સમજાય છે."

"જ્ઞાની પુરુષો જીવનથી હર્ષ પામતા નથી અને મરણથી શોક કરતા નથી. તેઓ જીવતાં છતાં અમુક દૃષ્ટિએ દેહ પ્રાણનું મૃત્યુ અનુભવે છે અને તેથી દેહ અને પ્રાણ વગેરે સાધનોને વ્યવહારોપયોગી ગણી તેની સાર–સંભાળ કરે છે; પણ જ્યારે તેને નાશ થવાનો હોય છે ત્યારે ઘણા આત્મભાવમાં જાગૃત થાય છે, આત્મોપયોગી થાય છે અને પહેલેથી તેમનો તેવો

આત્મ ઉપયોગ વર્તવાથી, મરણકાળે દુઃખ પડે છે અને બાહ્ય ઇન્દ્રિયોનું ભાન ભૂલાય છે તો પણ, અંતરથી જાગૃત હોય છે.... કારણ કે તેણે પહેલાંથી ઉપયોગ વડે તેવી ગતિ આપી હોય છે; તેથી સમ્યક્‌જ્ઞાનીનું સમાધિમરણ થાય છે, અને તે ઉપયોગ-પૂર્વક દેહને છોડી શકે છે અને તે બીજા ભવમાં જાય છે તો પણ પોતાનું ભાન કાયમ રાખે છે."

"એક વાર સમ્યક્‌દૃષ્ટિ થઈ તો તે પછી જીવ ગમે ત્યાં જાય તો પણ પોતાના આત્માનો વિકાસ જ કરવાનો અને અંતરની પરમાત્મદશા પ્રગટ કરવાની પ્રગતિને પ્રગટ કરવાનો જ, તેમાં શંકા છે જ નહીં, મરણ એ વૈરાગ્ય દેનાર શિક્ષક છે."

"નાનું બાળક જેમ ભય પામે છે ત્યારે માતાની અને પિતાની સોડમાં ભરાય છે, તેમ વૈરાગી આત્મા મૃત્યુના ભયથી પરમાત્મસ્વરૂપની નજીકમાં જાય છે ને પરમાત્માનું શરણ અંગીકાર કરે છે અને અંતરમાં પરમાત્માનો અનુભવ કરીને પછી તે નિર્ભય બને છે...."

"જ્ઞાની આત્મા ક્ષણે ક્ષણે મૃત્યુની સામે દેહમાં રહેતો છતો યુદ્ધ કર્યા કરે છે અને તે જ્ઞાનસમાધિમરણ પ્રાપ્ત કરે છે. કોઈનું કેવું મરણ થાય તે પોતે જાણી શકે, કેવળજ્ઞાની જાણી શકે અને તેથી અમુક મનુષ્યનું કેવું મરણ થયું તે મરનાર પોતે જ અનુભવી શકે...."

"શરીરનો ઝબ્બો બદલવો તે જેવું બાહ્યથી કાર્ય દેખાય છે, તેવું જ જ્ઞાનીનું દેહ બદલવારૂપ કાર્ય છે. આ પ્રત્યક્ષ દેખાતા દેહ વગેરેના સંબંધો જ્યાં સાચા માનવામાં આવે છે ત્યાં મૃત્યુભય

રહેલો છે; અને મરણ બાદ આત્માની હયાતીનો જ્યાં નિશ્ચય હોય છે ત્યાં જ્ઞાનભાવ જાગૃત થાય છે અને મૃત્યુભય ટળે છે અને આત્મા મુક્તિના પંથે ક્રમે ક્રમે ચઢતો છેવટે અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટ કરે છે અને પરમાત્મા થાય છે."

"જ્ઞાનીઓના શરીરને જો મૃત્યુ ના હોત તો તે આગળ ચઢી શકત જ નહીં. જ્ઞાની મૃત્યુનો કાળો પડદો ચીરીને તેની પાછળ આત્મપ્રકાશ દેખે છે ને તેથી તેઓ નિર્ભય બને છે. મૃત્યુકાળની વચલી દશા અંધકારના જેવી છે, પણ જ્ઞાનીને તો તે દશા પ્રકાશવાળી લાગે છે, અને તેથી તેને જેમ જાગ્રત દશામાંથી ગાઢ નિદ્રામાં જવું અને ગાઢ નિદ્રામાંથી જાગૃતમાં જવા જેવું લાગે છે....પંખી જેમ પોતાના શરીર પરની ધૂળ ખંખેરી દે છે તેમ તે સર્વ પ્રકારની વાસનાને ખંખેરી નાખી ચોક્ખો બને છે અને તેથી તે નિર્ભય બને છે."

"મરણ કઈ વખતે થવાનું છે તેનો પહેલેથી નિશ્ચય થતો નથી, માટે પહેલેથી જ્ઞાન, ધ્યાન, સમાધિથી ઘણું ચેતી લેવું જોઈએ, અને ઘણી આત્માની શુદ્ધિ કરી લેવી જોઈએ...."

"શુદ્ધાત્માનું સ્વરૂપસ્મરણ કરવું, પરમેશ્વરમાં પોતાનું મન લયલીન કરવું, તે જ પ્રભુમાં રહેવાનું છે....પ્રભુમાં રહીને આત્મપ્રભુ પ્રગટાવવા આત્મોપયોગે જીવાય છે અને બાહ્યથી આયુષ્ય ઉદયે શરીરથી પણ જીવાય છે. આવી રીતે એ નોખાં જીવનને અનુભવાય છે અને વર્તાય છે, અને શુદ્ધ પૂર્ણ પરમાત્મા થવા માટે અંતરમાં ઉપયોગદશાથી મોહની

સાથે યુદ્ધ થાય છે અને તેવું યુદ્ધ અંતરમાં ચાલે છે તેનો અનુભવ થાય છે. આવા યુદ્ધમાં દેહ ને પ્રાણનું મૃત્યુ થતાં આત્માનો વિજય થાય છે, એ નિ:સંશય વાત છે. એમાં ક્ષણ માત્રનો પ્રમાદ કર્યા વિના આગળ વધવાની જરૂર છે અને આત્માના પ્રદેશો જે અનુભવજ્ઞાન નહીં પામેલા હોય તે પ્રાપ્ત કરવાની જરૂર છે.

"એક વાર આત્માનો પૂર્ણ નિત્યત્વપણાનો અનુભવ થયો કે તે પછીથી આત્મા તરત જ નિર્ભય થવાનો જ અને આખા જગતના જીવોને ડરાવનાર મૃત્યુની સામે તે નિર્ભય થઈને ઊભો રહેવાનો જ અને આત્મા શૂરવીર બનવાનો જ. આત્માની અનંત શક્તિ છે.... આવી દશા પ્રગટ કરવા માટે પહેલાથી જ નિરુપાધિ નિવૃત્તિ મેળવવી જોઈએ અને જ્ઞાનીઓની સંગતિ કરવી જોઈએ, અને સર્વ જીવોને ખમાવી લેવા જોઈએ.... અને તેથી તે પોતાનું સાધ્ય ભૂલતો નથી અને મરણાદિ પ્રસંગ આવ્યે છતે ખરો યોદ્ધો બની જાય છે. દરેક મનુષ્યે પહેલાંથી આવી દશા પ્રગટ કરવામાં પુરુષાર્થ કરવો. પરિગ્રહ મૂર્ચ્છાની વૃત્તિઓને રોકવી અને શુભાશુભ વૃત્તિઓથી પોતાનો આત્મા ન્યારો છે એવો જે અનુભવ કરવો તે જ આત્મપ્રભુનો સાક્ષાત્કાર છે.... તે દિશા તરફ ઉત્સાહથી લગની લગાડો અને આત્મપ્રભુને અનુભવવાની તથા નિર્ભયદશા પ્રાપ્ત કરવાની તાલાવેલી પ્રગટ કરો. જરા માત્ર પણ પ્રમાદ ન કરો. ઉપયોગ ભૂલાય કે પાછો ઉપયોગ પ્રગટ કરો....દુનિયાના આવશ્યક કર્તવ્યો કરવાં પરંતુ અંતરમાં

ઉપયોગી રહેવું અને મરણદશાની પહેલાં આત્માનો શુદ્ધ ઉપયોગ ધારણ કરવો જોઈએ. એક પણ આત્મા સંબંધી કરેલો વિચાર નકામો જતો નથી, તો પછી ક્ષણે ક્ષણે જે આત્માનો વિચાર કરવામાં આવે છે તેથી મુક્તિ થયા વગર રહે જ નહિ તે વાત નિશ્ચય છે."

"જ્ઞાની, ભક્ત, ધર્મી પુરુષને આત્માની પૂર્ણ શુદ્ધિને માટે, આત્માની પૂર્ણ પરમાત્મદશા થવા માટે, દેહાદિક પરિવર્તન હોય છે, અને પૂર્ણ કાર્ય થયે છતે દેહાદિકનો અભાવ થાય છે. એવી જ્ઞાની ભક્તને પૂર્ણ ખાતરી થવાથી તેને મૃત્યુ પણ એક મહોત્સવ જેવું લાગે છે અને શિવસુંદરી વરવા માટે તેને લગ્ન મંડપના ઓચ્છવ જેવું લાગે છે; તેથી દેહ રહે અગર ન રહે તો પણ તેને તો સમભાવ પ્રવર્તે છે."

"ફક્ત વાચનજ્ઞાનથી આત્મા ઉપર ઊંડી અસર થતી નથી અને મન પર થયેલી ક્ષણિક અસર તો પાછી ભૂંસાઈ જાય છે, માટે આત્મામાં નિર્ભયતાના ઊંડા સંસ્કારો પડે અને તેનો પૂર્ણ અનુભવ થાય તેવો પુરુષાર્થ આ ભવમાં કરવો જ જોઈએ અને તેને માટે ત્રણ ભુવનની શહેનશાહીને નાકના મેલ સમાન જાણીને તેનો પણ ત્યાગ કરી, આત્માની ઉચ્ચ દશા પ્રાપ્ત કરવાની લગની લગાડવી જોઈએ, અને એવી લગની પોતાની લાગી છે કે કેમ તેનો ખ્યાલ પોતાનો આત્મા પોતાને આપે છે. એક વાર આત્માને પોતાની સાક્ષીનો ખ્યાલ આવે તો તે પરમાત્મદશાની છેક નજીકમાં જાય છે અને તેને પછી આ દુનિયા નાના બાળકના ખેલ

જેવી લાગે છે અને તેથી તે તેમાં નિર્બંધ રહે છે. આવી દશા પામેલાઓની, એક ક્ષણ માત્ર પણ પ્રમાદ કર્યા વગર, સંગતિ કરવી, અને પોતાનામાં તેવી દશા પ્રગટાવવી અને દેહ-પ્રાણના મરણ પ્રસંગે મૃત્યુ મહોત્સવ જેવું અનુભવાય અને તેનો ખ્યાલ પોતાના અંતરમાં આવે તેવી દશાના અનુભવમાં આગળ ચઢવું જોઈએ."

"આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાનના વિચારોને તો જીવતાં જ મારી નાખવા જોઈએ અને તે જીવતાં મરી ગયાની પોતાને ખાતરી ન થાય ત્યાં સુધી પુરુષાર્થ કરવામાં ખામી ન રાખવી જોઈએ, અને એક ક્ષણનો પણ પ્રમાદ ન કરવો જોઈએ. અનંત ભવોમાં પોતાનાં પાડેલાં નામો અને દેહનાં અનેક રૂપો તથા વર્તમાનકાળનું નામ તથા વર્તમાનકાળની દેહાકૃતિ-રૂપ હું નથી, હું આત્મા તેથી ન્યારો છું, તેવો પૂર્ણ અનુભવ અંતરમાં પ્રગટવો જોઈએ અને તે પોતાને વેદાવો જોઈએ."

"તેથી જે કાંઈ બનવાનું હોય છે, તે સારા માટે બને છે અને તે આત્મોન્નતિ માટે થાય છે, તેમ જાણી સેવા, ભક્તિ, જ્ઞાન ઉપાસના, સત્ક્રિયા આદિ સર્વ ધાર્મિક યોગોના સાધનોની સાધના થાય છે અને સાધનભેદે ભેદ છતાં અંતરમાં અભેદભાવ વર્તે છે, અને પ્રભુને પ્રગટ કરવા પ્રભુની પ્રાર્થના થાય છે."

"મૃત્યુનો દ્રષ્ટા આત્મા છે, મૃત્યુ દૃશ્ય છે. આત્માથી મૃત્યુ ન્યારું છે. મૃત્યુ એ પોતાનો સાથી છે, મિત્ર છે, ઉપકારી છે. ભાવિભાવ મૃત્યુકાલે મૃત્યુને પણ નિર્ભયભાવે

લેટવું ને આગળ વધવું, એ જ જ્ઞાની આત્માનું કર્ત્તવ્ય છે,....અંતરમાં ઊંડા ઊતરીને મૃત્યુ ને અમૃત્યુનો વિચાર કરો અને આગળની મુસાફરી જ્યારે કરવાનો પ્રસંગ આવે ત્યારે પહેલાંથી ચેતીને શૂરવીર બનો."

"સમકિતરૂપ કેસરિયાં કરીને જ્ઞાની પુરુષો પાછાં ડગલાં ભરતાં નથી અને મૃત્યુકાલે આવું ધર્મયુદ્ધ કર્યા વિના સ્વરાજ્ય મળવાનું નથી. આત્મપ્રભુના રાજ્યમાં જવા માટે સંતપુરુષોએ અંતરમાં યુદ્ધો કર્યા છે અને કરે છે....પોતાની દૃષ્ટિ જ પોતાને તારે છે, અન્ય સાધનો તો નિમિત્ત માત્ર હોય છે. આવી દશા પ્રગટાવવી તે જ આત્મપ્રભુનું પ્રાકટ્ય છે અને એ જ પરમેશ્વરનો સાક્ષાત્કાર છે. તેવી રીતે હૃદયમાં આત્મપ્રભુને પ્રગટ કરીને આયુષ્ય સંબંધે જીવતાં જ્ઞાની આત્માને મૃત્યુ પણ મિત્રરૂપ થઈને તેને મોક્ષે જવામાં સહાયક બને છે, તો પછી બીજા પદાર્થનું કહેવું જ શું?"

"માટે સર્વ પ્રકારના તર્ક વિતર્કમાંથી મન પાછું ખેંચી લઈને સમ્યક્દૃષ્ટિની શુદ્ધોપયોગ દશા પ્રગટાવવા અતિ પુરુષાર્થ કરો અને પરાભાવનો અંતર્નાદરૂપ પ્રભુનો પેગામ પ્રકટીને નિર્ભયતા જાહેર ના કરે ત્યાં સુધી વિશ્રાંતિ ના લો અને આગળ વધો. તમને આગળ વધવામાં શાસન દેવો, સંતોની સહાય થાઓ."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## અંતિમ આલોચના :

ખમત ખામણાં.

ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં,
સાહુ મંગલં, કેવલિ પન્નતો ધમ્મો મંગલં.
ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા,
સાહુ લોગુત્તમા, કેવલિ પન્નતો ધમ્મો લોગુત્તમા.
ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ,
સિદ્ધે સરણં પવજ્જામિ, સાહુ સરણં પવજ્જામિ,
કેવલિ પન્નતં ધમ્મં સરણં પવજ્જામિ.

× × ×

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્જ્ઝં ન કેણઇ.

સર્વ જીવોને હું ખમાવું છું, સર્વ જીવો મને ક્ષમજો. મારે સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ છે, કોઈ પ્રત્યે વેરભાવ નથી.

× × ×

આ ભવમાં, પૂર્વે અનંતા ભવોમાં, આજ દિન આ ક્ષણ પર્યંત રાગ, દ્વેષ અને અજ્ઞાનવશે, જાણતાં અજાણતાં મેં જે જે પાપ મન વડે ઉપાર્જ્યું હોય, જે જે વચન વડે બાંધ્યું હોય અને જે જે કાયા વડે કર્યું હોય તે સર્વ પાપ મિથ્યા થાઓ.

× × ×

**ક્ષમાપના,**

હે પ્રભુ! આ જીવે મનથી, વચનથી, કાયાથી જાણતાં અજાણતાં, ઉપયોગપણે કે અનુપયોગપણે આપના સંબંધી, આપનાં જ્ઞાન–દર્શન–ચારિત્ર સંબંધી, પંચપરમેષ્ઠિ ભગવંત સંબંધી, જ્ઞાન અને જ્ઞાની સંબંધી, દર્શન અને દર્શી સંબંધી, ગુરુ સંબંધી, મુમુક્ષુ સંબંધી, સાધર્મી અને અન્યધર્મી ભાઈ બેન સંબંધી, કુટુંબ સંબંધી, સંસારના સમસ્ત જીવો સંબંધી, અશાતના, વિરાધના આદિ કોઈ પણ દોષ કર્યા હોય, કરાવ્યા હોય, કર્તા પ્રત્યે અનુમોદ્યા હોય તે આપની પાસે પશ્ચાત્તાપપૂર્વક ક્ષમાવું છું. મારા તે સર્વ દોષો ભસ્મ થાઓ.

હે નાથ! પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, અબ્રહ્મ, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશૂન્ય, પરપરિવાદ, રતિ–અરતિ, માયા–મૃષાવાદ અને મિથ્યાદર્શનશલ્ય એ અઢાર પાપસ્થાનકમાંથી કોઈ પણ સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતા પ્રત્યે અનુમોદ્યા હોય તે સર્વ દોષોની સિદ્ધ પ્રભુ અને અરિહંત પ્રભુની સાક્ષીએ બે હાથ જોડી, માન મોડી ક્ષમાવું છું. હે પ્રભુ! મારા તે સર્વ દોષો મિથ્યા થાઓ, મિથ્યા થાઓ.

હે પ્રભુ! ઉદયકાળ પ્રમાણે વર્તતાં રાગદ્વેષ આદિ કર્યા હોય, તે માટે માફી માગું છું. મને સદાય આપનું સ્મરણ અને શરણ રહો એ જ વિનંતિ છે.

## અંતિમ સાધના અને પ્રાર્થના :

ઉપશમસ્વરૂપ અનુભવી જ્ઞાની ભગવંતોનાં અપૂર્વ અમૃત-વચનો પર અત્યંત વિવેકથી વિચારતાં તે નિઃશંક સત્ય જણાય છે, પ્રતીતરૂપ થાય છે. આથી મારો દૃઢ નિશ્ચય છે કે આ જગતને વિષે એક આત્મા જ પ્રાપ્ત કરવા યોગ્ય છે, સત્કારવા યોગ્ય છે, સન્માનવા યોગ્ય છે, આદરવા યોગ્ય છે, સંકીર્તન કરવા યોગ્ય છે, આરાધવા યોગ્ય છે, તેમ ઉપાસવા યોગ્ય છે.

કેમકે સર્વ પદાર્થોમાં એક આત્મા જ નિત્ય છે, અવિનાશી છે, જ્ઞાનદર્શનમય છે, સુખસ્વરૂપ ને શાંત સ્વરૂપ છે, અટલ અનુભવરૂપ છે, અમર્યાદ અનંત શક્તિનો ધારક છે, સર્વ અવસ્થાઓમાં સદા ન્યારો ને ન્યારો રહેનાર છે, ભયંકર કર્મોની જાળમાં સપડાયા છતાં, લેપાયા છતાં તે તેવો ને એવો નિર્લેપ અને શાશ્વત ગુણોથી સુશોભિત રહેનાર અચિંત્ય ત્રિકાળી પદાર્થ છે.

અહો જ્ઞાનીપુરુષોએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પ્રરૂપેલ આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવું અદ્‌ભુત અને સુંદર છે?

"દ્રવ્યથી—હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું.

ક્ષેત્રથી—અસંખ્યાત પ્રદેશાત્મક નિજ અવગાહના પ્રમાણ છું.

કાળથી—અજન્મ, અજર, અમર, શાશ્વત છું.

સ્વપર્યાયપરિણામી સમયાત્મક છું.

ભાવથી—ચૈતન્યસ્વરૂપ માત્ર નિર્વિકલ્પ દૃષ્ટા છું."

—શ્રીમદ્ રાજચંદ્ર

આથી હું મારા આત્મકલ્યાણને અર્થે આ ભાવનાઓ હૃદયપૂર્વક ભાવું છું અને અંતરમાં ઉતારૂં છું.

હું એક શુદ્ધ આત્મા છું. મારા આત્મા સિવાય મારું કોઈ નથી તેમ હું અન્ય કોઈનો નથી એમ શ્રદ્ધું છું.

મારાં ચક્ષુથી જે જે દૃશ્ય પદાર્થો હું જોઉં છું, તે તે સર્વ, દેહ, સ્વજનો, કુટુંબ, સ્નેહી સંબંધીઓ, જર, જમીન આદિ પર્યાયસ્વરૂપ અને વિનાશી છે; હું તે સર્વથી સર્વથા ભિન્ન છું. આથી તે સર્વ પરદ્રવ્યોનું મમત્વ મને દુઃખ પરંપરાનો હેતુ છે એવું સ્પષ્ટ ભાન થયું હોવાથી તે પરની મમતાને હું અત્યંત તજી દઉં છું અને ઉપકારી શુદ્ધ નિજદ્રવ્યનું અવલંબન લઉં છું.

જે જે પદાર્થો નાશવંત છે અને પોતાને પણ સહાયરૂપ થઈ શકતા નથી તો તે મને રક્ષણકર્ત્તા કેવી રીતે થઈ શકે? આથી હું તે પદાર્થો પ્રત્યેની શ્રદ્ધા અને મોહિનીનો, પ્રીતિ અને આસક્તિનો આ ક્ષણથી જ ત્યાગ કરૂં છું. માત્ર મારા અવ્યાબાધ પરમાનંદસ્વરૂપ આત્મામાં જ પ્રેમ અને શ્રદ્ધા કરૂં છું.

ક્રોધ, માન, માયા, લોભ, રતિ–અરતિ, ભય આદિ કષાય અને નોકષાય ભાવો મારા અંતરંગ સાચા શત્રુઓ છે, એમ મેં હવે તેમને તેમના સાચા સ્વરૂપે ઓળખી લીધા છે અને મારા બળવાન તથા અચળ નિશ્ચયબળથી તેમને જીતવા માટે ઉદ્યમી થયો છું. ભગવત્ કૃપાથી મારા આત્મામાં શ્રદ્ધા પ્રકાશે છે કે આખરે તેની સતામણી દૂર થશે.

જેમ જેમ ઉપરોક્ત કષાયભાવો વધુ અને વધુ દબાતા જાય છે, તેમ તેમ મારૂં સત્યસ્વરૂપ અંધકારના પડદાને ચીરીને ચારે બહાર આવતું જાય છે.

મનની સમસ્ત કલ્પિત પ્રવૃત્તિ અટકી જઈ તે શાંત થતાં જ મારૂં સહજાનંદી શુદ્ધ કેવળજ્ઞાન સ્વરૂપ પ્રગટ થશે એવી આનંદપ્રેરક પ્રતીતિ અંતરમાં વર્તે છે.

આથી હવે સંકલ્પ-વિકલ્પ કે રાગદ્વેષ કરવાની મારી લેશ માત્ર ઇચ્છા નથી. પરસંયોગો સંબંધી કલ્પનાજાળને દૂર કરી હું મારા પોતાના આનંદમય, જ્ઞાનમય, દર્શનમય, ચારિત્રમય, શાંતસ્વરૂપ આત્મામાં ઉપયોગ લગાવીને સ્થિર થવા પ્રયત્ન કરું છું.

જ્યારે મારું ચિત્ત બહારના દેહ, સ્વજનો, સ્નેહીજનો આદિ પ્રત્યેના અશુભ ધ્યાનથી પાછું વળી જઈ નિજાત્માના દર્શન માટે પ્રયત્નવાળું થાય છે, ત્યારે આશ્ચર્યકારક રીતે તે દેહાદિક સમસ્ત પદાર્થો ક્ષણ માત્રમાં વિલીન થાય છે; તે બધા ક્યાં અદૃશ્ય થઈ ગયા તેનો કંઈ પત્તો લાગતો નથી. તો પછી મને મરણાદિનો ભય શાનો? સ્વસ્વરૂપના ચિંતનનું અને ધ્યાનનું ફળ કેવું અલૌકિક છે!

પ્રભુકૃપાથી હું હવે મનની સ્થિરતા અને ચિત્તની શાંતિનું સર્જન કરૂં છું. હું સ્થિર અને શાંત થાઉં છું. હું અત્યંત સ્થિર અને શાંત થાઉં છું. હું પરમાત્મસ્વરૂપ છું એમ પ્રતીત કરૂં છું.

## પ્રાર્થના પહેલી

હે પ્રભુ! નિગોદથી માંડીને મનુષ્યપણું પ્રાપ્ત કરી વર્તમાનકાળ પર્યંત જે જે ભગવાનરૂપ સત્પુરુષો અને જ્ઞાની પુરુષો આ જીવના ક્રમિક આત્મદશાના ઇષ્ટ વિકાસમાં નિષ્કારણ કરુણા કરી ઉપકારભૂત થયા છે અને આગામી કાળમાં પૂર્ણ શુદ્ધતા, નિર્વિકારતા અને વીતરાગતા પામતાં સુધીમાં થશે તે સર્વ ભગવંતોને અત્યંત ભક્તિથી વંદન કરું છું.

હે અમૃતસાગર કૃપાવંત પ્રભુ! આપની અસીમ કૃપાથી, અગમ, અગોચર, અમીમય દિવ્ય દૃષ્ટિથી મારું હૃદય આજે પ્રભાતના ઉદયકાળથી નિર્મળ પ્રેમાનંદથી ઉભરાય છે; અંતરંગમાં ઉછરંગનાં તરંગો ઊછળી ઊછળીને સમાય છે; તરંગો સમાતાં વિશુદ્ધ પ્રેમશ્રદ્ધાનો પ્રેમળ ઝરો દેહમાં કોઈ ન સમજાય તેવી શીતળતા પાથરતો હોય તેવો આભાસ થાય છે અને ચિત્તપ્રસન્નતા અનુભવાય છે. આ પ્રકારનો સુરમ્ય અને આનંદપ્રેરક અનુભવ અત્યાર સુધી ક્યારે પણ થયો નહોતો, તેથી અંતરમાં એમ દૃઢ નિશ્ચય થાય છે કે આપને પ્રાર્થના સહિત કરેલી વિનંતી કેટલી બળવાન, એકાંત હિતકારી અને કલ્યાણકારી ફળ આપવામાં સમર્થ છે!

સૂક્ષ્મ અભ્યંતર અવલોકનથી જોતાં પ્રગટ ભાસે છે કે વિશુદ્ધતાએ કરેલી વિનંતી મારા ચિત્તની વિકારી, વ્યભિચારી અને મલિન અવસ્થાને ટાળી વિશુદ્ધ કરવા પ્રવૃત્ત થઈ ચૂકી છે; મળ વિક્ષેપની વિશેષ ન્યૂનતાથી ઉત્પન્ન વિશુદ્ધિના કારણે એ હૃદયપૂર્વક કરેલી વિનંતિ નિરાગી, સહજાત્મસ્વરૂપ પરમગુરુ

આપ પ્રભુની સમીપ લઈ જવામાં પ્રગટેલા દીપ સમાન પ્રકાશ-રૂપ બની છે; અને મારી પ્રબળ ઉમેદરૂપ આશા છે, અચળ શ્રદ્ધા છે કે એક દિવ્ય જ્યોતિર્મય સુભગ કાળે યથાતથ્ય નિમિત્તને પામીને મારા અંતર્ચક્ષુની બંધ બારી પરભારી ઉઘાડવામાં સહાયકારી થશે. તેનું સુંદર ફળ એ આવશે કે મારૂં વિક્ષિપ્ત ચિત્ત અક્ષોભપણાને પામીને આપનાં પવિત્ર ચરણકમળમાં ચોંટી રહેશે; અને એક વખત એવો પરમાર્થ-પુણ્યનો અદ્વિતીય ઉદય આવશે કે આનો નિવાસ સર્વ અંધનપાશનો નાશ કરી આપનાં ચરણ પાસે જ હશે. તે મારો દિવસ પરમ ધન્ય હશે.

હે પરમકૃપાળુ પરમાત્મા! આપની ભક્તિનું ફળ આવડું મોટું છે તેની યથાર્થ પ્રતીતિ આ આત્મામાં નિશ્ચયે પ્રકાશિત થઈ છે. મારે તો હવે આપની કૃપાથી આપની આજ્ઞાનું આરાધન એક ચિત્તે, મન-વચન-કાયાની એકાગ્રતાથી અને એક-નિષ્ઠાએ કરવું છે: કેવળ નિઃશંક, નિર્ભય અને નિઃસંગ થવું છે.

## પ્રાર્થના બીજી

પ્રાર્થના લખતાં પહેલાં એક અગત્યની વાત જણાવવી ઉચિત લાગે છે, તે કહીએ છીએ કેટલાંક કારણસર અમારૂં માનવું થયું છે કે કોઈ મનુષ્યના દેહાયુષ્યનો કાળ છ માસનો બાકી રહે, ત્યારે જ તેને પ્રભુકૃપાએ તેનું સ્પષ્ટ અને ચોક્કસ જ્ઞાન મળી શકે છે. આ સમય કરતાં વધુ અવધિનું જ્ઞાન ચોક્કસપણે પ્રાપ્ત થવું લગભગ અસંભવિત છે, એમ લાગ્યા કરે છે. સત્ય તો સર્વજ્ઞ પ્રભુના જ્ઞાનમાં હોય તે ખરૂં. અમ

પુસ્તકમાં દૃષ્ટાંતો આપવામાં આવ્યા છે, તેમાંનાં ત્રણ દૃષ્ટાંતો ઉપરની વાતનું સમર્થન કરે છે. જુઓ (૧) રમણ મહર્ષિ (૨) ચિરૌંજાબાઈ (બાઈજી) અને (૩) સંત મલૂકદાસ. આ અદ્‌ભુત જ્ઞાન આત્મજ્ઞાની પુરૂષને અથવા પ્રભુભક્તને પોતાની ભાવનાની પૂર્તિ અર્થે સંપ્રાપ્ત થાય તેમાં કંઈ આશ્ચર્ય નથી. પરંતુ પ્રભુમાં પ્રેમ અને વિશ્વાસ ધરાવતો મનુષ્ય પણ જો તે જ્ઞાનની પ્રાપ્તિ માટે આકાંક્ષિત થાય, અને નિયમિતપણે પ્રતિદિન તે માટેના પ્રબળ ભાવ કર્યા કરે તો તેની પ્રાપ્તિનો લાભ તે મેળવી શકે છે. કારણકે એ તો અટલ અને અફર સિદ્ધાંત છે કે ભાવ કરવાથી કર્મબંધ થાય છે અને તે ભાવને ફરી ફરી વારંવાર ઘુંટવાથી તે કર્મ નિકાચિતરૂપ ધારણ કરે છે. ભાવ કરવામાં જ્યારે અંતરનો વેગ વધે છે અથવા પ્રબળ થાય છે, ત્યારે કર્મ શીઘ્રતાએ નિકાચિત બની જાય છે. પછી તો એ કર્મ યોગ્ય કાળે ઉદયમાં આવી ફળસન્મુખ થઈ ફળ આપે છે. આ સિદ્ધાંતનો જે કોઈ લાભ લેવા ઇચ્છશે, તે નિયમના ઉપયોગથી લઈ શકશે એ નિર્વિવાદ છે.

છ માસના શેષ આયુષ્યનું જ્ઞાન અત્યંત ઉપયોગી અને મહત્ત્વનું છે. તે સમય અતિ મૂલ્યવાન કહી શકાય. મૃત્યુને મહોત્સવરૂપે ભેટવાની તૈયારી આનંદપૂર્વક તે બક્ષિસરૂપ કાળમાં થઈ શકે છે. તે સમયમાં અધ્યાત્મ પુરુષાર્થને વધુ વેગ આપવાની વૃત્તિ નિજકલ્યાણના હેતુએ વેગવતી બને છે. ત્યાં મુખ્ય પુરુષાર્થ આત્મસ્થિરતા, આત્મસમાધિ અને આત્મશાંતિ ક્રમે ક્રમે વધતાં જાય તે પ્રકારનો હોય છે. શુભ તથા અશુભ નિમિત્તોના યોગે આત્મા તેની અસર નીચે ન

આવતા સ્વસ્થ પરિણામને ભજ્યા છે. તેવો તેનો પ્રશંસનીય પ્રયત્ન હોય છે. આત્મસ્થિરતાથી આત્મસમાધિ પ્રગટે છે અને આત્મસમાધિથી આત્મશાંતિનું સંવેદન થાય છે.

## શેષ આયુના જ્ઞાન માટે વિનંતિ

હે, પરમ કૃપાવંત ભગવંત! આ દેહનું આયુષ્ય છ માસનું બાકી રહે ત્યારે તેનું જ્ઞાન હૃદયમાં દિવ્ય ધ્વનિથી અને આપના પવિત્ર દર્શનરૂપ બળવાન પ્રતીતિથી આપીને આપના આ ભક્તજનને કૃપા કરીને ચેતાવશો.

હે પરમ કૃપાળુ પ્રભુ! કદાપિ તેટલું આયુષ્ય શેષ ન રહ્યું હોય તો જેટલો આયુષ્યકાળ ભોગવવાનો બાકી હોય તેનું સ્પષ્ટ જ્ઞાન અહીં કરેલી વિનંતિ પ્રમાણે જ આપવા કૃપા કરશો. તે માટેનો આપનો અસીમ ઉપકાર હું કદી પણ નહીં ભૂલું. હું ઉપકાર માન્યા કરીશ.

હે કરુણાવંત નાથ, આ જ્ઞાન અતિ જરૂરી અને આવશ્યક છે તથા મૃત્યુ પહેલાંની વિશેષ તૈયારી કરવા માટે ખૂબ જ ઉપયોગી અને ઉપકારી છે. તે કારણે હે દયાવંત પ્રભુ, એ જ્ઞાન વેળાસર ચોક્કસ આપવા માટે મારી આપને ફરી ફરીને વારંવાર વિનંતિ છે. મારી નિશ્ચલ શ્રદ્ધા છે કે એ જ્ઞાન મને આપની કૃપાથી અવશ્ય મળશે, અને તેનો ઉપયોગ મારા શ્રેયને અર્થે થશે. —ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## શેષ આયુના જ્ઞાન માટે વિનંતિ પદ્યમાં

પ્રભુ પૂર્ણ કરજે પ્રીતથી, ઇચ્છા ભલી આ દાસની;
સ્વીકારજે આ અરજ મહારી, ભાવ ભીના હૃદયની.

છ માસનું આયુષ્ય જ્યારે, બાકી રહે આ દેહનું;
કરુણા કરી પ્રભુ આપજે, જ્ઞાન એ અવધિતણું.

ચેતાવનારૂં જ્ઞાન સુંદર, અંતરધ્વનિથી આપજે;
મીઠાં, મધુર ને દિવ્ય એવાં, વચન થકી જણાવજે.

તેની પ્રતીતિ કાજ પ્રભુજી, ને ટાળવા સંદેહને;
તારા અલૌકિક રૂપનું, તું સ્પષ્ટ દેજે દર્શન મને.

ના હોય કદાપિ તેટલી, સ્થિતિ આયુષ્ય કાળની;
તો નિશ્ચયે જણાવજે તું, શેષ રહેતા આયુની.

નિશ્ચય છે મુજ મન મહીં, અવશ્ય ફળશે આશ મારી;
મળશે ઇચ્છિત જ્ઞાન ને, વધશે પ્રભુ વિશ્વાસ ભારી.

અન્ને અનુભવ થશે જ્યારે, આનંદ થાશે અપાર ત્યારે;
ધન્ય થશે અવતાર મારો, ધન્ય થશે અવતાર મારો.

માનીશ સદા નિર્મળ પ્રભુજી, તારો અસીમ ઉપકાર હું;
તારા ચરણમાં ચિત્ત જોડી, છેદીશ ભવ સંસાર હું.

પ્રભુકૃપાથી ફળશે જ્યારે, આ અરજીના મુજ ભાવ;
તે દિવસથી હું વધારીશ, પુરૂષાર્થનો પ્રબળ પ્રભાવ.

આત્મસ્થિરતા, સમાધિ, શાંતિ, એ ત્રણે અવસ્થા સારી;
ક્રમથી એ પદ પામવાની, ઉમેદ રહી છે માહરી.

નિષ્કારણ કરૂણા કરીને, કહ્યો છે પ્રાપ્તિ તણો ઉપાય;
અનંત કૃપા કરી પ્રભુએ, સમજુને સહેજે સમજાય.

કોઈ એક જ્ઞાની પુરુષનો, કરી રૂડો પરમ સત્સંગ;
શરણ સ્વીકારશો શ્રી ગુરુનું, હૃદય થકી ધરી ઉમંગ.

પ્રેમ શ્રદ્ધા વધતાં શ્રી ગુરુમાં, વધશે અર્પણતાના ભાવ;
પરિણામે સંયમ વધે ને, શુદ્ધ થાયે નિજ સ્વભાવ.

આયુ સ્થિતિ જે શેષ રહી છે, પ્રભુ તણી અમૂલ્ય બક્ષિસ;
પુરુષાર્થથી સાર્થક કરૂં હું, મેળવી સદ્‌ગુરુ આશિષ.

## પ્રાર્થના ત્રીજી

છેલ્લી ઘડીની વિનંતિ.

હે પ્રભુ! આ નશ્વર દેહના આયુષ્યની છેલ્લી ઘડી આવે તે અવસરે હું તારી પાસે આટલી માગણી કરું છું, તે તું પૂરી કરજે, કૃપા કરીને પૂર્ણ કરજે.

દેહાયુષની પૂર્ણતા એકાએક થોડી ક્ષણોમાં થાય તો પણ તારું સ્મરણ અને ધ્યાન આત્મજાગૃતિ પૂર્વકની તલ્લીનતાવાળું રખાવજે. દેહ વ્યાધિગ્રસ્ત બની નિર્બળ થતો જાય અને વ્યવહાર ઉપચારો નિષ્ફળતાને પામતા જઈ અંતિમ ક્ષણ સમીપ આવે ત્યાં સુધીના ઉપકારી કાળમાં તારૂં જ ચિંતન રટણ રહે એવું અવશ્ય કરાવજે.

હે પ્રભુ! દેહત્યાગની આકરામાં આકરી કસોટી વેળાએ અનંતકાળથી જીવ મુંઝાયો છે અને તે પ્રસંગે આત્મોપયોગ દેહાદિમાં રાખીને વર્ત્યો છે; પરંતુ હવે તારી અસીમ કૃપા મારા ઉપર ઊતરી હોવાથી તેમ ફરીથી નહીં બને એવો વિશ્વાસ છે તે માન્ય રાખજે.

હે પ્રભુ! મારાથી સર્વ પ્રકારે સર્વથા ભિન્ન એવા આ નાશવંત દેહની મરણપથારી પાસે સ્વજનો અને સગા-સંબંધીઓ એકઠાં મળ્યાં હોય અને આ દેહને જોતાં હોય, ત્યારે મને માયાનું એક પણ બંધન ન હો, મોહનો અંશ ન હો અને મમતાને સ્થાને સમતા હો એ તારી પાસે માગું છું; અને તેમાં સફળતા મળશે એમ તારા અનુપમ અનુગ્રહથી અંદરમાં પ્રતીતિ વર્તે છે.

હે પ્રભુ! સંસારના એ સર્વ સગાસંબંધીઓ પ્રત્યે એક મીઠી નજર ફેરવી જઈ તેમની તથા જગતના સમસ્ત જીવોની થયેલા સર્વ અપરાધ બદલ ક્ષમાયાચના કરું તેમ તેમનું કલ્યાણ ઇચ્છું તેવું મારી પાસે કરાવજે.

હે પ્રભુ! અશાતા વેદનીયનો કદી વિષમ ઉદયકાળ હોય અને મારાથી સહન ન થઈ શકે એવી દેહ પીડા ઊપડે તો મને તારો ભક્તજન જાણી તું એકદમ દોડીને હાજર થજે અને તારી તેજસ્વી મુખમુદ્રાના દર્શનથી વેદનાને ભૂલાવી હર્ષિત કરજે.

હે પ્રભુ! પૂર્વે જ્યારે તેં મને કરુણા લાવી ભક્તિનું દાન દીધું હતું, પ્રેમ પીયૂષની અંજલિ ભરીને પાઈ હતી અને શ્રદ્ધાના તેજને પાથરી અંતરનાં દ્વાર ઉઘાડયાં હતાં, ત્યારે તેં મને નિર્ભયપણે રહેવાનું વચન આપ્યું હતું, તે તું પ્રીતથી ને હેતથી પાળજે અને મને આ કસોટીકાળે નિર્ભય રાખજે.

વળી હે પ્રભુ! ઉપકાર કરી આ દેહ છૂટવાના દિવસનું

અને સમયનું જ્ઞાન તું મને ત્રણ દિવસ પહેલાં અગાઉથી આપજે જેથી હું તારા દિવ્ય સ્વરૂપનાં સ્મરણ, ચિંતન અને ધ્યાનની પૂર્ણ તૈયારીમાં ઉત્સાહપૂર્ણ હોંશથી અને આનંદથી રહી શકું.

હે પરમ કૃપાળુ! તારાં આ વચનો મારા હૃદયમાં સતત ગુંજ્યા કરી બળ આપે છે કેઃ—

"પરમ યોગી એવા શ્રી ઋષભદેવાદિ પુરુષો પણ જે દેહને રાખી શક્યા નથી, તે દેહમાં એક વિશેષપણું રહ્યું છે તે એ કે, તેનો સંબંધ વર્તે ત્યાં સુધીમાં જીવે અસંગપણું, નિર્મોહપણું કરી લઈ અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી, બીજા સર્વ ભાવથી વ્યાવૃત્ત (છૂટા) થવું કે જેથી ફરી જન્મ-મરણનો ફેરો ન રહે. તે દેહ છોડતી વખતે જેટલા અંશે અસંગપણું, નિર્મોહપણું, યથાર્થ સમરસપણું રહે છે, તેટલું મોક્ષપદ નજીક છે એમ પરમ જ્ઞાની પુરુષનો નિશ્ચય છે."

—શ્રીમદ્ રાજચંદ્ર (૭૮૦)

તો હવે હે પ્રભુ! મારી છેલ્લી ઘડીની વિનંતિ છે કે મારો છેલ્લો શ્વાસ સંચરે ત્યારે તારી પ્રેમભક્તિના આરાધનથી મારી આત્મદશાની જે યોગ્યતા તારા જ્ઞાનમાં દેખાતી હોય તે અનુસાર મારા આત્માની સ્થિરતા, સમતા કે શાંતિની નિમગ્નતા રખાવજે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(અમારા "ભક્તિમાર્ગનું રહસ્ય" પુસ્તકમાંથી)

—૦—

## પ્રાર્થના ચોથી

### અંત સમયની ભાવના

પ્રભુ આટલું મને આપજે, આયુષ્યની છેલ્લી ઘડી;
ના રહે મને કોઈ બંધન, માયાતણું છેલ્લી ઘડી.

મરણ પથારી પાસ સ્વજનો, ને સંબંધી હો ભલે;
જોયા કરે આ દેહને, પણ ચિત્ત મારું નવ ચાલે.

મીઠી નજર મારી ફરે, માગે ક્ષમા સહુ જીવની;
પ્રભુ આપજે માફી મને, નાની મોટી મુજ ભૂલની.

સહેવાય ના મારા થકી, એવી પીડા કદી ઉપડે;
તો દોડીને હાજર થજે, તું તેજસ્વરૂપી મુખડે.

છેલ્લી કસોટી આકરી પ્રભુ મુંઝવે સહુને ઘણી;
કૃપા કરીને તારજે મને, ભક્તજન તારો ગણી.

ભક્તિદાન આપી કહ્યું તેં, રહેજે હવે નિર્ભય થઈ;
વચન આપ્યું છે તે મને, તો પાળજે પ્રભુ હેતથી.

દિવસ ત્રણ બાકી રહે, ભગવાન! ત્યારે આપજે;
દેહત્યાગના સમયનું ને, દિનનું તું જ્ઞાન મને.

જેથી મંગલ હેતુએ હું, લીન થઈને કરી શકું;
ચિંતન રૂડું ને ધ્યાન ઊંડું, દિવ્ય જ્યોતિ સ્વરૂપનું.

શરીર બહુ નિર્મળ બને ને શ્વાસ છેલ્લો સંચરે
વેળા એવી તું આપજે, ના હોય અગવડ કોઈને.

પ્રભુ આટલું મને આપજે, તું આયુની છેલ્લી પળે;
શાંતિ સમતા સ્થિરતા, મને આવીને સહેજે મળે.

( અમારા "ભક્તિમાર્ગનું રહસ્ય" પુસ્તકમાંથી )

## છેલ્લી ઘડીની અવસરે....

**પ્રાસ્તાવિક:—**

ત્વરિત ગતિથી દોડી રહેલા આ વિજ્ઞાનયુગમાં જેમ અન્ય ક્ષેત્રે તેમ ઔષધાદિ ઉપચારના ક્ષેત્રે ચમત્કારિક શોધો થઈ રહી છે અને તેથી તેના પરિણામે નિષ્ણાત અને વિચક્ષણ ડૉકટરોનાં હૃદયમાં લગભગ અડગ એવો વિશ્વાસ આવી ગયો છે કે દર્દ ગમે તેટલું ગંભીર અને જીવલેણ દેખાતું હોય તો પણ મૃત્યુ ભયની સામે પડીને અંતકાળ સુધી ઉપચારની શ્રદ્ધામાંથી ચલિત થવું નહિ અને શકય એટલી છેલ્લામાં છેલ્લી શોધ મુજબની દવા અથવા સાધન ઉપયોગમાં લેવા. પ્રથમની ઉપલક દૃષ્ટિથી જોતાં આ વાત માનવધર્મની સાથે સુસંગત અને દયાભાવને પોષક એવી જણાતી હોવાથી ન્યાયયુક્ત લાગશે. પરંતુ જેણે પરમ કૃપાળુ શ્રી ભગવંતનો અખંડ સિદ્ધાંત પોતાના અંતરમાં દૃઢપણે સ્થાપિત કર્યો છે કે મૃત્યુ અનિવાર્ય છે અને તેમાંથી કદી છટકી શકાય તેમ નથી; વળી તેના આગમન માટેનાં ચિહ્નો પણ સુસ્પષ્ટ છે એમ તે જાણે છે, તેથી તેને લીધે ઊંડી વિચારણાના ફળરૂપે જે ઊંડી સમ્યક્દૃષ્ટિ તેણે કેળવી છે, તે દૃષ્ટિથી તે આ વાતને વિવેકથી જુએ છે ત્યારે તેના કોમળ રડતાં હૃદયમાં એમ સહજ આવે

છે કે મૃત્યુ સન્મુખ પહોંચેલો આ દર્દી કોઈ અપેક્ષાએ પજવણીરૂપ એવી સારવારથી મુક્ત થાય તો કેવું સારૂં!

દેહ છૂટવાના અંતકાળ સુધી ઉપચારવિધિ સતત ચાલુ રાખવાની રીત ઘણું કરીને મુંબઈ, મદ્રાસ, દીલ્હી જેવા મોટાં શહેરોમાં, ત્યાંની પ્રખ્યાત હોસ્પિટલોમાં અને શ્રીમંત અથવા પ્રતિષ્ઠિત વ્યક્તિઓના સંબંધમાં જોવા મળે છે. ઉચિતતા સુધી યોગ્ય ઉપચાર કરવાના વિરોધમાં લેશ પણ કહેવાનું હોય નહિ. પરંતુ જ્યારે જીવનદીપ બૂઝાવાની તૈયારી થઈ ચૂકી હોય, તેનાં એંધાણ સ્પષ્ટપણે મળી રહ્યાં હોય અને અતિ નિકટનાં સ્નેહી સ્વજનોનાં હૃદયમાં દર્દીની જીવવાની આશા કેવળ ઓસરી ગઈ હોય, ત્યારે તો આપ્તજનોએ નૈતિક હિંમત એકઠી કરી દાક્તરોને સર્વ ઉપચારો બંધ કરવાનું અને બધી પરિસ્થિતિને કુદરત ઉપર છોડી દેવાનું વિવેક–વિનયથી કહેવું ઘટે છે. એ અવસ્થાએ એ જ ઉત્તમ અને શ્રેયસ્કારી માર્ગ છે એમ સુવિચારથી જણાવા યોગ્ય છે. ઘણું કરીને તે વેળાએ દાક્તરોના અંતરનાં ઊંડાણમાં પણ દર્દી બચી જશે એવી આશાનું કોઈ કિરણ પ્રકાશિત હોતું નથી, તે છતાં બાહ્ય ફરજ સમજી તેઓ ઉપચાર કર્યા કરે છે અને તે થકી સંતોષ લે છે.

શરીરનાં કેટલાંક દર્દો અને અકસ્માત પ્રસંગો એવાં છે કે તેમની યોગ્ય સારવાર માટે દર્દીને ફરજિયાત હોસ્પિટલમાં લઈ જવા પડે છે અને ત્યાં તેમ કરવું જરાપણ ખોટું નથી. વિચારવા માટેનો પ્રશ્ન છે માત્ર છેલ્લી અવસ્થા સંબંધનો

અને તે દર્દીના હિતમાં જેટલી સુગમતાથી હલ થાય તે કર્ત્તવ્યરૂપ ગણવું.

## માંદગી : દર્દ અને દર્દી

શરીરમાં જ્યારે વ્યાધિ ઉત્પન્ન થાય છે અને કષ્ટ કે પીડા આપવાનું શરૂ કરે છે, ત્યારે મનુષ્યને માંદગીના બિછાને પડવાનું બને છે. કેટલાંક દર્દ એવાં છે કે જે ધીમે ધીમે જોર પકડી દર્દીને પોતાના પાશમાં સપડાવે છે, ત્યારે બીજાં કેટલાંક દર્દ નિદાન થતાં જ ઝડપથી આગળ વધી સર્વ માટે મુંઝવણ અને ઉપાધિ લાવનાર પૂરવાર થાય છે. આજે કેન્સર નામનું દર્દ એવા પ્રકારનું છે, એ સહુ કોઈ જાણે છે. ઘણું કરીને દર્દના વધી ગયા પછી જ તેનું નિદાન થાય છે. આ દર્દની ભડક અને તેની પીડાનો ભય અત્યંત છે. દર્દીને પોતાનું મૃત્યુ હવે સમીપ દેખાય છે. તેનું સમાધાન કરવા તે શક્તિથી હારી જાય છે. વાસ્તવમાં જોઈએ તો જણાશે કે બીજા પણ ઘણા રોગો છે, જ્યાં અપાર વેદના છે, ન સહી શકાય એવી પીડા છે અને વ્યાધિનું ઉગ્ર સ્વરૂપ છે, જેમકે જળોદર, હૃદયરોગ, મગજમાં સોજો ઇત્યાદિ, તથાપિ તે સંબંધે કેન્સરના દર્દ જેવો ગભરાટ હોતો નથી, એ આશ્ચર્ય છે. દર્દને કેવી દૃષ્ટિએ જોવું અને લેવું તે દર્દીના સંસ્કારો ઉપર, તેના ચારિત્રના ઘડતર ઉપર, તેના સંબંધમાં આવતા સંગીઓ અને પ્રસંગીઓ ઉપર, તેના મનની સ્થિતિ ઉપર અને તેનામાં વાસ કરી રહેલ ધર્મશ્રદ્ધા તથા ધર્મભાવનાના બળ ઉપર અવલંબિત છે. જો દૃષ્ટિ સીધી અને સરળ હોય તો દુઃખનું વેદન ન્યૂન

છે. આવી દૃષ્ટિવાળો કેન્સરના દર્દનો ભોગ બન્યો હોય, તો તે એમ વિચારશે કે બીજાં દર્દ જીવલેણ નીવડશે કે નહીં તેની સમજણ મોડી પડતી હોવાથી અસાવધ રહેવાનો યોગ આવે છે ને તેથી સ્વનું અહિત થાય છે, ત્યારે આ દર્દ પોકારીને આયુષ્ય અંતનો લક્ષ કરાવે છે, ચેતાવે છે, સાવધ કરે છે અને તેથી તે ઉપકારી ઠરે છે. અને જો દૃષ્ટિ સરળ નથી, સાચી નથી અને સીધી નથી, તો તેવી દૃષ્ટિવાળો માનસિક અસ્વસ્થતા, અશાંતિ, ઉદ્વેગ અને તાણખેંચનો અનુભવ કરી દુઃખનું વેદન વધારશે. તે વેળાની તેની અંતરૂસ્થિતિ દયાજનક હોય છે. મગજ પરનો એ ભાર હળવો કરવા જ્ઞાની પુરુષનાં દેહ, રોગ અને ભોગનું સત્યસ્વરૂપ બતાવનારાં અમૃતસ્વરૂપ વચનો અત્યંત કાર્યકારી થાય છે. દર્દીની શ્રદ્ધા અને રુચિ અનુસાર અનુકૂળતાએ એ વચનોનું શ્રવણ કરાવવું યોગ્ય ગણવું. ત્યારબાદ તેની પાત્રતા વધતાં વૈરાગ્ય-પ્રેરક વચનોનો આશ્રય લઈ તેની ચિત્તશુદ્ધિ કરવા પ્રયત્નશીલ થવું અને આખરે તેની વૃત્તિને અવિનાશી આત્મા પ્રત્યે વાળવાના ક્રમમાં દોરી જવી.

## માંદગી : ગંભીર અને ભયજનક સપાટીવાળી

માંદગીના ખાટલે પડેલા માનવીનું દર્દ ધીમે ધીમે અથવા એકાએક વેગથી વધી જાય છે અથવા આનુષંગિક અન્ય દર્દોનો પ્રસારણરૂપ હુમલો આવે છે, ત્યારે દેહમાં એકત્રિત થયેલાં દર્દોના સમૂહનો સામનો કરવામાં દાક્તરોને ઘણો શ્રમ લેવો પડે છે. તેમ છતાં નિષ્ણાત દાક્તરોના

કાળજીપૂર્વકના ઉપાયો અને ઉપચારો દર્દને કાબૂમાં લેવા સફળ થવાને બદલે નિષ્ફળતા ભણી જતાં જોવામાં આવે છે ત્યારે સાધારણ રીતે માની શકાય છે અને કહી પણ શકાય છે કે દર્દી ગંભીર હાલતમાંથી પસાર થઈ રહ્યો છે. તેની દેહસ્થિતિ ભયસૂચક સપાટી પર લગભગ આવી પહોંચી છે. એવી કટોકટીવાળી અવસ્થા ક્યાં સુધી ચાલશે તેનો અંદાજ દાક્તરોના અભિપ્રાયમાં ઘણું કરીને આવવાનો સંભવ હોય છે. મૃત્યુ ભયની સપાટી હવે સમીપ છે એવી શંકા દાક્તરોના હૃદયમાં ઉદ્ભવ પામે છે અને તે લગભગ સાચી ઠરે છે. માત્ર ક્યારેક જ અપવાદરૂપ એવા પ્રસંગો બને છે કે મૃત્યુને આરે પહોંચેલો કોઈ ભાગ્યવંત દર્દી પોતાના શેષ રહેલા આયુષ્યકર્મના બળે છેલ્લી ઘડીના ઉપચારના નિમિત્તથી અથવા તેવા કોઈ દવાના કે સાધનના આશ્રય વિના પણ મૃત્યુના ભયમાંથી ઉગરી જાય છે અને બાકી રહેલું આયુષ્ય પૂર્ણ કરે છે.

દિવસોના વહેણની સાથે દર્દની મુખ્યતાએ દર્દીની હાલત ગંભીર સ્વરૂપ પકડતી જાય છે તેનું સ્પષ્ટ જાણપણું સેવા–સારવારમાં રોકાયેલા સ્વજનોને ઘણું કરીને વેળાસર આવી જાય છે. દાક્તરોને પૂછતાં તેમના તરફથી મળતા નબળા ઉત્તરો પોતાના અભિપ્રાયને ટેકો આપનાર હોય છે. આથી આ દિવસોમાં દર્દીને જેમ બને તેમ અને જેટલું બને તેટલું વ્યવહાર તથા પરમાર્થના શુભ હેતુએ ઉપયોગી થવું જરૂરી છે. આ "સમાધિમરણ" પુસ્તકમાં ઘણું અગત્યનું અને

ઉપકારી સાહિત્ય, પ્રેરક મરણ પ્રસંગો, સમુદ્ઘાત, મરણ પૂર્વે અને પશ્ચાત્ દેહ સંબંધી ચમત્કૃતિઓ વગેરે આપવામાં આવેલ છે. દર્દીની અનુકૂળતાએ તેની ઇચ્છાનુસારનો વિભાગ તેમાંથી વાંચી સંભળાવવો અથવા મુખથી વાર્તારૂપે કહેવો. યોગ્ય અવસર જોઈ દેહનું વિનાશીપણું, સંસારનું અસારપણું અને ચૈતન્યસ્વરૂપ આત્માનું હોવાપણું અને નિત્યપણું છે એવું ભાન કરાવતા જવું. જે દર્દીની શ્રદ્ધા ધર્મના પાયા પર સ્થાપિત થઈ હોય અને અંદરમાં રુચિ ઉત્પન્ન થઈ ધર્મભાવ દઢતાને પામ્યો હોય, તેને માટે કલ્યાણપ્રેરક બોધ-વચનોરૂપ ટકોર બસ થઈ પડે છે અને તેનો આત્મા અવસરે જાગૃત રહી દેહત્યાગ કરે છે.

## ગંભીર માંદગીના દિવસોમાં:—

માંદગી જ્યારે ઉગ્ર સ્વરૂપ પકડી ગંભીર બનતી જતી હોય તે દિવસોમાં દર્દીના હિતાર્થે અત્યંત કાળજીપૂર્વકની સાવધાની રાખવાની આવશ્યકતા રહે છે. તે દિવસો જ એવા છે કે ત્યારે આસપાસનું વાતાવરણ ગંભીર અને ગમગીન બની જતું હોય છે. સ્નેહી અને કુટુંબીજનોનાં ચિત્ત ઉપર વિષાદની રેખાઓ પથરાઈ જતી જોવામાં આવે છે તથા ભયના ઓળા નીચે તેમની પ્રવૃત્તિ થતી હોય છે. વળી વ્યવહારધર્મ સાચવવાને અર્થે દર્દીની તબિયતના કુશળ સમાચાર પૂછવા આવનારાઓની સંખ્યા વધી જાય છે અને ઘણું કરીને, જાળવવા યોગ્ય સમયે તેઓ વિવિધ પ્રકારની અહેતુક વાતોમાં પ્રવૃત્ત થાય છે. તેને લીધે વાતાવરણ ઉદ્વેગવાળું, કલુષિત

અને મન પર વિષમ અસર ઉપજાવે તેવું બની જાય છે. સર્વ પ્રકારની આવી વિપરીત અસરથી અને ખોટા વિચારોના આંદોલનોના ગ્રહણથી દર્દી વિમુક્ત રહે એ અત્યંત જરૂરી સિદ્ધાંત ધ્યાનમાં લઈ આચરણમાં મૂકવા યોગ્ય છે. ઘરની સર્વ વ્યક્તિઓએ પણ ખૂબ સાવધ રહેવાની જરૂર છે; લાગણીથી થતો ખેદ અને ખેદનાં અશ્રુઓનું વહેણ પ્રગટ થવાની તૈયારીમાં છે એમ જાણ થતાં દર્દીના બિછાનાથી દૂર અથવા બહાર જતા રહેવું જોઈએ; અને પછી ચિત્ત શાંત થતાં સારા અને સુંદર ભાવમાં આવીને દર્દીની સેવા–ચાકરીમાં રોકાવું, સાથે સાથે પ્રભુનામસ્મરણ કરવું. કહેવાનું તાત્પર્ય એક જ છે કે ગંભીર માંદગીમાં પડેલા દર્દીને અંતરંગ શાંતિ ઉપજે ને અશુભ કે ખોટા વિચારોનાં પરમાણુઓના ગ્રહણથી તેનો બચાવ થાય એ કરવા યોગ્ય છે. તે ઉપરાંત પૂર્વે સૂચવ્યું છે તે મુજબ દર્દીના ચિત્તની સ્વસ્થતા હોય તે વેળાએ તેને ગમતા અધ્યાત્મવિષયની વાત સંભળાવવી અથવા અધ્યાત્મપદોનું શ્રવણ કરાવવું. તેના ચિત્તની અસ્વસ્થતા દર્શિત થતી હોય અને અશાંતિની ઝલક વેદાતી હોય તેવા સમયે તેની શાંતિ અર્થે પથારી પાસે હાજર રહેલા સ્વજનોએ મનમાં "શાંતિ"નો જાપ અવિરતપણે કરવા યોગ્ય છે. તેમ કરવાથી શાંતિપ્રેરક પરમાણુઓથી આસપાસની હવા વિભૂષિત થશે અને તેના સાહજિક ગ્રહણથી સહુને શાંતિદાયક પાવન-કારી ફળની પ્રાપ્તિ થશે. દર્દીની અસ્વસ્થતા અને અશાંતિ ઘટતી જશે અને સ્વસ્થતા પ્રત્યેનું વલણ વધતું જશે. વિશેષ

ઝડપી અસર થવા માટેનો આ પ્રયોગ વધુ લાભદાયી થશે: કોઈ એક ધર્મપ્રેમી અથવા ધર્મારાધક સજ્જન દર્દીના મસ્તકના તાળવે પોતાનો પોલો હાથ રાખી એ જ "શાંતિ" શબ્દનો પ્રેમપૂર્વક જાપ કરવાનું ચાલુ રાખે તો તેનું સુંદર અનુપમ ફળ શીઘ્ર મળે છે; તાળવાને બદલે દર્દીના હાથમાં પોતાનો હાથ સ્થાપીને પ્રયોગ કરી શકાય છે.

કોઈક દર્દી તેના આયુષ્યના અંતકાળ સુધી સભાન અવસ્થામાં હોય છે, તો વળી કોઈક દર્દી દેહત્યાગના સમય સુધી બેભાન અવસ્થા વિતાવે છે. છેવટ સુધીની શુદ્ધિ હોય ત્યારે પણ કોઈક દર્દી વાચા ગુમાવી અવાચક બની ગયાના દષ્ટાંતો આપણને જોવા મળે છે. આ બધા પ્રકારના ભેદોમાં ઉપર કહ્યો તે પ્રયોગ કરવાથી અવશ્ય ફાયદો જ છે એમ નિશ્ચયથી માનવું યોગ્ય છે.

## આ દિવસોમાં કયા મંત્રનું સ્મરણ કરવું ?

ઉપકારી સ્મરણમંત્રો અનેક છે. નિયમથી અને ન્યાયથી કહેવું હોય તો જરૂર કહી શકાય કે દર્દીએ જે મંત્રનું આરાધન શ્રદ્ધાપ્રીતિપૂર્વક કર્યું હોય, તે જ મંત્ર સ્મરણમાં લેવા યોગ્ય છે અને તે તેને કલ્યાણપ્રદ થાય છે. ભિન્ન ભિન્ન અનેક મંત્રો છે, તેમાંના કેટલાક આ રહ્યાઃ—ૐ શિવાય નમઃ, ૐ નમો નારાયણાય, ૐ શ્રી કૃષ્ણાય નમઃ, ૐ નમઃ રામાય, હરિ ૐ તત્ સત્, ૐ સિદ્ધાય નમઃ, ૐ સર્વજ્ઞાય નમઃ, ૐ પાર્શ્વનાથાય નમઃ, ૐ મહાવીરાય નમઃ, ૐ ઋષભદેવાય નમઃ, ૐ અર્હં નમઃ, સહજાત્મસ્વરૂપ પરમગુરુ સહજાત્મસ્વરૂપ

સ્વામી, ૐ અરિહંત જય અરિહંત, ૐ ગુરુદેવાય નમઃ, ૐ ગુરુ શ્રીગુરુ, ૐ શાંતિઃ.

કોઈ વખત સ્મરણમંત્રની પસંદગી સંબંધી મનભેદ થાય છે, ત્યારે કોઈ પોતાની દૃષ્ટિએ ન્યાયયુક્ત એવો અભિપ્રાય વ્યક્ત કરતાં કહે છે કે સહુ પોતાની માન્યતા મુજબનો મંત્ર સ્મરણમાં લે એ સારું છે. સરળ દેખાતો આ ભાવ દોષવાળો છે. ભિન્ન ભિન્ન ભાવવાળા મંત્ર વચનોના રટણથી ઉત્પન્ન થતાં આંદોલનો પણ જુદા જુદા પ્રકારના હોય છે અને તેથી પરસ્પર ટકરાય છે, ધકેલાય છે. કારણ કે અબાધિત નિયમ એ છે કે જ્યાં સમાનતા છે, ત્યાં આકર્ષણ છે અને જ્યાં અસમાનતા છે ત્યાં અપાકર્ષણ છે. આ કારણે જુદા જુદા મંત્રોનું સ્મરણ કરવામાં આવે તો તે ધારણા પ્રમાણે લાભપ્રદ થઈ શકતું નથી. અમને લાગે છે કે આ વાત અગત્યની સમજી ધ્યાનમાં રાખવા યોગ્ય છે. કોઈ સ્થળે એકાંત પકડીને આગ્રહી ન થવું જોઈએ.

બીજી બાજુ જ્યારે સહુ એક જ મંત્રનું પવિત્ર સ્મરણ દિલના વિશુદ્ધ ભાવથી કરતા હોય છે તે વખતે વચનભાવની એકરૂપતા અને સમાનતા હોવાને લીધે તે થકી ઉત્પન્ન થતાં પરમાણુઓ પરસ્પર આકર્ષાઈ ઘટ્ટ અને શક્તિ-સંપન્ન નિયમથી બની જાય છે અને હવામાં પ્રસરતા તેનાં આદોલનોની ઉજળી અને પ્રભાવશાળી અસરના ગ્રહણથી દર્દી સહિત સર્વ હાજર રહેલી વ્યક્તિઓને લાભ જ થાય છે. આ અતિ ઉપકારી નિયમનો ઉપયોગ કરી લાભ લેવા ભારપૂર્વક જણાવતાં અમારૂં ચિત્ત પ્રસન્નતા અનુભવે છે.

## યોગ્ય સમયે ઉપચારવિધિ બંધ કરાવવી આવશ્યક છે.

પૂર્વે આ પ્રશ્ન સંબંધમાં અંગુલિ નિર્દેશ સમાન સામાન્ય ચેતવણીરૂપ વિચાર જણાવવામાં આવ્યો છે કે દર્દીના દર્દની ગંભીરતા કટોકટીભરી સ્થિતિમાં પહોંચી જાય, તેમાંથી બચવાની આશા નષ્ટપ્રાયઃ થઈ જાય, સ્વજનો અને કુટુંબીજનોના અંતરમાં મૃત્યુભય સમીપ છે એવા સ્પષ્ટ એંધાણનું પ્રાકટ્ય થઈ જાય અને ન સ્વીકારવા છતાં દાકતરોના અભિપ્રાય અને વલણ નિરાશાને પંથે વળતાં જણાય, ત્યારે દર્દીના હિતને અર્થે, તેના સુખને અર્થે અને તેની શાંતિને અર્થે દયાળુ અને પ્રેમાળ સ્વજનોએ નૈતિક હિંમત બળપૂર્વક એકત્રિત કરી, પ્રભુજી પાસેથી જોઈતી શક્તિનું દાન મેળવી, આકરા ઉપચાર બંધ કરાવવાનો અખંડ નિશ્ચય કરવો, અને તેને અમલમાં પણ મૂકવો. તેમ કરવામાં લોકભય, અપકીર્તિભય, પ્રતિષ્ઠાભય, લોભી ગણાવારૂપ, લજ્જાભય એવા કોઇ પણ, પ્રકારના ભયના ભાવથી પર રહેવાનો નિર્ણય અચળ રાખવો. કેમકે લોકસમુદાય કોઈ ભલો થવાનો નથી અને આખોય લોક બેધારી તરવાર ચલાવવાની પ્રકૃતિવાળો છે એમ વિવેકથી સમજી જે સર્વ પ્રકારે હિતરૂપ છે, તે નીડરપણે કરી આત્મસંતોષ લેવો. દર્દીની સામાન્ય તકલીફો, જેવી કે શ્વાસ લેવાની, પીડા કે દુઃખાવાની કે બીજી કોઈ એવી હોય તેના ઉપાયોને બાદ કરતાં, અન્ય ઉપચારો ચાલુ રાખવા માટે દાકતરી સલાહ આગ્રહપૂર્વક થતી હોય તો પણ તે સલાહની ઉપરવટ જઈ

તેને અમાન્ય રાખવાનો નિશ્ચય કાયમ રાખવો જોઈએ. દાક્તર મહાશયને અત્યંત વિનયપૂર્વક જણાવવું કે મહાશય આપનો અમારા ઉપર અતિ ઉપકાર થયો છે. આપે સંભાળપૂર્વકની કાળજીથી દર્દીને ઔષધાદિ ઉપચારથી સેવા આપીને અમને પૂરતો સંતોષ આપ્યો છે અને દર્દની નિવૃત્તિ અર્થે આપે બની શકે તેટલા પ્રયત્ન કર્યા છે. તે સર્વની નિષ્ફળતા થઈ છે અને હવે વિશેષ સાધનનો ઉપયોગ કરવાનું શેષ રહ્યું નથી. તેથી ભવિષ્ય કુદરતના હાથ ઉપર છોડી દેવું અથવા ઇશ્વર પર શ્રદ્ધા રાખી તેમના હાથમાં સોંપી દેવું એવો અમારો નિર્ણય આપને જણાવીએ છીએ. અયોગ્ય જણાતું હોય તો અમને માફી આપશો." દાક્તર સાહેબ મને કે કમને માની જશે અને દર્દી કવેળાની હેરાનગતિથી કે પજવણીથી બચી જઈ અંતકાળ સુધી શાંતિમાં રહી શકશે. અહીંયા આમ કરવામાં જ માનવધર્મની ઉત્તમતા રહી છે, આ જગ્યાએ જ તેની મીઠાશનું દષ્ટાંત મળી જાય છે, અને આ સ્થળે જ દયાની શક્તિનું પ્રભુત્વ સાચા સ્વરૂપે અનુભવગમ્ય થાય છે.

આ તો નિશ્ચયરૂપ સ્પષ્ટ અને ચોક્કસ વાત છે કે આયુષ્યકાળ નિર્મિત છે, તેમાં ઘટાડો કે વધારો ઔષધાદિ ઉપચારના પ્રયોગથી કરી શકાતો નથી. આયુષ્યનો અંત જે નિમિત્તથી આવવાનો હોય, તે નિમિત્ત અંતકાળે અવશ્ય મળી રહે છે. અને જીવનનો અંત આવી આત્મા દેહથી છૂટો પડે છે. કયારેક કહેવામાં આવે છે કે નવી શોધાયેલી અમુક

ગોળી અથવા ઈંજેક્શન આપવાથી દર્દીનું આયુષ્ય થોડા કલાક અથવા દિવસ સુધી લંબાવાની શકયતા છે. વાત આકર્ષક અને લોભાવનારી દેખાતી હોવાથી ઘણું કરીને દુર્લભ અથવા અતિ પરિશ્રમે સુલભ થવા યોગ્ય, એ દવાની પ્રાપ્તિ માટે આકાશપાતાળ એક કરવા જેટલો ઉદ્યમ સેવવામાં આવે છે. ભાગ્યયોગે દવા મળે છે અને તેનો ઉપયોગ ડાકતર સાહેબ કરે છે, છતાં પરિણામ નિષ્ફળતામાં જાય છે. વિવેકથી જો વિચારવામાં આવે તો જણાશે કે આવી કોઈ પ્રકારની આશા સેવવી એ હાસ્યાસ્પદ જેવું છે એટલું જ નહિ પણ વિવેકહીનતા દર્શાવનારી ઠગારી આશાનું આબેહૂબ પ્રતિબિંબ છે.

છેલ્લી ઘડીના અંતકાળ સુધી થતા સતત ડાકતરી ઉપચારો સંબંધી અમે ઘણું સાંભળ્યું છે અને કેટલાક દર્દીઓના કેઈસ જોયા પણ છે, અને તે કરુણપ્રસંગે અમારૂં હૃદય દુઃખાર્ત્ત થઈ રડી ઊઠયું હતું તે અમારી સ્મૃતિમાં આજે પણ તાજું છે. કેટલાક પ્રસંગો એવા બળવાન હોય છે કે તેની ઊંડી છાપ હૃદયપટ પર કદી ભૂંસાય નહિ એ રીતે કોતરાય જાય છે અને તેને યાદ કરતાં જ તે સ્મૃતિમાં નાદશ્ય થાય છે. મૃત્યુકાળ પર્યંતની ઉપચારોની કરુણ કથાના વાસ્તવિક જીવનમાંથી લીધેલાં ત્રણે પ્રસંગો સત્ય ઘટનારૂપે અહીં આપવાની વૃત્તિ અમે રોકી શકતા નથી. જે વિષયની વાત ચાલે છે તે સંબંધની હકીકત વાંચકવૃંદમાંથી લગભગ બધાએ જાણી હશે અથવા જોઈ હશે એવી અમારી ખાતરી છે, કેમકે એ વાત વારંવાર અનુભવમાં આવતી હોવાથી ગુપ્ત કેવી રીતે

રહી શકે? એ તો કેવળ નગ્ન સત્યરૂપે પ્રગટ જ છે.

દૃષ્ટાંત પ્રસંગ પહેલો. થોડાં વર્ષ પહેલાં બનેલી આ ઘટના માત્ર સંક્ષેપે જણાવીએ છીએ. પ્રૌઢાવસ્થા વીતી ગયેલા એવા એક સરળ અને નિખાલસ સ્વભાવના પુરુષને હરસની શસ્ત્રક્રિયા કરાવવા માટે શહેરની ક્લિનિકમાં દાખલ કરવામાં આવ્યા. મુકરર સમયે સર્જન દાક્તરે સફતાપૂર્વક ઓપરેશન કર્યું, ત્યારબાદ કોઈ તકલીફ નહોતી, વ્યાધિની કોઈ વિશેષ વેદના નહોતી અને પ્રભુકૃપાએ બધું સરસ રીતે નિરૂપાધિમય સ્થિતિ તરફ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું હતું. સ્વજનો અને સ્નેહી સંબંધીઓના સંતોષનો કોઈ પર નહોતો. જોત-જોતામાં દર્દીને રજા આપવાનો શુભ દિવસ તદ્દન સમીપ આવી પહોંચ્યો અને ભાગ્યયોગે કરુણતા એ થઈ કે જે દિવસે રજા આપવાની હતી અને હેમખેમ હોંશથી ઘેર જવાનું હતું, તે જ દિવસની વહેલી સવારે આ સરળ સ્વભાવી પુરુષને હૃદયરોગનો એકાએક આકરો હુમલો આવ્યો અને તેઓ તે રોગની વિષમ પીડામાં સપડાઈ ગયા. સેવા સારવાર અર્થે રહેલા તેમનાં લઘુ બંધુ અને ધર્મપત્ની અચાનક આવી પડેલી ગંભીર સ્થિતિ જોઈ ગભરાઈ ગયાં. ક્લિનિકના સ્થાનિક ડૉક્ટરને બોલાવવામાં આવ્યા અને તેમણે હૃદય મસાજ કરવાની હલબલાવી નાખે એવી વિધિ શરૂ કરી, ત્યાં જ સર્જન ડૉક્ટરને બીજા દર્દીના નિમિત્તે આવવાનું બન્યું હતું તેથી તેઓ પણ હાજર થયા. બન્ને દાક્તરોએ સાથે મળીને જે મસાજ વિધિ કરી તેમાં દર્દીને કેટલું કષ્ટ પહોંચ્યું

હશે તેનો અંદાજ નજરે જોનાર કાઢી શકે છે. તે મસાજના પ્રયોગનું વર્ણન કરવા અમારી કલમ બળવો પોકારી ના કહે છે અને દર્દીની વિકટ અને વિષમ હાલત દર્શાવતી કથની કહેવા માટે અમારું નરમ હૈયું ના પાડે છે. તે વિધિ કરતાં લગભગ દશ મિનિટ વ્યતીત થઈ ત્યારે દર્દીની આંખના ડોળા ઊંચા ચડી ગયા, મોઢું ખુલ્લું થઈ ફાટી ગયું અને અતિ પરિશ્રમ પડયો હોય તેના થાક અને ભારથી છેલ્લો શ્વાસ છૂટી ગયો, અર્થાત્ દેહ છૂટી ગયો. છેવટની મહેનત માથે પડી અને તેમાંથી, ચેતાવનાર બોધ તે ઉપસીને બહાર આવ્યો. એ બોધને અનુસરવામાં આવે તો કેટલો લાભ થાય!

દૃષ્ટાંત પ્રસંગ બીજો. ઈ. સ. ૧૯૮૦ ની સાલમાં બનવા પામેલી આ સત્ય વાત છે. એમ. ડી. થયેલા એક પ્રતિષ્ઠિત કન્સલટન્ટ ડૉકટરના જીવનના અંતકાળનું ટૂંકું વૃત્તાંત અહીં આપીએ છીએ. તેઓનો જન્મ સંસ્કારી અને સુશિક્ષિત કુટુંબમાં થયો હતો અને કુટુંબના સર્વ સભ્યો જાતમહેનત કરી, પરિશ્રમ વેઠવામાં પાછી પાની કર્યા વગર, ખંત તથા ઉત્સાહથી ઉદ્યમી થઈ વ્યવહારની વિવિધ સુવિધાઓના સ્વામી બનતા જતા હતા. ડૅાક્ટર સાહેબ પણ પોતાના ક્ષેત્રે સફળતાના ઊંચા સોપાન ચડતા ગયા હતા અને પરિણામે આર્થિક સદ્ધરતા, સંપત્તિની વૈભવતા તથા પ્રતિષ્ઠાની મોહકતાને તેઓ પામી શકયા હતા. કહેવું ઘટે છે કે તેઓ સ્વભાવે સીધા, સરળ અને સૌમ્ય હતા; તેમનામાં તૃષ્ણાના

વેગ મંદ હોઈ સંતોષી હતા; દર્દીઓને ખોટી સલાહ આપી ખર્ચમાં ઉતારવા સામે તેઓ અત્યંત સાવધ રહેતા; ઉપયોગી અને લાભ થાય તેવી હિતકારી સલાહસૂચન કરવામાં તેમની વૃત્તિ સતત પ્રેરાયેલી રહેતી. આ ગુણોને લીધે વિખ્યાતિ સ્વયં સામે આવીને તેમને પ્રેમથી ભેટી ચૂકી હતી; તેઓ દાક્તરોના ઝળકતા સમુદાય વચ્ચે ઝળકતા હતા.

દાક્તર હો કે દર્દી હો, રાજા હો કે રંક હો, સર્વને પોતપોતાનાં કર્મનાં ફળ ઉદય આવ્યે ભોગવવાં પડે છે, તેમાંથી છૂટકારો થવો કેવળ અસંભવ છે. કર્મોના ઉદય સામે કોઈની લાગવગ કે સિફારસ, સત્તા કે ડહાપણ, લાંચ કે રૂશ્વત કાર્યકારી થઈ શકતાં નથી. લગભગ ઉલ્કાપાત મચાવી દે એવા અશાતા વેદનીય કર્મનો ઝપાટાવાળો એકાએક ઉદય આ સૌમ્ય સ્વભાવી દાક્તર સાહેબના જીવનના પંચાવન કે સત્તાવનમે વર્ષે બની ગયો, તે પ્રસંગ પર હવે આવીએ છીએ. એક દિવસ તેમને છાતીમાં દુઃખવા આવ્યું. પોતે દાક્તર એટલે થોડી જ વારમાં તેમના અનુભવી ચિત્તમાં દર્દનું નિદાન નિઃશંકપણે આવી ગયું. નિષ્ણાત દાક્તરોએ તેમને આધુનિક ઉત્તમ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યા અને શસ્ત્રક્રિયાથી પેસ-મેકર મૂકવામાં આવ્યું. પરંતુ તેનું ધારેલું ફળ મળ્યું નહિ. બીજા દિવસે દર્દનો વધારો થયો અને સંબંધિત બીજા દર્દોનો પણ ધસારો વેગપૂર્વકની ગતિએ થવાથી ડૉક્ટરોની મુંઝવણનો કોઈ પાર રહ્યો નહીં. સર્જનો અને ચિકિત્સકોની કોન્ફરન્સ બોલાવવામાં આવી અને

ઉપચાર અર્થે શું કરવા યોગ્ય છે તેની બુદ્ધિપૂર્વકની ચર્ચા કરવામાં આવી. મતભેદોના સમાધાનને અંતે ઇન્જેક્શન વગેરે સારવારનો જે ક્રમ નિર્ણિત કરવામાં આવ્યો તેનો વફાદારીપૂર્વકનો અમલ તત્કાળ શરૂ થયો. છેલ્લી શોધ મુજબના ઇન્જેક્શનો મુશ્કેલીથી પણ મેળવવામાં આવ્યાં અને ઉપયોગમાં લીધાં. દર અર્ધા કલાકે બ્લડ પ્રેસર માપવામાં આવતું તથા નાડીના ધબકારા માપવામાં આવતા હતા, તે વેળાએ જો કંઈ ભયસૂચક જણાય તો તેનો ઉપાય ભય ટાળવા માટે હાજર જ હોય છે અને સહસા તે ઉપચાર લેવામાં આવે છે, એ સિદ્ધાંત પ્રમાણે થતું હતું. દાક્તરોની સતત કાળજી અને સંભાળભરી ઉપચારવિધિ કરવા છતાં સુધારાનાં કોઈ ચિન્હ દેખાયાં નહિ, ઊલટું રોગના હુમલાઓ ઉપરા ઉપરી આવવા લાગ્યા, અને દર્દીને ગંભીર હાલતમાં મૂકતા ગયા. ત્રીજા દિવસની સવાર પડી. દર્દની ગંભીરતા વધતી જતી હતી. દર્દીની શારીરિક શક્તિ વિશેષ પ્રમાણમાં ઘટતી જતી હતી. દાક્તરો ચિંતામાં પડી ગયા હતા. તે દિવસે સવારના દશ વાગ્યે સર્જનો અને ફિઝીશિયનો મસલત માટે ભેળા થયા અને સારવાર સંબંધી ચર્ચા વિચારણાનો ફરી આરંભ કર્યો. તે વખતે એક પ્રતિષ્ઠિત સર્જન દાક્તર સાહેબે બીજા ડૉકટરોની સમક્ષ પોતાનો અંગત પ્રામાણિક અભિપ્રાય જાહેર કરતાં હિંમતથી કહ્યું કે “ હવે આપણે કંઈ કરવા જેવું નથી. દર્દી દાક્તર સાહેબ બચી જાય એવી કોઈ આશા રહી હોય એમ મારું માનવું થતું નથી. કુદરત પર છોડી દેવું એ ઉત્તમ માર્ગ છે.” આ અભિપ્રાય સર્વમાન્ય

ન થઈ શકયો અને ન થાય તે સમજાય તેવું છે. અમને તેમની મૂલ્યવંતી અને ઉપકારભૂત પ્રમાણિક સલાહ માટે બહુમાન થયું અને મનોમન તેમની પ્રશંસા કરી પ્રભુજીનો પાડ માન્યો કે 'તેં પ્રેરણા કરી ને તે સર્જન દાક્તરે તેમનો સત્ય અભિપ્રાય વ્યક્ત કર્યો, તે ઠીક જ થયું છે."

ત્યાર પછી બીજા દાક્તરોના અભિપ્રાય મુજબની વિશેષ આકરી સારવાર શરૂ કરવામાં આવી. વારંવાર ઇન્જેકશનો આપવાનું, બ્લડ પ્રેસર તથા નાડીના ધબકારા માપવાનું, હૃદયની હાલત તપાસવાનું ચાલુ જ હતું. દર્દીને થોડો વખત પણ શાંતિમાં સુખરૂપ રહેવાની ઇચ્છા હોય તો પણ ન રહી શકાય તેવી ઉપચારવિધિ ચાલુ હતી. કદાચ આથી આ સૌમ્યસ્વભાવી દર્દી દાક્તર સાહેબ થાકી ગયા હોય, કંટાળ્યા હોય તેમ તેઓએ અન્ય માર્ગ ગ્રહણ કર્યો. તેઓએ શુદ્ધિમાં ન રહેવાનું પસંદ કર્યું હોય એમ લાગે કેમકે તે ત્રીજા દિવસના મધ્યાહ્નથી બેશુદ્ધિમાં ગયા હતા ને અંતકાળ સુધી રહ્યા હતા. એવી બેશુદ્ધિમાં પણ બધી જ આધુનિક ઊંચી સારવાર, આકરી સારવાર ચાલુ જ હતી દિવસના વધવા સાથે દર્દીની ગંભીર હાલત વધે છે અને ભારે કટોકટીનો સમય હવે સમીપ જ છે એવાં એંધાણ સ્પષ્ટપણે દેખાતાં હતાં. અમારા સ્નેહી દાકતર-મિત્ર પણ તે વખતે હોસ્પિટલમાં હાજર હતા. સાંજના સાડા સાત વાગ્યે તેઓ ઘેર આવ્યા ત્યારે તેઓએ અમને દર્દીની અત્યંત વિકટ સ્થિતિની જાણ કરી અને ઉમેર્યું કે "ઉપચારના આધુનિક ક્ષેત્રે જેટલું શકય છે તેટલું બધું જ

કરવામાં આવ્યું છે અને કંઈ બાકી રાખ્યું નથી એ પૂર્ણ સંતોષની વાત છે." અમે મૌનપણે સાંભળી લીધું.

બાદ એકાદ કલાક વીત્યો હશે ત્યાં દાક્તર સાહેબના દેહત્યાગના ખેદકારક સમાચાર મળ્યા. તેમનો આત્મા દેહથી છૂટો પડી અન્ય અજ્ઞાત સ્થળે પ્રયાણ કરી ગયો. સર્વ સાથે ઋણાનુબંધનો ઉદય પૂર્ણ થતાં તેમના દેહપિંજરમાંથી હંસ ઉડી ગયો અને જે સ્થળે તેવા ઉદયને વેદવાનો યોગ હતો, તે સ્થળે તે પહોંચી ગયો. સવારના સમયે પ્રતિષ્ઠિત સર્જન દાક્તર સાહેબે જે સલૂણી સુંદર સલાહ આપી હતી તે કેવી યોગ્ય હતી! તે સલાહ પ્રમાણે વર્તાવ થયો હોત તો કેવું સારું ગણાત! કેમકે છેલ્લા અવસરની વાત અમને કહેવામાં આવી ત્યાં દર્દીને છેલ્લા પ્રયાસરૂપે એક મોટું ઇન્જેકશન આપવામાં આવ્યું અને સોય કાઢી નથી એટલામાં જ તેમનો દેહ છૂટી ગયો. આ એક ભાગ્યની અત્યંત વિચિત્રતા ન ગણાય? વિધાતાની ક્રૂર મશ્કરી ન લેખાય? મનુષ્યના મદને નીચે ને નીચે ઉત્તારનાર કુદરતનો બોધપ્રદ ફટકો ન કહી શકાય? જે હો તે હો, પણ આવા પ્રસંગો અને બનાવો બોધ આપી જાય છે કે મૃત્યુ અનિવાર્ય છે અને અંતકાળના ચિહ્નો સામાન્ય બુદ્ધિવાળાને પણ દૃષ્ટિગોચર થાય છે એ નક્કર હકીકત છે.

દૃષ્ટાંત પ્રસંગ ત્રીજો. આ સત્ય ઘટનાનો પ્રસંગ ઈ. સ. ૧૯૮૦ની સાલમાં બનવા પામેલ હતો. એક અધ્યાત્મપ્રેમી અને સદ્ધર્મ આરાધક વયોવૃદ્ધ બહેનના સુખદ અંતકાળની

રસિક કથા જેમ બની તેમ રજૂ કરીએ છીએ. તેમના દીર્ઘ જીવન દરમ્યાન આ નીડરસ્વભાવી બહેને ઘણી લીલીસૂકી જોઈ હતી; જેમ પૂર્વ કર્મોનાં ફળ સ્વરૂપ થપાટો ખાધી હતી તેમ તેનાં મીઠાં અને મધુરાં ફળનો આસ્વાદ પણ તેમણે લીધો હતો. સાંસારિક સુખદુઃખનાં ચક્રોને અનુભવતા એ કુશળ અને વિચક્ષણ બહેને તેમાંથી ઉત્તમ વૈરાગ્યબોધ ગ્રહણ કર્યો હતો અને અજર, અમર તથા અવિનાશી એવા ચૈતન્યસ્વરૂપ આત્માની શુદ્ધતા પ્રાપ્ત કરવા અર્થે કલ્યાણકારી પુરુષાર્થ નિજ ઉલ્લસિત ભાવથી ઉપાડયો હતો. તેમાં તેઓ સફળતાના માર્ગે આગળ વધી રહ્યા હતા. આમ તેમને ધર્મશ્રદ્ધા, ધર્મરુચિ અને ધર્મારાધનનું ઉપયોગી અને ઉપકારી પીઠબળ હોવાને કારણે તેઓ વારંવારની કસોટીપૂર્ણ માંદગીઓમાં પોતાનું અતુલ શૂરવીરપણું બતાવી શકયા હતાં. નિરાશા કે ના હિંમત તેમની પાસે જઈ તેમને ડરાવી શકતા નહોતાં. શારીરિક વ્યાધિઓને કારણે તેમને ચારેક વખત હોસ્પિટલમાં દર્દની સારવાર માટે જવું પડયું હતું અને પ્રત્યેક વખતે થતી આકરી સારવાર તથા સેવાથી તેમનો સરળ આત્મા દુઃખાર્ત્ત થઈ જતો હતો. એવા કષ્ટરૂપ અનુભવથી તેમનો આત્મા અંદરમાં ગુપ્તપણે દૃઢ નિશ્ચયમાં આવતો હતો કે "હવે પછી પ્રભુજીની કૃપાવૃષ્ટિ એવી સતત વરસો કે હોસ્પિટલનાં દ્વાર જોવાનો વખત ન આવે અને જ્યારે દેહ છૂટવાનો મંગલ અવસર આવે ત્યારે દેહની સ્થિતિ પોતાના રહેવાના આવાસમાં જ હો. અંતરંગમાં હોંશથી વાગોળેલ આ તેમના હૃદયનો ભાવ આખરે તેમણે તેમના પુત્રોને પણ

જણાવ્યો અને વધુમાં ઉમેર્યું કે "હવે પછીના ભવિષ્ય-કાળમાં માંદગીનો ઉદય ગમે તે પ્રકારનો ભલે હો પરંતુ તમારે આ દેહને હોસ્પિટલમાં લઈ જવો નહિ. જે કંઈ યોગ્ય સારવારની આવશ્યકતા હોય તે ઘેર બેઠાં જ કરવાની છે. આ મારી પ્રબળ અંતરેચ્છા છે તે વિસ્મરણ કરશો નહિ, તેનું અવશ્ય પાલન કરશો. તેમ કરશો તેથી મારો આત્મા સંતુષ્ટ રહી પ્રસન્નતા અનુભવશે."

વાત્સલ્યમૂર્તિ સમા પ્રેમાળ અને પવિત્ર હૃદયી માતુશ્રીનાં આ આદેશવચનો સાંભળીને પુત્રો કોઈ અપેક્ષાએ વિમાસણમાં પડયા અને તત્કાળ થોડી વિટંબના પણ ભોગવી. ભાવિ ભર્યા નાળિયેર જેવું છે, તે કેવું નીકળશે તે કલ્પનાતીત છે. કદાચ ભાવિમાં માતુશ્રીની માંદગીનો ઉદય તેમને હોસ્પિટલમાં લઈ જવાની ફરજરૂપ આવે તો ? તે કેવું ધર્મ-સંકટ ગણાય ? એવી આશંકા અને શંકાથી પુત્રોનું ચિત્ત ઘડીભર તો ઘેરાઈ ગયું અને દિવસ હોવા છતાં અંધકાર છવાઈ ગયો હોય તેવું ગમગીન વાતાવરણ ફેલાઈ ગયું. પરંતુ ઈશ્વરાનુગ્રહે તેવી મુંઝવણ ભરેલી વિકટ પરિસ્થિતિ લાંબો સમય ટકી નહીં. જેમ આકાશમાં એકાએક વીજળી ઝબૂકે છે તેમ જ્યેષ્ઠ પુત્રના કોમળ હૃદયમાં અગમ્યપણે આશાનું એક પ્રકાશિત કિરણ ઝબૂકી ઊઠયું, નિરાશાનાં વાદળ દૂર થયાં અને ચિત્તભૂમિ નવપલ્લવિત બની ગઈ. પરંતુ શાથી આમ બન્યું ? કયો સુવિચાર ઉપકારભૂત નીવડયો ? પુત્રના અંતરમાં સ્ફૂરણા થઈ આવી કે "પ્રભુપ્રેમી

રસિક કથા જેમ બની તેમ રજૂ કરીએ છીએ. તેમના દીર્ઘ જીવન દરમ્યાન આ નીડરસ્વભાવી બહેને ઘણી લીલીસૂકી જોઈ હતી; જેમ પૂર્વ કર્મોનાં ફળ સ્વરૂપ થપાટો ખાધી હતી તેમ તેનાં મીઠાં અને મધુરાં ફળનો આસ્વાદ પણ તેમણે લીધો હતો. સાંસારિક સુખદુઃખનાં ચક્રોને અનુભવતા એ કુશળ અને વિચક્ષણ બહેને તેમાંથી ઉત્તમ વૈરાગ્યબોધ ગ્રહણ કર્યો હતો અને અજર, અમર તથા અવિનાશી એવા ચૈતન્યસ્વરૂપ આત્માની શુદ્ધતા પ્રાપ્ત કરવા અર્થે કલ્યાણકારી પુરુષાર્થ નિજ ઉલ્લસિત ભાવથી ઉપાડયો હતો. તેમાં તેઓ સફળતાના માર્ગે આગળ વધી રહ્યા હતા. આમ તેમને ધર્મશ્રદ્ધા, ધર્મરુચિ અને ધર્મારાધનનું ઉપયોગી અને ઉપકારી પીઠબળ હોવાને કારણે તેઓ વારંવારની કસોટીપૂર્ણ માંદગીઓમાં પોતાનું અતુલ શૂરવીરપણું બતાવી શકયા હતાં. નિરાશા કે ના હિંમત તેમની પાસે જઈ તેમને ડરાવી શકતા નહોતાં. શારીરિક વ્યાધિઓને કારણે તેમને ચારેક વખત હોસ્પિટલમાં દર્દની સારવાર માટે જવું પડયું હતું અને પ્રત્યેક વખતે થતી આકરી સારવાર તથા સેવાથી તેમનો સરળ આત્મા દુઃખાર્ત્ત થઈ જતો હતો. એવા કષ્ટરૂપ અનુભવથી તેમનો આત્મા અંદરમાં ગુપ્તપણે દૃઢ નિશ્ચયમાં આવતો હતો કે “હવે પછી પ્રભુજીની કૃપાવૃષ્ટિ એવી સતત વરસો કે હોસ્પિટલનાં દ્વાર જોવાનો વખત ન આવે અને જ્યારે દેહ છૂટવાનો મંગલ અવસર આવે ત્યારે દેહની સ્થિતિ પોતાના રહેવાના આવાસમાં જ હો. અંતરંગમાં હોંશથી વાગોળેલ આ તેમના હૃદયનો ભાવ આખરે તેમણે તેમના પુત્રોને પણ

જણાવ્યો અને વધુમાં ઉમેર્યું કે "હવે પછીના ભવિષ્ય-કાળમાં માંદગીનો ઉદય ગમે તે પ્રકારનો ભલે હો પરંતુ તમારે આ દેહને હોસ્પિટલમાં લઈ જવો નહિ. જે કંઈ યોગ્ય સારવારની આવશ્યકતા હોય તે ઘેર બેઠાં જ કરવાની છે. આ મારી પ્રબળ અંતરેચ્છા છે તે વિસ્મરણ કરશો નહિ, તેનું અવશ્ય પાલન કરશો. તેમ કરશો તેથી મારો આત્મા સંતુષ્ટ રહી પ્રસન્નતા અનુભવશે."

વાત્સલ્યમૂર્તિ સમા પ્રેમાળ અને પવિત્ર હૃદયી માતુશ્રીનાં આ આદેશવચનો સાંભળીને પુત્રો કોઈ અપેક્ષાએ વિમાસણમાં પડયા અને તત્કાળ થોડી વિટંબના પણ ભોગવી. ભાવિ ભર્યા નાળિયેર જેવું છે, તે કેવું નીકળશે તે કલ્પનાતીત છે. કદાચ ભાવિમાં માતુશ્રીની માંદગીનો ઉદય તેમને હોસ્પિટલમાં લઈ જવાની ફરજરૂપ આવે તો ? તે કેવું ધર્મ-સંકટ ગણાય ? એવી આશંકા અને શંકાથી પુત્રોનું ચિત્ત ઘડીભર તો ઘેરાઈ ગયું અને દિવસ હોવા છતાં અંધકાર છવાઈ ગયો હોય તેવું ગમગીન વાતાવરણ ફેલાઈ ગયું. પરંતુ ઈશ્વરાનુગ્રહે તેવી મુંઝવણ ભરેલી વિકટ પરિસ્થિતિ લાંબો સમય ટકી નહીં. જેમ આકાશમાં એકાએક વીજળી ઝબૂકે છે તેમ જ્યેષ્ઠ પુત્રના કોમળ હૃદયમાં અગમ્યપણે આશાનું એક પ્રકાશિત કિરણ ઝબૂકી ઊઠયું, નિરાશાનાં વાદળ દૂર થયાં અને ચિત્તભૂમિ નવપલ્લવિત બની ગઈ. પરંતુ શાથી આમ બન્યું ? કયો સુવિચાર ઉપકારભૂત નીવડયો ? પુત્રના અંતરમાં સ્ફૂરણા થઈ આવી કે "પ્રભુપ્રેમી

માનું હૃદય પવિત્ર જ હોય અને તેથી તેમાંથી નીકળેલાં વચનો પણ પરમ વિશ્વસનીય હોય, તો પછી કોઈ શંકા કેવી રીતે નભી શકે ? માતુશ્રીનું વચન છે, તો તેમને હોસ્પિટલમાં ખસેડવા પડે તેવી માંદગી કદાપિ નહીં જ આવે, નહીં જ આવે." પુત્રમાં શ્રદ્ધાનું બળ અત્યંત વધી ગયું અને માતાનો આદેશ શિરસાવંદ્ય ગણી તેનું પાલન કરવાનો નિર્ણય કર્યો.

આખરે એક દિવસે કસોટીકાળ આવી પહોંચ્યો. ઉંમરની નબળાઈને લીધે તથા નાની નાની વ્યાધિને કારણે એ વયોવૃદ્ધ બહેન પથારીવશ સ્થિતિમાં તો હતા જ, તેવામાં એકાએક બપોરના સમય પછી તેમને પેટનો સખત દુઃખાવો શરૂ થયો. ફેમિલી દાક્તરને બોલાવવામાં આવ્યા; તેમણે નિદાન કરી ઉપચારનો તરત આરંભ કર્યો. દર્દનો વેગ ઘોડાપૂર જેવો હતો તેથી ઉપાય કાર્યકારી ન થતાં નિષ્ફળ જવા લાગ્યા. શસ્ત્રક્રિયાનો કેઈસ નહોતો છતાં કુટુંબના સર્જન ડૉક્ટરમાં ઘણી શ્રદ્ધા હોવાથી તેમને દર્દીને તપાસવા માટે બોલાવવામાં આવ્યા. તેમના થકી દવાઓ સંબંધી જે કેટલીક સૂચનાઓ મળી, તે સર્વ ઉપયોગમાં લીધી; પરંતુ ફાયદાનાં કોઈ ચિહ્ન નજરે પડયાં નહિ. બીજા દિવસે પણ દર્દની સ્થિતિ તેમ જ હતી. દર્દીને પૂછતાં, તેઓ શાંતભાવે ઉત્તર વાળતાં કે "અનંતી પીડા છે. વીસ–પચ્ચીસ અણીદાર સૂયા પેટમાં ખોસતાં જે પીડા થાય, તેટલી પીડા છે. પણ પ્રભુનાં નામસ્મરણના અમોઘ ઉપાયથી અને તેમની પસાયથી વેદનાનું બળ અવાર–નવાર

તૂટતું અનુભવાય છે. આથી આત્મામાં સમતા અને શાંતિનું પ્રધાનપણું રહ્યા કરે છે એ માટે મારા ભગવાનનો પરમ ઉપકાર માનું છું." તેઓએ આ વચનો નબળાઈને લીધે ધીમે સાદે અને ધીમી ગતિએ કહ્યાં હતાં. કલાકો વીતતા જાય છે તેમ દર્દીની ગંભીર હાલત પણ વધતી જાય છે. દાક્તરો શરીર તપાસ્યા કરે છે પણ સુધારાનાં એંધાણ દેખાતાં નથી. દર્દીને તથા તેમના સ્વજનોને સ્પષ્ટ ખ્યાલ આવી ગયો છે કે આ દેહ હવે ટકવાનો નથી. દિવસના મોટા ભાગનો સમય તેમને પ્રભુસ્મરણ સંભળાવવામાં ગાળવામાં આવ્યો અને વચ્ચે વચ્ચે તેઓ પોતે પણ ઉત્સાહમાં આવી જઈ પ્રભુનામસ્મરણમાં જોડાતાં હતાં; તે વેળાએ તેમના કોમળ વદન પર તેજની રેખાઓ અંકિત થતી હતી. ચિદ્શાંતિસ્વરૂપ ચૈતન્યાત્મા પોતાનો પ્રભાવ આવા ઉચિત કાળે બતાવ્યા વિના કેમ રહી શકે? ન બતાવે તો જ આશ્ચર્ય ગણાય.

સર્વ પરિવાર, કુટુંબીજનો અને સ્નેહીજનો એ ભાગ્યવંત બહેનની સારવાર અને સેવા માટે હાજર છે. ધીમે ધીમે દર્દીના શરીરની શક્તિ ઘટતી જાય છે, નાડીના ધબકારા ધીમા પડતા જાય છે, શ્વાસોશ્વાસની ગતિ મંદ થતી જાય છે. દર્દી પૂરેપૂરી શુદ્ધિમાં છે, ક્યારેક આંખ ઉઘાડીને પાછી મીંચી દે છે. અંતકાળની સમીપતા દર્શાવતાં આ ચિહ્નો પ્રગટ થયાં પહેલાં જ ફેમિલી દાક્તર સાહેબે આવીને કેટલીક સૂચનાઓ નર્સને આપતા ગયા હતા, તેમાંની એક સૂચના હતી સર્જન દાક્તર સાહેબના આદેશ મુજબ દર્દીને લોહી ચડાવવાની.

હવે યોગાનુયોગ એવું બન્યું કે દર્દીના એક સગા જેઓ વીસ વર્ષના અનુભવી સ્રી દાક્તર હતાં, તેમની દર્દી પાસે સેવા અર્થે સવારથી હાજરી હતી; તેમણે દર્દીનાં અંત સમયનાં ચિહ્નો પારખી લીધાં અને ફેમિલી ડૉકટરને વર્તમાન ગંભીર પરિસ્થિતિની જાણ ફોન દ્વારા કરી અને વધુમાં જણાવ્યું કે આ અવસ્થાએ લોહી દેવાનું કે કંઈ અન્ય કરવાનું યોગ્ય નથી, માટે કંઈ ન કરવું એવો અભિપ્રાય આપ્યો. તેના ઉત્તરમાં સામેથી ડૉકટરે કહ્યું કે "ફાયદો થવો હોય તો તેમ કરવામાં શો વાંધો ? સર્જન સાહેબના આદેશ મુજબ નર્સને લોહી ચડાવવાનું કહેશો." બસ, આગ્રહપૂર્વકની વાત ટૂંકમાં પતી ગઈ. ઘર મેળે થોડી ચર્ચા થઈ અને ઘરના લગભગ બધાએ નારાજીથી તે કાર્ય માટે રજા આપી. ફેમીલી દાકતરનાં વચને સહુએ પોતાના હૃદયમાં આઘાત અનુભવ્યો હતો; કેમકે તેમનો અભિપ્રાય વર્તમાન ઉપસ્થિત દર્દીની પરિસ્થિતિને સુસંગત નહોતો. છતાં દાક્તરના માન ખાતર અને તેમને ખરાબ ન લાગે એ હેતુએ કચવાતા મને અને દુઃખાર્ત્ત હૃદયે પુત્રાદિએ સંમતિ આપી. નર્સ તે કાર્યની તૈયારીમાં પડી અને લોહી ચડાવવાના કાર્યનો આરંભ થયો. લોહીનાં બે કે ત્રણ ટીપાં માંડ ચડયાં હશે તેવામાં તે અઘટિત ક્રિયા સામે બળવો પોકારતો એ વૃદ્ધ બહેનનો આત્મા દેહથી છૂટો પડયો. અંતકાળના અન્યાય સામે ન્યાય મેળવવા માટે તેમનો સરળ સ્વભાવી આત્મા કટિબદ્ધ થયો અને સંસિદ્ધિને વર્યો. છેલ્લે અવસરે નાના, સીધા અને સરળ દાક્તરના અભિપ્રાયની જીત થઈ અને થાય છે એ સંતોષ સાથ હર્ષની

વાત છે. ધર્મપ્રેમી અને ધર્મારાધક બહેનનો શાંત આત્મા શાંત ધર્મભાવમાં રહીને દેહત્યાગ કરી ગયો અને સહુને આત્મભાવમાં આવવાની તથા રહેવાની ઊંચી પ્રેરણા વારસામાં મૂકતો ગયો. ધન્ય હો એ ચૈતન્યસ્વરૂપ અવિનાશી આત્માને !!

## છેલ્લી ઘડીના અવસરે......

હવે આપણે દેહજીવનના અંતના એક અતિ મહત્ત્વના અને અગત્યના પ્રસંગની વાત અને વિધિ પર આવીએ છીએ. આ પ્રસંગ અનિવાર્ય છે, તેમાંથી કોઈ પ્રકારે છટકી શકાય તેમ નથી. રાજા હો કે રંક હો, જ્ઞાની હો કે અજ્ઞાની હો, સર્વને તેમાંથી પસાર થવાનું જ છે. છેલ્લી મૃત્યુરૂપ આકરી કસોટીમાંથી જીવ કેવા ભાવ રાખીને પાર ઉતરે છે તેના પર ભવિષ્યના દીર્ઘ કે અલ્પ કાળના સંસારભ્રમણનો આધાર છે. આટલા લેખ ઉપરથી આ અવસરનું અદ્‌ભુત માહાત્મ્ય છે તે સ્પષ્ટ સમજાવા યોગ્ય છે. આ કસોટી વેળાએ સફળતાથી પાર ઉતરી શકાય તે માટેની પૂર્વ તૈયારી કેવી હોવી ઘટે તેનું યથાયોગ્ય માર્ગદર્શન આ "સમાધિમરણ" પુસ્તકમાં આપવામાં આવેલ છે. ભાવિ સુખના જિજ્ઞાસુ ભવ્ય જનોએ એ ઉપકારી વચનોનાં ભાવોને ચિત્તમાં અવધારી ચરિતાર્થ કરવા યોગ્ય છે. અસ્તુ.

માંદગીના છેલ્લે પાટલે બેઠેલા દર્દીની હાલત કેવી ગંભીર અને કટોકટીભરી હોય છે તે નજરે જોનારના અનુભવની વાત છે; ત્યારે દર્દી સભાન અથવા અભાન અવસ્થામાં હોય છે; ભારે કર્મી હોય છે તેનો અંતકાળ ભારે

કષ્ટદાયક હોય છે. અંગ-ઉપાંગોનું તણાવું ખેંચાવું દુઃખરૂપ હોય છે અને દર્દીની દર્દ સામે ટકી રહેવાની નિષ્ફળ લડાઈ ધ્યાન ખેંચે તેવી હોય છે; આ દશ્ય અત્યંત કરુણ ને હૃદયદ્રાવક હોય એમાં આશ્ચર્ય શું ? જોનાર ધારે તો તે પ્રસંગ પરથી ઉત્તમ બોધપાઠ મેળવી પોતાના સંબંધે પોતા માટે સાવધાન થઈ શકે છે. કોઈ વખત અંતકાળે હૃદયરોગનો હુમલો એટલો સખત આવે છે કે તેની અગમ્ય પીડાને લીધે દર્દીનો આખો દેહ વેગથી ઊછળે છે, મળમૂત્ર છૂટી જાય છે, આંખો ફાટી જાય છે અને મુખ ઉઘડી મોટું થઈ રહે છે; યુદ્ધની તેવી અવસ્થા થોડી વાર સુધી રહીને પછી થાક અને પરિશ્રમના પરિણામે જીવની જે દેહમાં માયા અને મમતા હતી, તે દેહનો ત્યાગ કરીને ચાલ્યો જાય છે.

અને જેનાં કર્મ હળવાં હોય છે, તેની છેલ્લી ઘડીનો અવસર શાંતિદાયક સ્થિતિવાળો અને સંતોષની ઝલક અર્પનાર હોય છે. જેનું સમગ્ર જીવન સરળ, શાંત અને ભદ્ર પરિણામથી વ્યતીત થયું હોય, તેના આયુષ્યની છેલ્લી ઘડી સ્થિર ને શાંતિવાળા ભાવમાં પસાર થાય છે; કદાપિ ઉદયગત દેહવ્યાધિની પીડા હોય તો તે પણ ખૂબ જ ઘટી જાય છે અને ઘણું કરીને વેદના નહિવત્ સ્થિતિમાં મૂકાઈ જાય છે. ભાગ્યવંત આવા જીવો સમતાપૂર્વક દેહનો ત્યાગ કરે છે અને પોતાની પાછળ પ્રેરણાનાં પુષ્પોના ખુશબો મૂકતા જાય છે.

હવે આયુષ્યકાળની છેલ્લી ઘડીના અવસરે દર્દીના આત્માના હિતાર્થે શું કરવું જોઈએ એ અત્યંત અગત્યના

વિષય પર વિચાર કરીએ. આ વેળાએ જે કંઈ કરવું ઘટે છે તે માત્ર દેહસ્થિત આત્માને ઉપકારી થાય તે જ હોવું જોઈએ, એ સહેજે સમજાય તેવો પ્રકાર છે. દેહમાં રહેલો આત્મા અજર, અમર અને અવિનાશી છે, અટલ અનુભવ-સ્વરૂપ છે, જ્ઞાન-દર્શન-ચારિત્રમય છે, અનંત શક્તિનો ધારક છે, અને અનંત ગુણોનો પિંડ છે. તેના એકેક ગુણનો વિસ્તાર અનંત છે. આત્માના ગુણો જ્યારે પૂર્ણતાને પામે છે, ત્યારે આત્મા પૂર્ણ મૌનતાને, પૂર્ણ શાંતતાને અથવા કેવળ અનંત શાંતભાવને ભજે છે. દાખલા તરીકે, આત્મા સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી જાણવાનું કાર્ય બાકી છે અને તેથી શેષ કાર્ય પૂર્ણ કરવા માટેનો પુરુષાર્થ છે; પરંતુ જાણવાનું હતું તે સમસ્ત જાણી લીધું અને કંઈ શેષ ન રહ્યું, ત્યારે કંઈ કરવાપણું ન રહેવાથી પુરુષાર્થની પણ પૂર્ણતા થઈ અને પછી આત્મા કેવળ શાંતભાવને ભજતો રહે છે. તે જ પ્રમાણે આત્મા સર્વદર્શી થતાં જ શાંત થઈ જાય છે અથવા રાગદ્વેષની પરિણતિથી વિમુક્ત થઈ વીતરાગદશાને પ્રાપ્ત થતાં આત્મા એક શાંતભાવમાં જ પરિપૂર્ણતાએ રમણતા કરે છે. આ પ્રમાણે વિચારી જોતાં સર્વ ગુણોનું સર્વોત્કૃષ્ટપણું એટલે મૌનતા અથવા શાંતતા અથવા અત્યંત શાંતપણું અથવા કેવળ નીરવ શાંતિ છે. એ વાત લક્ષમાં આવીને પ્રતીતરૂપ જણાશે. જે કંઈ અદ્ભુત, આશ્ચર્યકારક અને અલૌકિક માહાત્મ્યનું દર્શક છે તે જ શાંતિનું સ્વરૂપ છે.

કોઈ પણ અતિશયોક્તિરૂપ દોષ વિના કહેવું હોય તો

નિશ્ચયથી કહી શકાય કે આત્માના સમસ્ત ગુણો એક સમ્રાટ શાંતગુણમાં સમાય છે. જ્ઞાનાવતાર શ્રીમદ્ રાજચંદ્રજીનાં અપૂર્વ વચનો અહીં ઉતારીએ છીએ. તેઓશ્રી ઉપદેશે છે કે :—

"શાંતપણું પ્રાપ્ત કરવાથી જ્ઞાન વધે છે."

"આત્મસિદ્ધિ માટે દ્વાદશાંગીનું જ્ઞાન જાણતાં ઘણો વખત જાય, જ્યારે એક માત્ર શાંતપણું સેવ્યાથી તરત પ્રાપ્ત થાય છે."

"જીવ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે શાંતપણામાં વિચરે તો અંતર્મુહૂર્તમાં મુક્ત થાય છે."

"જ્ઞાનીઓ જો કે વાણિયા જેવા હિસાબી (સૂક્ષ્મપણે શોધન કરી તત્ત્વો સ્વીકારનારા) છે, તો પણ છેવટે લોક જેવા લોક (એક સારભૂત વાત પકડી રાખનાર) થાય છે. અર્થાત્ છેવટે ગમે તેમ થાય તો પણ એક શાંતપણાને ચૂકતા નથી અને આખી દ્વાદશાંગીનો સાર પણ તે જ છે."

નવે રસમાં શાંતરસ ઉત્તમ છે. શાંતરસ એ અમૃતરસ છે. શાંતરસ એટલે રસ શાંત છે અર્થાત્ મૌન છે. એ અનંત આનંદ મેળવવાનું સાધન છે એટલે આનંદદાયી છે. સર્વ રસોમાં શિરોમણિ સમાન શાંતરસ અપૂર્વ અને અખંડ આત્માનંદનો દ્યોતક છે. એ શાંતરસ સહજ છે, સ્વચ્છ છે, નિર્મળ છે, અને પરમ પવિત્ર છે.

"સર્વ મંગલનો નિધાન એવો શાંતરસ જેના હૃદયમાં પ્રાપ્ત થાય તે નિરુપમ સુખને પામે છે અને મુક્તિનું સુખ એકદમ

તેના કબજામાં આવી જાય છે. માટે હે વિબુધજનો! એવા શાંતરસેશ્વરને તમે ભજો, તેને જ સેવો, તેને જ આરાધો, તેને જ ભાવો."

અત્યાર પર્યંતના લેખન પરથી જીવના આયુષ્યની છેલ્લી ઘડીના અવસરે તેના સ્વાત્મહિતને અર્થે શું ઉપકારી છે, કલ્યાણરૂપ છે અથવા શ્રેયસ્કારી છે તે સમજાયું હશે અને તે છે તેના થકી થવા યોગ્ય શાંતિનાં પરમાણુઓનું ગ્રહણ. તેની માંદગીની પૂર્વ અવસ્થામાં તેને વૈરાગ્યપ્રેરક વચનો, મરણ-પ્રસંગોના સમતાપ્રેરક સત્ય ઘટનારૂપ વાતો, મૃત્યુ સંબંધી પ્રકીર્ણ વિચારો, અંતકાળના અંતિમ ઉદ્‌ગારો વગેરે શ્રવણ કરાવવાથી વિશેષ લાભ થવા યોગ્ય છે. માંદગી આગળ વધતી જણાય ત્યારે દર્દીએ જે ઉપકારી મંત્રનું પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક આરાધન કર્યું હોય, તે મંત્રનું સ્મરણ તેની સમીપ બેસીને તે સાંભળી શકે તેટલા ધીમે સાદે કરવા યોગ્ય છે. તેની ઇચ્છા હોય ત્યારે અને ત્યાં સુધી આ આધ્યાત્મિક પ્રવૃત્તિનું સેવન કરવું વા કરાવવું. દર્દીનો ઉપયોગ સ્થિર રહે અને તેનું ચિત્ત શ્રવણ કે સ્મરણમાં ચોંટેલું રહે તો તેનો મોટો લાભ તેને સંપ્રાપ્ત થાય છે; જીવની ધર્મશ્રદ્ધા, ધર્મપ્રેમ અને ધર્મરુચિ જેટલાં બળવાન હોય, તેટલા પ્રમાણમાં તેના ચિત્તની એકાગ્રતા રહે અને જેટલી એકાગ્રતા તેટલી આત્મસ્થિરતા હોય છે; અભ્યાસથી એ આત્મસ્થિરતા વધે છે ત્યારે તેના સુખદ ફળરૂપે આત્મસમાધિ પ્રગટે છે અને ત્યાર પછી તેના સુંદર શિવસ્વરૂપ પરિણામે કલ્યાણપ્રદ અને અચિંત્ય એવી

અપૂર્વ આત્મશાંતિ અનુભવગમ્ય થાય છે. અહો, એ શાંતિની અપૂર્વતા અપૂર્વ છે, એ શાંતિનું દિવ્ય સ્વરૂપ અલૌકિક છે, એ શાંતિનું સંવેદન નિવેદનથી પર છે।

આ જ કારણે હવે છેલ્લી ઘડીના અવસરે આપણી પાસેથી રજા લેવાની તયારી કરતા જીવના હિતાર્થે તેના આત્મામાં શાંતભાવનું ગ્રહણ થાય તેવા ઉપાય લેવા અત્યંત આવશ્યક છે. આ અવસરે મિનિટે મિનિટની, સેકન્ડે સેકન્ડની કિંમત મોટી છે; સહેજ પણ ગફલતી રાખવા યોગ્ય નથી; લેશ પણ પ્રમાદ સેવવા યોગ્ય નથી. અંતકાળની સમીપતા આવતી જાય છે ત્યારે ઘણું કરીને દર્દી આંખો મીંચી દે છે અને પથારીમાં આરામથી સૂતો હોય છે. બેશુદ્ધિ ન હોય તો પણ ચક્ષુ બંધ જ હોય છે. દર્દી શુદ્ધિમાં હો, અથવા ન હો, પણ અંતકાળનો શાંતિનો ઉપાય તો અવશ્ય કરવા યોગ્ય છે. શુદ્ધિ નથી માટે ઉપાય કાર્યકારી ન જ થઈ શકે એમ આગ્રહથી માનવું ઉચિત નથી. એટલું યાદ રાખવું ઘટે છે કે પુદ્ગલ પરમાણુઓનાં ગ્રહણ-ત્યાગનું કાર્ય જીવ નિરંતર કર્યા જ કરે છે. અહીં વિશેષ એટલું સમજવું કે સભાન અવસ્થાએ શુભ પરમાણુઓનાં ગ્રહણનો લાભ વધુ હોય છે અને બેભાન અવસ્થા વખતે તે લાભ થોડો ન્યૂન હોય છે. વળી પરમાણુઓનાં આંદોલનની શક્તિ શાંતિનો ઉપાય કરનાર વ્યક્તિની અધ્યાત્મિકતા અને ચારિત્રદશા ઉપર અવલંબિત છે.

છેલ્લા અવસરની ઉપકારી વેળાએ કોઈ સદ્ધર્મપ્રેમી અને આરાધક સજ્જન અથવા સન્નારી દર્દીની પથારી પાસે

બેસીને મનમાં અથવા બહુ જ ધીમેથી "પ્રભુ, શાંતિમાં રાખો, શાંતિ આપો" એ વચનોનું ભાવપૂર્વક સતત સ્મરણ કરે અને અન્ય જે જે સ્વજનો અથવા કુટુંબીજનો અથવા સ્નેહીઓ હોય, તે પણ બધાં આ જ સ્મરણમાં રહે અને તેથી વાતાવરણ શાંતિનાં શુભ પરમાણુઓથી ભરપૂર થશે, છલકાઈ જશે. તેની "શાંત" અસર દર્દી ઉપરાંત હાજર રહેલા સર્વ જીવો ઉપર થયા વિના નહીં રહે. ઉપર સ્મરણ વચનો લખ્યાં છે તેના બદલે "પ્રભુ, શાંતિઃ" અથવા "શાંતિઃ" એ પણ ઉપયોગમાં લઈ શકાય. દર્દીના દેહ અને આત્મા છૂટા પડે ત્યાં સુધી શકયતાએ સ્મરણ ચાલુ રાખવું અને દેહત્યાગ થતાં બંધ કરી દેવું. ઉપકારી વેળા આ રીતે સચવાઈ જવાથી સર્વને માટે સંતોષ સાથ આનંદનું (?) કારણ થશે. દાક્તરોએ ફરજ બજાવી છે તેના સંતોષ કરતાં આ સંતોષ અનેક ગણો વધી જશે; દાકતરોના દર્દની સામેના ઉપાયોમાં દુઃખ હતું, કષ્ટ હતું અને અશાંતિનું ઘેરું વાદળ હતું, ત્યારે અંતકાળના આધ્યાત્મિક ઉપાયોથી સુખ અને શાંતિનું વેદન સંભવિત થવું જણાતું હતું તેમ લાગશે.

"શ્રીમન્ વીતરાગ ભગવંતોએ નિશ્ચિતાર્થ કરેલો
એવો
અચિંત્ય ચિંતામણિ સ્વરૂપ, પરમ હિતકારી,
પરમ અદ્ભુત, સર્વ દુઃખનો નિસંશય આત્યંતિક
ક્ષય કરનાર, પરમ અમૃતસ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ
શાશ્વત ધર્મ ત્રિકાળ જયવંત વર્તો!"— શ્રીમદ્ રાજચંદ્ર

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# પરિશિષ્ટ

## અમૂલ્ય તત્ત્વવિચાર

બહુ પુણ્ય કેરાં પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તો યે અરે! ભવચક્રનો, આંટો નહીં એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચિ રહો? ૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું, નર દેહને હારી જવો,
એનો વિચાર નહીં અહો હો, એક પળ તમને હવો! ૨

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી, જંજિરેથી નીકળે;
પર વસ્તુમાં નહિ મુંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં. ૩

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરું?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં, સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું, સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો, તેહ જેણે અનુભવ્યું;
રે, આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. ૫

ભાવનાઓ :

### અનિત્ય ભાવના

વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જલના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીયે ત્યાં ક્ષણનો પ્રસંગ!

*

### અશરણ ભાવના

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

*

### એકત્વ ભાવના

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય, તે કોઈ અન્યે લઈ ના શકાય;
એ ભોગવે એક સ્વ–આત્મ પોતે, એકત્વ એથી નયસુજ્ઞ ગોતે.

*

### અન્યત્વ ભાવના

ના મારાં તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભૃત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાન ના;
ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના,
રે! રે! જીવ, વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના.

દેખી આંગળી આપ એક અડવી, વૈરાગ્ય વેગે ગયા,
છાંડી રાજ સમાજને ભરતજી, કૈવલ્ય જ્ઞાની થયા;
ચોથું ચિત્ર પવિત્ર એ જ ચરિતે, પામ્યું અહીં પૂર્ણતા,
જ્ઞાનીનાં મન તેહ રંજન કરો, વૈરાગ્ય ભાવે યથા.

*

## અશુચિ ભાવના

ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.

*

## નિવૃત્તિ બોધ

અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા!
અનંત દુઃખ નામ સૌખ્ય, પ્રેમ ત્યાં વિચિત્રતા!!
ઉઘાડ ન્યાય-નેત્રને નિહાળ રે! નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

*

## જડ ને ચૈતન્ય

જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે;
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે;
કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે. ૧

દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાનવડે,
ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે,

જીવની ઉત્પત્તિ અને રોગ શોક દુઃખ મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવપદમાં જણાય છે;
એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનીનાં વચનવડે દૂર થઈ જાય છે;

ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
બંને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે. ૨

*

## જડ-ચેતન સ્વભાવ

જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ. ૧

જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ? ૨

જો જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન હોય;
બંધ મોક્ષ તો નહીં ઘટે, નિવૃત્તિપ્રવૃત્તિ ન્હોય. ૩

બંધ મોક્ષ સંયોગથી, જ્યાં લગ આત્મ અભાન;
પણ ન ત્યાગ સ્વભાવનો ભાખે જિન ભગવાન. ૪

વર્તે બંધ પ્રસંગમાં તે નિજપદ અજ્ઞાન;
પણ જડતા નહિ આત્મને, એ સિદ્ધાંત પ્રમાણ. ૫

ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત;
જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત. ૬

પ્રથમ દેહદૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;
હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ. ૭

જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત;
કોઈ ન કર્ત્તા તેહનો, ભાખે જિન ભગવંત. ૮

મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહીં, નહીં નાશ પણ તેમ;
અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જિનવર એમ. ૯

હોય તેહનો નાશ નહીં, નહીં તેય નહીં હોય;
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય. ૧૦

પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમજ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૧૧

—શ્રીમદ્‌ રાજચંદ્ર

*

## આપ સ્વભાવમેં રે

આપ સ્વભાવમેં રે, અવધુ સદા મગનમેં રહેના;
જગત જીવ હે કર્માધીના, અચરિજ કછુઅ ન લીના. આપ૦

તુમ નહિ કેરા, કોઈ નહિ તેરા, કયા કરે મેરા મેરા?
તેરા હે તો તેરી પાસે, અવર સબે અનેરા. આપ૦

વપુ વિનાશી તું અવિનાશી, અબ હે ઈનકો વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી. આપ૦

રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઈસા. આપ૦

પરકી આશા સદા નિરાશા, એ હે જગજન પાસા;
તે કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખવાસા. આપ૦

કબહીક કાજી, કબહીક પાજી, કબહીક હુવા અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્ગલકી બાજી. આપ૦

શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મકલંકકુ દૂર નિવારી, જીવ વરે શિવનારી. આપ૦

—શ્રીમદ્ આનંદઘનજી

*

### અબ હમ અમર ભયે

અબ હમ અમર ભયે ન મરેંગે અબ;
યા કારણ મિથ્યાત દીજો તજ, કયું કર દેહ ધરેંગે? અબ૦

રાગ દ્વેષ જગ બંધ કરત હૈ, ઇનકો નાશ કરેંગે;
મર્યો અનંત કાળતેં પ્રાની, સો હમ કાળ હરેંગે. અબ૦

દેહ વિનાશી, મેં અવિનાશી, અપની ગતિ પકરેંગે;
નાશી જાશી હમ થિર વાસી, ચોખે વ્હેં નિખરેંગે. અબ૦

અનંતવાર મર્યો બિન સમજ્યો, અબ સુખદુઃખ વિસરેંગે;
આનંદઘન નિપટ અક્ષર દો, નહિ સમરે સો મરેંગે. અબ૦

—શ્રીમદ્ આનંદઘનજી

*

[ ૨૯૬ ]

## બોધબીજ પ્રાપ્તિ

સદ્‌ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯

ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર, અમર, અવિનાશી ને દેહાતીત સ્વરૂપ. ૧૨૦

કર્ત્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય. ૧૨૧

અથવા નિજ પરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩

અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર. ૧૨૪

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપીઓ, વર્તું ચરણાધીન. ૧૨૫

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીનાં ચરણમાં, હો વંદન અગણિત. ૧૪૨

—શ્રીમદ્‌ રાજચંદ્ર રચિત 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'માંથી